ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગરના પત્ર-ક્રમાંક
જીસીઈઆરટી/સીએન્ડઈ/2021/12107-08, તા.11-06-2021–થી મંજૂર

અજમાયશી

# સામાજિક વિજ્ઞાન

## ધોરણ 8

### પ્રતિજ્ઞાપત્ર

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈબહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતા-પિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર
રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

રાજ્ય સરકારની વિનામૂલ્યે યોજના હેઠળનું પુસ્તક

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર-382010

© ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર
આ પાઠ્યપુસ્તકના સર્વ હક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને હસ્તક છે. આ પાઠ્યપુસ્તકનો કોઈ પણ ભાગ કોઈ પણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના નિયામકની લેખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

**વિષય-સલાહકાર**

ડૉ. જી. ટી. સરવૈયા
શ્રી નીતિન કોઠારી
ડૉ. મૂકેશ એચ. ખટીક

**લેખન**

ડૉ. બિમલ એસ. ભાવસાર (કન્વીનર)
ડૉ. જાયમલ જી. રંગિયા
શ્રી હરજીભાઈ પ્રજાપતિ
ડૉ. અખિલ ડી. ઠાકર
ડૉ. જનક જે. ગઢવી
શ્રી સલીમ એસ. કુરેશી
શ્રી વસંતરાય એમ. તેરૈયા
શ્રી દિનેશભાઈ જી. વાઘેલા
શ્રી નિલમબા ડી. ચાવડા

**પરામર્શક**

શ્રી નરેન્દ્રભાઈ રાવલ
ડૉ. અરુણભાઈ વાઘેલા
શ્રી અનીલભાઈ એચ. પંડ્યા
ડૉ. ચંદુભાઈ જે. કોંકણી
શ્રી ગણપતભાઈ ટી. દેસાઈ
શ્રી પંકજભાઈ એ. પ્રજાપતિ
ડૉ. પૂર્ણિમા એ. ત્રિવેદી
શ્રી દિલીપભાઈ જે. મેવાડા
શ્રી યોગેશભાઈ એચ. ચૌધરી
શ્રી હર્ષદાબહેન એમ. પટેલ
શ્રી સર્વોદયકુમાર એ. પાટીદાર
શ્રી અનિલકુમાર જે. રાણા
શ્રી કેતનકુમાર આર. પટેલ
શ્રી અરવિંદભાઈ એચ. પટેલ
શ્રી વર્ષાબા બી. ઝાલા
શ્રી બિરબલભાઈ આર. રાઠોડ
ડૉ. તસ્નીમ એમ. શેખ
શ્રી દીપકકુમાર આર. કંબોયા
શ્રી લલિતભાઈ કે. વાઘેલા
શ્રી પ્રકાશભાઈ એન. વસોયા
ડૉ. મહેશ કે. પટેલ
શ્રી કિરપાલસિંહ બી. પરમાર
શ્રી જય એ. પટેલ

**ભાષાશુદ્ધિ**

શ્રી વિજય ટી. પારેખ

**ચિત્રાંકન**

શ્રી રાજેશ બારૈયા

**સંયોજન**

ડૉ. ચિરાગ એન. શાહ
(વિષય-સંયોજક : કૉમર્સ)

**નિર્માણ-સંયોજન**

ડૉ. કમલેશ એન. પરમાર
(નાયબ નિયામક : શૈક્ષણિક)

**મુદ્રણ-આયોજન**

ડૉ. કમલેશ એન. પરમાર
(નાયબ નિયામક : ઉત્પાદન)

## પ્રસ્તાવના

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર દ્વારા તૈયાર થયેલ અને રાજ્ય સરકાર તરફથી મંજૂર કરવામાં આવેલ નવા અભ્યાસક્રમ અનુસાર તૈયાર કરવામાં આવેલ **સામાજિક વિજ્ઞાન, ધોરણ 8** વિષયનું અજમાયશી પાઠ્યપુસ્તક વિદ્યાર્થીઓ સમક્ષ મૂકતાં આનંદ થાય છે.

આ પાઠ્યપુસ્તકનું લેખનકાર્ય તથા સમીક્ષા નિષ્ણાત પ્રાધ્યાપકો અને શિક્ષકો પાસે કરાવવામાં આવ્યું છે અને સમીક્ષકોનાં સૂચનો અનુસાર હસ્તપ્રતમાં યોગ્ય સુધારાવધારા કરવામાં આવ્યા છે. નવા અભ્યાસક્રમ મુજબ તૈયાર થયેલા આ પાઠ્યપુસ્તકના અધ્યાપનકાર્યમાં શિક્ષકોને સહાયરૂપ થાય તેવી સામગ્રીનો પણ આમાં સંક્ષેપમાં સમાવેશ કરવામાં આવ્યો છે. વાલીઓને પણ આ સામગ્રી ઉપયોગી થશે એવી આશા છે. વિદ્યાર્થી જે શીખે તે પાકું શીખે તેમજ તેઓ જે શીખ્યાં હોય તેનું દઢીકરણ થતું રહે તે માટે સ્વાધ્યાય-સામગ્રી પણ આ પાઠ્યપુસ્તકમાં આપવામાં આવી છે. આ કારણે વર્ગશિક્ષણ વિશેષ ફળદાયી નીવડશે તેવી અપેક્ષા છે.

આ પાઠ્યપુસ્તકને રસપ્રદ, ઉપયોગી અને ક્ષતિરહિત બનાવવા માટે મંડળે પૂરતી કાળજી લીધી છે. આમ છતાં, પ્રસ્તુત પાઠ્યપુસ્તકની ગુણવત્તા વધારવા માટેનાં સૂચનો આવકાર્ય છે.

**એચ. એન. ચાવડા**
નિયામક     કાર્યવાહક પ્રમુખ
તા. 05-07-2021     ગાંધીનગર

પ્રથમ આવૃત્તિ : 2021

**પ્રકાશક : ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર - ૧૦-એ, ગાંધીનગર વતી એચ. એન. ચાવડા, નિયામક.**

**મુદ્રક :**

# મૂળભૂત ફરજો

ભારતના દરેક નાગરિકની ફરજો નીચે મુજબ રહેશે :*

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો તથા સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતના સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની તથા તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની.

(ડ) માતા-પિતાએ અથવા વાલીએ 6 વર્ષથી 14 વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવાની.

*ભારતનું સંવિધાન : કલમ 51-क

# અનુક્રમણિકા

K6S8N1


| | | |
|---|---|---|
| 1. | ભારતમાં યુરોપિયનો અને અંગ્રેજી શાસનની સ્થાપના | 1 |
| 2. | ભારતમાં બ્રિટિશ શાસન (ઈ.સ. 1757 થી ઈ.સ. 1857) | 7 |
| 3. | ભારતનો પ્રથમ સ્વાતંત્ર્યસંગ્રામ | 14 |
| 4. | અંગ્રેજ સમયનાં શહેરો, ગૃહઉદ્યોગો અને ઉદ્યોગો | 18 |
| 5. | અંગ્રેજ શાસન સમયની શિક્ષણ અને સમાજવ્યવસ્થા | 24 |
| 6. | સ્વાતંત્ર્ય-ચળવળો (ઈ.સ. 1870 થી ઈ.સ. 1947) | 34 |
| 7. | આધુનિક ભારતમાં કલા | 45 |
| 8. | સ્વતંત્રતા પછીનું ભારત | 52 |
| 9. | સંસાધન | 58 |
| 10. | ખનિજ અને ઊર્જા-સંસાધન | 65 |
| 11. | ખેતી | 74 |
| 12. | ઉદ્યોગ | 85 |
| 13. | માનવ-સંસાધન | 92 |
| 14. | આપત્તિ-વ્યવસ્થાપન | 98 |
| 15. | ભારતીય બંધારણ | 105 |
| 16. | સંસદ અને કાયદો | 111 |
| 17. | ન્યાયતંત્ર | 118 |
| 18. | સામાજિક ન્યાય અને સામાજિક વિસંગતતા | 124 |
| 19. | સામાજિક-આર્થિક ક્ષેત્રે સરકારની ભૂમિકા | 128 |
| • | ચાલો, સમજ ચકાસીએ | 131 |


•

**CERTIFICATE OF THE MAPS**

1. © Government of India, Copyright - 2021
2. The responsibility for the correctness of internal details rests with the publisher.
3. The territorial waters of India extend into the sea to a distance of twelve nautical miles measured from the appropriate base line.
4. The external boundaries and coastlines of India agree with the record/master copy certified by Survey of India.
5. The state boundaries between Uttarakhand and Uttarpradesh, Bihar and Jharkhand and Chattisgarh and Madhyapradesh have not been verified by the Governments concerned.
6. The spellings of names in this map, have been taken from various sources.

# 1 ભારતમાં યુરોપિયનો અને અંગ્રેજી શાસનની સ્થાપના


T2N2W4

સદીઓથી ભારતમાં વિશ્વભરમાંથી પ્રજાતિઓ, વેપારીઓ, યાત્રીઓ આવતા રહ્યા છે. ભારત હંમેશાં વિશ્વના આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે. તેનાં કારણોમાં મુખ્યત્વે ભારતની આર્થિક સમૃદ્ધિ રહેલી છે. પ્રાચીન કાળથી (હડપ્પીય સભ્યતાથી) વિશ્વના વિભિન્ન ભાગો સાથે ભારતનો વાણિજ્યિક અને સાંસ્કૃતિક સંબંધ રહ્યો છે.

ઈસવીસનની 15મી સદીમાં યુરોપમાં નોંધપાત્ર સામાજિક અને ધાર્મિક પરિવર્તનો થયાં જેને આપણે ‘નવજાગૃતિ’ તરીકે ઓળખીએ છીએ. આ નવજાગૃતિકાળને અને ભારતના ઇતિહાસને કોઈ સંબંધ ખરો ? આ કારણ તપાસવા આપણે ભારતમાં 15મી સદીથી જ શા માટે યુરોપિયનો આવ્યા તે સમજવાનો પ્રયત્ન કરશું.

## ભારતમાં યુરોપિયન પ્રજાઓના આગમન પાછળનાં કારણો

ઈ.સ. 1453માં તુર્કોએ કૉન્સ્ટેન્ટિનોપલ જીતી લીધું. ભારત અને યુરોપ વચ્ચેના વેપારના માધ્યમનું તે મુખ્ય મથક હતું. તુર્કોએ કૉન્સ્ટેન્ટિનોપલ જીતી લેતાં યુરોપમાં અને વિશ્વના પશ્ચિમના દેશોમાં ભારતનો માલ જતો બંધ થઈ ગયો. યુરોપવાસીઓને ભારતના મરીમસાલાની તાતી જરૂરિયાત રહેતી હતી. તે વસ્તુઓ મળતી બંધ થઈ. ભારતમાંથી સુતરાઉ કાપડ, રેશમી કાપડ, મરીમસાલા, તેજાના, ગળી, સૂરોખાર, ઈમારતી લાકડાં, અફીણ બહુ જ મોટા પ્રમાણમાં યુરોપમાં નિકાસ થતાં. યુરોપની પ્રજા મહદંશે માંસાહારી હોઈ માંસ સાચવવા ભારતીય મરીમસાલાની ખૂબ આવશ્યકતા હતી. વળી, સુતરાઉ કાપડ પણ એટલું જ આવશ્યક હતું. પરિણામે યુરોપિયન પ્રજાએ જમીનમાર્ગે થતો વેપાર બંધ થતાં નવા જળમાર્ગો શોધીને ભારત સુધી પહોંચવાનો પ્રયત્ન આદર્યો.




જળમાર્ગ

## ભારતમાં યુરોપિયન પ્રજાનું આગમન

આપણે ઉપર જોયું તેમ ભારતમાં યુરોપિયનોનું આવવાનું કારણ વેપાર હતું. યુરોપના પોર્ટુગલ, સ્પેન, હોલૅન્ડ જેવાં રાષ્ટ્રોએ ભારત આવવાનો જળમાર્ગ શોધવા કમર કસી. પોર્ટુગલ નાવિક વાસ્કો-દ્-ગામા ઈ.સ. 1498માં કાલિકટ ખાતે

આવી પહોંચ્યો અને ભારતમાં યુરોપિયન પ્રજાનું આગમન શરૂ થયું. તેણે પોર્ટુગલથી આફ્રિકા અને આફ્રિકાથી ભારત આવવાનો નવો જળમાર્ગ શોધી કાઢ્યો.

**પોર્ટુગીઝો (ફિરંગી) :** ઈ.સ. 1498માં વાસ્કો-દ્-ગામા કાલિકટ આવ્યો. કાલિકટમાં રાજા સામુદ્રિક (ઝામોરિન) રાજ્ય કરતો હતો. તેણે પોર્ટુગીઝોને મરીમસાલાનો વેપાર કરવાની સંમતિ આપી. પોર્ટુગીઝોએ પોતાનું સ્થાન મજબૂત કરવા અને સુરક્ષા મેળવવા ઈ.સ. 1503માં કોચીન અને ઈ.સ. 1505માં કન્નુરમાં કિલ્લા બાંધ્યા.

ઈ.સ. 1505માં પોર્ટુગલે પોતાના વાઈસરૉય ફ્રાન્સિસ્કો-ડી-અલ્મેડાને ભારતમાં પોર્ટુગીઝ રાજ્યની સ્થાપના કરવા મોકલ્યો. તેના પછી આવેલ વાઈસરૉય અલ્ફાન્ઝો-ડી-આલ્બુકર્ક ગોવા સહિત કેટલાંક બંદરો જીતી લઈ ભારતમાં પોર્ટુગીઝ રાજ્યની સ્થાપના કરી. ઈ.સ. 1530માં ગોવા તેમની રાજધાની બની. પછી વસઈ (ઈ.સ. 1534માં), દીવ (ઈ.સ. 1535માં) અને દમણ (ઈ.સ. 1559માં) જીતી લઈ તેમણે હિન્દ મહાસાગરમાં પોતાની આણ વર્તાવવી શરૂ કરી. પોર્ટુગીઝોએ અહમદનગર, કાલીકટ અને બીજાપુરના સુલતાનોને હરાવ્યા. તેઓ ભારતમાંથી મરીમસાલા યુરોપમાં લઈ જતાં, વળતાં મધ્ય એશિયામાંથી ઘોડાઓ ભરી વહાણ ભારત આવતા. તેમ તેઓ ‘સાગરના સ્વામી’ ગણાતા હતા. એનો અર્થ એ થયો કે, તેમના સિવાય કોઈ પણ ભારતીયે દરિયાઈ માર્ગે વેપાર કરવો હોય તો પોર્ટુગીઝોની પરવાનગી લેવી પડતી. તેઓ સમુદ્રમાં મોટાપાયે ચાંચિયાગીરી કરી લૂંટ પણ કરતાં. તેમણે ગોવામાં ખૂબ મોટી સંખ્યામાં હિંદુઓનું ધર્મ-પરિવર્તન કરાવી ખ્રિસ્તી બનાવ્યા હતા.

**ડચ (વલંદા) :** પોર્ટુગીઝોની જેમ જ હોલૅન્ડના ડચ પણ વેપારમાંથી નફો મેળવવા ભારત તરફ આવવા આકર્ષિત થયા. સૌપ્રથમ તેમણે શ્રીલંકા પર ઈ.સ. 1658ની આસપાસ આક્રમણો શરૂ કર્યાં અને ત્યાંના મરીમસાલાનો વેપાર પોતાના હાથમાં લીધો. તેમણે બંગાળમાં (ઈ.સ. 1632), મલબારના વિસ્તારમાં (ઈ.સ. 1650) પોતાનો વેપાર જમાવ્યો. તેમણે ગોલકોંડાના શાસક પાસેથી ફરમાન મેળવી ‘મસલીપટ્ટનમ’ (મછલીપટ્ટનમ)માં પોતાનું સ્થાન જમાવ્યું.

યુરોપમાં ઈ.સ. 1650 પછી સમયાંતરે ઇંગ્લૅન્ડ અને હોલૅન્ડ (ડચ) વચ્ચે મોટાં યુદ્ધો થયાં. ત્યાં ડચો હાર્યા તેને પરિણામે ભારતમાં તેમનો વેપારિક એકાધિકાર નાબૂદ થયો.

**ડેનિશ પ્રજા :** ડચ ઉપરાંત ડેન્માર્કની ડેનિશ પ્રજા પણ ભારતમાં આવી હતી. તેમણે બંગાળના સીરામપુરમાં કોઠીની સ્થાપના કરી હતી. પરંતુ તેઓ વેપારમાં આગળ વધી શક્યા નહિ.

**અંગ્રેજો :** ઈ.સ. 1600માં ઇંગ્લૅન્ડમાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીની સ્થાપના કરવામાં આવી. જેનો હેતુ પૂર્વનાં રાષ્ટ્રો સાથે વેપાર કરવાનો હતો અને તેમાં એકાધિકાર સ્થાપવાનો હતો. ઈ.સ. 1613માં અંગ્રેજોએ જહાંગીર પાસેથી ફરમાન લઈ સુરત ખાતે પોતાની પ્રથમ કોઠી સ્થાપી. ટૉમસ-રોએ (ઈ.સ. 1615માં) જહાંગીર પાસેથી ભારતમાં વેપાર કરવાની પરવાનગી મેળવી. બાલાસોર (ઈ.સ. 1633)માં પણ તેમણે વેપારી કંપની શરૂ કરી અને ઈ.સ. 1651માં (હુગલી નદીના કિનારે) વેપારી કોઠીની સ્થાપના કરી. તેને ફેક્ટરી કહેવામાં આવતી હતી. ફેક્ટરીમાં ગોદામ હતું. જેમાં કંપનીના અધિકારીઓ બેસતા. નિકાસ કરવા માટેનો માલસામાન અહીં રાખવામાં આવતો. પટણામાં કાસિમ બજારની વેપારી કોઠીઓને સ્થાપી તેને ફૉર્ટ સેન્ટ જ્યોર્જના નિયંત્રણમાં મૂકવામાં આવી. અંગ્રેજોને (ઈ.સ. 1698માં) સુતનતી, કાલીઘાટ અને ગોવિંદપુર નામનાં ત્રણ ગામોની જમીનદારી મળી. તેમણે કિલ્લેબંધીવાળી નવી વસાહત ઊભી કરી જેને ‘ફૉર્ટ વિલિયમ’ કહેવામાં આવતી, તે આજે કોલકાતા તરીકે ઓળખાય છે.

**ફ્રેન્ચો :** ઈ.સ. 1639માં ફ્રેન્કો માર્ટિન નામના ફ્રેન્ચ અધિકારીએ ચંદ્રગીરીના રાજા પાસેથી મદ્રાસ (ચેન્નઈ)ને પટ્ટે લઈ કોઠી સ્થાપી. ઈ.સ. 1664માં ફ્રેન્ચ ઈસ્ટ ઇન્ડિયા કંપનીની સ્થાપના થઈ. ઈ.સ. 1668માં સુરતમાં તેમણે પ્રથમ કોઠી સ્થાપી. તેમનું મુખ્ય મથક મછલીપટ્ટનમ રહ્યું હતું. તેમણે ઈ.સ. 1673માં પોંડિચેરી (પુડુચેરી)ની સ્થાપના કરી. યુરોપમાં ડચ અને ફ્રેન્ચ રાજ્યો વચ્ચે લડાતાં યુદ્ધોની અસર ભારત પર પણ પડી. અંગ્રેજોએ ડચોને ફ્રેન્ચો વિરુદ્ધ સમર્થન આપતાં ફ્રેન્ચો પાછા પડ્યા. તેમણે ઈ.સ. 1739માં કારીકલ પર અંકુશ સ્થાપી દક્ષિણમાં મોટાપાયે વેપારી પ્રવૃત્તિઓ શરૂ કરી. પરંતુ દક્ષિણમાં એકાધિકાર સ્થાપવાના મુદ્દે ફ્રેંચોને અંગ્રેજો સાથે કર્ણાટક વિગ્રહો થયા. જેમાં તેમની હાર થતાં ફ્રેંચો ઈ.સ. 1761માં પોંડિચેરી (પુડુચેરી)ને બાદ કરતાં ભારતમાંથી સત્તાવિહીન થયા, પોંડિચેરી (પુડુચેરી)માં પણ તેઓને કિલ્લેબંધી કરવાની મનાઈ હતી.

## બંગાળમાં અંગ્રેજો : વેપારથી સંસ્થાન તરફ

અંગ્રેજોએ બંગાળમાં પોતાની પ્રથમ કોઠી ઈ.સ. 1651માં સ્થાપી. ઈ.સ. 1717માં સમ્રાટ ફર્રુખશિયરે તેમને બંગાળ, બિહાર અને ઓડિશામાં મુક્ત વેપાર કરવાની મંજૂરી આપી અને કલકત્તા (કોલકાતા)ની આસપાસનાં અન્ય ક્ષેત્રો પણ ભાડે લેવા અનુમતિ આપી. ઈ.સ. 1740 પછી અંગ્રેજોએ પોતાની કોઠી (ફૉર્ટ વિલિયમ)ને કિલ્લેબંધી કરતાં બંગાળના નવાબ સિરાજ-ઉદ્-દૌલા સાથે તેમના સંબંધો કટૂતાપૂર્ણ બન્યા. સિરાજ-ઉદ્-દૌલાએ 15 જૂન, 1756ના રોજ ફૉર્ટ વિલિયમ પર આક્રમણ કરી અંગ્રેજોને હરાવ્યા.

**પ્લાસીનું યુદ્ધ (ઈ.સ. 1757) :** કલકત્તા (કોલકાતા)માં અંગ્રેજોની હારના સમાચાર મદ્રાસ (ચેન્નઈ) પહોંચ્યા. અંગ્રેજોએ બહુ ઝડપથી ક્લાઈવના નેતૃત્વ નીચે એક સેનાને કલકત્તા (કોલકાતા) મોકલી. નવાબના વિશ્વાસુ માણેકચંદે લાંચ લઈને કલકત્તા (કોલકાતા) અંગ્રેજોને સોંપી દીધું. અંગ્રેજોએ હવે કૂટનીતિનો આશરો લીધો જેમાં લાંચ મુખ્ય હતી. તેણે નવાબના મુખ્ય સેનાપતિ મીરજાફરને નવાબ બનાવવાનું વચન આપી તેનો ટેકો મેળવ્યો. સાથે-સાથે બંગાળના મોટા શાહુકારો જગત શેઠ, રાય દુર્લભ અને અમીચંદને પણ પોતાની તરફેણમાં કરી લીધા.

માર્ચ, 1757માં ફ્રેન્ચ વસાહત પર અંગ્રેજોએ આક્રમણ કરી નવાબના સાર્વભૌમત્વને પડકાર્યું. 23 જૂન, 1757ના રોજ ક્લાઈવના નેતૃત્વ હેઠળ અંગ્રેજ સેના અને નવાબની સેના વચ્ચે મુર્શિદાબાદ પાસે આવેલ 'પ્લાસી' નામના સ્થળે યુદ્ધ થયું. નવાબના સેનાપતિઓએ અંગ્રેજોનો મુકાબલો કર્યો પરંતુ મીરજાફરના વિશ્વાસઘાતને કારણે નવાબની સેના હારી ગઈ. મીરજાફરને નવાબ બનાવવામાં આવ્યો અને સિરાજ-ઉદ્-દૌલાને પકડી તેની હત્યા કરવામાં આવી. અંગ્રેજોને નવાબે 24 પરગણાં વિસ્તારની જાગીર આપી અને જકાત વગર વેપાર કરવાની છૂટ આપી. પ્લાસીના યુદ્ધ પછી સમગ્ર બંગાળ અંગ્રેજોના અધિકારમાં આવી ગયું અને અહીંથી તેઓ વેપારીમાંથી સંસ્થાનના માલિક બન્યા. એટલું જ નહિ ભારતના વિજયનો માર્ગ પણ અહીંથી જ શરૂ થયો. જે ઈ.સ. 1818 સુધીમાં સમગ્ર ભારત અંગ્રેજી શાસન હેઠળ પરિવર્તિત થઈ ગયું.

**જાણવું ગમશે**

પ્લાસીનું મૂળ નામ પલાશ હતું. અંગ્રેજોએ તેનું ઉચ્ચારણ પ્લાસી કર્યું. અહીં પલાશ (ખાખરો/કેસૂડો)નાં વૃક્ષો હતાં. આ વૃક્ષો પર આવતા કેસરી રંગનાં ફૂલોમાંથી રંગ બનાવવામાં આવતો. જેનો હોળીના તહેવારમાં ઉપયોગ થતો.

**બક્સરનું યુદ્ધ (ઈ.સ. 1764) :** બંગાળના નવાબ મીરકાસીમે અવધના નવાબ અને મુઘલ સમ્રાટ સાથે મળી અંગ્રેજોને ભારતની બહાર હાંકી કાઢવા માટેની યોજના બનાવી. આ ત્રણેયની સેના 50,000 જેટલા સૈનિકોની બનેલી હતી. જ્યારે કંપનીની સેના 7072ની હતી. મૅજર મનરોના વડપણ હેઠળ ભારતના આ ત્રણ શાસકો સાથે બક્સરનું યુદ્ધ (22 ઑક્ટોબર, 1764) થયું. અંગ્રેજો જીત્યા અને પ્લાસીનો નિર્ણય દૃઢ બન્યો. એકસાથે ત્રણ સત્તાઓને હરાવનારા અંગ્રેજોનો પડકાર કરવાવાળું ભારતમાં હવે કોઈ જ ન હતું. બક્સરના યુદ્ધથી અંગ્રેજોને બંગાળ, બિહાર અને ઓરિસ્સા (ઓડિશા)ના દીવાની અધિકારો પ્રાપ્ત થયા એટલે કે તેઓ વિધિસરના માલિક બન્યા. જ્યારે વહીવટી જવાબદારી નવાબના શિરે રાખી. આથી દ્વિમુખી શાસન પદ્ધતિ અમલમાં આવી.

## મૈસૂર-વિગ્રહ

દક્ષિણ ભારતમાં વિજયનગર સામ્રાજ્યના અંત (ઈ.સ. 1761) પછી મૈસૂર હૈદરઅલીના નેતૃત્વમાં સૌથી શક્તિશાળી રાજ્ય બન્યું. હૈદરઅલીએ યુરોપીય પદ્ધતિએ લશ્કરના સૈનિકોની તાલીમ આપી, શસ્ત્રસજ્જ કર્યું. અંગ્રેજો હૈદરઅલીની ઝડપી વધતી જતી સત્તા અને શક્તિ અંગે ચિંતિત બન્યા. તેથી મૈસૂર રાજ્ય સાથે ચાર મૈસૂર-વિગ્રહો થયા. (ઈ.સ. 1767-69, ઈ.સ. 1780-84, ઈ.સ. 1790-92 અને ઈ.સ. 1799). આ યુદ્ધ પૈકી પ્રથમ બે યુદ્ધો હૈદરઅલી સાથે થયેલાં અને બીજાં બે યુદ્ધો હૈદરઅલીના શક્તિશાળી પુત્ર ટીપુ સુલતાન સાથે થયેલાં.

પ્રથમ મૈસૂર યુદ્ધ અનિર્ણિત રહેલ, કોઈ પરિણામ આવ્યું નહિ. દ્વિતીય મૈસૂર-વિગ્રહ સમયે ઈ.સ. 1782માં હૈદરઅલીનું મૃત્યુ થતાં યુદ્ધ ચાલુ રહ્યું. છેવટે બંને પક્ષે સંધિ થઈ. તૃતીય મૈસૂર-વિગ્રહમાં ટીપુ સુલતાન હાર્યો અને તેને ભયંકર હાનિ થઈ. ચતુર્થ મૈસૂર-વિગ્રહમાં ટીપુ સુલતાન વીરગતિ પામ્યો અને અંગ્રેજોએ એક શક્તિશાળી શાસકને ખતમ કરી પોતાના સામ્રાજ્યને દૃઢ બનાવ્યું. અંગ્રેજોએ મૈસૂર રાજ્ય અગાઉના વાડિયાર રાજવંશને સોંપ્યું અને તેના પર સહાયકારી સંધિ લાદવામાં આવી.

### મરાઠા-યુદ્ધ

અઢારમી સદીમાં કંપની મરાઠાની તાકાત તોડવા માટે પ્રયત્નશીલ હતી. ઈ.સ. 1761માં પાણીપતના ત્રીજા યુદ્ધમાં મરાઠાઓની હાર થઈ અને દિલ્લીની ગાદી હસ્તગત કરવામાં નિરાશા મળી. મરાઠાઓએ પોતાના રાજ્યને કેટલાક વિભાગોમાં વહેંચ્યું. તેમણે દરેક વિભાગ પર સિંધિયા, હોલકર, ગાયકવાડ અને ભોંસલે જેવા રાજવંશોને સત્તા સોંપી. આ રાજવંશો પેશવા (સર્વોચ્ચ મંત્રી)ના નિયંત્રણમાં હતા. પેશવાના નિયંત્રણ હેઠળ કોન્ફેડરેસી (Confederacy) રાજ્યમંડળના સભ્યો હતા. પેશવા લશ્કરી અને વહીવટી વડા હતો. તેનું મુખ્ય મથક પૂણેમાં હતું.

મરાઠા અને અંગ્રેજો વચ્ચે કેટલાંક યુદ્ધો થયાં. પ્રથમ યુદ્ધ (ઈ.સ. 1775 થી ઈ.સ. 1782)માં સાલબાઈની સંધિ (ઈ.સ. 1782) થઈ. બંનેએ એકબીજાનાં ક્ષેત્રો પરત આપવાનું નક્કી કર્યું, કોઈની હાર-જીત ન થઈ. દ્વિતીય અંગ્રેજ મરાઠા-યુદ્ધ (ઈ.સ. 1803-ઈ.સ. 1805માં) થયું. વેલેસ્લીએ મરાઠાઓ પર અંગ્રેજોની આણ વર્તાવી. આ યુદ્ધથી ઓડિશા અને યમુનાના ઉત્તરે આવેલ આગ્રા અને દિલ્લીનાં ક્ષેત્રો અંગ્રેજોના કબજામાં આવ્યાં. તૃતીય અંગ્રેજ-મરાઠા યુદ્ધમાં (ઈ.સ. 1817-ઈ.સ. 1819) મરાઠાની તાકાત કચડી નાખવામાં આવી. પેશવાને પૂણેમાંથી હટાવી કાનપુર પાસે બિઠુરમાં પેન્શન આપી મોકલી દીધો. હવે વિંધ્યાચલથી લઈ દક્ષિણના બધા જ ભાગ પર કંપનીની સત્તા સ્થપાઈ. સંપૂર્ણ ભારત પર બ્રિટિશ સત્તાની સ્થાપના થઈ.

### અંગ્રેજ શાસન–વહીવટીતંત્ર

ભારતમાં સામ્રાજ્યની સ્થાપના કર્યા બાદ અંગ્રેજોએ પોતાનું વહીવટીતંત્ર પણ સ્થાપિત કરી ભારતના વહીવટીતંત્રમાં વ્યાપક પરિવર્તનો કર્યાં. તેમનું મુખ્ય લક્ષ્ય ભારતનું આર્થિક શોષણ કરી ઇંગ્લૅન્ડને ધનવાન બનાવવાનું હતું. એટલે સ્વાભાવિક રીતે જ વહીવટીતંત્ર ભારતીય પ્રજાના કલ્યાણ માટે કામ કરવાને બદલે બ્રિટિશ હિતોને સાચવનારું હતું. તેમણે ભારતમાં આધુનિક વહીવટીતંત્રનું માળખું સ્થાપિત કર્યું.

**સરકારનું માળખું :** ઈ.સ. 1773થી વિભિન્ન સનદીધારાઓ દ્વારા તેમણે ભારતના વહીવટીતંત્ર પર નિયંત્રણ કર્યું હતું. નિયામકધારા (ઈ.સ. 1773) દ્વારા ભારતમાં ગવર્નર જનરલની નિમણૂક કરવામાં આવી અને સુપ્રીમ કોર્ટની સ્થાપના કરવામાં આવી. ગવર્નર જનરલ ભારતના વહીવટીતંત્રનો સર્વોચ્ચ વડો હતો અને તેને મદદ કરવા માટે ત્રણ સભ્યોની પરિષદ નીમવામાં આવી હતી. ઈ.સ. 1813માં બ્રિટિશ સંસદે સનદીધારા દ્વારા કંપનીનો વેપારિક એકાધિકાર સમાપ્ત કરી સનદીધારા (ઈ.સ. 1833) અંતર્ગત સંપૂર્ણપણે બ્રિટિશ સંસદના નિયંત્રણમાં મૂકી દીધો. સનદીધારા(ઈ.સ. 1833)એ વિશાળ સત્તાઓ ધરાવતાં ગવર્નર જનરલની નિમણૂક કરી. જે સંપૂર્ણ ભારત પર કાયદા પણ ઘડી શકતો. ગવર્નર જનરલની પરિષદમાં એક કાયદા-સભ્યને નીમવામાં આવ્યો. સનદીધારા (ઈ.સ. 1853) અન્વયે બ્રિટિશ સંસદે ઈસ્ટ ઇન્ડિયા કંપની પર પોતાનું પ્રભુત્વ વધારી તેની મોટા ભાગની સત્તાઓ પોતાની પાસે લઈ લીધી.

**સનદી સેવાઓ :** ગવર્નર જનરલ કોર્નવૉલિસે ભારતમાં સનદી સેવાઓ શરૂ કરી. તેણે કંપનીના કર્મચારીઓને વેપાર કરવા પર પ્રતિબંધ મૂકી ભ્રષ્ટાચાર વિરુદ્ધ નિયંત્રણો મૂક્યાં. મહેસૂલતંત્ર અને ન્યાયતંત્રને જુદાં કર્યાં. કલેક્ટરને સવેતન વ્યવસ્થિત સેવાઓ સોંપવામાં આવી.

વેલેસ્લીએ ભારતીય સનદી સેવામાં બ્રિટનથી આવતા અધિકારીઓ માટે એક તાલીમ સંસ્થાની સ્થાપના કરી, જે કલકત્તા (કોલકાતા)માં ફૉર્ટ વિલિયમ કૉલેજ તરીકે ઓળખાય છે. આ પહેલાં મોટા ભાગની નિમણૂક ઈસ્ટ ઇન્ડિયા કંપનીના નિયામક મંડળ દ્વારા થતી હતી. ડેલહાઉસીના સમયમાં બ્રિટિશ સંસદે ઈ.સ. 1853ના સનદીધારા અન્વયે સનદી સેવાઓમાં પ્રવેશ મેળવવા સ્પર્ધાત્મક પરીક્ષાઓ શરૂ કરવા હિમાયત કરી. પછીથી ભારતીયો પણ આવી સનદી સેવામાં સ્પર્ધાત્મક પરીક્ષા આપી અને જોડાઈ શકે તેવા નિયમો કરવામાં આવ્યા.

અંગ્રેજોએ ઈ.સ. 1850 સુધી ઉચ્ચ વહીવટીતંત્ર નાગરિક સેવાઓ, સેના, પોલીસ અને ન્યાયતંત્ર જેવા મહત્ત્વપૂર્ણ વિભાગોમાં ઉચ્ચ હોદ્દાઓ પર માત્ર અંગ્રેજ અધિકારીઓની જ નિમણૂક કરી હતી. માત્ર સામાન્ય હોદ્દાઓ અને ઓછા પગારવાળી નોકરીઓ જેમકે ક્લાર્ક અને સૈનિક જેવી નોકરીઓ પર ભારતીયોને નીમવામાં આવતા.

**લશ્કર :** ભારતમાં બ્રિટિશ શાસન વિશિષ્ટ લશ્કરી નીતિને કારણે અસ્તિત્વમાં આવ્યું હતું. તેનું લક્ષ્ય ભારત જીતવાનું તેમજ ભારતના આંતરિક વિદ્રોહોને દબાવવાનું અને બ્રિટિશ સામ્રાજ્યનો વિકાસ કરવાનું હતું. તેમાં એ સફળ નીવડ્યા હતા. કંપનીની સેનામાં અનેક ભારતીયો સૈનિકો તરીકે જોડાયા. અંગ્રેજો જ માત્ર ઉચ્ચ અધિકારીઓ બની શકતા. ભારતીયો લશ્કરમાં સૂબેદારથી ઊંચો હોદ્દો ધરાવી શકતા નહિ. સૈનિકોને નિયમિતપણે માસિક પગાર મળતો.

**જાણવું ગમશે**

ઈ.સ. 1857 સુધી કંપનીના લશ્કરના કુલ 3,11,400 સૈનિકોમાંથી 2,65,900 ભારતીય સૈનિકો હતા.

**પોલીસ :** લશ્કર જેટલું જ મહત્ત્વનું બ્રિટિશ પોલીસતંત્ર હતું. જેની શરૂઆત ગવર્નર જનરલ કોર્નવૉલિસે કરી હતી. પરંપરાગત ભારતીય સામંતશાહી પોલીસ ખાતાની જગ્યાએ તેણે આધુનિક પોલીસ ખાતાની સ્થાપના કરી. જિલ્લા કક્ષાએ પોલીસ અધિકારી તરીકે જિલ્લા પોલીસ અધિક્ષક (DSP)ની નિમણૂક કરી. વિભિન્ન જગ્યાએ પોલીસસ્ટેશનની શરૂઆત કરાવી તેના પર એક ફોજદારની નિમણૂક કરી. ગામડાંમાં ચોકીદારની નિમણૂક થતી. પોલીસતંત્રમાં પણ ઉચ્ચ હોદ્દાઓ પર માત્ર અંગ્રેજો જ રહી શકતા. ભારતીયો સિપાહી (કૉન્સ્ટેબલ) કક્ષાએ કામ કરતા.

**ન્યાયતંત્ર :** ભારતમાં ન્યાયતંત્રની શરૂઆત વોરન હેસ્ટિંગ્સે કરી. ઈ.સ. 1773ના નિયામકધારા અન્વયે ભારતમાં સર્વોચ્ચ અદાલતની સ્થાપના થઈ. અંગ્રેજોએ ન્યાયતંત્રમાં દીવાની અને ફોજદારી એમ બે પ્રકારની કોર્ટની સ્થાપના કરી હતી. કોર્નવૉલિસે (ઈ.સ. 1793) ન્યાય-વ્યવસ્થામાં ખાસ્સાં પરિવર્તનો કર્યાં. તેણે ચાર પ્રાંતીય અદાલતો શરૂ કરી તેમજ દરેક જિલ્લામાં જિલ્લા ન્યાયાધીશના વડપણ હેઠળ દીવાની અદાલતની સ્થાપના કરી. જિલ્લા અદાલતો ઉપર દીવાની અદાલતો સ્થપાઈ. જ્યારે જિલ્લાના ન્યાયાલય નીચે રજિસ્ટ્રારની અદાલતો અને તેની તાલુકા અદાલતો સ્થપાઈ. ન્યાયાધીશોને મુનસફ અને અમીન તરીકે ઓળખવામાં આવતા. જેઓ ભારતીય ન્યાયાધીશ હતા. જોકે ભારતીય ન્યાયાધીશોની નિમ્ન સ્તરે નિમણૂક કરવામાં આવતી. તેણે તમામ માટે સમાન કાયદાની જોગવાઈ કરી. હિંદુ અને મુસ્લિમ કાયદાઓને બદલે અંગ્રેજી કાયદા લાગુ કર્યા. વિલિયમ બેન્ટિંકે સૌપ્રથમ વખત ભારતીયોને ન્યાયતંત્રમાં ઉચ્ચ હોદ્દાઓ પર મૂકવાની શરૂઆત કરી. કલકત્તા (કોલકાતા), મદ્રાસ (ચેન્નઈ) અને મુંબઈમાં હાઇકોર્ટની સ્થાપના કરવામાં આવી. કાયદાઓ સ્પષ્ટ લેખિત સ્વરૂપે અમલમાં મૂકીને ઈ.સ. 1833માં આધુનિક કાયદાની શરૂઆત કરવામાં આવી.

બ્રિટિશ સરકારે આ રીતે ભારતમાં કાયદાના શાસનની સ્થાપના કરી સૌને માટે એકસમાન કાયદાની નીતિ અપનાવી. જ્ઞાતિ, ધર્મ કે વર્ગના આધારે કાયદામાં કોઈ ભેદભાવ ન હતો. સામાન્ય લોકો માટે પણ ન્યાયાલયના દરવાજા ખોલી નાખવામાં આવ્યા હતા.

આપણે બ્રિટિશ વહીવટીતંત્રને આધુનિક વહીવટીતંત્ર કહી શકીએ, પરંતુ તેનો ઉદ્દેશ ભારતમાં બ્રિટિશ સામ્રાજ્યને મજબૂત બનાવવાનો હતો. એટલે ભારતીયો આ વહીવટીતંત્રનો પૂરતો લાભ લઈ શક્યા નહિ. અંગ્રેજોએ નિરંકુશ રીતે ભારતીયો વિરુદ્ધ આ કાયદાઓ દ્વારા વ્યવહાર કર્યો હતો. એટલે બ્રિટિશ શાસનથી ભારતમાં એક અવિશ્વાસનું વાતાવરણ ઊભું થયું.

પ્રબુદ્ધ ભારતીયોએ તેનો વિરોધ કર્યો. મહાત્મા ગાંધીએ લખ્યું છે કે, ''ભારતની પ્રજા માટે વિદેશી શાસન અને વિદેશી કાયદો એ બંને અસ્વીકાર્ય છે.'' કારણ કે તેનાથી ભારતીય જનતાની સુખાકારીને બદલે બ્રિટિશ સ્વાર્થની પૂર્તિ થાય છે.

(**નોંધ :** આ એકમમાં આપવામાં આવેલી સાલવારી ઘટનાઓની ક્રમશઃ સમજ માટે છે. મૂલ્યાંકનનો ભાગ બનાવવા માટે નથી.)

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં લખો :**

(1) યુરોપનાં કયાં-કયાં રાષ્ટ્રોએ ભારત આવવાનો જળમાર્ગ શોધવા કમર કસી હતી ?

(2) યુરોપની પ્રજાને ભારતીય મરીમસાલાની ખૂબ આવશ્યકતા શાથી હતી ?

(3) કયા યુદ્ધના પરિણામ સ્વરૂપ બંગાળમાં દ્વિમુખી શાસન પદ્ધતિ અમલમાં આવી ?

(4) કયા ધારા અન્વયે સર્વોચ્ચ અદાલતની સ્થાપના થઈ ?

**2. (અ) ટૂંક નોંધ લખો :**

(1) પ્લાસીનું યુદ્ધ (2) બક્સરનું યુદ્ધ (3) અંગ્રેજ-મરાઠાયુદ્ધ (4) મૈસૂર-વિગ્રહ

**(બ) નીચેના પ્રશ્નોના ઉત્તર લખો :**

(1) યુરોપિયન પ્રજાને ભારત તરફનો જળમાર્ગ શોધવાની ફરજ પડી. વિધાન સમજાવો.

(2) બ્રિટિશ પોલીસતંત્ર વિશે મુદ્દાસર નોંધ લખો.

(3) ''ભારતની પ્રજા માટે વિદેશી શાસન અને વિદેશી કાયદો એ બંને અસ્વીકાર્ય છે.'' મહાત્મા ગાંધીના આ વિધાનને સમજાવો.

(4) દ્વિતીય અંગ્રેજ-મરાઠા યુદ્ધનાં પરિણામો જણાવો.

**3. નીચે આપેલ વિકલ્પમાંથી સાચો વિકલ્પ શોધી ઉત્તર લખો :**

(1) ભારતમાં પોર્ટુગીઝોની રાજધાની કઈ હતી ?

(A) દમણ (B) દીવ (C) ગોવા (D) દાદરા અને નગરહવેલી

(2) ગોલકોંડાના શાસક પાસેથી ફરમાન મેળવી મછલીપટ્ટનમમાં પોતાનું સ્થાન જમાવનાર યુરોપિયન પ્રજા કઈ હતી ?

(A) અંગ્રેજ (B) ડચ (C) ફ્રેન્ચ (D) ડૅનિશ

(3) ભારતમાં ન્યાયતંત્રની શરૂઆત કરનાર અંગ્રેજ અધિકારી કોણ હતો ?

(A) ડેલહાઉસી (B) વેલેસ્લી (C) ક્લાઇવ (D) વૉરન હેસ્ટિંગ

**પ્રવૃત્તિ**

- તમારા શિક્ષક પાસેથી 'અમેરિકન ક્રાંતિ' વિશે વધારે વિગતો જાણો.

# 2 ભારતમાં બ્રિટિશ શાસન (ઈ.સ. 1757થી ઈ.સ. 1857)

C2J4V8

પ્લાસીના યુદ્ધ પછી મીરજાફરને હટાવીને અંગ્રેજોએ મીરકાસીમને નવાબ બનાવ્યો પણ તેના શાસનમાં બંગાળમાં કરમુક્ત ખાનગી વેપાર કરવાની બાબતમાં અંગ્રેજોને તેની સામે વાંકું પડ્યું. આથી અંગ્રેજોએ તેની સામે યુદ્ધ કર્યું. બક્સરના આ યુદ્ધમાં અંગ્રેજોની જીત થઈ. ત્યાર બાદ ક્લાઈવે અવધના નવાબ અને મુઘલ બાદશાહ સાથે સંધિ કરી. સંધિ મુજબ અવધના નવાબે કંપનીને પચાસ લાખ રૂપિયા આપવાનું સ્વીકાર્યું અને મુઘલ બાદશાહ શાહઆલમ બીજાને કંપની વાર્ષિક 26 લાખની ખંડણી આપે. તેના બદલામાં બંગાળ, બિહાર અને ઓડિશાની દીવાની સત્તા આપવાની હતી. 12 ઑગસ્ટ, 1765માં ઈસ્ટ ઇન્ડિયા કંપનીને મુઘલ બાદશાહે બંગાળની દીવાની સત્તા આપી અને અંગ્રેજોની ભારતમાં રાજકીય સત્તા શરૂ થઈ.



કોર્નવૉલિસ

**જાણવું ગમશે**

અંગ્રેજોએ કંપનીની આવકમાં વધારો કરવા ઈ.સ. 1772માં બંગાળમાં એક નવી વ્યવસ્થા દાખલ કરી. જેમાં જમીન મહેસૂલ વસૂલ કરવા માટે ઈજારદારો સાથે કરાર કરવામાં આવતા. જે બોલીમાં વધુ રકમ આપે તેને મહેસૂલ ઉઘરાવવાનો ઈજારો આપવામાં આવતો. આ વ્યવસ્થામાં ઈજારદારો માટે દસ્તાવેજમાં 'ફાર્મર' શબ્દનો ઉપયોગ કરવામાં આવતો. આથી આ વ્યવસ્થા 'ફાર્મિંગ' વ્યવસ્થાને નામે ઓળખાતી. આ વ્યવસ્થામાં ઈજારદારોનું એક માત્ર ધ્યેય વધુ આવક ઊભી કરવાનું હોવાથી ખેડૂતોનું શોષણ થતું હતું. જ્યારે આ પ્રથા અસહ્ય બની ત્યારે તેમાં સુધારો લાવવા માટે ભારતમાં ગવર્નર જનરલ તરીકે કોર્નવૉલિસની નિમણૂક કરવામાં આવી.

**(1) કાયમી જમાબંધી :** કોર્નવૉલિસ ગવર્નર જનરલ હતો ત્યારે ઈ.સ. 1793 માં ભારતમાં કાયમી જમાબંધી દાખલ કરવામાં આવી, જેમાં (1) જમીનદારને જમીનના અને જમીન મહેસૂલના હક આપવામાં આવ્યા. તેમણે સરકારના એજન્ટ તરીકે કામ કરવાનું હતું. (2) જમીનદારે જમીન મહેસૂલના નવ ભાગ સરકારને જમા કરાવવા અને દસમો ભાગ મહેનતાણા તરીકે રાખવાનો હતો.

આ પદ્ધતિમાં ખેડૂતોનું શોષણ થતું હતું. કારણ કે તેને નિશ્ચિત કરેલું મહેસૂલ જમીનદારને આપવું પડતું. જમીનદાર તેના ઉપર જુલમ કરીને પણ મહેસૂલ વસૂલ કરતો. જમીનદારે દર વર્ષે નિશ્ચિત કરાર મુજબની રકમ સરકારમાં જમા કરાવવી પડતી. તેમ છતાં કાયમી જમાબંધી જમીનદારોની તરફદારી કરતી હતી. જોકે શરૂઆતમાં જમીનદારોએ થોડું સહન કરીને નક્કી કર્યા મુજબનું મહેસૂલ આપવું પડ્યું. જે મહેસૂલ ના ભરી શક્યા તેમની જમીન જપ્ત થઈ પણ પાછળથી જમીનદારો જમીન ખરીદવા લાગ્યા. સરકારને ખેડૂતના વિકાસમાં રસ ન હતો. પરિણામે બંગાળમાં ખેડૂતોના ઘણા વિદ્રોહો થયા અને 'અન્નભંડાર' તરીકે ઓળખાતું બંગાળ કંગાળ બન્યું.



થૉમસ મૂનરો

**(2) રૈયતવારી પદ્ધતિ :** ઓગણીસમી સદીની શરૂઆતમાં ઈ.સ. 1820માં મુંબઈ અને મદ્રાસ (ચેન્નઈ) પ્રાંતોમાં રૈયતવારી પદ્ધતિ લાગુ કરવામાં આવી હતી. તેના પ્રણેતા થૉમસ મૂનરો હતા. તે સમયે તેઓ મદ્રાસ (ચેન્નઈ)ના ગવર્નર હતા. આ પદ્ધતિમાં જમીન ખેડનારને જમીનનો માલિક બનાવવામાં આવ્યો હતો. સરકારની શરત મુજબ ખેડૂતે જમીન મહેસૂલ ચૂકવવાનું હતું. આ પ્રથાથી જમીનની માલિકી હકનો કોઈ ફાયદો થતો ન હતો. તેનાં કારણો આ મુજબ હતાં : (1) જમીનનું વધારે પડતું મહેસૂલ (2) સરકાર ઇચ્છે ત્યારે જમીન મહેસૂલમાં વધારો કરવાનો હક ધરાવતી હતી. (3) કોઈ પણ સ્થિતિમાં અનાજ ન પાકે કે નાશ પામે તોપણ રૈયતે જમીન મહેસૂલ તો આપવું પડતું હતું.

**(3) મહાલવારી પદ્ધતિ :** મહાલવારી પદ્ધતિનો અમલ ઉત્તર-પશ્ચિમ પ્રાંત અને મધ્ય ભારતના કેટલાક પ્રદેશોમાં થયો હતો. હોલ્ટ મેકેન્ઝી નામના અંગ્રેજ અધિકારીએ ઈ.સ. 1822માં મહાલવારી પદ્ધતિ દાખલ કરેલ.

બ્રિટિશ મહેસૂલી દફતર (રેકર્ડ)માં ગ્રામ અથવા ગ્રામના સમૂહ માટે મહાલ શબ્દપ્રયોગ થતો હતો. મહાલનું એકમ ગ્રામ અથવા ગ્રામનો સમૂહ હતો. આ પ્રથા અનુસાર મહેસૂલનું એકમ ખેડૂતનું ખેતર નહિ પણ સમગ્ર ગ્રામ કે ગ્રામની જમીનના સમૂહનો સમાવેશ થતો હતો. આ પદ્ધતિમાં ગામનું સર્વેક્ષણ કરી ખેતર અથવા ખેતરોના ઉત્પાદનની આવક વગેરે ધ્યાનમાં લઈ જમીન મહેસૂલ નક્કી કરવામાં આવતું. આથી આ પદ્ધતિ મહાલવારી પદ્ધતિ તરીકે ઓળખાઈ. જમીન મહેસૂલ વસૂલ કરવાની જવાબદારી ગામના મુખીને સોંપવામાં આવતી.


અંગ્રેજોએ પરંપરાથી ચાલી આવતી જમીન-વ્યવસ્થામાં મૂળભૂત ફેરફારો કર્યા. પરિણામે ભારતીય ગામોની સ્થિરતા, સ્વાયતતા અને સાતત્ય છિન્નભિન્ન થયા.

**જાણવું ગમશે**

ઈ.સ. 1765માં બંગાળમાં દીવાની સત્તા પ્રાપ્ત કર્યા પછી કંપનીએ તેના કર્મચારીઓ પાસે બંગાળની વાર્ષિક ઉપજની માહિતી એકઠી કરાવી. કારણ કે બ્રિટન માટે બંગાળનું મૂલ્ય યુરોપમાં નિકાસ માટે ખેતપેદાશો આપનારું ક્ષેત્ર હતું. આથી તેણે ખેતપેદાશો ઉપર પક્કડ જમાવી.

**ચર્ચા કરો**

આપણે કઈ-કઈ ખેતપેદાશો વિદેશમાં નિકાસ કરીએ છીએ અને કઈ-કઈ આયાત કરીએ છીએ ? શા માટે ?



બંગાળના ગ્રામ્ય બજારનું એક દૃશ્ય

**ખેતીની સ્થિતિ :** બંગાળમાં દીવાની સત્તા મેળવ્યા પછી ઈસ્ટ ઇન્ડિયા કંપનીનો મુખ્ય ઉદ્દેશ યુરોપમાં માંગ હોય તેવી વસ્તુઓ ભારતમાંથી પ્રાપ્ત કરવાનો હતો. આથી તેણે બંગાળ, બિહાર અને ઓડિશા જેવા તે સમયના સમૃદ્ધ પ્રદેશો પર પોતાની સત્તા સ્થાપી. કંપની ભારતના ખેતપેદાશોના ખરીદ-વેચાણનાં બજારો ઉપર પોતાનો ઇજારો સ્થાપવા માંગતી હતી. ઇંગ્લૅન્ડમાં નિકાસ કરવાની જે જરૂરી વસ્તુઓ હતી તેમાં ખેતપેદાશો મુખ્ય હતી. આથી કંપનીએ ભારતમાં ખેતીનું પોતાની મરજી મુજબ વેપારીકરણ કરવા પ્રયાસ કર્યો. આ પાકોમાં મુખ્યત્વે ગળી, કપાસ, કાચું રેશમ, અફીણ અને મરીનો સમાવેશ થતો હતો. આ ખેતપેદાશોનું કંપનીશાસન હેઠળ વેપારીકરણ થતાં તેની કેવી સ્થિતિ થઈ તેના વિશે જોઈએ.

> **પ્રવૃત્તિ**
>
> દુનિયાના નકશાની મદદથી કૅરેબિયન દેશોનાં સ્થાન શોધો.


**(1) કાચું રેશમ :** અઢારમી સદીના સમયગાળા દરમિયાન ઇંગ્લૅન્ડમાં કાચું રેશમ સ્પેન અને ઈટાલીમાંથી આવતું હતું. જો બંગાળમાં થતું રેશમ હાથમાં આવી જાય તો બ્રિટનને સ્પેન અને ઈટાલી ઉપર નિર્ભર રહેવું ના પડે. આથી કંપનીએ ગમેતેમ કરીને ખેડૂતો ઉપર જુલમ ગુજારીને પણ ઓગણીસમી સદીના અંત સુધી ભારતમાંથી નિકાસ થતાં રેશમ ઉપર પોતાની સત્તા સ્થાપી દીધી હતી.

**(2) ગળી :** ગળી એ રંગકામમાં વપરાતું દ્રવ્ય હતું. તેનો છોડ ગરમ પ્રદેશોમાં થાય છે. તેની મોટી માંગ હતી. કાપડ ઉપર ભારતની ગળીનો રંગ ચમકતો હોય તે રીતે ઉપસતો હતો. આવો રંગ અન્ય ગળીથી ઉપસતો ન હતો. તેનો ઉપયોગ સુતરાઉ કાપડને રંગવામાં થતો હતો. ઈ.સ. 1790 સુધી યુરોપીય દેશો ગળીનો પુરવઠો કૅરેબિયન દેશોમાંથી મેળવતા હતા. પરંતુ તેનું ઉત્પાદન ઘટવાથી ભારતીય ગળીની માંગ વધવા લાગી હતી. આથી અંગ્રેજો ભારતમાં પોતાની હકુમત હેઠળના પ્રદેશોમાં યુરોપિયનોને વસાવી ગળીનું ઉત્પાદન વધારવા લાગ્યા. ભારતમાં ગળીના ઉત્પાદનની બે પ્રથા હતી : (1) 'નિજ' અને (2) 'રૈયતી'. નિજ પ્રથામાં ઉત્પાદકો પોતાનાં જ હળ, બળદ તથા ઓજારોનો ઉપયોગ કરી ખેતી કરતા. છોડ તૈયાર થાય ત્યારે કાપીને કાચો માલ કારખાનામાં પહોંચાડવામાં આવતો. જ્યારે 'રૈયતી' પ્રથામાં ખેડૂત પોતાની જમીન પર ગળીનું વાવેતર કરતો અને તે તૈયાર થાય ત્યારે બાંધ્યા ભાવે કારખાનેદારને વેચતો. આ પદ્ધતિમાં કારખાનેદાર ખેડૂતને લોન ધીરતો હતો. મોટા ભાગનું ઉત્પાદન આ પ્રથાથી થતું હતું. કારણ કે ગળીના ઉત્પાદકોને એ વધુ લાભદાયક હતું. એક તો તેના ભાવ નીચા બાંધવામાં આવતા અને ખેડૂતને તેનું વાવેતર કરવા મજબૂર કરવામાં આવતો. જો ખેડૂત ઈનકાર કરે તો તેના ઉપર જુલમ કરવામાં આવતો અને તેના પાકનો નાશ કરવામાં આવતો. ખેડૂતો પર ઉત્પાદકોની ધાક જાળવી રાખવા કંપનીના મળતિયાઓ અનેક પ્રકારની ગેરરીતિઓ આચરતા. ખોટા હિસાબો રાખતા તેમજ ખેડૂત પાસે ફરજિયાત વાવેતર કરાવતા. કંપનીના શાસકો તેના અમલદારો, ગળીના ઉત્પાદકો એકબીજા સાથે મળેલા હતા એટલે ખેડૂતોની કોઈ જ ફરિયાદ સાંભળવામાં આવતી ન હતી. આ અસંતોષના કારણે ઈ.સ. 1859-60માં વ્યાપક પ્રમાણમાં ગળીનાં રમખાણો થયાં.

> **ચર્ચા કરો**
>
> તમારા વિસ્તારમાં થતા કોઈ એક રોકડિયા પાક (બજારમાં વેચવામાં આવતો પાક) વિશે માહિતી મેળવો. તેની ખેતી, વેચાણ, ઉપયોગ, નિકાસ વગેરે બાબતો વિષયક ચર્ચા કરીને એક નોંધ બનાવો.



ગળીના કારખાનામાં લઈ જતા નીલના છોડનું એક દૃશ્ય



ગળીના ખેતર પાસે કારખાનાનું એક દૃશ્ય

**(3) કપાસ :** જેમ ગળી એ પૂર્વ ભારતનો મહત્ત્વનો વેપારી (રોકડિયા) પાક છે તેમ કપાસ એ પશ્ચિમ ભારતનો મહત્ત્વનો વેપારીપાક છે. ઈ.સ. 1780ના દાયકામાં ઈસ્ટ ઇન્ડિયા કંપની તથા તેમના કૃપાપાત્ર કેટલાક વેપારીઓનો ચીન સહિત ભારતના રૂ-ઉત્પાદન કરતા પ્રદેશો ઉપર અંકુશ હતો. કંપની ખેડૂતોને તે વખતે બજારભાવ કરતા ઓછા ભાવે કપાસ વેચવા ફરજ પાડતી હતી. ખેડૂતોને કપાસના યોગ્ય ભાવ ન મળવાથી તેઓ પાયમાલ થવા લાગ્યા.

આ સિવાય તે સમયે ભારતમાં શેરડી, ચા, અફીણ, મરી અને ગરમ મસાલા પણ મહત્ત્વના વેપારીપાકો હતા. અંગ્રેજો આ પાકોને નીચા ભાવે ખરીદવા પોતાની રાજકીય સત્તાનો દુરુપયોગ કરતા હતા. ખેડૂતોને વાવેતર માટે અગાઉથી ધિરાણ આપવામાં આવતું. ખેડૂતો દેવાદાર બન્યા પછી તેમની પાસેથી નીચા ભાવે વેપારીપાકો ખરીદવામાં આવતા. આથી વેપારીઓને ભારે નફો મળતો અને ખેડૂતો વધુ ને વધુ ગરીબ બનતા હતા. આમ ભારતમાં વેપારીપાકોના ખરીદ-વેચાણમાં કંપનીનો પ્રભાવ હતો. ભારતના કાચા માલને કારણે ઇંગ્લૅન્ડના ઉદ્યોગો સમૃદ્ધ બનતા હતા. આથી કંપની ભારતમાં વેપારીપાકો ઉપર પોતાની સત્તા સ્થાપવા માંગતી હતી. જેના કારણે ખેડૂતો મોટી સંખ્યામાં જમીનવિહોણા ખેતમજૂરો બની ગયા.

**જનજાતિઓની સ્થિતિ :** અંગ્રેજોની વેપારી શોષણનીતિને કારણે ઘણા પ્રદેશોમાં ખેડૂતો અને જનજાતિ પ્રજાએ બળવા કર્યા. આ બળવા શા માટે થયા ? અને આ સમયે જનજાતિની સ્થિતિ કેવી હતી તેના વિશે જોઈએ. ઓગણીસમી સદીમાં ભારતમાં જનજાતિના જુદા-જુદા સમૂહો હતા. જેમાં ખોંડ, સંથાલો, મુંડાઓ, કોયાઓ, કોલ, ગોંડ, ભીલ વગેરેનો સમાવેશ થતો હતો. વર્તમાન ઝારખંડ રાજ્યમાં હઝારીબાગ આસપાસ સંથાલ જાતિના આદિવાસીઓના સમૂહો હતા. જેઓ રેશમના કીડા પાળતા હતા. રેશમના વેપારીઓ સંથાલો પાસેથી કાચું રેશમ ખરીદતા હતા. છોટાનાગપુર આસપાસ મુંડા જાતિના આદિવાસી સમૂહો રહેતા હતા. આ સમુદાયો શિકાર કરવાનો અને વન્યપેદાશો એકત્ર કરવાનો વ્યવસાય કરતા હતા. મધ્ય ભારતમાં ખોંડ જાતિના આદિવાસી સમૂહો પણ શિકાર અને જંગલપેદાશોના સંગ્રહ કરતા હતા. કેટલાક જનજાતિ સમૂહો પશુપાલન સાથે જોડાયેલ હતા. જેમાં પંજાબના પહાડી પ્રદેશમાં રહેનાર વનગુજ્જર અને આંધ્રપ્રદેશના લબાડિયા સમુદાયના લોકો ગાય-ભેંસ પાળતા હતા. કુલ્લુનો ગદ્દી અને કશ્મીરનો બકરવાલ સમુદાય ઘેટાં-બકરાં પાળતા હતા. જનજાતિ એટલે જંગલોમાં રહેનાર એવું નહિ એમાંના કેટલાક ખેડૂતો પણ હતા. તેઓ ખેતી સાથે જોડાયેલા હતા. જે મોટા ભાગે પૂર્વોત્તર અને મધ્ય ભારતના પર્વતીય તથા જંગલ-વિસ્તારોમાં ખેતી કરતાં હતા. આ જનજાતિઓની પ્રવૃત્તિઓ વિશે જોઈએ.

## જનજાતિઓની પ્રવૃત્તિઓ

કેટલાક જનજાતિ સમૂહો ખોરાક એકઠો કરી જીવન જીવતા હતા. જનજાતિ લોકો પશુપાલન સાથે સંકળાયેલ હતા. ઋતુ અનુસાર તેઓ ઘેટાંબકરાંનું કે ગાય-ભેંસનું ધણ લઈ સ્થળાંતર કરતા ઓડિશાનાં જંગલોમાં રહેતા. ખોંડ સમુદાયના લોકો ટોળીઓ બનાવી સમૂહમાં શિકાર કરતા તેમજ જંગલોમાંથી ફળ, કંદમૂળ, ઔષધિઓ અને જડીબુટ્ટીઓ એકત્ર કરતા. જંગલોમાંથી મેળવેલ વસ્તુઓ સરખા ભાગે એકબીજાને વહેંચતા અને તેને સ્થાનિક બજારોમાં વેચતા હતા. ખોંડ જનજાતિના લોકો કાપડ વણવાનો, ચામડાં કમાવવાનો અને તેને રંગવાનો વ્યવસાય કરતા હતા. ચામડાંના રંગકામ માટે કુસુંબી અને પલાશનાં ફૂલોનો ઉપયોગ કરતા હતા. આ સમયે દેશમાં આદિવાસી સમૂહો બે પ્રકારની ખેતી સાથે જોડાયેલા હતા : (1) સ્થળાંતરીય ખેતી અને (2) સ્થાયી ખેતી.

કેટલાક આદિવાસી સમૂહો સૂર્યનો તડકો જમીન પર પડે તે માટે જંગલોમાં વૃક્ષોની અડધેથી કાપણી કરીને તેમજ

જમીન પરનું ઘાસ કાપીને ખેતી માટેની જમીન ખુલ્લી કરતા. જે વૃક્ષો અને ઘાસની કાપણી કરી હતી તેને સળગાવી તેની રાખને જમીનમાં પાથરી નાખતા. રાખમાં પોટાશ હોવાથી જમીન ફળદ્રુપ બનતી. એક વખત પાક ઉગાડ્યા પછી તેઓ ત્યાંથી બીજી જગ્યાએ સ્થળાંતર કરતા એટલે બીજી જગ્યાએ આ રીતે ફરીથી ખેતી કરતા આથી તેને સ્થળાંતરીય ખેતી કહેવામાં આવતી. ઓગણીસમી સદી પહેલાં ઘણા જનજાતિઓના સમૂહો સ્થાયી ખેતી કરવા લાગ્યા હતા. આથી એમને જમીનના અધિકારો પણ મળ્યા હતા. જેમાં છોટાનાગપુરના મુંડાઓ તેમજ ગોંડ અને સંથાલોનો સમાવેશ થાય છે.

**જાણવું ગમશે**


કોયા ચળવળ : ઈ.સ. 1879-89 દરમિયાન હાલના આંધ્રપ્રદેશમાં પૂર્વ ગોદાવરી વિસ્તારમાં કોયા બળવો થયો હતો. ઓડિશાના કોરપુર અને માલકણગિરિ જિલ્લામાં પણ આ બળવાની અસર હતી. કોયા જનજાતિ સમુદાયના નેતા કોન્ડા ડોરા હતા. આદિવાસીઓના જંગલ પરના પરંપરાગત હકો માટે આ ચળવળ હતી. કોયાઓ બિરસા મુંડાની જેમ કોન્ડી ડોરાનું 'માલકણગિરિના રાજા' તરીકે બહુમાન કરતા. પોલીસ સાથેની અથડામણમાં તેમનું અવસાન થવાથી આ ચળવળ ભાંગી પડી હતી.

ઈસ્ટ ઇન્ડિયા કંપનીને જનજાતિઓનો વિકાસ ભયરૂપ લાગતા તેણે જનજાતિ સમુદાયોના મુખિયાઓની સત્તા ઉપર કાપ મૂક્યો. આ મુખિયાઓને કંપનીના નિયમોનું પાલન કરવું પડતું અને નજરાણાં આપવાં પડતાં. આથી એમની સ્વતંત્રતા છીનવાઈ ગઈ હતી. અંગ્રેજો એવું ઇચ્છતા હતા કે જનજાતિ એક જગ્યાએ રહીને ખેતી કરે અને કંપની માટે આવકનું સાધન બને. આથી તેમણે જનજાતિ સમુદાયો માટે નવા કાયદાઓ બનાવ્યા. જેનો જનજાતિ સમુદાયો દ્વારા સામૂહિક વિરોધ કરવામાં આવ્યો.

**આદિવાસી બળવાઓ**

ઈ.સ. 1831-32માં કોલ આદિવાસીનો બળવો
ઈ.સ. 1855માં સંથાલ બળવો
ઈ.સ. 1910માં છત્તીસગઢના બસીરમાં બળવો
ઈ.સ. 1940માં મહારાષ્ટ્રમાં વારલી લોકોનો બળવો

**બિરસા મુંડા :** બિરસા મુંડાનો જન્મ 15મી નવેમ્બર, 1875માં થયો હતો. તેના પિતાનું નામ સુગના મુંડા અને માતાનું નામ કરમી મુન્ડાઈના હતું. બિરસાનું બચપણ ઘેટાં-બકરાં ચરાવવામાં, વાંસળી વગાડવામાં અને અખાડાની રમતોમાં પસાર થયું હતું. કુટુંબની ગરીબીના કારણે બિરસા મુંડાનું બચપણ પિતા સાથે સતત એકથી બીજી જગ્યાએ સ્થળાંતરમાં વીત્યું હતું. જોકે બિરસાએ સ્થાનિક મિશનરી શાળાઓમાં શિક્ષણ મેળવ્યું હતું. તેણે બચપણમાં મુંડા લોકો અને દીકુઓ (બહારથી આવેલા) વચ્ચેના સંગ્રામની વાતો સાંભળી હતી. તેણે જનોઈ ધારણ કરી હતી. તેમજ વૈષ્ણવધર્મ પ્રચારક સાથે પણ કામ કર્યું હતું. યુવાન વયે તેઓ જનજાતિ સમાજના ઉત્કર્ષના કાર્યમાં લાગી ગયા.


બિરસા મુંડા

**ઉલગુલાન ચળવળ અને બિરસા મુંડા :** અંગ્રેજ સત્તાના હિમાયતી શાહુકાર, જાગીરદાર, જમીનદાર દ્વારા આદિવાસીઓનું શોષણ ચરમસીમા પર પહોંચી ગયું હતું. જે વાતની ઊંડી અસર બિરસા પર થઈ હતી. જેના વિરોધમાં ઈ.સ. 1895માં વ્યાપક આંદોલન 'ઉલગુલાન'નું નેતૃત્વ બિરસા મુંડાએ લીધું હતું. દક્ષિણ બિહારમાં છોટાનાગપુર વિસ્તારમાં લગભગ 400 ચોરસ માઈલના વિસ્તારમાં આ ચળવળનો પ્રભાવ હતો. મુંડાઓનો એવો દાવો હતો કે, છોટાનાગપુર તેમનું છે. કંપની તેમના પરંપરાગત હકોનું ધોવાણ કરે છે અને ફરજિયાત વેઠ કરાવે છે.

બિરસા મુંડાના જનઆંદોલનમાં જનજાતિને તેણે હાકલ કરી હતી કે દારૂ પીવાનું છોડી દેવું, ઘર અને ગામની સફાઈ રાખવી. ડાકણ - જાદુકળામાં વિશ્વાસ ન રાખવો. તેણે મુંડાઓને પોતાના ગૌરવપૂર્ણ ભૂતકાળ પ્રમાણે જીવન જીવવા હાકલ કરી અને એક જગ્યાએ રહીને ખેતી કરવા જણાવ્યું. બિરસા મુંડાની દરેક વાત મુંડા-સમુદાય સારી રીતે અનુસરતો હતો. અંગ્રેજોને બિરસાના આંદોલનથી ભય લાગ્યો. જનજાતિઓ બિરસા મુંડાના નેતૃત્વમાં મુંડારાજ સ્થાપિત કરવા ઈચ્છતી હતી. જ્યારે આંદોલન ફેલાયું ત્યારે અંગ્રેજોએ રાજવહીવટને અડચણરૂપ બનવાનો ખોટા આરોપ મૂકી બિરસા મુંડાની ધરપકડ ઈ.સ. 1895માં કરવામાં આવી.

**જાણવું ગમશે**

**બિરસા મુંડાની ચળવળ**

બિરસા મુંડાની ચળવળમાં એક આદર્શની કલ્પના હતી. તેઓ સમુદાયના લોકોને અંદરના અને યુરોપના શોષણખોરોથી મુક્ત કરાવવા માંગતા હતા. અત્યાચાર સામે મુંડાઓને અજેય બનાવવા હતા. આ ચળવળમાં મહિલાઓની સક્રિય ભાગીદારી હતી. જોકે કેટલાક પ્રસંગોમાં હિંસા પણ થતી તેમ છતાં આ ચળવળમાં ધૃણાનું પ્રમાણ ઓછું અને વિકાસનું પ્રમાણ વિશેષ હતું.

બે વર્ષ બાદ ઈ.સ. 1897માં બિરસા મુંડા જેલમાંથી મુક્ત થયા તે ફરીથી જનજાગૃતિ ચળવળમાં લાગી ગયા. એમણે દીકુ અને યુરોપિયનો સામે સફેદ ઝંડાવાળું બિરસારાજ અને ચળવળ મજબૂત બનાવી હતી. ઈ.સ. 1900માં બિરસા મુંડાનું અવસાન થયું હતું. બિરસા મુંડાની ચળવળ મંદ પડી અને અંગ્રેજો માટે સામ્રાજ્ય વિસ્તારવા મોકળું મેદાન મળી ગયું.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં લખો :**

(1) મીરજાફરને હટાવીને અંગ્રેજોએ કોને બંગાળનો નવાબ બનાવ્યો ?

(2) ભારતમાં કયા ગવર્નરના સમયમાં કાયમી જમાબંધી દાખલ કરવામાં આવી ?

(3) કયા યુદ્ધના વિજયથી અંગ્રેજોને બંગાળમાં મહેસૂલ ઉઘરાવવાની સત્તા મળી ?

(4) રૈયતવારી પદ્ધતિના પ્રણેતા કોણ હતા ?

**2. (અ) ટૂંક નોંધ લખો :**

(1) બિરસા મુંડા (2) રૈયતવારી પદ્ધતિ (3) મહાલવારી પદ્ધતિ

**(બ) નીચેના પ્રશ્નોના ઉત્તર લખો :**

(1) કાયમી જમાબંધી પદ્ધતિમાં ખેડૂતોનું શોષણ કેવી રીતે થતું હતું ?

(2) અઢારમી સદીમાં ભારતમાં ખેતીની સ્થિતિ કેવી હતી ?

(3) યુરોપિયન દેશમાં ભારતીય ગળીની માંગ કેમ વધવા લાગી હતી ?

(4) અંગ્રેજ શાસનમાં જનજાતિઓની પ્રવૃત્તિઓ વિશે જણાવો.

**3. નીચે આપેલ વિકલ્પમાંથી સાચો વિકલ્પ શોધી ઉત્તર લખો :**

(1) ભારતમાં ગળી-ઉત્પાદનની કેટલી પ્રથા હતી ?

(A) એક (B) બે (C) ત્રણ (D) સંખ્યાબંધ

(2) ઈ.સ. 1820માં કયા બે પ્રાંતોમાં રૈયતવારી પદ્ધતિ લાગુ કરવામાં આવી હતી ?

(A) કલકત્તા (કોલકાતા) અને મુંબઈ (B) મુંબઈ અને મદ્રાસ (ચેન્નઈ)

(C) દિલ્લી અને કલકત્તા (કોલકાતા) (D) કલકત્તા (કોલકાતા) અને મદ્રાસ (ચેન્નઈ)

(3) ઝારખંડ રાજ્યમાં હઝારીબાગ આસપાસ કયા આદિવાસીઓનો સમૂહ રહેતો હતો ?

(A) મુંડા (B) કોલ (C) સંથાલ (D) કોયા

(4) આદિવાસીઓ કોના નેતૃત્વમાં મુંડારાજ સ્થાપિત કરવા ઈચ્છતા હતા ?

(A) બિરસા મુંડા (B) ઠક્કરબાપા (C) જુગતરામ દવે (D) આમાંથી એક પણ નહિ.

•

# 3 ભારતનો પ્રથમ સ્વાતંત્ર્યસંગ્રામ

H7M1H2

આપણે નાનપણથી જ ઝાંસીનાં રાણી લક્ષ્મીબાઈ, મંગલપાંડે, તાત્યા ટોપે, નાનાસાહેબ વગેરેથી પરિચિત છીએ. નાનપણથી એ આપણાં આદર્શ રહ્યાં છે. કારણ કે આ મહામાનવોએ સ્વાતંત્ર્યસંગ્રામ તરીકે ઓળખાતા ઈ.સ. 1857ના સંગ્રામમાં અંગ્રેજો વિરુદ્ધ મોટો પડકાર ઊભો કરી તેમને ભારતમાંથી બહાર ફેંકી દેવાનો અદ્‌ભુત પ્રયાસ કર્યો હતો. તેમણે અંગ્રેજી શાસનને મૂળમાંથી હચમચાવી નાંખી ભારતને સ્વતંત્ર કરવા પોતાનો જીવ રેડી દીધો હતો.

## ઈ.સ. 1857ના સંગ્રામનાં કારણો

આપણે આ સંગ્રામના કયાં-કયાં વિશિષ્ટ કારણો હતાં તેને ક્રમબદ્ધ રીતે જોવાનો પ્રયત્ન કરીએ :

**રાજકીય કારણ :** આ સંગ્રામનું મુખ્ય કારણ ભારતમાં બ્રિટિશ સત્તાની સ્થાપના હતું. ઈ.સ. 1757ના પ્લાસીના યુદ્ધથી બ્રિટિશરોએ ભારતમાં શાસન સ્થાપવાની શરૂઆત કરી. તેમણે મૈસૂર-વિગ્રહો કરી, ટીપુ સુલતાનના સામ્રાજ્યને સમાપ્ત કર્યું. ભારતમાં રહેલી ડચ અને ફ્રેન્ચ કંપનીઓને હરાવી પોતાના સામ્રાજ્યનો વિસ્તાર કર્યો. અવધના નવાબ, હૈદરાબાદના નિઝામ, મુઘલ બાદશાહ, બંગાળના નવાબ, તાંજોરને એક પછી એક હરાવી દીધા. મરાઠા-યુદ્ધમાં મરાઠાઓને પણ હરાવી ઈ.સ. 1818 સુધીમાં સંપૂર્ણ ભારત પર પોતાની રાજકીય સત્તા સ્થાપી દીધી. બ્રિટિશ સામ્રાજ્યવાદને કારણે ભારતીયો રાજકીય સત્તાથી દૂર જતા રહ્યા. જે દેશી રજવાડાં બચ્યાં હતાં તેમણે પણ વેલેસ્લીની સહાયકારી યોજના સ્વીકારી પોતાનાં રાજ્યોને અંગ્રેજોને આધીન બનાવી દીધાં હતાં. એટલે હવે ભારતીયોને સ્થાને એક વિદેશી કંપની ભારતમાં રાજ કરતી હતી. જેમાં ભારતીયોનું શોષણ થતું હતું તે પરિસ્થિતિ આ સંગ્રામનું મુખ્ય કારણ બન્યું.

ડેલહાઉસીએ એક આક્રમક ખાલસાનીતિ દ્વારા સતારા, સંભલપુર, ઝાંસી, નાગપુર, અવધ જેવાં રાજ્યોને બ્રિટિશ સામ્રાજ્યમાં ભેળવી દીધાં. એટલું જ નહિ તેણે પેશ્વા, નાનાસાહેબ અને અન્ય રાજાઓને અપાતાં પેન્શન બંધ કરી તેમને સમાપ્ત કરવાનો પ્રયત્ન કર્યો. અનેક જમીનદારોની જમીનો જપ્ત કરી લીધી હતી. પરિણામે આ બધાનો રોષ આ સંગ્રામનું કારણ બન્યો.

**વહીવટી કારણ :** કંપનીના વહીવટીતંત્રમાં ભારતીયોને કોઈ જ સ્થાન ન હતું. ઉચ્ચ સ્થાનો પર માત્ર અંગ્રેજ અધિકારીઓની જ નિમણૂક થતી હતી. વળી, અંગ્રેજોની વહીવટી વ્યવસ્થા લોકો માટે પીડાદાયક હતી. તેમણે સામાન્ય અને ગરીબ વર્ગ પર ભારે કરવેરા નાંખ્યા હતા. ખેડૂતો પાસેથી કડક રીતે મહેસૂલની ઉઘરાણી કરવામાં આવતી. ન્યાયતંત્ર અત્યંત ખર્ચાળ હતું અને પોલીસતંત્ર નિષ્ક્રિય હતું. વળી, ભારતીય કર્મચારી અને અંગ્રેજ કર્મચારીના પગારમાં મોટો તફાવત હતો. આ બધી બાબતોએ ઈ.સ. 1857ના સંગ્રામને ઈંધણ પૂરું પાડ્યું.

**આર્થિક કારણ :** ભારતમાં આવેલા બ્રિટિશરોએ ભારતનું ભયંકર આર્થિક શોષણ કર્યું. તેમણે ભારતના વિદેશી વેપારનો નાશ કર્યો. તે ભારતને કાચા માલનું સંસ્થાન અને પાકા માલનું બજાર બનાવવા માંગતા હતા. તેમને જે જરૂરી માલ હતો જેમકે કપાસ, ગળી, રેશમ વગેરે ફરજિયાત ભારતીયો ઉત્પાદન કરે તેવી નીતિ અપનાવી. સામે પક્ષે અનાજ અને કઠોળનું ઉત્પાદન ઘટે તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું. અંગ્રેજોની અન્યાયી જકાતનીતિને કારણે ખેડૂતવર્ગ બરબાદ થઈ ગયો. ભારતના અનેક મહાન વેપારીમથકોનો અંગ્રેજોએ નાશ કરી નાંખ્યો. આવા સમયે ભારતમાં વારંવાર પડતા દુષ્કાળોએ ભારતીય પ્રજાના દુ:ખમાં વધારો કર્યો. અનાજની અછતને લીધે લાખો ભારતીયો દુષ્કાળના ખપ્પરમાં હોમાઈ ગયા. ભારતના હુન્નર ઉદ્યોગો, ગ્રામ ઉદ્યોગો, હસ્તકળા કારીગરી એ બધું જ નાશ પામ્યું. જેથી ઈ.સ. 1857નો સંગ્રામ થયો ત્યારે રાજાઓ અને જમીનદારોની સાથે ખેડૂતો અને કારીગરોએ પણ બહુ જ મોટા પાયે સંગ્રામમાં ભાગ લીધો હતો.

**સામાજિક-ધાર્મિક કારણ :** અંગ્રેજોએ ભારતીયોના સમાજ અને ધર્મમાં પણ ચંચુપાત કર્યો હતો. ખ્રિસ્તી પાદરીઓએ ભારતમાં હિંદુ અને મુસલમાનોને ખ્રિસ્તીધર્મમાં વટલાવવા ખૂબ પ્રયત્નો કર્યા. તેમને સરકારનું રક્ષણ હતું. ઈ.સ. 1850માં અંગ્રેજોએ એક કાયદો કરી જે હિંદુ કે મુસ્લિમ ખ્રિસ્તી થાય તેમને પૈતૃક મિલકતમાં હિસ્સો મળી શકે તેમ ઠરાવ્યું. તેનાથી હિંદીઓની શંકા વધારે દૃઢ થઈ. અંગ્રેજો અવારનવાર ભારતીયો સાથે તિરસ્કારપૂર્ણ વ્યવહાર કરતા.

તેઓ માનતા કે ભારતીયો ગંદા, રોગિષ્ઠ અને નિમ્નકોટિના છે. જ્યારે ગોરા લોકો તેમના પર શાસન કરવા માટે જ આવ્યા છે. તેઓ ભારતીયો સાથે કોઈ સામાજિક વ્યવહાર કરતા નહિ. તેમનાં ઘરો પણ અલગ રહેતાં. તેમણે મંદિરો અને મસ્જિદોની મિલકત પર પણ કર નાંખ્યો હતો. આવા ધાર્મિક અને સામાજિક ભેદભાવને કારણે ભારતીય જનસમુદાય અંગ્રેજો પ્રત્યે રોષ અને નફરતની લાગણી ધરાવતો હતો.

**લશ્કરી કારણ :** ભારતનો આ સંગ્રામ સૌપ્રથમ ભારતીય સૈનિકોએ કર્યો હતો. તેનું કારણ ભારતીય સૈનિકો સાથેની અંગ્રેજોની શોષણખોર નીતિ હતી. કઠોર લશ્કરી સેવાઓ બજાવવા છતાં હિંદી સૈનિકોના પગારભથ્થાં અને સગવડ અત્યંત નિમ્નકોટિના હતા. કોઈ પણ ભારતીય સૈનિક સૂબેદારથી વધારે ઉચ્ચ હોદ્દો મેળવી શકતો નહિ. વળી, અંગ્રેજો ભારતીય સૈનિકો સાથે કોઈ સામાજિક વ્યવહાર કરતા નહિ. ભારતીય સૈનિકોને પાઘડી બાંધવા, તિલક કરવા અને દાઢી રાખવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો હતો. વળી, ભારતીય સૈનિકોને તેમની ધાર્મિક ભાવના વિરુદ્ધ દરિયાપાર જવાની બાંહેધરી આપવી પડતી. આ બધાં કારણોને લીધે ભારતીય સૈનિકો અંગ્રેજો વિરુદ્ધ ઉશ્કેરાયા.



બ્રાઉન બેઝ રાઈફલ



નવી એન્ફિલ્ડ રાઈફલ

**તાત્કાલિક કારણ :** ઈ.સ. 1857ના સંગ્રામનું એક તાત્કાલિક કારણ હતું, 'ચરબીવાળા કારતૂસ'. અંગ્રેજ સરકારે સૈનિકો માટે જૂની બ્રાઉન બેઝ રાઈફલની જગ્યાએ નવી એન્ફિલ્ડ રાઈફલ ઉપયોગમાં લેવાનું નક્કી કર્યું હતું. આ રાઈફલના કારતૂસના ઉપરના ભાગે આવેલી કૅપને દાંત વડે તોડવાની હતી. જાન્યુઆરી, 1857માં બંગાળમાં રહેલા ભારતીય સૈનિકોમાં એવી અફવા ફેલાઈ કે, આ કારતૂસો પર લગાવવામાં આવેલ કૅપમાં ગાય અને ડુક્કરની ચરબીનો ઉપયોગ થાય છે. હિંદુ અને મુસ્લિમ એમ બંને ધર્મના સૈનિકો આ વાતથી અકળાઈ ઊઠ્યા. કારણ કે ગાય હિંદુઓ માટે પવિત્ર હતી જ્યારે મુસ્લિમો માટે ડુક્કરનું માંસ વર્જ્ય (પ્રતિબંધિત) ગણાતું. હવે તે મોઢામાં મૂકવાનો પ્રસંગ આવે તો તેઓ ધર્મભ્રષ્ટ થાય. સિપાહીઓએ આ કારતૂસો વાપરવાનો ઈનકાર કરી સંગ્રામની શરૂઆત કરી. કેટલાક ઈતિહાસકારોના મતે આ માત્ર અફવા નહોતી.

## સંગ્રામની શરૂઆત અને વિકાસ

29 માર્ચ, 1857ના રોજ બંગાળની બરાકપુર છાવણીના સિપાહીઓએ ચરબીવાળી કારતૂસો વાપરવાનો ઈનકાર કર્યો. અંગ્રેજ અધિકારીઓએ તેમને વિરોધ ન કરવાની આજ્ઞા આપી. પરંતુ મંગલપાંડે અંગ્રેજ અધિકારી મૅજર હ્યુસનની સામે આવ્યો. મૅજર હ્યુસને તેની ધરપકડ કરવા આદેશ કરતાં મંગલપાંડેએ ગોળી મારી અને હ્યુસન ત્યાં જ ઢળી પડ્યો. ત્યાંથી આગળ વધી તેણે લૅફ્ટનન્ટ બઘને પણ માર્યો. મંગલપાંડેની ધરપકડ કરી તેને 8 એપ્રિલ, 1857ના રોજ ફાંસી આપવામાં આવી. મંગલપાંડે ઈ.સ. 1857ના સંગ્રામના પ્રથમ શહીદ હતા.

જોકે સંગ્રામની ખરી શરૂઆત મેરઠમાં 10 મે, 1857ના રોજ થઈ. જ્યાં ભારતીય સૈનિકોએ કારતૂસો વાપરવાનો ઈનકાર કરી દીધો તેમને જેલમાં પૂરવામાં આવતાં અન્ય સિપાહીઓએ બળવો કરી અંગ્રેજ અધિકારીઓની હત્યા કરી. તેમણે પોતાના સાથીઓને છોડાવી મોટો વિદ્રોહ કરી નાંખ્યો. મેરઠથી બીજે જ દિવસે દિલ્લી ઉપર કૂચ કરી. આ સિપાહીઓએ દિલ્લીમાં ઘણા અંગ્રેજ અધિકારીઓની હત્યા કરી દિલ્લી જીતી લીધું અને દિલ્લી હવે સંગ્રામનું મુખ્ય કેન્દ્ર બન્યું. તેમણે મુઘલ બાદશાહ બહાદુરશાહ બીજાને ભારતના શહેનશાહ જાહેર કર્યા.

## સ્વાતંત્ર્યસંગ્રામનાં મુખ્ય નેતાઓ અને સ્થળો

દિલ્લી પછી સંગ્રામનાં મુખ્ય કેન્દ્રોમાં ઉત્તર ભારતમાં કાનપુર, લખનૌ, ઝાંસી, પટણા, જગદીશપુર અને બરેલીનો

સમાવેશ થાય છે. લખનૌમાં સંગ્રામનું નેતૃત્વ બેગમ હજરત મહલે લીધું હતું. જ્યારે ઝાંસીનાં રાણી લક્ષ્મીબાઈ એક વિશાળ લશ્કર સાથે સંગ્રામમાં વીરતાપૂર્વક જોડાયાં. તેમણે કાલપી અને ગ્વાલિયર જેવાં સ્થળોએ અંગ્રેજો વિરુદ્ધ સફળતાપૂર્વક નેતૃત્વ કર્યું. બિહારના જાગીરદાર કુંવરસિંહ 82 વર્ષની વયે સંગ્રામનું નેતૃત્વ કરી રહ્યા હતા. બરેલીમાં બહાદુરખાન મુખ્ય નેતા હતા. કાનપુરમાં સંગ્રામનું નેતૃત્વ નાનાસાહેબ પેશ્વા અને તેમના પ્રધાન તાત્યા ટોપેએ લીધું હતું.


ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ

આ સિવાય ઈ.સ. 1857નો સંગ્રામ બનારસ, ફૈઝાબાદ, આગ્રા, રાજસ્થાનના આબુ, મધ્યપ્રદેશના ગ્વાલિયર, ઝાંસી, ઈન્દોર, મહારાષ્ટ્રના સતારા, કોલ્હાપુર, સાવંતવાડી અને ગુજરાતમાં અમદાવાદ, લુણાવાડા, પાટણ, આણંદ, દ્વારકા, ઓખા, વિજાપુર, ખેરાલુ અને સાબરકાંઠા સુધી ફેલાયો હતો. ગુજરાતમાં આણંદના ગરબડદાસ મુખીએ વિદ્રોહનું નેતૃત્વ કર્યું હતું. તો જોધા માણેક અને મૂળુ માણેકે દ્વારકા, ઓખામંડળ વિસ્તારમાં અંગ્રેજોનો જબરજસ્ત પ્રતિકાર કર્યો હતો. મહિસાગર જિલ્લાના પાંડરવાડા વિસ્તારના આદિવાસીઓએ પણ અંગ્રેજો સામે લડત ચલાવી પોતાની વીરતાનો પરિચય આપ્યો.

આ સંગ્રામમાં આપણે જોઈએ છીએ કે, રાજાઓ, જમીનદારો, જાગીરદારો, સ્ત્રી-નેતાઓ, આદિવાસીઓ, ખેડૂતો, ગ્રામીણ વિસ્તારના લોકો, હિંદુ અને મુસ્લિમ એમ બંને ધર્મના લોકોએ ભાગ લીધો હતો. એ દૃષ્ટિએ તે લગભગ સમગ્ર ભારતનું જાણે કે નેતૃત્વ કરતા હતા.

### સંગ્રામનું પરિણામ અને નિષ્ફળતાનાં કારણો

ઈ.સ. 1857ના સંગ્રામનું મુખ્ય પરિણામ ભારતીયોની હારમાં આવ્યું. સંગ્રામના નેતાઓએ શરૂઆતમાં બહુ જ ઝડપથી વિજય પ્રાપ્ત કર્યો. પરંતુ અંગ્રેજોની શક્તિશાળી સેના સામે તેઓ હારવા લાગ્યા. જનરલ કૅમ્પબેલ અને હ્યુરોઝ જેવા શક્તિશાળી સેનાપતિઓએ સંગ્રામના તમામ નેતાઓને એક પછી એક હરાવી અને ફરી એક વખત અંગ્રેજોનું શાસન સ્થાપી દીધું. ઈ.સ. 1857ના સંગ્રામથી કંપનીશાસનનો અંત આવ્યો અને બ્રિટિશ પાર્લમેન્ટે સીધી રીતે જ ભારતનું શાસન સંભાળી લીધું. તેણે વિદ્રોહનાં કારણોનો અભ્યાસ કરી વહીવટી પરિવર્તનો કર્યાં. સામાજિક રીતિમાં પરિવર્તનો કર્યાં. લશ્કરની પુનઃરચના કરી અને દેશી રાજ્યો પ્રત્યેની નીતિમાં પણ બદલાવ આણ્યો. તેમણે ભાગલા પાડો અને રાજ કરોની નીતિ અપનાવી. હિંદુ-મુસ્લિમ એકતા તોડવાની નીતિ અમલમાં મૂકી. આમ, આ સંગ્રામ નિષ્ફળ રહ્યો. તેના માટે કેટલાંક કારણો જવાબદાર હતાં. જેમકે,

**(1) કેન્દ્રીય નેતાગીરીનો અભાવ :** ઈ.સ. 1857ના સંગ્રામના ઘણાબધા નેતાઓ હતા જેથી મોટી અવ્યવસ્થા ઊભી થઈ. રાજાઓ અને જાગીરદારો કોઈનો હુકમ માનવા તૈયાર ન હતા. વળી, તેમની પાસે શિસ્ત પણ ન હતી. સંગ્રામના મુખ્ય નેતા બહાદુરશાહ અત્યંત વૃદ્ધ હતા. જુદી-જુદી જગ્યાએ જુદા-જુદા નેતાઓ નેતૃત્વ કરતા હતા. એટલે કેન્દ્રીય નેતાગીરીનો અભાવ તે નિષ્ફળતાનું મુખ્ય કારણ હતું.

**(2) અંગ્રેજોની લશ્કરી તાકાત :** ઈ.સ. 1857ના સંગ્રામના નેતાઓ અને સૈનિકો કરતાં અંગ્રેજો પાસે આધુનિક લશ્કરી શસ્ત્ર-સરંજામ, રેલવે અને તાર-વ્યવસ્થા હતાં. શક્તિશાળી સેનાપતિઓની મદદથી તેમણે આ સંગ્રામને બહુ ઝડપથી દબાવી દીધો. દરિયાઈ તાકાત હોવાને કારણે ઈંગ્લૅન્ડનું નૌકાદળ બહારથી બહુ ઝડપથી પોતાના નવા સૈનિકો લાવવા સક્ષમ બન્યું. જ્યારે સંગ્રામ કરતાં નેતાઓમાં લક્ષ્મીબાઈ અને તાત્યા ટોપેને બાદ કરતાં કોઈ શક્તિશાળી નેતૃત્વ ન હતું.

**(3) અન્ય કારણો :** મોટા ભાગના રાજાઓ આ સંગ્રામથી અલિપ્ત રહ્યા હતા. એટલું જ નહિ હૈદરાબાદ, કશ્મીર, પટિયાલા, ઈન્દોર, ગ્વાલિયર, વડોદરા અને ભોપાલના શાસકોએ તો અંગ્રેજોને સહકાર આપ્યો હતો. શીખો અને ગુરખાઓએ પણ અંગ્રેજોના પક્ષે લડીને આ સંગ્રામને નિષ્ફળ બનાવ્યો હતો. વળી, અંગ્રેજ સરકારના નોકરિયાતો, શિક્ષિતો

અને બુદ્ધિજીવીઓ આ સંગ્રામથી ઘણા દૂર રહ્યાં હતા અને સંગ્રામ સમગ્ર ભારતમાં ફેલાયો ન હતો. આ બધાં કારણોથી સંગ્રામ નિષ્ફળતામાં પરિણમ્યો.

### સંગ્રામનું સ્વરૂપ

વિભિન્ન ઈતિહાસકારો અને વિદ્વાનો ઈ.સ. 1857ના સંગ્રામને જુદું-જુદું સ્વરૂપ આપે છે. અંગ્રેજો તેને માત્ર સૈનિક વિદ્રોહ કહે છે. કેટલાક ભારતીયો પણ તેને જનવિદ્રોહ માને છે. ઈંગ્લૅન્ડના રાજપુરુષ ડિઝરાયલી તેને રાજકીય અને ધાર્મિક બળવો કહે છે. વિનાયક દામોદર સાવરકર આ સંગ્રામને 'ભારતનો પ્રથમ સ્વાતંત્ર્યસંગ્રામ' ગણાવે છે. આવું જ પટ્ટાભી સીતા રામૈયાનું માનવું છે. ડૉ. સેન તેને 'સ્વતંત્રતાસંગ્રામ'ની ઉપમા આપે છે. જોકે સિપાહીઓના બળવા કરતાં તેનું સ્વરૂપ વધારે વ્યાપક અને પ્રભાવી હતું તે ચોક્કસ છે. તેમાં રાજાઓ, જાગીરદારો, ખેડૂતો, આદિવાસીઓએ બધાએ બતાવેલી વીરતા જોતાં તે ભારતનાં ભાવિ રાષ્ટ્રીય આંદોલનો માટે મહાન પ્રેરણાસ્રોત હતો તેમ કહી શકાય.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં લખો :**

(1) ઈ.સ. 1857ના સંગ્રામનો પ્રથમ શહીદ કોણ ગણાય છે ?

(2) ભારતમાં હિંદુ-મુસ્લિમ એકતા તોડવા અંગ્રેજોએ કઈ નીતિ અપનાવી હતી ?

(3) ઓખામંડળ વિસ્તારમાં કોણે-કોણે અંગ્રેજોનો જબરજસ્ત પ્રતિકાર કર્યો ?

(4) ગુજરાતમાં ઈ.સ. 1857ના સ્વાતંત્ર્યસંગ્રામ સાથે કયાં-કયાં સ્થળો જોડાયેલાં છે ?

**2. (અ) ટૂંક નોંધ લખો :**

(1) ઈ.સ. 1857 સંગ્રામનાં આર્થિક કારણો

(2) ઈ.સ. 1857 સંગ્રામની નિષ્ફળતાનાં કારણો

**(બ) નીચેના પ્રશ્નોના ઉત્તર લખો :**

(1) ઈ.સ. 1857ના સ્વાતંત્ર્યસંગ્રામ માટેનાં જવાબદાર કારણો વિશે નોંધ લખો.

(2) 'કેન્દ્રીય નેતાગીરીનો અભાવ એ ઈ.સ. 1857ના સ્વાતંત્ર્યસંગ્રામની નિષ્ફળતાનું મુખ્ય કારણ ગણાય છે.' વિધાન સમજાવો.

(3) ઈ.સ. 1857ના સ્વાતંત્ર્યસંગ્રામના સ્વરૂપ વિશે સવિસ્તર નોંધ લખો.

**3. નીચે આપેલ વિકલ્પમાંથી સાચો વિકલ્પ શોધી ઉત્તર લખો :**

(1) ઈ.સ. 1857ના સંગ્રામનાં મુખ્ય સ્થળોમાં નીચેનામાંથી કયા સ્થળનો સમાવેશ થતો નથી ?

(A) દિલ્લી (B) ઝાંસી (C) ચંદીગઢ (D) સતારા

(2) ખાલસાનીતિથી અનેક રાજ્યોને બ્રિટિશ સામ્રાજ્યમાં ભેળવી દેનાર...

(A) વેલેસ્લી (B) ડેલહાઉસી (C) હ્યુરોઝ (D) મેજર હ્યુસન

(3) એન્ફિલ્ડ રાઈફલ કારતૂસ પર કયાં બે પ્રાણીઓની ચરબી લગાડી હોવાની સૈનિકોને શંકા હતી ?

(A) ગાય-ડુક્કર (B) ગાય-કૂતરાં (C) ઘેટાં-બકરાં (D) ઊંટ-ભેંસ

### પ્રવૃત્તિ

- ભારતના રાજકીય નકશામાં પ્રથમ સ્વાતંત્ર્યસંગ્રામનાં સ્થળોનાં સ્થાન શોધો.
- ગુજરાત રાજ્યના નકશામાં પ્રથમ સ્વાતંત્ર્યસંગ્રામનાં સ્થળોનાં નામ શોધો.

•

# 4 અંગ્રેજ સમયનાં શહેરો, ગૃહઉદ્યોગો અને ઉદ્યોગો

J5Z3I5

ભારતની આર્થિક સમૃદ્ધિ છેક અઢારમી સદી સુધી યથાવત રહી. ગૃહઉદ્યોગો, હુન્નર ઉદ્યોગો અને વેપાર-વાણિજ્યમાં વિકાસશીલ ભારતને અંગ્રેજ કંપનીએ 100 વર્ષના શાસનમાં કંગાળ બનાવી દીધું. ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ ઇંગ્લૅન્ડના ઉદ્યોગો માટે કાચા માલનું સંસ્થાન અને માલ વેચવાનું વિશાળ બજાર બનાવી દીધું હતું. આથી ભારતના ગૃહઉદ્યોગો અને ખેતીની દુર્દશા થઈ, જેના કારણે ભારતનાં ગામડાઓ પડી ભાગ્યાં. આ સમયે નવાં શહેરો વિકસ્યાં અને દિલ્લીનો વિકાસ થયો.

**પ્રવૃત્તિ**

- એક જૂના નગર વિશે માહિતી મેળવો કે જે આજે નવા રૂપરંગમાં હોય.
- આ નગર પહેલાં કેવું હતું ? - આજે આ નગરનો વિકાસ કેવો છે ?
- આ નગરની જૂની જગ્યાએ કેવો વિકાસ થયો છે ?

## જૂનાં શહેરોનું પરિવર્તન અને નવાં શહેરોની સ્થાપના

અંગ્રેજોના શાસનકાળમાં ઘણાં જૂનાં શહેરોનું પરિવર્તન થયું અને નવાં શહેરોનો ઝડપી વિકાસ થયો હતો. વેપાર, ઉદ્યોગ, વહીવટ જેવી જરૂરિયાત પ્રમાણે આ નવાં શહેરોનો વિકાસ થયો હતો. જેમકે કોલકાતા, સુરત, મદ્રાસ (ચેન્નઈ), મુંબઈ, અમદાવાદ, ઇન્દોર જેવાં મહાનગરો તેનાં ઉદાહરણો છે. આજનું મુંબઈ પહેલાં એક ટાપુ હતો. બ્રિટનના સમ્રાટ ચાર્લ્સ બીજાનાં લગ્ન પોર્ટુગીઝ રાજકુમારી સાથે થયાં હતાં. પોર્ટુગીઝોએ બ્રિટિશ રાજવીને મુંબઈ ટાપુ દહેજમાં આપ્યો હતો. ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ દસ પાઉન્ડના નજીવા દરે બ્રિટનના સમ્રાટ પાસેથી ભાડે લીધો હતો. કંપનીએ મુંબઈને એક પ્રાકૃતિક બંદર અને શહેર તરીકે વિકાસ કર્યો, જે આજનું ઔદ્યોગિક અને વાણિજ્ય કેન્દ્ર છે.

સુરતનો ઇતિહાસ વૈવિધ્યપૂર્ણ, રસિક અને રોમાંચક છે. ઈ.સ. 1573માં મુઘલ બાદશાહ અકબરે સુરત જીત્યું હતું. મુઘલયુગમાં સુરત પશ્ચિમ ભારતનું મહત્ત્વનું વાણિજ્યિક કેન્દ્ર હતું. સુરત એક આંતરરાષ્ટ્રીય બંદર હતું. ત્યાં બધા જ ધર્મ અને જાતિના લોકો રહેતા હતા. સુરતમાં આ સમયે વસ્ત્ર ઉપર જરીકામ થતું હતું, જે ખૂબ જ પ્રખ્યાત હતું. સત્તરમી સદીમાં અંગ્રેજોએ સૌપ્રથમ કોઠી અહીં સ્થાપી હતી. આ સમયે સુરતમાં ફિરંગીઓ, ડચ અને અંગ્રેજોનાં ગોદામો અને કારખાનાઓ હતાં. આજે પણ સુરત એક મહત્ત્વનું ઔદ્યોગિક અને વાણિજ્ય કેન્દ્ર છે.

એ જ રીતે પૂર્વકિનારે મછલીપટ્ટમમાં કોઠીની સ્થાપના કરી. ત્યાર બાદ ઈ.સ. 1640 માં મદ્રાસ (ચેન્નઈ) પાસે અંગ્રેજોએ



અઢારમી સદીનું મુંબઈ

ફૉર્ટ સેન્ટ જ્યોર્જની સ્થાપના કરી હતી. સમય જતાં તેની આસપાસ આજનું મદ્રાસ (ચેન્નઈ) શહેર વસ્યું છે. ઈ.સ. 1698માં અંગ્રેજોને સુતનતી, કાલીઘાટ અને ગોવિંદપુર નામનાં ત્રણ ગામોની જમીનદારી મળી, કંપનીએ ત્યાં કિલ્લો બાંધી વસાહત સ્થાપી. તેને 'ફૉર્ટ વિલિયમ' નામ આપ્યું. આ વિસ્તાર પાછળથી કોલકાતા શહેર તરીકે વિકાસ પામ્યું.

અંગ્રેજોએ વેપારીમથક તરીકે મુંબઈ, મદ્રાસ (ચેન્નઈ), કલકત્તા (કોલકાતા)નો વિકાસ કર્યો જે આધુનિક ભારતનાં મહાનગરો બન્યાં.



રાષ્ટ્રપતિ ભવન

**નવીન રાજધાની - દિલ્લી :** વર્તમાન સમયમાં તમે દિલ્લીને આધુનિક ભારતના રાજધાની રૂપમાં જુઓ છો તે એક સમયે સલ્તનત અને મુઘલ શાસનમાં રાજધાનીનું નગર હતું. ઈ.સ. 1803માં અંગ્રેજોએ મરાઠાઓ પાસેથી દિલ્લી જીતી લીધું હતું. અંગ્રેજો રાજધાની કોલકાતાથી ખસેડીને દિલ્લી લાવ્યા ત્યારે ઈ.સ. 1911 માં તેમણે નવી દિલ્લીનું નિર્માણ શરૂ કરાવ્યું, જે આજે આઝાદ ભારતનું ખૂબસૂરત મહાનગર અને રાજધાની છે.

અંગ્રેજો દિલ્લીને તેમની ઓળખનું આધુનિક નગર બનાવવા માંગતા હતા. આથી દિલ્લીના કેટલાંક જૂનાં બાંધકામો જેવાં કે કિલ્લા, ઈમારતો, બગીચા, મસ્જિદો વગેરે તોડીને અંગ્રેજોએ તેમના માટે સુરક્ષિત નગર બનાવ્યું. રેલવેની સ્થાપના બાદ દિલ્લી કિલ્લાની બહાર વિસ્તરવા લાગ્યું. જૂની દિલ્લીથી દક્ષિણમાં આવેલા રાયસીન પહાડી વિસ્તારમાં હાલની નવી દિલ્લીનું નિર્માણ શરૂ કર્યું. એડવર્ડ લૂટિયન્સ અને હર્બટબેકરને નવી દિલ્લીની ડિઝાઈનની કામગીરી સોંપવામાં આવી હતી. નવી દિલ્લીમાં વાઈસરૉય હાઉસ (વર્તમાન રાષ્ટ્રપતિ ભવન) રાજપથ માર્ગ, સરકારી વહીવટની ઈમારતો, સચિવાલય જેવી યાદગાર ઈમારતોનું નિર્માણ કરવામાં આવ્યું. નવી દિલ્લીના નિર્માણમાં લગભગ 20 વર્ષ લાગ્યાં હતાં.



સચિવાલય

**જાણવું ગમશે**

- જૂની દિલ્લી વિશે જાણો. યમુના નદીના કિનારે વસેલું દિલ્લી અલગ-અલગ સમયે 14 વખત રાજધાનીનું નગર રહી ચૂક્યું છે. બધી રાજધાનીઓમાં શાહજહાં દ્વારા સ્થાપિત રાજધાની સહુથી સુંદર હતી. જેને શાહજહાંનાબાદ કહેવામાં આવતું. જેની સ્થાપના ઈ.સ. 1639માં થઈ હતી. જૂની દિલ્લીમાં લાલ પથ્થરનો બનેલો લાલ કિલ્લો, ચાંદની ચોક, ફૈજ બજાર, જામા મસ્જિદ વગેરે આવેલા છે.
- જામા મસ્જિદ ભારતમાં આવેલ ભવ્ય મસ્જિદોમાંની એક છે. એ સમયે નગરમાં સૌથી ઊંચી જગ્યાએ આ મસ્જિદ આવેલી હતી.

**ગૃહઉદ્યોગ :** આ સિવાય પણ આ સમયે ઔદ્યોગિક વિકાસના કારણે ઘણાં શહેરોનો વિકાસ થયો હતો. મોટા ઉદ્યોગોના વિકાસના કારણે ભારતના ગૃહઉદ્યોગો પડી ભાંગ્યા હતા. અંગ્રેજો ભારતમાં આવ્યા તે પહેલાં ભારતના ગૃહઉદ્યોગોનો સુવર્ણયુગ હતો. ઢાકાની મલમલ, જરીકામ, રંગકામ, છાપકામ, પીંજણકામ વગેરે ગૃહઉદ્યોગોનો ભારતમાં મોટાપાયે વિકાસ થયો હતો. ઔદ્યોગિક ક્રાંતિના કારણે હિંદમાં બ્રિટિશ માલનો વપરાશ વધતો ગયો તેમ ભારતના ગૃહઉદ્યોગો પડી ભાંગ્યા હતા. આપણા વણકરો સુતરાઉ કાપડનું વણાટકામ, રંગકામ જાતે જ કરતા હતા. કેસૂડાનાં વૃક્ષનાં ફૂલોનો ઉપયોગ કરીને તેઓ કપડાંને રંગવાનું કામ કરતા. તેઓ સાળ ઉપર કાપડ તૈયાર કરતા. આ સમયે વણકરો દ્વારા બનાવેલી બાંધણી, પટોળા જેવી સાડીઓ ખૂબ જ જાણીતી બની હતી.

ગામડાઓમાં બીજા અનેક ગૃહઉદ્યોગોનો વિકાસ પણ થયો હતો. જેમકે અશુદ્ધ લોખંડને મેળવીને તેને ભઠ્ઠીમાં ઓગાળીને શુદ્ધ લોખંડ બનાવવામાં આવતું. તે શુદ્ધ લોખંડ વેપારીઓને વેચવામાં આવતું. આવા અનેક ગૃહઉદ્યોગોના કારણે ભારતની ગ્રામ અર્થવ્યવસ્થા મજબૂત હતી, જે ઔદ્યોગિક ક્રાંતિના કારણે પડી ભાંગી.

**ઉદ્યોગો :** અંગ્રેજ શાસનની શરૂઆત થતાં આપણા પરંપરાગત ભારતીય ઉદ્યોગો જેવા કે સુતરાઉ કાપડ, શિલ્પ અને ધાતુકલા, ગરમ મસાલા વગેરે નાશ થવા લાગ્યા. ઈંગ્લૅંડના આધુનિક કારખાનાઓના વિકાસના કારણે ભારતીય ગૃહઉદ્યોગની પડતી શરૂ થઈ. ભારતના સુતરાઉ અને રેશમી કાપડઉદ્યોગ કંપની શાસનમાં ટકી શક્યા નહિ. ઈંગ્લૅંડના ઉદ્યોગોના વિકાસ માટે અંગ્રેજો ભારતના વધુ ને વધુ પ્રદેશો ઉપર શાસન સ્થાપવા માંગતા હતા. તેઓ ભારતને બજાર સમજતા હતા. ભારતમાં સસ્તા ભાવે ખરીદેલો કાચો માલ યુરોપ-ઈંગ્લૅંડમાં વધુ ભાવથી વેચીને કંપનીને મોટો નફો મળતો હતો. એટલે કે ભારતના ભોગે ઈંગ્લૅંડના ઉદ્યોગોનો વિકાસ થયો હતો.

આમ છતાં વૈજ્ઞાનિક સંશોધનોને કારણે ઓગણીસમી સદીના અંત ભાગમાં ધીમે પણ મક્કમ ગતિએ ભારતમાં શણ, સુતરાઉ કાપડ, લોખંડ-પોલાદ, કાગળ, રસાયણ, ચામડાં કમાવવાના અને જહાજ બાંધવા જેવા ઉદ્યોગોનો વિકાસ થવા લાગ્યો. ઈંગ્લૅંડ સરકાર આ ઉદ્યોગોના વિકાસ આડે આવતી હોવાથી તેની ગતિ ધીમી હતી. તેમ છતાં કાપડ અને લોખંડ-પોલાદ જેવા ઉદ્યોગોનો સારો વિકાસ થયો હતો.

**કાપડ ઉદ્યોગ :** પ્રાચીન સમયથી ભારતીય કાપડ - ગૃહઉદ્યોગ જગવિખ્યાત હતો. ભારતીય મલમલ અને પટોળા પોતાની પાસે હોવા એ અમીરોની ઓળખ ગણવામાં આવતી. પણ ઔદ્યોગિક ક્રાંતિએ બધું બદલી નાખ્યું. યાંત્રિક સામગ્રીનો ઉપયોગ કરીને ઈંગ્લૅંડે મોટા પ્રમાણમાં કાપડનું ઉત્પાદન કર્યું. ભારતીય કાપડ ઉદ્યોગ તેની હરીફાઈમાં ટકી ના શક્યો ભારતમાં હાથવણાટનું કામ કરનાર વણકરો બેકાર બન્યા હતા.

**જાણવું ગમશે**

**રણછોડલાલ રેંટિયાવાળા**



રણછોડલાલ રેંટિયાવાળાના પૂર્વજો મૂળ પાટણના વતની હતા. તેમના પિતા છોટાલાલ અમદાવાદમાં સ્થાયી થયા હતા. રણછોડલાલનો જન્મ 24 એપ્રિલ, 1823 માં થયો હતો. તેમણે ઈ.સ. 1861 માં અમદાવાદમાં સૌપ્રથમ સુતરાઉ કાપડની મિલ સ્થાપી હતી. અમદાવાદમાં બીજી મિલની સ્થાપના ઈ.સ. 1867 માં બેચરદાસ લશ્કરીએ કરી હતી. તેઓ કડવા પાટીદાર હતા.

ભારતમાં ઔદ્યોગિક ક્રાંતિની શરૂઆત સૌપ્રથમ કાપડ ઉદ્યોગમાં થઈ હતી. ભારતમાં સૌપ્રથમ કાપડમિલ ઈ.સ. 1854માં મુંબઈમાં શરૂ થઈ હતી. પછી અમદાવાદ, નાગપુર, સોલાપુર, મદ્રાસ (ચેન્નઈ) જેવાં સ્થળોએ કાપડની મિલો શરૂ થઈ. એકલા અમદાવાદમાં 106 મિલો શરૂ થઈ હતી. ઈંગ્લૅંડના માન્ચેસ્ટરમાં કાપડ ઉદ્યોગનો સારો વિકાસ થયો હતો. આથી અમદાવાદને ભારતનું 'માન્ચેસ્ટર' ગણવામાં આવતું. અમદાવાદમાં રણછોડલાલ છોટાલાલે

ઈ.સ. 1861માં મે માસની 30મી તારીખે ગુજરાતની સૌપ્રથમ મિલ શરૂ કરી હતી. ભારતમાં સોલાપુર અને દક્ષિણ ભારતના મદુરાઈમાં કાપડ ઉદ્યોગનો વિકાસ થયો હતો.


કાપડમિલ

આધુનિક ટૅક્નોલૉજીથી કાપડ ઉદ્યોગ શરૂ થતાં ભારતીય કારીગરો બેકાર બન્યા હતા. આમ છતાં ભારતની સ્વદેશી કાપડની કળા પૂરેપૂરી નાશ થઈ ન હતી. કારણ કે ભાતીગળ મનમોહક ભાતવાળી સાડીઓની કિનારી બનાવવા જટિલ વણાટકામ કરવું પડતું હતું. આથી આવા કારીગરોની જરૂર રહેતી. આ સમયે સોલાપુર (મહારાષ્ટ્ર), મદુરાઈ (તમિલનાડુ) તેના મહત્ત્વનાં કેન્દ્રો હતાં. અંગ્રેજ શાસન દરમિયાન કાપડવણાટના કારીગરો અને કાપડ ઉદ્યોગને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. ભારતીય બજારોમાં બ્રિટનનું કાપડ સસ્તા ભાવે વેચાતું હતું, જેના કારણે ઉત્પાદકોને મોંઘા ભાવે વેચવું પડતું હતું. આ સમયે મહાત્મા ગાંધીના આગમન બાદ સ્વાતંત્ર્ય-ચળવળના ભાગરૂપે સ્વદેશી આંદોલન શરૂ થતાં ભારતના ગ્રામોદ્યોગ, હાથકાંતણ, હાથવણાટ, કુટીર ઉદ્યોગો અને હુન્નર ઉદ્યોગોને પ્રોત્સાહન મળ્યું.

**લોખંડ-પોલાદ ઉદ્યોગ :** પ્રથમ વિશ્વ યુદ્ધના દબાણના કારણે ભારતમાં ઔદ્યોગિક વિકાસને વેગ મળ્યો. જમશેદજી તાતાએ સાકચી (હાલનું જમશેદપુર)માં લોખંડનું સૌપ્રથમ કારખાનું સ્થાપ્યું. આ કારખાનાની સ્થાપના થતાં જ ભારતમાં લોખંડ-પોલાદ જેવા પાયાના ઉદ્યોગોની શરૂઆત થઈ. નવીન પદ્ધતિથી લોખંડનું ઉત્પાદન થવાથી ભારતમાં ભઠ્ઠીઓમાં પિગળાવીને બનાવવામાં આવતા લોખંડનો યુગ પૂરો થયો. કારણ કે એમાં કોલસાની ખૂબ જરૂર પડતી. અંગ્રેજોના નવા કાયદા મુજબ હવે જંગલમાંથી કોલસો મેળવવો મુશ્કેલ થયો. લોખંડ-પોલાદના ઉત્પાદનની શરૂઆત થતાં બીજા ક્ષેત્રના ઉદ્યોગોની શરૂઆત થઈ. બેંગલૂરુમાં 'ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ' નામની સંસ્થાની સ્થાપના થવાથી લોખંડ-પોલાદ ઉદ્યોગને નવી દિશા મળી. કૂલટી અને બુરહાનપુરમાં લોખંડ-પોલાદનાં કારખાનાં શરૂ થયાં. ભદ્રાવતીમાં પણ કારખાનાની શરૂઆત થઈ હતી. આમ ધીમે-ધીમે ભારતમાં ધાતુવિદ્યામાં પ્રગતિ આવવા લાગી.

### જાણવું ગમશે

રણછોડલાલને ભરૂચનું કારખાનું બંધ કરવું પડ્યું હતું. આથી એમણે અમદાવાદમાં કાપડની મિલ શરૂ કરવાનું વિચાર્યું. દાદાભાઈ નવરોજી એ સમયે ઇંગ્લૅન્ડ હતા. તેમને સંચા ખરીદીને સ્ટીમરમાં મુંબઈ મોકલ્યા. એ સમયે અમદાવાદમાં રેલવે ના હોવાથી દરિયાઈ માર્ગે આ સંચા ખંભાત લાવતાં દરિયામાં ડૂબી ગયા હતા. સંચા ગોઠવનાર અંગ્રેજ ઇજનેરનું કૉલેરા થવાથી મૃત્યુ થયું. હવે શું કરવું ? આવી કપરી પરિસ્થિતિમાં પણ ફરીથી ઇંગ્લૅન્ડથી સંચા મંગાવીને અમદાવાદમાં મિલની સ્થાપના કરી. અમદાવાદના શાહપુરના વેરાન વિસ્તારમાં છાપરાં ઊભાં કરીને ઈ.સ. 1859માં 'અમદાવાદ કોટન સ્પીનિંગ ઍન્ડ વિવિંગ કંપની' સ્થાપીને એક લાખ રૂપિયાની મૂડીથી ઊભી કરી. આ મિલે ઈ.સ. 1861ની એક સાંજે પોણા પાંચ વાગે પહેલી સીટી વગાડી હતી.

### જાણવું ગમશે

ભારતીય ધાતુકલાનો ઉત્તમ નમૂનો ટીપુ સુલતાનની તલવાર હતી. આ તલવાર એવી તો ધારદાર હતી કે દુશ્મનના લોખંડના કવચને પણ આસાનીથી કાપી દેતી હતી. કારણ કે, આ તલવારની બનાવટમાં કાર્બનની અધિક માત્રાવાળા વુટ્ઝ સ્ટીલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.



આમ આપણા દેશમાં અંગ્રેજી શાસનમાં અનેક અવરોધ અને અડચણ વચ્ચે સુતરાઉ કાપડ, રસાયણ અને લોખંડ-પોલાદ જેવા ઉદ્યોગોનો વિકાસ થયો.

### જાણવું ગમશે

જમશેદપુરની સ્થાપના વિશે - ઈ.સ. 1904માં એપ્રિલ માસમાં અમેરિકાના ભૂવૈજ્ઞાનિક ચાર્લ્સ વેલ્ડ અને જમશેદજી તાતાના મોટા દીકરા દોરાબજી છત્તીસગઢમાં લોહ અયસ્ક (કાચા લોખંડ)ના ભંડારો શોધવા ફરી રહ્યા હતા. આ શોધખોળમાં ખાસ્સો સમય પસાર થયો હતો. એક દિવસ શોધખોળ માટે તેઓ એક ગામમાં ગયા. ત્યાં જઈને જોયું તો લોકો ટોપલીઓમાં લોહ અયસ્ક ભરીને લઈ જતા હતા. આ અગરિયા સમુદાયના લોકોને પૂછ્યું કે, તેઓ આ ધાતુ ક્યાંથી લાવો છો ? તો એમણે દૂર એક પહાડી વિસ્તારનું નામ જણાવ્યું. દોરાબજી અને વેલ્ડ કઠિન ચડાઈ પાર કરીને ઘણું ચાલ્યા પછી તે જગ્યાએ પહોંચ્યા. ત્યાં જઈને તેમણે જોયું તો આશ્ચર્યચકિત થઈ ગયા કારણ કે તેમને જે જોઈતું હતું તે મળી ગયું હતું. આ રઝારા પહાડીઓમાં દુનિયાનું ઉત્તમ લોહ અયસ્ક (કાચું લોખંડ) હતું. પણ આ વિસ્તાર દુર્ગમ હતો આથી થોડા સમય પછી સુવર્ણરેખા નદીના કિનારે જંગલો કાપીને એક ઔદ્યોગિક શહેર વસાવવામાં આવ્યું જે આજનું જમશેદપુર છે.



જમશેદપુર લોખંડ-પોલાદનું કારખાનું

**રેલવે, તાર અને ટપાલની શરૂઆત :** ડેલહાઉસીના સમયગાળામાં ભારતમાં ઘણા સુધારા થયા હતા. આથી કેટલાક અંગ્રેજ સુધારાવાદીઓ તેને આધુનિક ભારતનો નિર્માતા કહે છે. ઈ.સ. 1853માં મુંબઈથી થાણા સુધી સૌપ્રથમ રેલવે લાઈન શરૂ થઈ હતી. તેનું ઉદ્‌ઘાટન 16 એપ્રિલ, 1853 ના રોજ થયું હતું. ડેલહાઉસીના સમયમાં કોલકાતાથી પેશાવર અને મુંબઈથી મદ્રાસ (ચેન્નઈ) વચ્ચે તારની શરૂઆત થઈ હતી. એ જ સમયે ટપાલની પણ વ્યવસ્થા શરૂ થઈ હતી. આ સમયે ટપાલ પહોંચાડવાની ફી વસૂલ કરવામાં આવતી હતી. ટપાલના દરો પણ મોકલનારને બદલે ટપાલ લેનાર પાસેથી પ્રદેશો મુજબ અલગ-અલગ હતા. આમ આપણા દેશમાં કંપનીશાસનમાં અનેક અવરોધ અને અડચણ વચ્ચે સુતરાઉ કાપડ, રસાયણ અને લોખંડ-પોલાદ જેવા ઉદ્યોગોનો વિકાસ થયો હતો અને તાર, ટપાલ, રેલવે અને વાહન-વ્યવહારની સુવિધા શરૂ થઈ.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં લખો :**

(1) અંગ્રેજ શાસન દરમિયાન વિકાસ પામેલાં કોઈ પણ ત્રણ શહેરોનાં નામ જણાવો.

(2) ભારતમાં સૌપ્રથમ રેલવેલાઈન ક્યાં બે શહેરો વચ્ચે શરૂ થઈ હતી ?

(3) નવી દિલ્લીનું નિર્માણ અંગ્રેજકાળમાં કયા પહાડી વિસ્તારમાં શરૂ થયું હતું ?

(4) ભારતમાં સૌપ્રથમ કાપડમિલ ક્યાં શરૂ થઈ હતી ?

**2. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો :**

(1) અંગ્રેજ શાસનની શરૂઆતમાં ભારતીય ઉદ્યોગોની સ્થિતિ જણાવો.

(2) અંગ્રેજ શાસન દરમિયાન ભારતમાં કાપડ ઉદ્યોગનો વિકાસ જણાવો.

(3) પ્રથમ વિશ્વયુદ્ધ પછી ભારતના લોખંડ-પોલાદ ઉદ્યોગના વિકાસ વિશે જણાવો.

**3. (અ) નીચે આપેલ વિકલ્પમાંથી સાચો વિકલ્પ શોધીને લખો :**

(1) બ્રિટિશ રાજવીને મુંબઈ ટાપુ દહેજમાં કોણે આપ્યો હતો ?

(A) ફ્રેન્ચોએ (B) પોર્ટુગીઝોએ (C) મુઘલોએ (D) મરાઠાઓએ

(2) 'ફૉર્ટ વિલિયમ' કિલ્લો પાછળથી કયા શહેર તરીકે વિકાસ પામ્યો હતો ?

(A) દિલ્લી (B) ચેન્નઈ (C) મુંબઈ (D) કોલકાતા

(3) કયા શહેરને ભારતનું 'માન્ચેસ્ટર' કહેવામાં આવતું ?

(A) અમદાવાદ (B) નાગપુર (C) સોલાપુર (D) સાંગલી

(4) કઈ સંસ્થાની સ્થાપના થવાથી ભારતમાં લોખંડ-પોલાદ ઉદ્યોગને નવી દિશા મળી હતી ?

(A) ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ આર્ટ્સ (B) ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ

(C) ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ (D) ઇન્ડિયન કૉમર્શિયલ ઇન્સ્ટિટ્યૂટ

**(બ) જોડકાં જોડો :**

| અ | બ |
|---|---|
| (1) લોખંડ-પોલાદ ઉદ્યોગ | (A) કોલકાતા |
| (2) કાપડ ઉદ્યોગ | (B) જયપુર |
| (3) ફૉર્ટ સેન્ટ જ્યોર્જ | (C) જમશેદપુર |
| (4) ફૉર્ટ વિલિયમ | (D) અમદાવાદ |
| | (E) ચેન્નઈ |

# 5 અંગ્રેજ શાસન સમયની શિક્ષણ અને સમાજવ્યવસ્થા

પ્રાચીન ભારતમાં વિશ્વ વિખ્યાત કહી શકાય તેવી તક્ષશિલા નાલંદા, વલભી, વિક્રમશિલા વગેરે જેવી વિદ્યાપીઠો (શિક્ષણ સંસ્થાઓ) હતી. પરંતુ ત્યાર બાદ તેમાંની મોટા ભાગની અસ્ત પામી હતી. મુઘલકાળના ભારતમાં ખાસ કરીને અકબરના શાસનથી ફારસી, ઉર્દૂ અને સ્થાનિક ભાષાઓમાં શિક્ષણનો સારો એવો પ્રચાર-પ્રસાર થયો હતો. મુઘલકાળના પતન પછી હિંદુ ધર્મસ્થાનોમાં આવેલી પાઠશાળાઓ અને મસ્જિદોમાં આવેલી મદરેસાઓમાં શિક્ષણ આપવાનું કાર્ય થતું. જોકે તેમનું સ્વરૂપ જૂનું અને સીમિત હતું. તે પ્રાથમિક કક્ષાનું શિક્ષણ આપતી તેથી શિક્ષણનો વ્યાપ વધ્યો નહિ. ભારતમાં ઈ.સ. 1757 બાદ ક્રમશઃ અંગ્રેજ સત્તાનો પ્રારંભ થયો. ઈ.સ. 1765 પછી બંગાળ, બિહાર અને ઓડિશામાં તેમની દીવાની સત્તા પ્રસ્થાપિત થઈ. અંગ્રેજ શાસન દરમિયાન પણ તેમની નીતિને કારણે ભારતમાં શિક્ષણનો યોગ્ય પ્રસાર થઈ શક્યો નહિ.

## ભારતમાં શિક્ષણની સ્થિતિ

અંગ્રેજોના આગમન સમયે ભારતમાં શિક્ષણની આગવી પદ્ધતિ પ્રચલિત હતી. શિક્ષણ આપતી સંસ્થાઓ ગામઠી શાળાઓ, પંડ્યાની શાળાઓ કે ધૂળિયા નિશાળો તરીકે ઓળખાતી. એ સમયે ઔપચારિક શિક્ષણની વ્યવસ્થા ન હતી. ગામનાં જાહેર સ્થળો, વડ કે અન્ય વૃક્ષના છાયડામાં શાળાને બેસાડવામાં આવતી. નિશ્ચિત અભ્યાસક્રમ, પાઠ્યપુસ્તકો કે તાલીમી શિક્ષકોની સુવિધા ન હતી.

બાળકની કૌટુંબિક સ્થિતિને ધ્યાનમાં રાખી તેને ઉપયોગી થાય તેવું શિક્ષણ શિક્ષક આપતા. મૌખિક શિક્ષણની શરૂઆત આંકથી કરવામાં આવતી અને પછી કક્કો-મૂળાક્ષરોનું શિક્ષણ આપવામાં આવતું. ત્યાર બાદ બાળકોના લેખિત શિક્ષણની શરૂઆત કરવામાં આવતી. શિક્ષક પોતે જ અભ્યાસક્રમ નક્કી કરતા. શિક્ષકને નિશ્ચિત પગાર કે વેતન ન હતું. વિદ્યાર્થીના વાલી પોતાની આર્થિક સ્થિતિ પ્રમાણે શિક્ષકને વેતન આપતા. મૌખિક શિક્ષણ પર વધુ ભાર મૂકવામાં આવતો. વિદ્યાર્થીઓને અલગ-અલગ ધોરણોમાં બેસાડવાની વ્યવસ્થા ન હતી. બાળકને કયું શિક્ષણ આપવું તે શિક્ષક દ્વારા નક્કી કરવામાં આવતું.

## પ્રારંભિક શિક્ષણની વ્યવસ્થા

ભારતમાં પશ્ચિમી ઢબે શિક્ષણ આપવાની શરૂઆત ભારતમાં આવેલી વિદેશી પ્રજાએ કરી તેમ કહી શકાય. ભારતમાં સૌપ્રથમ શિક્ષણ સંસ્થાની સ્થાપના વિલિયમ કેરે કોલકાતા પાસે આવેલ સિરામપુરમાં ઈ.સ. 1789માં કરી. આ શિક્ષણ સંસ્થામાં સંસ્કૃત, બંગાળી, મરાઠી, હિંદી, રામાયણ, વ્યાકરણ વગેરેનું શિક્ષણ આપવામાં આવતું. સિરામપુરમાં જ તેના સાથીદાર માર્શમેન અને તેમનાં પત્નીએ કન્યાશાળાની સ્થાપના કરી. આ રીતે મિશનરી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા અંગ્રેજોએ બંગાળમાં શિક્ષણ-વ્યવસ્થા શરૂ કરી.

## પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ

ઈ.સ. 1813ના સનદીધારાથી ખ્રિસ્તી પાદરીઓને ભારતમાં શિક્ષણ સંસ્થાઓ સ્થાપવાની છૂટ આપવામાં આવી. એલેક્ઝાન્ડર ડફ નામના પાદરીએ ભારતમાં પાશ્ચાત્ય શિક્ષણ આપતી શાળાઓ સ્થાપી. શિક્ષણ માટે આ કાયદા અંતર્ગત પ્રતિવર્ષ 1 લાખ રૂપિયા વાપરવાનો પણ નિર્ણય થયો હતો. જોકે આ સમય દરમિયાન પણ અરબી, ફારસી અને હિંદી વ્યવસ્થા શિક્ષણમાં ચાલતી રહી.

ભારતના કેટલાક અગ્રિમ સુધારકો અને અંગ્રેજ અધિકારીઓ સંપૂર્ણ ભારતમાં પાશ્ચાત્ય શિક્ષણ શરૂ થાય તેવા મતના હતા, તો કેટલાક હિંદુઓ અને મુસ્લિમો અનુક્રમે પાઠશાળાઓ અને મદરેસાઓમાં જ શિક્ષણ આપવું જોઈએ તેમ માનતા હતા. જોકે ઈસ્ટ ઇન્ડિયા કંપની વિલિયમ બેન્ટિકના સમયમાં ઈ.સ. 1833ના સનદીધારા અંતર્ગત પાશ્ચાત્ય શિક્ષણ આપવા તરફ અગ્રેસર થઈ. પરિણામે ઈ.સ. 1835માં ભારતમાં અંગ્રેજી કેળવણીનો પ્રારંભ થયો. હવેથી માત્ર અંગ્રેજી શિક્ષણને ઉત્તેજન આપવા માટે જ નાણાકીય સગવડ કરાશે તેવી બ્રિટિશનીતિ સ્પષ્ટ થઈ. 1854માં વુડના નીતિપત્ર (ખરીતો) દ્વારા ભારતમાં ભારતીય શિક્ષણ-પ્રણાલીને બદલે યુરોપિયન શિક્ષણ-પ્રણાલી અપનાવવા જણાવ્યું.

ભારતમાં અંગ્રેજી શિક્ષણ શરૂ કરવાનું શ્રેય વિલિયમ બેન્ટિકને ફાળે જાય છે. ઈ.સ. 1835 પછી ભારતના કલકત્તા (બંગાળ), મુંબઈ, મદ્રાસ (ચેન્નઈ), ઉત્તર ભારત, પંજાબ, પશ્ચિમ ભારત સહિત મોટા ભાગના વિસ્તારોમાં અંગ્રેજી શિક્ષણનો પ્રચાર-પ્રસાર થયો. તેમ છતાં હજી ગામડાઓ અને કસબાઓમાં જૂની ઢબની શિક્ષણ-વ્યવસ્થા ટકી રહી હતી. જોકે નોકરીમાં અંગ્રેજી-શિક્ષણ પામેલ લોકોને મહત્ત્વ મળતાં ભારતની જૂની શૈક્ષણિક સંસ્થાઓ ઘટવા લાગી. મુંબઈમાં એલ્ફિન્સ્ટન, મદ્રાસ (ચેન્નઈ)માં મુનરો તથા ઉત્તર ભારતમાં થોમસનના પ્રયત્નોથી શાળાઓ અને મહાશાળાઓની સંખ્યામાં ઘણો વધારો થયો. ઉત્તર પ્રદેશમાં પ્રાથમિક શિક્ષણનું પ્રમાણ ખાસ્સું વધ્યું.


વિલિયમ બેન્ટિક

ઈ.સ. 1882ના હન્ટર કમિશને પ્રાથમિક અને માધ્યમિક કક્ષાનું શિક્ષણ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને આપવાનો વિચાર કર્યો જેનાથી શિક્ષણનો વ્યાપ વધે. એટલું જ નહિ આ કમિશને પ્રાંતિક આવકનાં નાણાંનો અમુક ટકા હિસ્સો શિક્ષણ પાછળ ખર્ચવાની ભલામણ કરી. માધ્યમિક શિક્ષણક્ષેત્રે પણ સરકારે બિનસરકારી સંસ્થાઓને અગ્રેસર કરી, નિયમો ઉદાર બનાવી, પુસ્તકાલયો વસાવવાની અને ફી લેવાની છૂટ આપી. માધ્યમિક શિક્ષણનો પણ વિકાસ કર્યો.

ઈ.સ. 1917માં નિમાયેલા સૅડલર કમિશને માધ્યમિક કક્ષા સુધીનું શિક્ષણ પ્રાદેશિક કે માતૃભાષામાં આપવાની જોગવાઈ કરી. ઈ.સ. 1919ના મોન્ટેગ્યુ ચેમ્સફર્ડ કાયદા બાદ પ્રાંતોમાં માધ્યમિક અને પ્રાથમિક શિક્ષણના વિકાસ માટે શિક્ષણ ખાતું ચૂંટાયેલ પ્રતિનિધિઓને આપવામાં આવ્યું. ઈ.સ. 1912માં ગોપાલકૃષ્ણ ગોખલેએ ફરજિયાત પ્રાથમિક શિક્ષણનો કાયદો ઘડવા સૂચન કર્યું, પરંતુ સરકારે તેનો અસ્વીકાર કર્યો. ઈ.સ. 1936 સુધીમાં પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની સંખ્યામાં વધારો થયો હતો. આ દૃષ્ટિએ અંગ્રેજોએ માત્ર સસ્તા કારકુનો મેળવવા ભારતીયોને પાયાનું શિક્ષણ મળે તેટલા પૂરતો પ્રયત્ન કર્યો, પરંતુ વિજ્ઞાન ટૅક્નોલૉજી અને કૌશલ્યવર્ધન શિક્ષણની કોઈ મહત્ત્વપૂર્ણ વ્યવસ્થા કરી નહિ. આમ, ભારત શિક્ષણક્ષેત્રે વિશ્વમાં ઘણું પછાત રહ્યું.

### જાણવું ગમશે

ઈ.સ. 1941ના વર્ષમાં ભારતમાં નિરક્ષર લોકોની સંખ્યા વધુ હતી. ઈ.સ. 1951ની ગણતરી પ્રમાણે ભારતમાં શિક્ષણનો દર 16.6 % હતો. એનો અર્થ એ થયો કે બ્રિટિશ સરકારે હિંદને શિક્ષણક્ષેત્રે વિકસાવવાનો પૂરતો અવકાશ આપ્યો નહિ. તેમની નીતિ બેજવાબદારીપૂર્ણ રહી. બ્રિટિશ તાબાના ભારત કરતાં ભારતનાં દેશી રજવાડાઓમાં શિક્ષણનો દર વધારે હતો. જેમકે વડોદરામાં 28 %, મૈસૂર અને કોચીનમાં 35 % અને ત્રાવણકોરમાં 47.8 %.

## ઉચ્ચ અને ટૅક્નિકલ શિક્ષણ

ભારતમાં અંગ્રેજોનું શાસન સ્થપાયા બાદ પાશ્ચાત્ય ઢબે ઉચ્ચ શિક્ષણની ક્રમશઃ શરૂઆત થઈ. સૌપ્રથમ વેલેસ્લીએ ઈ.સ. 1801માં કોલકાતામાં ફૉર્ટ વિલિયમ કૉલેજની સ્થાપના કરી. ઈ.સ. 1817માં ડેવિડ હેર અને વૈદ્યનાથ મુખરજીના પ્રયાસોથી કોલકાતામાં હિંદુ કૉલેજ સ્થપાઈ. જેમાં ભારતીય ભાષાઓ, અંગ્રેજી, ગણિત, ઇતિહાસ, ભૂગોળ અને ખગોળશાસ્ત્ર જેવા વિષયો શરૂ કરવામાં આવ્યા. ઈ.સ. 1855માં તે પ્રેસિડન્સી કૉલેજ તરીકે ઓળખાઈ. જોકે આ પહેલાં સરકારી કચેરીઓ માટે શિક્ષિત કર્મચારીઓ મેળવવા વૉરન હેસ્ટિંગ્સે ઈ.સ. 1780માં કોલકાતા મદરેસા (મુસ્લિમ કૉલેજ) અને જોનાથન ડંકને ઈ.સ. 1791માં બનારસ સંસ્કૃત કૉલેજની સ્થાપના કરી હતી. એમહર્સ્ટે ઈ.સ. 1823માં કોલકાતામાં સંસ્કૃત કૉલેજની સ્થાપના કરી. ઉચ્ચ શિક્ષણ માટે અને ખાસ કરીને હિંદના શિક્ષણ માટેનો 'મેગ્નાકાર્ટા' કહી શકાય તેવો શિક્ષણસુધારો ઈ.સ. 1854માં 'વુડના ખરીતા'થી થયો. તેણે ખાસ કરીને દરેક પ્રાંતમાં યુનિવર્સિટીની સ્થાપના કરવા, અલગ શિક્ષણખાતાની રચના કરવા, સરકારી કૉલેજ અને શાળાઓની જાળવણી કરવા, ખાનગી શાળાઓને સરકારી

અનુદાન આપવા, શિક્ષકોની તાલીમ માટે તાલીમી સંસ્થાઓ શરૂ કરવા, ધંધાદારી કે વ્યવસાયી શિક્ષણનો વ્યાપ વધારવા, દરેક તાલુકામાં પ્રાથમિક અને જિલ્લામાં માધ્યમિક શાળાઓ સ્થાપવા અને સ્ત્રી-શિક્ષણને ઉત્તેજન આપવા ભલામણો કરી. તેની સાથે-સાથે શિષ્યવૃત્તિઓની પણ જોગવાઈ કરી.

ઈ.સ. 1854ના વુડના ખરીતાને કારણે પ્રાંતમાં શિક્ષણ નિયામકની નિમણૂક અને અલગ શિક્ષણખાતું શરૂ થયું. કોલકાતા, મુંબઈ અને મદ્રાસ (ચેન્નઈ)માં લંડન યુનિવર્સિટીના નમૂના પ્રમાણે યુનિવર્સિટીની સ્થાપના થઈ. ભારતમાં આ પછી ઈ.સ. 1882માં પંજાબ અને અલાહાબાદમાં યુનિવર્સિટીની સ્થાપના થઈ. મુંબઈમાં ઈ.સ. 1844માં એલ્ફિન્સ્ટન કૉલેજની સ્થાપના થઈ.

આ રીતે ભારતના વિભિન્ન ભાગોમાં ઉચ્ચ શિક્ષણ આપતી કૉલેજો અને યુનિવર્સિટીઓ સ્થપાતી ગઈ. કર્ઝને ઈ.સ. 1904માં યુનિવર્સિટીને લગતો કાયદો પસાર કર્યો અને તેમાં ચૂંટાયેલા સભ્યોની સંખ્યા ઘટાડી નિમાયેલા સભ્યોને સેનેટમાં સ્થાન આપ્યું. 20મી સદીમાં પણ ભારતમાં ઈ.સ. 1916માં બનારસ હિંદુ યુનિવર્સિટી, ઈ.સ. 1920માં જામિયા મિલિયા યુનિવર્સિટી અને ઈ.સ. 1922માં શાંતિનિકેતન વિશ્વભારતી યુનિવર્સિટી જેવી અગત્યની ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓની સ્થાપના થઈ. ઈ.સ. 1946માં ભારતની કુલ યુનિવર્સિટીઓની સંખ્યા 16 હતી. જોકે તે અપૂરતી હતી તે નોંધવું રહ્યું. કારણ કે વિશાળ જનસંખ્યા અને ભૌગોલિક વ્યાપ ધરાવતા રાષ્ટ્રમાં માત્ર 16 જ યુનિવર્સિટીની સંખ્યાથી ઉચ્ચ શિક્ષણનો કોઈ પ્રચાર-પ્રસાર વિપુલ પ્રમાણમાં થઈ શક્યો નહિ.

### વ્યાવસાયિક શિક્ષણ

ઈ.સ. 1854ના વુડના ખરીતામાં વ્યાવસાયિક શિક્ષણ આપવાની જોગવાઈઓ હતી. જોકે ભારતમાં વિજ્ઞાન ટૅક્નોલૉજી અને વ્યવસાય સાથે સંકળાયેલી મોટી સંસ્થાઓ 20મી સદીમાં અસ્તિત્વમાં આવી. જેમાં બેંગ્લોર(બેંગલૂરુ)ની 'ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ', કલકત્તાનું 'બોઝ સંશોધન કેન્દ્ર' (આંતર વિદ્યાકીય), દહેરાદૂનનું જંગલખાતા સાથે સંકળાયેલ સંશોધન કેન્દ્ર, દિલ્લીનું 'ખેતીવાડી કેન્દ્ર', રૂડકીમાં 'ઇજનેરીવિદ્યા'ને લગતું કેન્દ્ર અને પૂના (પૂણે)માં 'ભાંડારકર ઇન્સ્ટિટ્યૂટ' મુખ્ય ગણાવી શકાય.

### સ્ત્રી-શિક્ષણ


રાજા રામમોહનરાય

સિરામપુરથી સ્ત્રી-શિક્ષણની શરૂઆત થઈ હતી. ઈ.સ. 1813થી ઈ.સ. 1851 સુધીના સમયમાં બંગાળ, મુંબઈ અને મદ્રાસ (ચેન્નઈ) પ્રાંતોમાં ખ્રિસ્તી પાદરીઓએ અને અન્ય કેટલાંક અમીર કુટુંબોએ કન્યાશિક્ષણ આપતી સંસ્થાઓની સ્થાપના કરી હતી. રાજા રામમોહનરાય અને દયાનંદ સરસ્વતીએ 19મી સદીમાં સ્ત્રી-શિક્ષણ માટે ખાસ હિમાયત કરી હતી. પરંતુ આ સમયગાળામાં સરકારે સ્ત્રી-શિક્ષણની મોટે ભાગે ઉપેક્ષા કરી હતી.

ઈ.સ. 1849-50ના અરસામાં બંગાળના અંગ્રેજ શિક્ષણશાસ્ત્રી બેથુન અને પ્રખર બ્રહ્મોસમાજી ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે ઈ.સ. 1849માં હિંદુ બાલિકા સરકારી વિદ્યાલયની સ્થાપના કરી. તેમણે ભારતમાં સ્ત્રી-શિક્ષણનો પાયો મજબૂત બનાવ્યો. ઈ.સ. 1873 સુધીમાં બ્રિટિશ ભારતમાં 1640 કન્યાશાળાઓ હતી. આ સમયે માત્ર 4.89 % કન્યાઓ શાળામાં જતી એટલે સમગ્ર 19મી સદીમાં સ્ત્રી-શિક્ષણની પરિસ્થિતિ મોટે ભાગે નિમ્નકક્ષાની રહી એમ કહી શકાય.

### અગ્રગણ્ય શિક્ષણ-સુધારકો

19મી સદીના ભારતમાં આધુનિક કેળવણી પામેલો મધ્યમ વર્ગ ઊભો થયો. તેમાંના કેટલાક ખૂબ અગ્રગણ્ય શિક્ષણ-સુધારકો રહ્યા હતા. તેમણે જોયું કે ભારતમાં શિક્ષણનો અભાવ એ ભારતની ગુલામીનું મુખ્ય કારણ છે અને જ્યાં સુધી રાષ્ટ્ર શિક્ષિત નહિ થાય ત્યાં સુધી તેનો સર્વાંગી વિકાસ થઈ શકશે નહિ. એટલે આવા અગ્રગણ્ય શિક્ષણ-સુધારકોએ વ્યક્તિગત

રીતે, સંસ્થાગત રીતે કે અંગ્રેજોની સાથે મળીને મોટા પ્રમાણમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓ શરૂ કરી જેમાં અગ્રગણ્ય હતા રાજા રામમોહનરાય. તેમણે ઈ.સ. 1828માં બ્રહ્મોસમાજની સ્થાપના કરી. તેમણે વિલિયમ બેન્ટિકને ભારતમાં અંગ્રેજી કેળવણીનો પ્રારંભ કરવા નૈતિક બળ પૂરું પાડ્યું હતું. તેમના પ્રયત્નોથી ભારતમાં અંગ્રેજી કેળવણીનો પ્રારંભ થયો, તો બ્રહ્મોસમાજના એવા જ અગ્રિમ નેતા ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર બંગાળમાં ઈ.સ. 1849-50માં શાળાઓ શરૂ કરવા પ્રયત્નશીલ હતા. જેમના પ્રયત્નોથી બંગાળમાં ફક્ત છોકરાઓ માટે જ નહિ, કન્યાઓ માટેની શાળાઓ પણ સ્થપાઈ.

મહારાષ્ટ્રમાં મહાદેવ ગોવિંદ રાનડે અને તેમનાં પત્ની રમાબાઈ રાનડેએ કન્યાશાળાઓ અને વિધવાઓ માટેની શાળાઓની સ્થાપના કરી. મહારાષ્ટ્રમાં જ અગ્રિમ સુધારક જ્યોતિરાવ ફૂલે અને તેમનાં પત્ની સાવિત્રીબાઈ ફૂલેએ પણ કન્યા-કેળવણી અને વિધવાઓની કેળવણી માટે પ્રયત્નો કરી શાળાઓની સ્થાપના કરી. મહારાષ્ટ્રમાં જ મહર્ષિ કર્વેએ ઈ.સ. 1916માં સ્ત્રીઓ માટે અલગ યુનિવર્સિટીની સ્થાપના કરી. આજે આ યુનિવર્સિટી એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી તરીકે કાર્યરત છે. અમદાવાદમાં ઈ.સ. 1850માં હરકુંવર શેઠાણીએ 'છોડીઓની નિશાળ' નામે કન્યાશાળાની સ્થાપના કરી હતી.



દયાનંદ સરસ્વતી

મહાન સમાજસુધારક દયાનંદ સરસ્વતીએ પણ લાહોરમાં દયાનંદ ઍંગ્લો વૈદિક કૉલેજની સ્થાપના કરી હતી. જ્યારે તેમના શિષ્ય સ્વામી શ્રદ્ધાનંદે ઈ.સ. 1902માં કાંગડી ગુરુકુળની શરૂઆત કરી. સર સૈયદ અહેમદખાંએ મુસ્લિમોમાં શિક્ષણનો વ્યાપ વધે તે માટે ઈ.સ. 1864માં ગાઝીપુરમાં અંગ્રેજી શાળા સ્થાપી તેમજ ઈ.સ. 1875માં અલીગઢ ખાતે ઍંગ્લો-મોહમેડન ઓરિએન્ટલ કૉલેજની સ્થાપના કરી.

કેટલાક દેશી રજવાડાઓએ શિક્ષણક્ષેત્રે નમૂનારૂપ કહી શકાય તેવું કાર્ય કર્યું. વડોદરાના મહારાજ સયાજીરાવ ગાયકવાડે પોતાના રાજ્ય વડોદરામાં ઈ.સ. 1901માં મફત, ફરજિયાત અને સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણની જોગવાઈ કરી. એટલું જ નહિ બે વિદ્યાર્થીઓને વિદેશની યુનિવર્સિટીમાં ભણવા જવા માટે શિષ્યવૃત્તિની શરૂઆત કરી. તેમનાં પત્ની ચિમનાબાઈ ગાયકવાડે દલિત વિદ્યાર્થીને વિદેશની યુનિવર્સિટીમાં ભણવા જવા માટે શિષ્યવૃત્તિ આપતો કાયદો કર્યો. તે જ રીતે ગોંડલના મહારાજા ભગવતસિંહજીએ 19મી સદીના છેલ્લા દાયકામાં ગોંડલમાં કન્યાવિદ્યાલયોની સ્થાપના કરી. કન્યાઓ માટે મફત, ફરજિયાત અને સાર્વત્રિક શિક્ષણની જોગવાઈ કરી.




ગૂજરાત વિદ્યાપીઠ

## મહાત્મા ગાંધીના શિક્ષણ અંગેના વિચારો

મહાત્મા ગાંધીએ સ્વાતંત્ર્યસંગ્રામની સાથે-સાથે શિક્ષણ પરત્વે પણ ભગીરથ કાર્ય કર્યું હતું. તેમની શિક્ષણ યોજના ઈ.સ. 1936માં વર્ધા શિક્ષણ યોજના તરીકે જાણીતી છે. ડૉ. ઝાકીર હુસેનના વડપણ હેઠળ તેમણે એક શિક્ષણ સમિતિની રચના કરી હતી.

તેમના મતે સાક્ષરતા એ શિક્ષણનો અંત કે પ્રારંભ નથી, તે તો માત્ર એક સાધન છે કે જેના દ્વારા પુરુષો અને સ્ત્રીઓને શિક્ષિત કરી શકાય છે. સાક્ષરતા કે અક્ષરજ્ઞાન એ સ્વયં શિક્ષણ નથી. ગાંધીજીએ પાશ્ચાત્ય શિક્ષણની સામે નઈ તાલીમ, બુનિયાદી શિક્ષણ, વર્ધા શિક્ષણ યોજના, પાયાની કેળવણી (બેઝિક ઍજ્યુકેશન), ઉદ્યોગશિક્ષણ જેવા શૈક્ષણિક વિચારોને અમલમાં મૂકી ભારતીય શિક્ષણ-પ્રણાલીને ટકાવી રાખવાના પ્રયત્નો કર્યા.

ગાંધીજીનું માનવું હતું કે, પ્રચલિત શિક્ષણ વિદ્યાર્થીનું યોગ્ય જીવન-ઘડતર કરવામાં અને તેને રોજગારી અપાવવામાં નિષ્ફળ નીવડ્યું હતું. તેઓ પાયાના શિક્ષણને સ્વાશ્રયી અને વ્યવસાયલક્ષી ઓપ આપવાના મતના હતા. તેમના મતે પ્રાથમિક શિક્ષણનો અભ્યાસક્રમ 7 વર્ષનો રાખવો જોઈએ. જેમાં વિદ્યાર્થીને વિભિન્ન વિષયોનું સામાન્ય જ્ઞાન અને ક્રમશઃ એક હુન્નર શીખવવો જોઈએ. પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં આપવાના તેઓ હિમાયતી હતા. તેઓ વિદ્યાર્થીને હસ્તકૌશલ્ય, સુથારીકામ, લુહારીકામ, વણાટકામ અને કાંતણ ઉદ્યોગનું શિક્ષણ આપવાના હિમાયતી હતા.

ઈ.સ. 1937માં હિંદના મોટા ભાગના પ્રાંતોમાં તેમની યોજના પ્રમાણેની શાળાઓ અસ્તિત્વમાં આવી. સ્વાતંત્ર્યસંગ્રામની સાથે-સાથે મહાત્મા ગાંધીએ ઈ.સ. 1920માં ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ અને જામિયા મિલિયા ઇસ્લામિયા યુનિવર્સિટી દિલ્લી અને અલીગઢ યુનિવર્સિટીની સ્થાપના કરી. ગાંધીજીના પાયાના અનેક કાર્યકરોએ વિભિન્ન આશ્રમો સ્થાપિત કરી વિદ્યાર્થીઓને શિક્ષણ આપવા ઝુંબેશ ચલાવી. જેમાં ઠક્કરબાપા, જુગતરામ દવે, પૂર્ણિમાબહેન પકવાસા વગેરે મુખ્ય છે.

**જાણવું ગમશે**

- ગાંધીજીના મતે 'કેળવણી એટલે બાળક અને મનુષ્યનાં શરીર, મન અને આત્માના ઉત્તમાંશોનું આવિષ્કરણ.'
- મહાત્મા ગાંધીજીના કેળવણીવિષયક વિચારો આપણને તેમની આત્મકથા ''સત્યના પ્રયોગો'', ''મારા સ્વપ્નનું ભારત'' અને તેમનાં ''ગાંધીજીનો અક્ષરદેહ'' વગેરે પુસ્તકોમાંથી સુપેરે જાણવા મળે છે.

## રવીન્દ્રનાથ ટાગોરના શિક્ષણ અંગેના વિચારો

કવિવર અને ગુરુદેવથી વિખ્યાત થયેલા મહાન સાહિત્યકાર રવીન્દ્રનાથ ટાગોરે બંગાળમાં પોતાના વિચારો પર શિક્ષણ સંસ્થાઓની સ્થાપના કરવાનો પ્રયત્ન કર્યો હતો. તેઓ પ્રખર પ્રકૃતિવાદી હતા. વિદ્યાર્થીઓને ભારતીય વિચારધારા અને સાંસ્કૃતિક તત્ત્વોનું જ્ઞાન આપવાના મતના હતા. પ્રકૃતિના ઘનિષ્ઠ સાનિધ્યમાં જ જ્ઞાન મળી શકે તેમ તેઓ પ્રકૃતિમૂલક શિક્ષણના હિમાયતી હતા. તેમના મતે શિક્ષણ એ બાળકના સર્જનાત્મક વિકાસ કરી શકે તેવું હોવું જોઈએ. તેઓ માનતા કે શિક્ષણની કઠોર શિસ્તથી બાળક મુક્ત હોવું જોઈએ અને બાળકની કલ્પનાશક્તિ અને કુતૂહલવૃત્તિ વિકસે તેવી શિક્ષણ-વ્યવસ્થા હોવી જોઈએ. બાળકોમાં સંગીત, અભિનય તેમજ ચિત્રકળાની યોગ્યતા અને નીતિમત્તા, આધ્યાત્મિકતા જેવા ગુણો વિકસે તેના હિમાયતી હતા. શિક્ષકમાં બાળકોનો મનોવૈજ્ઞાનિક વિકાસ કરવાની ક્ષમતા હોવી જોઈએ તેવું પણ તે માનતા.



શાંતિનિકેતન

તેમણે ઈ.સ. 1901માં 'શાંતિનિકેતન' સંસ્થાની સ્થાપના કરી પોતાના વિચારો પ્રમાણે શિક્ષણ-વ્યવસ્થા શરૂ કરી. અનેક વિદ્વાનો આ સંસ્થાએ રાષ્ટ્રને આપ્યા છે. આ સંસ્થા આગળ જતાં શાંતિનિકેતન વિશ્વભારતી યુનિવર્સિટી તરીકે વિખ્યાત થઈ.

**જાણવું ગમશે**

કવિવર રવીન્દ્રનાથ ટાગોરને તેમના કવિતાસંગ્રહ ''ગીતાંજલિ'' માટે ઈ.સ. 1913માં નોબેલ પુરસ્કાર મળ્યો હતો.

## અંગ્રેજ શાસન દરમિયાન સામાજિક સુધારા

ભારતમાં અંગ્રેજી શાસન સ્થપાયું તે સમયે કેટલાંક સામાજિક અનિષ્ટો કે દૂષણો પ્રવર્તતા હતાં. તે માનવતાના વિરોધી અને વ્યક્તિના વિકાસને રૂંધતા હતા. આ સામાજિક દૂષણોમાં મુખ્યત્વે બાળલગ્ન, અસ્પૃશ્યતા, બાળકીને દૂધ પીતી કરવી, ગુલામીપ્રથા, સતીપ્રથા, જ્ઞાતિભેદ, વિધવા પુનર્વિવાહની મનાઈ, નિરક્ષરતા અને અંધશ્રદ્ધાને ગણાવી શકાય.

19મી સદીમાં કેટલાક મહાન સુધારકોએ ભારતનાં સામાજિક દૂષણો વિરુદ્ધ વ્યક્તિગતરૂપે અને સંસ્થાઓ સ્થાપીને તેને દૂર કરવા ઝુંબેશ ઉપાડી. 19મી સદીના ભારતને સામાજિક-ધાર્મિક સુધારાને ક્ષેત્રે નવજાગૃતિની સદી તરીકે પણ ઓળખવામાં આવે છે. આ સુધારકોએ સમાજમાં રહેલી અંધશ્રદ્ધા અને વિચિત્ર કહી શકાય તેવાં દૂષણો દૂર કરી ભારતીય સમાજને પરિવર્તિત કરવાનું મહાન કાર્ય કર્યું.

## સુધારક સંસ્થાઓ અને સામાજિક સુધારા

19મી સદીમાં સ્થપાયેલી સંસ્થાઓએ સામાજિક સુધારા કરવામાં પાયાની ભૂમિકા ભજવી. જેમાં અગ્રસ્થાને રાજા રામમોહનરાય દ્વારા સ્થાપિત ઈ.સ. 1828ની બ્રહ્મોસમાજને ગણાવી શકાય. રાજા રામમોહનરાયે ઈ.સ. 1815માં 'આત્મીય સભા' સ્થાપી અને ઈ.સ. 1821માં 'સંવાદ કૌમુદી' નામની પત્રિકા સતીપ્રથા વિરુદ્ધ બંગાળમાં મોટા પાયે ઝુંબેશ ચલાવી. તેમની સંસ્થા બ્રહ્મોસમાજના પ્રયત્નોથી ઈ.સ. 1829માં વિલિયમ બેન્ટિકે સતીપ્રથા વિરુદ્ધ કાયદો કરી તેના પર પ્રતિબંધ ફરમાવ્યો અને સદીઓ જૂના આ મોટા અનિષ્ટને દૂર કર્યું.

એ જ રીતે બ્રહ્મોસમાજના પ્રયત્નોથી જ ઈ.સ. 1839માં 'નરબલિ પ્રથા' અને બાળકીને દૂધપીતી કરવાની પ્રથા વિરુદ્ધ કાયદા કરવામાં આવ્યા. રાજા રામમોહનરાય બાદ વિખ્યાત બ્રહ્મોસમાજી ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે પોતાના સામયિક 'સોમપ્રકાશ' દ્વારા વિધવા પુનર્વિવાહની હિમાયત કરી. તેઓ માનતા કે જે સ્ત્રીઓ નાની વયે વિધવા બને છે તે વિધવા તરીકે આખી જિંદગી અત્યંત કઠિન પરિસ્થિતિમાં જીવે તે સભ્યસમાજની નિશાની નથી. તે સમયના ભારતમાં વિધવાનું જીવન અત્યંત દુષ્કર હતું. તેમના પ્રયત્નોથી ઈ.સ. 1856માં ડેલહાઉસીએ વિધવા પુનર્વિવાહ કાયદો પસાર કરી વિધવાનાં લગ્નને કાયદેસર બનાવી એક મોટા સામાજિક દૂષણને દૂર કર્યું.

ભારતમાં અસ્પૃશ્યતાના કલંકને દૂર કરવા મહાત્મા ગાંધીએ ખૂબ પાયાનો વિચાર કર્યો હતો. તેમણે પોતાનાં રચનાત્મક કાર્યોમાં અનુસૂચિત જાતિના ઉદ્ધારની પ્રવૃત્તિઓને ખાસ સ્થાન આપ્યું હતું. ગાંધીજીએ અનુસૂચિત જાતિના દુદાભાઈને પરિવાર સહિત પોતાના આશ્રમમાં વસાવ્યા હતા. મહારાજા સયાજીરાવ ગાયકવાડ પણ અનુસૂચિત જાતિના લોક-ઉદ્ધારની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા હતા. ડૉ. ભીમરાવ આંબેડકરે અનુસૂચિત જાતિના લોકોને સામાજિક, શૈક્ષણિક અને રાજકીય અધિકારો મળે તે માટે આજીવન સંઘર્ષ કર્યો. અનુસૂચિત જાતિના લોકોને મંદિરપ્રવેશ અને અન્ય સાર્વજનિક સ્થળોએ પ્રવેશવાના સત્યાગ્રહો પણ તેમના દ્વારા કરવામાં આવ્યા. મામાસાહેબ ફડકેએ ગોધરામાં અનુસૂચિત જાતિનાં બાળકો માટે શાળા સ્થાપી હતી. એ જ રીતે પરીક્ષિતલાલ મજુમદારે અનુસૂચિત જાતિના લોકો માટે શાળા-છાત્રાલયો સ્થાપી તેમના શૈક્ષણિક વિકાસ માટેનાં દ્વાર ખોલ્યાં. ઠક્કરબાપાએ આદિવાસી કે જનજાતિના પ્રદેશોમાં જઈ આશ્રમો સ્થાપ્યા. તેઓ માટે શિક્ષણની વ્યવસ્થા કરી અને એ રીતે તેમને ઉન્નત બનાવી મૂળ પ્રવાહમાં લાવવા ભગીરથ પ્રયત્નો કર્યા.

આમ, સુધારણાની પ્રક્રિયા ધીમી પણ યોગ્ય દિશામાં પ્રગતિ કરી રહી હતી, જેનું સુંદર ચિત્ર આપણને હાલ જોવા મળે છે.

**બાળલગ્ન :** અંગ્રેજોના ભારતમાં આગમન સમયે બાળલગ્નોની કુપ્રથા લગભગ દરેક સમાજમાં પ્રચલિત હતી. બાળલગ્નોના પરિણામે કજોડાના સંજોગોમાં મોટા ભાગે મહિલાઓ શોષણનો ભોગ બનતી. મહિલાઓ તેમજ કેટલેક અંશે પુરુષો પણ બાળલગ્નના પરિણામે વિકાસથી વંચિત રહી જતા હતા.

કેશવચંદ્ર સેન નામના અન્ય એક બ્રહ્મોસમાજી નેતાએ ઈ.સ. 1870માં બાળલગ્ન વિરુદ્ધ વ્યાપક ઝુંબેશ ચલાવી. તેમના મતે બાળલગ્ન એ સમાજનું સૌથી મોટું દૂષણ છે. તે બાળકના શારીરિક અને માનસિક વિકાસને તો રુંધે જ છે, પરંતુ તેની શૈક્ષણિક પ્રગતિમાં પણ મોટો અવરોધ ઊભો કરનારું પરિબળ બને છે. તેમના પ્રયત્નોથી ઈ.સ. 1872માં 'લગ્નવય સંમતિધારો' પસાર થયો. આ ધારાથી 12 વર્ષથી નીચેની વયનાં છોકરા કે છોકરીનાં લગ્ન ગેરકાયદેસર ગણવામાં આવ્યાં.

**જાણવું ગમશે**

મહિલાઓની દુર્દશા માટે બાળલગ્નની શાપિત પ્રથા હતી. કેશવચંદ્ર સેનના પ્રયત્નોથી નવેમ્બર, ઈ.સ. 1870માં 'ઇન્ડિયન રિફોર્મ ઍસોસિયેશન'ની સ્થાપના થઈ, ઈ.સ. 1872માં બ્રહ્મ વિવાહ નિયમ બન્યા. ઈ.સ. 1846માં વિવાહની ઉંમર ઓછામાં ઓછી 10 વર્ષ નિયત હતી. જે સંમતિ વય અધિનિયમ (19 માર્ચ, 1891) અન્વયે કન્યાનાં લગ્નની ઉંમર 10થી વધારીને 12 વર્ષની કરવામાં આવી. ઈ.સ. 1930માં શારદા અધિનિયમ દ્વારા કન્યાની ઉંમર 14 વર્ષની કરવામાં આવી. આઝાદી પછી ઈ.સ. 1949 અને ઈ.સ. 1978માં આ ઉંમર ક્રમશઃ 15 વર્ષ અને 18 વર્ષની કરવામાં આવી. આ કાયદાઓનો ધીમે-ધીમે સ્વીકાર થયો. પશ્ચિમી સંસ્કૃતિનો પ્રભાવ, સંયુક્ત પરિવારનું વિઘટન અને શિક્ષણના પ્રસારથી બાળલગ્નની કુપ્રથા કાનૂની રીતે બંધ થઈ છે.

**કન્યા-કેળવણી :** મહિલાઓને શિક્ષણથી દૂર રાખવાનાં માઠાં પરિણામો ભારતમાં જોવા મળ્યાં હતાં. સમાજનું લગભગ અડધું અંગ શિક્ષણથી વંચિત રહે એ સમાજ માટે પણ ઘાતક પૂરવાર થાય. ઉપરાંત બાળકોના ઘડતરમાં સ્ત્રીઓનું યોગદાન મહત્ત્વપૂર્ણ છે. જો તેઓને શિક્ષણ ન મળે તો ભવિષ્યનો સમાજ પાંગળો બને એ માટે કન્યા-કેળવણીની જરૂરિયાત છે.

વુડના ખરીતામાં ભારતીય પ્રજામાં સ્ત્રીશિક્ષણને વધુ ઉત્તેજન મળે તેવાં પગલાં ભરવાનું ગવર્નર જનરલને સૂચન કર્યું. ખરીતામાં સૂચવેલ ગ્રાન્ટ ઇન એઇડ પદ્ધતિમાં કન્યાઓ માટેની શિક્ષણ સંસ્થાઓનો સમાવેશ કરવામાં આવ્યો.

ભારતમાં એ વખતના ગવર્નર જનરલ ડેલહાઉસીનું સ્ત્રી-કેળવણી પ્રત્યેનું હકારાત્મક વલણ હતું. કાઉન્સિલ ફૉર ઍજ્યુકેશનને માર્ગદર્શન આપતાં તેમણે જાહેર કર્યું હતું કે 'ઈ.સ. 1854ના ખરીતામાં શિક્ષણની જે જવાબદારી છે તે સરકારે સ્વીકારવી જોઈએ.' વુડના ખરીતાથી સ્ત્રી-કેળવણીના ખર્ચમાં ભારે વધારો કરવાનો અનુરોધ કર્યો, પરિણામે નવી કન્યાશાળાઓ શરૂ થઈ.

**વિધવાવિવાહ :** મધ્યકાલીન ભારતમાં પતિના મૃત્યુ બાદ વિધવાઓને પુનઃલગ્નની છૂટ મળતી ન હતી. તે સમયમાં આર્થિક ઉત્પાદનનું કાર્ય પુરુષો કરતા હતા. આવા પુરુષોનું મૃત્યુ થતાં વિધવા માટે જીવન જીવવું જ મુશ્કેલ થઈ જતું. આ દુર્દશા દૂર કરવા મહિલાઓને શિક્ષણ આપવું, તેઓને આર્થિક રીતે પગભર કરવી અને પુનઃલગ્નની છૂટ આપવી અત્યંત આવશ્યક હતી.

પ્રાચીન ભારતમાં વિધવાવિવાહની પ્રથા હતી, પરંતુ પછી આ પ્રથા બંધ થઈ. વિધવાઓનાં પુનઃલગ્ન માટે સમાજસુધારકોએ ભગીરથ પ્રયત્નો કર્યા, જેમાં રાજા રામમોહનરાય અને ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર મુખ્ય હતા. સમાજસુધારકોએ વિધવાવિવાહ માટે પુસ્તકો, ચોપાનિયાં (પેમ્ફલેટ) છાપી લોકોને આ માટે જાગ્રત કર્યા. મહારાષ્ટ્રમાં મહાદેવ ગોવિંદ રાનડે, રમાબાઈ રાનડે, જ્યોતિરાવ ફૂલે, સાવિત્રીબાઈ ફૂલે, મહર્ષિ કર્વે, ગોપાલકૃષ્ણ ગોખલે વગેરેએ પણ વિધવા પુનર્વિવાહ માટે અને બાળલગ્ન વિરુદ્ધ બહુ જ મોટી ઝુંબેશ ચલાવી. વિધવા-આશ્રમોની સ્થાપના કરી આ દૂષણો સામે પડકાર આપ્યો. સ્ત્રીઓને શિક્ષણ મળે તે માટે સંસ્થાઓ સ્થાપી.



નર્મદ

ગુજરાતમાં ઈ.સ. 1844માં દુર્ગારામ મહેતાજીએ સુરતમાં માનવધર્મસભાની સ્થાપના કરી લોકોને વહેમ, અંધશ્રદ્ધા અને દોરાધાગાની પ્રવૃત્તિઓમાંથી છોડાવવા મહત્ત્વપૂર્ણ કાર્ય કર્યું, તો ગુજરાતના મહાન સુધારકો નર્મદ, કરસનદાસ મૂળજી, મહિપતરામ રૂપરામ, દલપતરામ વગેરેએ પણ બાળલગ્ન અને વિધવાવિવાહની મનાઈ વિરુદ્ધ આંદોલનો ચલાવ્યાં. નર્મદે એક વિધવા સાથે લગ્ન કરી દાખલો બેસાડ્યો હતો. ગવર્નર જનરલ કાઉન્સિલના સભ્ય જે. બી. ગ્રાન્ટે રજૂ કરેલ બિલને જેને વિધવા પુનઃલગ્ન અધિનિયમ, 1856 તરીકે ઓળખાય છે. આ કાનૂન અંતર્ગત કોલકાતામાં શ્રીચંદ્ર વિદ્યારત્ન અને કાલીમતી દેવીના વિવાહ થયાં. શ્રીચંદ્ર વિદ્યારત્ન

સંસ્કૃત કૉલેજમાં અધ્યાપક હતા. એવી જ રીતે ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે વિધવા પુનર્વિવાહ ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ કાર્ય કર્યું. એવી જ રીતે આંધ્રમાં કુન્દકુરિ વીરેસલિંગમ, પશ્ચિમ ભારતમાં મહાદેવ ગોવિંદ રાનડે, ડી. કે. કર્વે, આર. જી. ભાંડારકર, બી. એમ. માલાબારીએ પ્રસંશનીય કાર્ય કર્યું.

## રામકૃષ્ણ મિશન અને સ્વામી વિવેકાનંદ

રામકૃષ્ણ પરમહંસ કોલકાતા પાસેના દક્ષિણેશ્વરના ઉચ્ચ કોટિના મહાન સંત હતા. રામકૃષ્ણ પરમહંસના સરળ તથા પ્રબળ વ્યક્તિત્વને કારણે બંગાળના નવયુવાનોમાં સૌથી તેજસ્વી યુવાન કોલકાતાના યુનિવર્સિટીના યુવાન ગ્રેજ્યુએટ નરેન્દ્રનાથ દત્ત, જે પાછળથી સ્વામી વિવેકાનંદના નામે પ્રસિદ્ધ થયા. (તેમનો જન્મ 12મી જાન્યુઆરી, 1863માં થયેલ, પિતાનું નામ વિશ્વનાથ દત્ત અને માતાનું નામ ભુવનેશ્વરી દેવી હતું). સ્વામી વિવેકાનંદે રામકૃષ્ણ પરમહંસની ઉદાર ધર્મભાવના અને સેવાભાવનાનો પ્રચાર કરવા માટે રામકૃષ્ણ મિશન નામની સંસ્થાની સ્થાપના (ઈ.સ. 1897માં) કરી.



સ્વામી વિવેકાનંદ

તેમણે અમેરિકાના શિકાગો શહેરમાં (ઈ.સ. 1893માં) ભરાયેલ સર્વધર્મ સંમેલનમાં ભાગ લીધો. વિશ્વધર્મપરિષદના સભ્યોને 'ભાઈઓ અને બહેનો' (Brothers and Sisters) શબ્દો દ્વારા સંબોધન કરીને સૌને મુગ્ધ કર્યા. પછી તેઓએ વિવિધ દેશોનો પ્રવાસ કર્યો અને ભારતીય સંસ્કૃતિનો પ્રચાર-પ્રસાર કર્યો.

**ઉપદેશ :** તેમણે તે સમયના પ્રચલત સામાજિક દૂષણો તથા ધાર્મિક ક્રિયાકાંડોનો સખત વિરોધ કર્યો. તેમણે સમાજસેવા અને સમાજ-સુધારણાનો ઉપદેશ આપ્યો. તેઓ સ્પષ્ટ માનતા હતા કે, જે ધર્મ કે ઈશ્વર વિધવાનાં આંસુ લૂછી શકે નહિ અથવા નિરાધાર બાળકોનાં મુખમાં રોટીનો ટુકડો મૂકી શકે નહિ, તે ધર્મ કે ઈશ્વરમાં હું માનતો નથી. તેઓ કહેતા કે ''પહેલાં અન્ન પછી ધર્મ.'' તેઓ મનુષ્ય માત્રમાં ઈશ્વરનાં દર્શન કરતા હતા. તેમના મત મુજબ ''માનવસેવા એ જ પ્રભુ સેવા છે.'' તેઓ યુવાનોને કહેતા કે उतिष्ठत, जाग्रत, प्राप्य वरान्निबोधत। 'ઊઠો, જાગો અને ધ્યેયપ્રાપ્તિ સુધી મંડ્યા રહો.'' તેમની વાણીમાં ડહાપણનું ઊંડાણ, અનુભવનો નિચોડ અને શબ્દોની તાજગી જોવા મળે છે. તેઓ નવી વિચારધારાના પ્રતીક અને ભવિષ્ય માટે એક મહાન શક્તિના સ્રોત બન્યા.

અંગ્રેજોએ શિક્ષણ-વ્યવસ્થાને ચોક્કસ ઢાંચામાં ઢાળવાનો પ્રયત્ન કર્યો. તેમના શિક્ષણનો મુખ્ય હેતુ શાસન સુવ્યવસ્થિત ચલાવવા માટેના કારકુનો પેદા કરવા સુધી સીમિત હતો, પરિણામે ભારતમાં શિક્ષણને વેગ મળી શક્યો નહિ. તે સમયની સ્થિતિમાં ભારતમાં વર્ષોથી દૃઢ થયેલાં દૂષણોને દૂર કરવા માટે પણ સમાજસુધારકોએ કમર કસી વિવિધ સંસ્થાઓની સ્થાપના કરી આ દૂષણો સામે તેમણે ચોપાનિયાં, પુસ્તકો કે સભાઓ દ્વારા જાગૃતિ ફેલાવી સમાજસુધારકોની આ પ્રવૃત્તિને કારણે અંગ્રેજ સરકારે કેટલાંક દૂષણો વિરુદ્ધ કાયદો ઘડી આ દૂષણો દૂર કરવા પ્રયત્નો કર્યા. સમય જતાં સમાજે તે સ્વીકારી પ્રગતિ તરફ કદમ માંડ્યાં.

## સ્વાધ્યાય

### 1. નીચેના પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં લખો :

(1) ગોપાલકૃષ્ણ ગોખલેએ અંગ્રેજ સરકારને કયો કાયદો ઘડવા સૂચન કર્યું ?

(2) ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે કયા વિદ્યાલયની સ્થાપનામાં અગત્યનો ભાગ ભજવ્યો હતો ?

(3) ગાંધીજીના મત મુજબ પ્રાથમિક શિક્ષણનો અભ્યાસક્રમ કેટલાં વર્ષનો રાખવો જોઈએ ?

(4) દુર્ગારામ મહેતાએ કઈ સંસ્થાની સ્થાપના કરી ?

### 2. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :

(1) સર સયાજીરાવ ગાયકવાડ અને તેમનાં પત્ની દ્વારા શિક્ષણના ફેલાવા માટે શું પગલાં ભરવામાં આવ્યાં ?

(2) ગાંધીજીના મતે સાક્ષરતા એટલે શું ?

(3) વુડના ખરીતામાં શિક્ષણસંબંધી કઈ-કઈ ભલામણો કરવામાં આવી ?

(4) મહારાષ્ટ્રમાં વિવિધ સુધારકો દ્વારા કન્યાશિક્ષણ માટે કયા-કયા પ્રયત્નો કરવામાં આવ્યા ?

### 3. ટૂંક નોંધ લખો :

(1) બ્રહ્મોસમાજની પ્રવૃત્તિઓ

(2) વિધવાવિવાહ

(3) રવીન્દ્રનાથ ટાગોરના શિક્ષણ અંગેના વિચારો

(4) સ્વામી વિવેકાનંદનો ઉપદેશ

### 4. નીચે આપેલ વિકલ્પમાંથી સાચો વિકલ્પ શોધી ઉત્તર લખો :

(1) ભવ્યએ ગાંધીજીના કાર્યકરોની યાદી તૈયાર કરવાની છે. નીચેનામાંથી કોનો સમાવેશ તે નહિ કરે ?

(A) પૂર્ણિમાબહેન પકવાસા (B) જુગતરામ દવે

(C) દુર્ગારામ મહેતા (D) ઠક્કરબાપા

(2) અંગ્રેજોના આગમન પહેલાંના ભારતીય શિક્ષણમાં નીચેનામાંથી કઈ બાબતનો સમાવેશ થશે ?

(A) વિષયવાર પાઠ્યપુસ્તકો (B) મૌખિક શિક્ષણ

(C) તાલીમ પામેલ શિક્ષકો (D) દરેક ધોરણ માટે અલગ વર્ગખંડ

(3) ભારતની જૂની શૈક્ષણિક સંસ્થાઓ ઘટવા પાછળ કયાં કારણને તમે જવાબદાર ગણશો ?

(A) અંગ્રેજીના જાણકારને નોકરીમાં અગ્રતા

(B) અંગ્રેજો દ્વારા રોજગારીની તકોમાં વધારો

(C) ખેતીનો વિકાસ

(D) કન્યાશિક્ષણ વિરુદ્ધ કાયદો ઘડવામાં આવેલ

## 5. જોડકાં જોડો :

| અ | બ |
|---|---|
| (1) ઍલેક્ઝાન્ડર ડફ | (A) સ્ત્રીઓ માટેના વિશ્વવિદ્યાલયની સ્થાપના |
| (2) દયાનંદ સરસ્વતી | (B) ‘સોમપ્રકાશ’ સામયિક દ્વારા સુધારણા-ઝુંબેશ |
| (3) ડી. કે. કર્વે | (C) લગ્નવય સંમતિધારો |
| (4) કેશવચંદ્ર સેન | (D) બનારસ સંસ્કૃત કૉલેજની સ્થાપના |
| (5) જોનાથન ડંકન | (E) લાહોરમાં ઍંગ્લો વૈદિક કૉલેજની સ્થાપના |
| | (F) પાશ્ચાત્ય શિક્ષણ આપતી સંસ્થાઓની સ્થાપના |

### વિશેષ પ્રશ્નો

(1) મહાત્મા ગાંધી અને રવીન્દ્રનાથ ટાગોરનાં શિક્ષણ અંગેના વિચારોમાં રહેલી સમાનતા અને તફાવત જણાવો.

(2) બાળલગ્ન અને કન્યા-કેળવણીના અભાવ જેવી સમસ્યાઓના કારણે વ્યક્તિ અને સમાજના વિકાસમાં કેવા-કેવા અવરોધો આવે છે ?

(3) અંગ્રેજોના આગમન પૂર્વેની શૈક્ષણિક પદ્ધતિ અને વર્તમાન શિક્ષણ પદ્ધતિમાં કયા તફાવત જોવા મળે છે ?

# 6 સ્વાતંત્ર્ય-ચળવળો (ઈ.સ. 1870થી ઈ.સ. 1947)

I1M7D4

આપણે ભારતમાં અંગ્રેજી શાસનની સ્થાપના, ઈ.સ. 1857નો સંગ્રામ અને 19મી સદીની ભારતની સામાજિક, આર્થિક, રાજકીય અને શૈક્ષણિક સ્થિતિ વિશે અભ્યાસ કર્યો. અહીં આપણે ભારતમાં રાષ્ટ્રવાદનો ઉદ્ભવ અને વિકાસ તથા સ્વાતંત્ર્યસંગ્રામની રાષ્ટ્રીય ચળવળો વિશે અભ્યાસ કરીશું.

## રાષ્ટ્રવાદનો ઉદ્ભવ અને વિકાસ

રાષ્ટ્રવાદ એટલે રાષ્ટ્ર માટે તન, મન અને ધન ન્યોછાવર કરવાની ભાવના. રાષ્ટ્રવાદ એટલે પોતાના રાષ્ટ્ર પ્રત્યે એકાત્મકતા અને ગૌરવની ભાવના. આમ, રાષ્ટ્રવાદ કોઈ એક નિશ્ચિત ભૂ ભાગમાં રહેતી પ્રજા પોતાના વારસા અને સંસ્કૃતિથી પોતાને એક માને, તે ભાવનાત્મક રીતે અભિવ્યક્ત કરે તેને રાષ્ટ્રવાદ કહેવામાં આવે છે. આવી ઉત્કટ ભાવનામાં ભૌગોલિક, સાંસ્કૃતિક સમાનતાનો ભાવ રહેલો હોય છે. રાષ્ટ્રવાદી વિચારધારાના નિર્માણ થવા માટે કયાં પરિબળો કે પરિસ્થિતિઓ જવાબદાર હતી, તેનો અભ્યાસ કરીએ.

1. જ્યાં સુધી ભારતીય જનતાને અમે એક છીએ, અમારા હિતો એક છે તેવો ખ્યાલ ન આવે ત્યાં સુધી તેમનામાં રાષ્ટ્રીય એકતાની ભાવનાનો ઉદય થાય નહિ. ભારતમાં આવી રાષ્ટ્રીય એકતાનો ખ્યાલ અજાણતા જ અંગ્રેજોએ આપ્યો હતો. અંગ્રેજ કંપનીએ દેશને એકહથ્થું શાસન નીચે આણ્યા બાદ દેશમાં સમાન કાયદો અને સમાન વહીવટની શરૂઆત થઈ. આમ, અંગ્રેજી શાસને અજાણતા લોકોમાં રાષ્ટ્રીય એકતાનાં બીજ રોપ્યાં.
2. અંગ્રેજ સરકારની આર્થિક શોષણની નીતિના પરિણામે ખેડૂતો પાયમાલ થયા અને ઉદ્યોગધંધા પડી ભાંગતા કારીગર વર્ગ બેરોજગાર થયો. આમ, આર્થિક અસંતોષ અને અન્યાયની ભાવનાએ લોકોને અંગ્રેજ સરકાર સામે એક કર્યા.
3. અંગ્રેજી કેળવણીના પરિપાકરૂપે ભારતમાં બુદ્ધિજીવીઓનો એક નાનો પરંતુ શક્તિશાળી વર્ગ ઊભો થયો. પાશ્ચાત્ય શિક્ષણે તેમનામાં સ્વશાસન અને સ્વતંત્રતાની ઝંખના જન્માવી. જેના કારણે શ્રેષ્ઠ વિચારકો અને નેતાઓ રાષ્ટ્રને મળ્યા. ભારતમાં અંગ્રેજી ઉપરાંત હિન્દી, ગુજરાતી, મરાઠી, પંજાબી, બંગાળી, ઉર્દૂ વગેરે ભાષાઓમાં ઘણુંબધું સાહિત્ય રચાયું. આ સાહિત્યમાં રાષ્ટ્રવાદ, પૌરાણિક ગૌરવ અને વૈચારિક જાગરણને લગતા વિચારો પૂરતા પ્રમાણમાં રહેતા. રાષ્ટ્રવાદના વિકાસમાં જાગ્રત વર્તમાનપત્રોનો ફાળો પણ ભૂલી ન શકાય.
4. અંગ્રેજોના સમયમાં ભારતમાં પુરાતત્ત્વીય સંશોધન થયાં અને ભારતીય પ્રાચીન ગ્રંથોનો વિદેશી ભાષાઓમાં અનુવાદ થયો તથા આ સાથે ભારતના ભૂતકાળની ભવ્યતા વિશ્વ સમક્ષ પ્રગટ થઈ. આટલો ભવ્ય ભૂતકાળ ધરાવતી પ્રજા ગુલામ કઈ રીતે રહી શકે ? તે પ્રશ્ન પ્રજામાનસમાં ઘુમરાવા લાગ્યો.
5. અંગ્રેજોના સમયમાં તાર, ટપાલ અને રેલવેની શરૂઆત થઈ. એક પ્રદેશના લોકો બીજા પ્રદેશના લોકો સાથે સંપર્કમાં આવતા તેમનામાં રાષ્ટ્રીય એકતાના વિચારોને બળ મળ્યું.
6. રાષ્ટ્રીય એકતાને વેગ આપનાર કેટલાક પ્રસંગો હતા, જેમાં હિન્દી સનદી નોકરીઓમાં ભારતીયો સાથે કરવામાં આવતો અન્યાય, લિટનનો પ્રેસ સ્વાતંત્ર્ય પર કાપ મૂકતો વર્નાક્યુલર પ્રેસ ઍક્ટ અને હથિયારબંધી ધારો તેમજ રિપનના સમયમાં પસાર થયેલ ઈલ્બર્ટ બિલના પ્રમાણે ભારતીય ન્યાયાધીશ યુરોપિયન વ્યક્તિનો કેસ પણ ચલાવી શકે જેનો અંગ્રેજોએ વિરોધ કર્યો. પરિણામે સરકારે આ વિધેયક પાછું ખેંચ્યું. આ બધી જ બાબતોએ ભારતીયોને રાષ્ટ્રીય એકતા માટે તૈયાર કર્યા.

## હિન્દી રાષ્ટ્રીય મહાસભા (કૉંગ્રેસ)ની સ્થાપના


રાષ્ટ્રવાદના વિચારોને ચોક્કસ દિશા આપવા એક રાષ્ટ્રીય સંસ્થાની જરૂરિયાત હતી જે અંગ્રેજોની સામે ભારતીયોના હિતોની રજૂઆત કરે. હિન્દી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના પહેલાં ભારતમાં કેટલીક સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી હતી. આ બધી જ સંસ્થાઓએ હિન્દી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના માટેનું વાતાવરણ તૈયાર કર્યું. હિન્દી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના માટે નિવૃત્ત અંગ્રેજ અધિકારી એ. ઓ. હ્યુમનો ફાળો મહત્ત્વનો છે. તેમણે અંગ્રેજ સરકારને ભારતીય પ્રજામાં અંગ્રેજો સામે ફેલાયેલા આક્રોશ અને અસંતોષથી વાકેફ કર્યા. તેઓનું માનવું હતું કે જો આ અસંતોષ કે આક્રોશ રોકવામાં નહિ આવે, તો ઈ.સ. 1857ના પ્રથમ સ્વાતંત્ર્યસંગ્રામ જેવી ઘટના ફરી નિર્માણ પામશે. 28 ડિસેમ્બર, 1885ના રોજ કૉંગ્રેસનું પ્રથમ અધિવેશન મુંબઈમાં ગોકુલદાસ તેજપાલ સંસ્કૃત પાઠશાળામાં મળ્યું. જેમાં 72 જેટલા પ્રતિનિધિઓએ હાજરી આપી હતી અને વ્યોમેશચંદ્ર બેનરજી આ અધિવેશનના પ્રમુખ હતા. દાદાભાઈ નવરોજી, ફિરોજશાહ મહેતા, બદરુદીન તૈયબજી, કે. ટી. તેલંગ, ગોપાલકૃષ્ણ ગોખલે, દિનશા વાચ્છા વગેરે મુખ્ય આગેવાનો હતા.

| હિન્દી રાષ્ટ્રીય મહાસભા અગાઉનાં સંગઠનો | |
|---|---|
| બ્રિટિશ ઈન્ડિયન ઍસોસિયેશન | કોલકાતા |
| બોમ્બે ઍસોસિયેશન | મુંબઈ |
| મદ્રાસ નેટિવ સભા | ચેન્નઈ |
| પૂના સાર્વજનિક સભા | પૂણે |
| ઈન્ડિયન ઍસોસિયેશન | કોલકાતા |
| ગુજરાત સભા | અમદાવાદ |



કૉંગ્રેસનું પ્રથમ અધિવેશન

તેના પ્રથમ તબક્કાના (ઈ.સ.1885-1905) સમયગાળા દરમિયાન મહાસભાએ સરકાર સામે રાજકીય હકો, આર્થિક અને સામાજિક વિકાસ, શૈક્ષણિક પ્રગતિ વગેરે માટે કરેલી માંગણીઓને અંગ્રેજ સરકારે અવગણી હતી. આમ છતાં આ માંગણીઓએ ભવિષ્યની લડત માટે મજબૂત પાયો નાખ્યો. મહાસભાએ ધારાસભાના વિસ્તાર કરવાની માંગણી, લશ્કરી ખર્ચ ઘટાડવું. કરવેરા ઘટાડવા, ખેડૂતોને દેવામાં



લાલા લજપતરાય (લાલ)



બાળ ગંગાધર ટિળક (બાલ)



બિપીનચંદ્ર પાલ (પાલ)


રાહત આપવી, સિવિલ સેવા પરીક્ષા ભારત અને લંડનમાં એક સાથે લેવાય, અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય વગેરે માંગણીઓ કરેલ. પ્રથમ તબક્કાના ઉદ્દેશ્યો અને કાર્યોને જોતા કહી શકાય કે મહાસભા બંધારણીય અને લોકશાહી પદ્ધતિ દ્વારા અંગ્રેજ સરકારની અયોગ્ય નીતિનો વિરોધ કરતી હતી. જે ચર્ચાઓ, ઠરાવો દ્વારા પોતાની માંગણીઓ અરજી સ્વરૂપે વાઇસરૉય પાસે મોકલતી. આ પ્રકારના નરમ કે મવાળવાદી વલણને લીધે તેઓ 'મવાળવાદીઓ' તરીકે ઓળખાયા. મવાળવાદી નેતાઓએ હિંદના સુશિક્ષિત મધ્યમ વર્ગને સંગઠિત કરી રાષ્ટ્રીય ચેતના માટેની ભૂમિકા તૈયાર કરી. આજ સમયગાળા દરમિયાન કૉંગ્રેસમાં બાળ ગંગાધર ટિળક, લાલા લજપતરાય અને બિપીનચંદ્ર પાલ જેવા નેતાઓ કૉંગ્રેસની મવાળ નીતિરીતિઓમાં આમૂલ પરિવર્તનની માંગણી કરતા. તેમણે વિનંતી કે પ્રાર્થના કરવાની કૉંગ્રેસની નીતિની ટીકા કરી. તેઓ કહેતા, ''સરકારના નેક ઇરાદા પર વિશ્વાસ કરતા આપણે આપણી શક્તિ પર વિશ્વાસ કરવો જોઈએ.'' તેઓ જહાલવાદી તરીકે ઓળખાયા. ટિળક મહારાજે કહ્યું કે, ''સ્વરાજ મારો જન્મસિદ્ધ અધિકાર છે, તે હું લઈને જ જંપીશ.'' લાલ, બાલ અને પાલની કામગીરીના પરિણામે જાગ્રત થયેલો હિંદનો યુવા વર્ગ ઉત્સાહી, આત્મવિશ્વાસી અને આક્રમક હતો.

જહાલવાદી નેતાઓમાં પોતાના વિચારોનો ફેલાવો કરવા લોકમાન્ય ટિળકે 'ધી મરાઠા' (અંગ્રેજી) અને 'કેસરી' (મરાઠી), લાલા લજપતરાયે 'ધી પંજાબી' અને 'ધી પ્યુપિલ' તથા બિપીનચંદ્ર પાલે 'ન્યૂ ઇન્ડિયા' સાપ્તાહિક અને 'વંદે માતરમ' વર્તમાનપત્રો શરૂ કર્યાં.

ઈ.સ. 1905માં વાઇસરૉય કર્ઝને 'ભાગલા પાડો અને રાજ કરો'ની નીતિના એક ભાગરૂપે વહીવટી સુગમતાના બહાના નીચે બંગાળના ભાગલા પાડ્યા. જેની સામે બહિષ્કાર, રાષ્ટ્રીય શિક્ષણ અને સ્વદેશી પ્રસાર દ્વારા બંગભંગ આંદોલન ચલાવવામાં આવ્યું. આંદોલનની અસરના કારણે ઈ.સ. 1911માં બ્રિટિશ સરકારે બંગાળના ભાગલા રદ કર્યા. ભારતીયોનો આ એક યાદગાર વિજય હતો.

### ભારતમાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓ

ભારતમાં નવયુવાનોનો એક વર્ગ કોઈ પણ ભોગે સ્વરાજ મેળવવા માંગતો હતો. આ માટે તે હસતા મુખે બલિદાન દેવા પણ તૈયાર હતો. તે માતૃભૂમિ કાજે જાન આપવા પણ તૈયાર રહેતા અને જાન લેવાની પણ હિંમત ધરાવતા. ભારતમાં ક્રાંતિકારી પ્રવૃત્તિની શરૂઆત વાસુદેવ બળવંત ફડકેએ કરી. વાસુદેવ બળવંત ફડકેએ પછાત જાતિઓને સંગઠિત કરી લડાયક તાલીમ આપી. મહારાષ્ટ્ર અને મુંબઈ ઇલાકાના ઘણા ભાગોમાં ભયંકર પ્લેગ રોગ ફેલાતા મુખ્ય પ્લેગ કમિશનર રેન્ડ અને તેમના મદદનીશો દ્વારા લોકોને ખૂબ પરેશાન કરવામાં આવ્યા ત્યારે દામોદર ચાફેકર અને બાલકૃષ્ણ ચાફેકર બંધુઓએ રેન્ડની હત્યા કરી. વિનાયક સાવરકરે ઈ.સ. 1900માં 'મિત્રમેલા' નામની ક્રાંતિકારી સંસ્થા સ્થાપી જે બાદમાં 'અભિનવ ભારત' તરીકે ઓળખાઈ. તેમનું પુસ્તક ''1857 : પ્રથમ સ્વાતંત્ર્યસંગ્રામ'' પ્રકાશિત થતાં પહેલાં પ્રતિબંધિત થનાર વિશ્વનું પહેલું પુસ્તક હતું. તેમણે વિદેશમાં ક્રાંતિકારી પ્રવૃત્તિ ચલાવી અને જન્મટીપની સજા વહોરી. અંદમાન જેલમાં મોકલાયા જ્યાં તેમની તબિયત બગડતા ભારતમાં નજરકેદ હેઠળ રખાયા. આ જ અરસામાં કોલકાતામાં અનુશીલન સમિતિની સ્થાપના કરવામાં આવી. બારીન્દ્ર ઘોષ પછીથી તેના મુખ્ય આગેવાન બન્યા. આ સંસ્થાએ પણ ક્રાંતિકારી સાહિત્ય, તાલીમ વગેરે દ્વારા ક્રાંતિકારી પ્રવૃત્તિનો સારો ફેલાવો કર્યો. ખુદીરામ બોઝ અને પ્રફુલ ચાકીએ બંગાળમાં ક્રાંતિકારી પ્રવૃત્તિ ચલાવી. ન્યાયાધીશ કિન્ગ્સફર્ડની હત્યા કરવા યોજના ઘડી તેમની બગી પર બૉમ્બ ફેંકવામાં આવ્યો પરંતુ કિન્ગ્સફર્ડની જગ્યાએ ગાડીમાં બેઠેલ વકીલ કૅનેડીનાં પત્ની, તેમની દીકરી મૃત્યુ પામ્યાં. ખુદીરામને ફાંસીની સજા થઈ અને પ્રફુલ ચાકીએ પોતાને ગોળી મારી બલિદાન પસંદ કર્યું. રામપ્રસાદ બિસ્મિલ અને અશફાક ઉલ્લાખાને હિંદુ-મુસ્લિમ એકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું. તેમણે કાકોરી ટ્રેન લૂંટની યોજનામાં ભાગ લીધો. ક્રાંતિકારી પ્રવૃત્તિઓ અને હથિયારોની ખરીદી



વિનાયક દામોદર સાવરકર



ખુદીરામ બોઝ



રામપ્રસાદ 'બિસ્મિલ'




અશફાક ઉલ્લાખાન

માટે નાણાંની આવશ્યકતા હોઈ કાકોરી ટ્રેનમાં અંગ્રેજ તિજોરીને લૂંટવામાં આવી. અશફાક, રામપ્રસાદ બિસ્મિલ, રોશનસિંહ અને રાજેન્દ્રપ્રસાદ પકડાયા, તેમને ફાંસીની સજા થઈ.


આ સમયે ક્રાંતિકારીઓ વચ્ચે સંપર્કનું માધ્યમ દુર્ગાભાભી હતાં. તેમણે મહિલાઓને ક્રાંતિકારી પ્રવૃત્તિઓમાં સક્રિય બનાવી. પોસ્ટરો ચોંટાડવા, પત્રિકાઓ વહેંચવી, અદાલતોમાં કેસ માટે નાણાં એકત્ર કરવા, બંદૂકો ચલાવવી વગેરે ક્રાંતિકારી પ્રવૃત્તિઓમાં ભાગ લીધો. ચંદ્રશેખર આઝાદે ક્રાંતિકારી પ્રવૃત્તિઓમાં બાળપણથી જ સક્રિય બન્યા હતા. કાકોરી લૂંટમાં પણ સક્રિય રહ્યા હતા. તેમણે પ્રતિજ્ઞા લીધી હતી કે જીવતે જીવ અંગ્રેજ સરકારના હાથમાં પકડાઈશ નહિ. ઈ.સ. 1931માં અલાહાબાદના આલ્ફ્રેડ બાગમાં અંગ્રેજો સાથેના સંઘર્ષમાં પોતાની જ પિસ્તોલથી શહીદી વહોરી.

## વિદેશોમાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓ

ભારતમાં અને વિદેશની ધરતી પર ઘણા નામી-અનામી લોકોએ દેશને સ્વતંત્રતા અપાવવા શહાદત વહોરી છે. પ્રથમ વિશ્વ યુદ્ધ પૂર્વે વિદેશોમાં વસતા ભારતીય ક્રાંતિકારીઓ વધુ સક્રિય થયા અને ઇંગ્લૅન્ડ, અમેરિકા, ફ્રાંસ વગેરે દેશોમાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓ ચલાવવામાં આવી. જેમાં કચ્છના વતની શ્યામજીકૃષ્ણ વર્માએ ઇંગ્લૅન્ડમાં 'ઇન્ડિયન હોમરૂલ સોસાયટી'ની સ્થાપના કરી. સંસ્થાના પ્રચાર માટે 'ઇન્ડિયન સોસિયોલૉજિસ્ટ' નામનું સામયિક શરૂ કર્યું અને સંસ્થાના કાર્યાલયને 'ઇન્ડિયા હાઉસ' નામ આપ્યું. મદનલાલ ઢીંગરા, વિનાયક સાવરકર, મૅડમ ભીખાઈજી કામા લંડનમાં શ્યામજીકૃષ્ણ વર્માની સાથે ક્રાંતિકારી પ્રવૃત્તિઓમાં જોડાયાં. સોશિયોલૉજિસ્ટ મદનલાલ ઢીંગરાએ ઈ.સ. 1909માં



ચંદ્રશેખર આઝાદ



શ્યામજીકૃષ્ણ વર્મા



મૅડમ ભીખાઈજી કામા

વિલિયમ વાયલીને ગોળી મારી હત્યા કરતાં તેમને ફાંસી આપવામાં આવી. શ્યામજીકૃષ્ણ વર્મા લંડનથી પૅરિસ ગયા બાદ લંડનમાં તેમની કામગીરી સાવરકરે સંભાળી. ઈ.સ. 1857ના સંગ્રામની સુવર્ણ વર્ષની ઉજવણી ઈ.સ. 1907માં કરતા તેમની ધરપકડ કરવામાં આવી તેમને જેલની સજા થઈ. મૅડમ ભીખાઈજી રુસ્તમ કામાએ ઈ.સ. 1902માં યુરોપમાં ‘વંદેમાતરમ’ વર્તમાનપત્ર શરૂ કર્યું. ઈ.સ. 1907માં જર્મનીના સ્ટુટગાર્ડમાં યોજાયેલ બીજી આંતરરાષ્ટ્રીય સમાજવાદી પરિષદમાં ભારતનો પ્રથમ તિરંગો રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો. શ્યામજીકૃષ્ણ વર્માના સાથીદાર સરદારસિંહ રાણાએ પૅરિસમાં સભાઓ ભરી અંગ્રેજી દમનનો વિરોધ કર્યો. ફ્રેન્ચ, સરકારે તેમને હદપાર કર્યા. આ ઉપરાંત તારકનાથ દાસ, લાલા હરદયાલ, અફઘાનિસ્તાનના રાજા મહેન્દ્ર પ્રતાપ, બર્કતુલ્લા, રાસબિહારી ઘોષ, ચંપક રમણ પિલ્લાઈ જેવા નામી-અનામી ઘણા ક્રાંતિકારીઓએ વિદેશોમાં ક્રાંતિકારી પ્રવૃત્તિ ચલાવી રાષ્ટ્રને સ્વતંત્રતા અપાવવા સક્રિય પ્રયત્નો કર્યા.

## માનગઢ હત્યાકાંડ


માનગઢ હત્યાકાંડ 17 નવેમ્બર, 1913 ના રોજ ગુજરાત–રાજસ્થાનની સરહદ પર આવેલ માનગઢ ડુંગર પર સર્જાયો હતો. તેને આદિવાસીઓના બલિદાનની ગૌરવશાળી ઘટના ગણવામાં આવે છે. આ સમયે ગોવિંદ ગુરુની ભગત ચળવળથી ભીલોમાં નવજીવનનો સંચાર થયો તેમજ તેમનામાં આત્મસન્માનની ભાવનાનો વિકાસ થયો અને તેમનાં જીવનમાંથી અંધશ્રદ્ધા, વહેમો, બદીઓ અને કુરિવાજો દૂર કરવા પ્રેરણા મળતા ઉન્નતિ માટે પ્રયાસો કર્યા. આ સાથે 17 નવેમ્બર, 1913ના રોજ હજારો ભીલો અંગ્રેજોથી અને દેશીરાજ્યોથી મુક્તિ મેળવવાના સ્વપ્ન સાથે માનગઢ ડુંગર પર એકત્રિત થયા. તે દિવસે બ્રિટિશ લશ્કર અને સહયોગી દેશી રજવાડાના લશ્કરે માનગઢના ડુંગર પર હુમલો કર્યો. વિદ્વાનોના મતે 1200થી વધુ આદિવાસીઓ શહીદ થયા. અંગ્રેજોએ આ ચળવળને ભારે ક્રૂરતાપૂર્વક દબાવી દીધી અને ગોવિંદ ગુરુની ધરપકડ કરી હતી. તેમની મુક્તિ બાદ તેઓ કંબોઈ (તા. લીમડી, જિ. દાહોદ) ખાતે રહ્યા હતા. આજે ત્યાં તેમની સમાધિ છે. આ ઉપરાંત વ્યારા આદિવાસી આંદોલન (ઈ.સ. 1914) તાપી જિલ્લામાં થયું હતું. દઢવાવ, આદિવાસી આંદોલન (ઈ.સ. 1922) વિજયનગર તાલુકા (જિ. સાબરકાંઠા)માં થયું હતું. આ આંદોલનોને દબાવી દેવામાં આવ્યાં હતાં.

**પ્રવૃત્તિ**

તમારા શિક્ષક પાસેથી દઢવાવ અને વ્યારાની આદિવાસી ચળવળોની વિશેષ માહિતી મેળવો.

## ગાંધીજીનું હિંદમાં આગમન

ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં રંગભેદનીતિની સામે સત્યાગ્રહની સફળ લડત લડી ઈ.સ. 1915 માં ભારત પરત ફર્યા. તેમણે ગોપાલકૃષ્ણ ગોખલે પાસેથી પ્રેરણા મેળવી ભારતના ઘણાખરા ભાગોનો પ્રવાસ કર્યો. તેમને સમજાયું કે ભારતની ગરીબીના મૂળમાં અંગ્રેજો દ્વારા થતું શોષણ કારણભૂત છે. પોતાની પ્રવૃત્તિઓને વેગ આપવા માટે ઈ.સ. 1915માં કોચરબ આશ્રમની અને ઈ.સ. 1917માં સાબરમતી આશ્રમની સ્થાપના કરી. ગાંધીજીના શરૂઆતના સત્યાગ્રહોમાં ચંપારણ સત્યાગ્રહ, ખેડા સત્યાગ્રહ, અમદાવાદના મજૂરોના પ્રશ્ન બાબતે લડતનો સમાવેશ થાય છે. આ બધા સત્યાગ્રહોના પરિણામે ગાંધીજીને વલ્લભભાઈ પટેલ અને રાજેન્દ્રપ્રસાદ જેવા સાથીદારો મળ્યા.



મહાત્મા ગાંધી

## ચંપારણ સત્યાગ્રહ

હિમાલયની તળેટીમાં બિહારમાં ચંપારણ આવેલ છે. 19મી સદીની શરૂઆતથી જ અહીં યુરોપિયનોએ ગળીના બગીચા અને કારખાનાં સ્થાપ્યાં હતાં. અહીં ખેડૂતોને જમીનના $\frac{3}{20}$ ભાગ પર ફરજિયાત ગળીની ખેતી કરવાની ફરજ પાડવામાં આવતી. આ પદ્ધતિને ‘તીન કઠિયા’ પદ્ધતિ તરીકે ઓળખવામાં આવતી. ચંપારણના ખેડૂતો પર વધુ મહેસૂલ

અને વેરા નાખવામાં આવતા જેથી તેમની મુશ્કેલીમાં વધારો થયેલ. ચંપારણના ખેડૂત રાજકુમાર શુક્લના આગ્રહથી ગાંધીજી મોતીહારી આવ્યા. ત્યારે તેમની હાજરી જનશાંતિ માટે ખતરારૂપ ગણી તેમને તાત્કાલિક ચંપારણ છોડી જવાનો મૅજિસ્ટ્રેટે આદેશ આપ્યો પરંતુ ગાંધીજીએ આ નોટિસનો અનાદર કર્યો. અંતે ગાંધીજીને ખેડૂતોના પ્રશ્નોને સમજવા પ્રયત્નો કરવાની પરવાનગી મળી. ગાંધીજીનો આ સત્યાગ્રહ સફળ થયો.

### ખેડા-સત્યાગ્રહ

ખેડા જિલ્લામાં ઈ.સ. 1917માં અતિવૃષ્ટિના કારણે પાક નિષ્ફળ ગયો હતો તેમ છતાં અંગ્રેજ સરકારે મહેસૂલ માફ કરવાને બદલે મહેસૂલ ઉઘરાવવાનું નક્કી કર્યું. પરિણામે ગાંધીજી અને વલ્લભભાઈ પટેલની આગેવાની નીચે લોકોને સત્યાગ્રહ કરવાની ફરજ પડી. આ લડતમાં વલ્લભભાઈ પટેલ નેતા તરીકે ઊભરી આવ્યા. તેમણે વકીલાત છોડી સેવાવ્રત સ્વીકાર્યું. ગાંધીજીએ ખેડૂતોને કહ્યું કે, ''સરકાર આપણી માંગણી ન સ્વીકારે તો આપણે મહેસૂલ ભરવાનું નથી.'' સરકારે મહેસૂલની રકમ ઉઘરાવવા જપ્તી શરૂ કરી. આ સમયે સરકારે જપ્ત કરેલ એક ખેતરમાં ડુંગળીનો પાક તૈયાર હતો. ગાંધીજીની સલાહથી મોહનલાલ પંડ્યા પોતાના સાથીદારો સાથે આ પાક કાપી લાવ્યા. સરકારે મોહનલાલને પકડી 15 દિવસની જેલની સજા કરી. તે છૂટ્યા ત્યારે લોકોએ સ્વાગત કર્યું ગાંધીજીએ તેમને 'ડુંગળી ચોર'નું બિરુદ આપ્યું. સત્યાગ્રહમાં અંતે સુખી કુટુંબો મહેસૂલ ભરે તો ગરીબોનું મહેસૂલ નહિ લેવાની શરતે સમાધાન થયું. આ લડતથી ખેડૂતોમાં જાગૃતિ આવી તો લોકોની ત્યાગશક્તિનો પણ પરિચય થયો.

### રોલેટ ઍક્ટ (1919)

પ્રથમ વિશ્વયુદ્ધ બાદ સરકારે માર્ચ ઈ.સ. 1919માં રોલેટ ઍક્ટ પસાર કર્યો. રોલેટ ઍક્ટમાં એવી જોગવાઈ કરવામાં આવેલ કે કોઈ પણ વ્યક્તિની કારણ આપ્યા વિના ધરપકડ કરી શકાય તથા ખાસ અદાલતમાં કામ ચલાવી તેને સજા કરી શકાય. લોકોના સ્વતંત્રતા પર કાપ મૂકતા આ કાયદાનો લોકોએ વિરોધ કર્યો. ગાંધીજીએ આને 'કાળો કાયદો' કહ્યો અને સત્યાગ્રહ શરૂ કર્યો.

### જલિયાંવાલા બાગનો હત્યાકાંડ

રોલેટ ઍક્ટ વિરુદ્ધ ગાંધીજીનો સત્યાગ્રહ કચડી નાખવા સરકારે આકરાં પગલાં ભર્યાં. પંજાબમાં આ સમયે સ્થિતિ સ્ફોટક હતી. પંજાબના અમૃતસરમાં (13 એપ્રિલ, 1919) લોકોનો વિશાળ જનસમૂહ પોતાના પ્રિય નેતાઓ ડૉ. સૈફૂદીન કિચલુ અને ડૉ. સત્યપાલની ધરપકડનો વિરોધ કરવા એકઠો થયો હતો. જલિયાંવાલા બાગમાં વૈશાખીના તહેવારને અનુલક્ષીને વધારે લોકો આવ્યા હતા. નિઃશસ્ત્ર લોકોના સમૂહ પર અમૃતસરના લશ્કરી કમાન્ડર જનરલ ડાયરે ગોળીઓ વરસાવી. જ્યાં સુધી લશ્કર પાસે ગોળીઓ સમાપ્ત ન થઈ ત્યાં સુધી ગોળીબાર ચાલુ રહ્યો. એક હજાર જેટલા લોકો આ ગોળીબારમાં મૃત્યુ પામ્યાં અને અનેક લોકો ઘાયલ થયાં. સરકારે પંજાબમાં માર્શલ લૉ લગાડી લોકો પર અત્યાચાર કર્યો. સમગ્ર દેશમાં ભયનું વાતાવરણ વ્યાપી ગયું. સામ્રાજ્યવાદી શાસનનો ભયંકર વિરોધ થયો. આ ઘટનાથી વ્યથિત થઈ ગાંધીજીએ સરકાર દ્વારા અપાયેલો **કૈસરે હિંદ**નો ઇલકાબ ત્યજી દીધો. રવીન્દ્રનાથ ટાગોરે **નાઈટહૂડ**ની પદવી પરત કરી.

### અસહકાર આંદોલન

ઈ.સ. 1920માં ગાંધીજીએ અસહકાર આંદોલન શરૂ કર્યું. આ આંદોલનના મુખ્ય બે પાસાં છે : (1) ખંડનાત્મક પાસું અને (2) રચનાત્મક પાસું. ખંડનાત્મક પાસામાં શાળા, કૉલેજ, ધારાસભા, અદાલતોનો, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓનો બહિષ્કાર, વિદેશી માલનો બહિષ્કારનો સમાવેશ થતો. હજારો વિદ્યાર્થીઓએ શાળા-કૉલેજો છોડી દીધી. મોતીલાલ નેહરુ,

ચિત્તરંજનદાસ, વિઠ્ઠલભાઈ પટેલ, વલ્લભભાઈ પટેલ, રાજેન્દ્રપ્રસાદ જેવા જાણીતા વકીલોએ પોતાની ધીકતી વકીલાત છોડી દીધી અને પોતાનું બાકીનું જીવન દેશસેવામાં સમર્પિત કરી દીધું. અંગ્રેજો દ્વારા આપવામાં આવેલ ઉપાધિઓને પણ ફગાવી દેવામાં આવી. ઠેર-ઠેર વિદેશી કાપડની હોળી કરવામાં આવી. આ આંદોલન દરમિયાન પ્રિન્સ ઑફ વેલ્સનું ભારત આગમન થયું. તેનો પણ દેશમાં હડતાલ પાડી વિરોધ કરવામાં આવ્યો. આંદોલનનાં રચનાત્મક પાસાઓમાં ઘરે-ઘરે રેંટિયો કાંતવા, ખાદી-ઉત્પાદન, સ્વદેશી પ્રસાર, દારૂબંધી, અસ્પૃશ્યતા-નિવારણ, હિંદુ-મુસ્લિમ ઐક્ય વગેરે જેવા રચનાત્મક કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા. રાષ્ટ્રીય શિક્ષણ આપવા શાળા-કૉલેજો શરૂ કરવામાં આવી. જેમાં ગૂજરાત વિદ્યાપીઠ, બિહાર વિદ્યાપીઠ, બનારસ વિદ્યાપીઠ, કાશી વિદ્યાપીઠ, જામિયા મિલિયા વિદ્યાપીઠ વગેરેની સ્થાપના કરવામાં આવી. આ આંદોલન સાથે કેટલાક પ્રદેશોમાં સ્થાનિક પ્રશ્નો જોડી આંદોલન કરવામાં આવેલ. જેમાં આંધ્રપ્રદેશના ગંતુર જિલ્લામાં 'વન સત્યાગ્રહ' અને અસમના ચાના બગીચાના મજૂરોનાં આંદોલનનો સમાવેશ થાય છે.

મહાત્મા ગાંધી અહિંસક સત્યાગ્રહમાં માનતા હતા. ઈ.સ. 1922માં જ્યારે ઉત્તરપ્રદેશના ગોરખપુર પાસેના ચૌરીચોરા ગામે ખેડૂતોના શાંત સરઘસ પર પોલીસે ગોળીબાર કરતા રોષે ભરાયેલા ટોળાએ પોલીસસ્ટેશન પર હુમલો કર્યો. પોલીસ-સ્ટેશનને આગ ચાંપી. જેમાં 22 જેટલા પોલીસ કર્મચારી મૃત્યુ પામ્યા. આ સમાચાર ગાંધીજીને મળતા ગાંધીજીએ અસહકાર આંદોલન મોકૂફ રાખવાની જાહેરાત કરી. સરકારે ગાંધીજીની ધરપકડ કરી. ગાંધીજીએ લોકોને રચનાત્મક કાર્યોમાં લાગી જવા અનુરોધ કર્યો. આ સમયે કૉંગ્રેસમાં મોતીલાલ નેહરુ અને ચિત્તરંજનદાસનું માનવું હતું કે, પક્ષે ધારાસભાની ચૂંટણીમાં ભાગ લઈ બંધારણીય લડત આપી લોકોને વૈકલ્પિક કાર્યક્રમ પૂરો પાડવો જોઈએ. આ વિચારથી સ્વરાજ પક્ષની રચના કરવામાં આવી.



સાયમન કમિશનનો વિરોધ કરતા પ્રદર્શનકારીઓ

## સાયમન કમિશનનો બહિષ્કાર અને નેહરુ અહેવાલ

આ સમયમાં સાયમન કમિશન ભારત આવ્યું. પરંતુ કમિશનના સભ્યોમાં એક પણ ભારતીય ન હોઈ હિંદના લોકો અને પક્ષો દ્વારા તેનો બહિષ્કાર કરવામાં આવ્યો. 'સાયમન ગો બેક'ના નારા સાથે તેનો વિરોધ કરવામાં આવ્યો. લાહોરમાં શાંત વિરોધ પ્રદર્શન દરમિયાન લાઠીચાર્જ થતા લાલા લજપતરાય ઘાયલ થયા બાદ તેમનું અવસાન થયું. જેથી લાલાજીના મૃત્યુના સમાચારથી ભગતસિંહ, સુખદેવ, રાજગુરુ વગેરે ક્રાંતિકારીઓ ઉશ્કેરાયા અને લાઠીચાર્જનો આદેશ આપનાર અંગ્રેજ પોલીસ અધિકારી સોન્ડર્સની હત્યા કરવામાં આવી. સાયમન કમિશન નિષ્ફળ જતા હિન્દી વજીર બર્કનહેડે બધા પક્ષોને માન્ય બંધારણ ઘડી આપવા આહવાન આપ્યું. જેથી રાષ્ટ્રીય મહાસભાએ મોતીલાલ નેહરુની અધ્યક્ષતામાં 'નેહરુ કમિટી'નું ગઠન કરેલું અને તેનો રિપોર્ટ 'નેહરુ અહેવાલ' તરીકે ઓળખાય છે. આ અહેવાલમાં સાંસ્થાનિક સ્વરાજ, સમવાય તંત્ર, મૂળભૂત અધિકારો, સર્વોચ્ચ અદાલત વગેરે બાબતો સામેલ હતી. જોકે બ્રિટિશ સરકાર દ્વારા તેનો અસ્વીકાર કરવામાં આવ્યો હતો.

1928માં બારડોલી તાલુકામાં સરકાર સામે જમીન મહેસૂલમાં કરવામાં આવતા વધારાની સામે બારડોલી સત્યાગ્રહ સ્વરૂપે 'ના કર'ની લડત શરૂ કરવામાં આવી. આ લડત સરકારની દમનનીતિ, જપ્તી સામે લોકોની મક્કમતા અને વલ્લભભાઈ પટેલના કુનેહપૂર્ણ નેતૃત્વ માટે યાદગાર બની. આ સત્યાગ્રહના સફળ સંચાલનથી વલ્લભભાઈ પટેલ 'સરદાર' તરીકે ઓળખાયા.




જવાહરલાલ નેહરુ

## પૂર્ણ સ્વરાજનો ઠરાવ

કૉંગ્રેસમાં જવાહરલાલ નેહરુ, સુભાષચંદ્ર બોઝ જેવા યુવા નેતાઓ પૂર્ણ સ્વરાજના આગ્રહી હતા. (ઈ.સ. 1929) લાહોર ખાતે જવાહરલાલ નેહરુની અધ્યક્ષતામાં મળેલ કૉંગ્રેસના અધિવેશનમાં પૂર્ણ સ્વરાજનો ઠરાવ પસાર કરવામાં આવ્યો અને આ ઠરાવના આધારે પ્રતિવર્ષ આ દિવસને 'પૂર્ણ સ્વરાજદિન' તરીકે ઉજવવાનું ઠરાવ્યું અને આ દિવસને એટલે 26 જાન્યુઆરીના રોજ પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવાનું નક્કી થયું.

આ સમયની ક્રાંતિકારી પ્રવૃત્તિઓમાં ભગતસિંહ અને બટુકેશ્વર દત્તે મધ્યસ્થ ધારાસભામાં બૉમ્બ ફેંક્યો. તેમનો બૉમ્બ ફેંકવાનો આશય કોઈની હત્યા કરવાનો નહિ પરંતુ અંગ્રેજોના બહેરા કાનને ખોલવાનો હતો. તેમની ધરપકડ કરવામાં આવી અને કેસ ચલાવવામાં આવ્યો. ભગતસિંહ અને તેના સાથીદારોને ફાંસીની સજા થઈ. બંગાળના ક્રાંતિકારી જતીનદાસે જેલમાં ખરાબ ખોરાક અને ખરાબ વર્તન સામે આજીવન ઉપવાસ શરૂ કર્યા અને 64મા દિવસે તેમનું અવસાન થયું.



ભગતસિંહ

## દાંડીકૂચ

ઈ.સ. 1930માં ગાંધીજીએ જાહેર કરેલ કે મીઠાના અન્યાયી કાયદાનો ભંગ કરવા તે યાત્રા કાઢશે. આ સમયે મીઠાનાં ઉત્પાદન અને વેચાણ ઉપર અંગ્રેજ સરકારનો એકાધિકાર હતો. મહાત્મા ગાંધી અને અન્ય રાષ્ટ્રીય નેતાઓનું માનવું હતું કે, મીઠા પર વેરો નાખવો પાપ છે. કારણ કે તે આપણા ભોજનની પાયાની જરૂરિયાત છે. 12 માર્ચ, 1930ના રોજ અમદાવાદના સાબરમતી આશ્રમથી પોતાના સાથીદારો સાથે દાંડીયાત્રાની શરૂઆત કરી. 370 કિમી જેટલી કૂચ કરી અસલાલી, બારેજા, નડિયાદ, આણંદ, રાસ, જંબુસર, સુરત, નવસારી જેવા નાનાં-મોટાં ગામો-શહેરોમાં સભા ભરી 5 એપ્રિલના રોજ સૌ દાંડી ગામે પહોંચ્યા. 6 એપ્રિલ સવારે ગાંધીજીએ દાંડીના દરિયાકિનારે મીઠું હાથમાં લઈ મીઠાના કાયદાનો ભંગ કર્યો અને આ સાથે જ સવિનય કાનૂન ભંગ લડતનો પ્રારંભ થયો. દાંડી સાથે મીઠાના કાયદાનો ભંગ કરવાના સવિનય સત્યાગ્રહ અનેક ભાગોમાં શરૂ થયા. ગુજરાતમાં ધરાસણા સત્યાગ્રહની



દાંડીકૂચ

જાહેરાત ગાંધીજીએ કરી, ત્યારે 5 મે, 1930 ના રોજ તેમની ધરપકડ થઈ તેમને યરવડા જેલમાં મોકલવામાં આવ્યા. ગાંધીજીની ધરપકડ થતા સત્યાગ્રહની આગેવાની અબ્બાસસાહેબ તૈયબજીએ લીધી. તેમની પણ ધરપકડ થતા સત્યાગ્રહની આગેવાની સરોજીની નાયડુએ લીધી. ધરાસણા ઉપરાંત વિરમગામ, ધોલેરા, સુરજકરાડી, વડાલામાં મીઠાનો સત્યાગ્રહ થયો. સવિનય કાનૂન ભંગ લડતમાં સ્વદેશી, વિદેશી કાપડનો બહિષ્કાર, મહેસૂલ સહિતના કરવેરા ન ભરવા, દારૂબંધી, દારૂના પીઠા પર પિકેટિંગ, અસ્પૃશ્યતાનિવારણ વગેરે કાર્યક્રમો કરવામાં આવ્યા. જેમાં ખેડૂતો, આદિવાસીઓ, સ્ત્રીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધેલ. સરહદ પ્રાંતના વિસ્તારમાં સરહદના ગાંધી ખાન અબ્દુલ ગફાર ખાનની આગેવાની નીચે 'ના કર' ની અહિંસક લડત લડવામાં આવી. અંગ્રેજ સરકારે હજારો સત્યાગ્રહીઓની ધરપકડ કરી આંદોલનને દબાવવા પ્રયત્ન કરેલ.


મીઠાના કાયદાનો ભંગ

ભારતને કેવા પ્રકારનું બંધારણ આપવું તથા સુધારા આપવા તેની ચર્ચા કરવા ગોળમેજી પરિષદોનું આયોજન થયું. પ્રથમ ગોળમેજી પરિષદ કૉંગ્રેસની ગેરહાજરીના કારણે નિષ્ફળ ગઈ. સવિનય કાનૂનભંગની લડત ઉગ્ર બનતા સરકારે કૉંગ્રેસ સાથે સમજૂતી કરવા કરાર કર્યો. આ સંદર્ભે વાઈસરૉય ઇર્વિન અને ગાંધીજી વચ્ચે થયેલા કરારને 'ગાંધી ઇર્વિન કરાર' તરીકે ઓળખવામાં આવે છે. આ કરારમાં મીઠું પકવવાની સ્વતંત્રતા, શાંત પિકેટિંગ અને સત્યાગ્રહીઓને જેલમુક્ત કરવા જેવા મુખ્ય મુદ્દા સામેલ હતા. ઈ.સ. 1931માં બીજી ગોળમેજી પરિષદમાં ગાંધીજીએ હાજરી આપી પરંતુ તેમાં કોમી મતદાર મંડળનો પ્રશ્ન ઉપસ્થિત થતા ગાંધીજી નિરાશ થયા અને ગોળમેજી પરિષદ નિષ્ફળ ગઈ.

## 'હિંદ છોડો' આંદોલન

બીજું વિશ્વયુદ્ધ ચાલુ હતું તે સમયે સરકારની મુશ્કેલીઓમાં વધારો ન થાય તેથી વ્યક્તિગત સત્યાગ્રહ શરૂ કરવાનું નક્કી કર્યું. પ્રથમ વ્યક્તિગત સત્યાગ્રહી તરીકે વિનોબા ભાવેની પસંદગી કરવામાં આવી. ઈ.સ. 1942માં બ્રિટિશ સરકારે હિંદને મનાવી લેવા માટે ક્રિપ્સ મિશન મોકલ્યું. પરંતુ ક્રિપ્સ મિશન ભારતીયોની સ્વતંત્રતાની માંગને સંતોષી શકે તેમ ન હોવાથી નિષ્ફળ ગયું. પ્રજામાં અંગ્રેજ સરકાર પ્રત્યે અસંતોષ વધતો જતો હતો.

8મી ઑગસ્ટ, 1942માં મુંબઈમાં મળેલી કૉંગ્રેસની મહાસમિતિની બેઠકમાં અંગ્રેજોને ભારત છોડી દેવા ઐતિહાસિક 'હિંદ છોડો'નો ઠરાવ પસાર કરવામાં આવ્યો. 9મી ઑગસ્ટે વહેલી સવારે ગાંધીજી, વલ્લભભાઈ પટેલ, જવાહરલાલ નેહરુ, મૌલાના આઝાદ ઉપરાંત દેશના આગેવાન કૉંગ્રેસી નેતાઓની ધરપકડ કરવામાં આવી. જેનાથી લડત વધારે ઉગ્ર અને વ્યાપક બની. ખેડૂતો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં આ લડતમાં જોડાયા. દેશભરમાં સરકારી મકાનો, રેલવે અને તાર-ટેલિફોનનાં માધ્યમોને ભારે નુકસાન પહોંચાડવામાં આવ્યું. દેશના ઘણા વિસ્તારોમાં હડતાલો પડી. લડતને વ્યાપક બનાવવા દેશના ઘણા વિસ્તારોમાં લોકોએ પોતાની રાષ્ટ્રીય સરકારોની રચના કરી. અંગ્રેજોએ આ આંદોલનને કચડી નાખવા દમનકારી પગલાં ભર્યાં. ઈ.સ. 1943ના અંત સુધીમાં મોટાપાયે સ્વાતંત્ર્યસેનાનીઓની ધરપકડ કરવામાં આવી. અનેક લોકોએ લડતમાં જાન ગુમાવ્યા. આ લડતથી અંગ્રેજ સરકારને ખાતરી થઈ ગઈ કે, હવે લાંબા સમય સુધી ભારતના લોકોને પરાધીન રાખી શકાશે નહિ.

## સુભાષચંદ્ર બોઝ અને આઝાદ હિંદ ફોજ

બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન પણ આઝાદી માટે ક્રાંતિકારી પ્રવૃત્તિઓ અને સશસ્ત્ર ક્રાંતિના પ્રયાસો ચાલુ હતા. જેમાં સુભાષચંદ્ર બોઝ મુખ્ય હતા. સુભાષચંદ્ર બોઝનો જન્મ 23 જાન્યુઆરી, 1897 ના રોજ ઓડિશાના કટક શહેરમાં થયો હતો. ICS જેવી મુશ્કેલ પરીક્ષા પાસ કરવા છતાં અંગ્રેજોની નોકરી ન સ્વીકારી દેશસેવામાં જોડાયા. રાષ્ટ્રીય મહાસભા (કૉંગ્રેસ)ના સક્રિય કાર્યકર બની ગયા. તેઓ હરિપુરા (બારડોલી) (ઈ.સ. 1938) અને ત્રિપુરા (ઈ.સ. 1939) એમ બે વર્ષ પ્રમુખ તરીકે ચૂંટાયા. થોડા સમય બાદ કૉંગ્રેસના ટોચના નેતાઓ સાથેના વૈચારિક મતભેદના કારણે કૉંગ્રેસમાંથી રાજીનામું આપી અલગ 'ફૉરવર્ડ બ્લૉક' નામના નવા રાજકીય પક્ષની સ્થાપના કરી. બીજા વિશ્વ યુદ્ધ સમયે અંગ્રેજ સરકારની નીતિઓનો વિરોધનો પ્રચાર કરતા તેમની ધરપકડ થઈ. જેલમાં રાજકીય કેદીઓ સાથે અંગ્રેજ સરકાર યોગ્ય વ્યવહાર કરતી ન હોય જેલમાં આમરણાંત ઉપવાસ શરૂ કર્યા પણ તબિયત બગડતા તેમના નિવાસસ્થાને નજરકેદ રાખવામાં આવ્યા. ત્યાં તક મળતા એક દિવસ તેઓ પઠાણનો વેશ ધારણ કરી કોલકાતાથી અફઘાનિસ્તાન, બર્લિન થઈ જાપાન પહોંચ્યા. રાસબિહારી બોઝની સહાયથી ત્યાં 'આઝાદ હિંદ ફોજ'ની સ્થાપના કરવામાં આવી હતી જેના સેનાપતિ કૅપ્ટન મોહનસિંઘ હતા. સુભાષચંદ્ર બોઝ જાપાનથી આવતા તેમને 'આઝાદ હિંદ ફોજ'ના વડા બનાવવામાં આવ્યા. તેમણે ફોજનું નવસંસ્કરણ હાથ ધરી તેમાં નવું જોમ ઉમેર્યું. તેમણે 'ચલો દિલ્લી' અને 'તુમ મુજે ખૂન દો મેં તુમ્હે આઝાદી દૂંગા' જેવાં સૂત્રો આપ્યાં. તેમણે હિંદના અગ્રિમ નેતાઓ જેવા કે મહાત્મા ગાંધી, પંડિત નેહરુ, મૌલાના આઝાદ વગેરેનાં નામ પરથી લશ્કરી બ્રિગેડની રચના કરી. એક મહિલા બ્રિગેડની પણ રચના કરવામાં આવી જેને 'લક્ષ્મીબાઈ બ્રિગેડ' નામ આપ્યું. આઝાદ હિન્દ ફોજે પૂર્વ સરહદે આરાકાન અને ઈમ્ફાલ વિભાગમાં કેટલાક વિજયો મેળવ્યા પણ બીજા વિશ્વયુદ્ધમાં જાપાનની સ્થિતિ બદલાતા, પુરવઠાની તંગી સર્જાતા, ભારે વરસાદ, ભૂખમરો અને પ્રાકૃતિક પ્રતિકૂળતા સર્જાતા આઝાદ હિંદ ફોજની પીછેહઠ થઈ. 18 ઑગસ્ટ, 1945ના રોજ સુભાષચંદ્ર બોઝ જાપાન પરત ફરી રહ્યા હતા ત્યારે વિમાનમાં આગ લાગતા નેતાજી સખત રીતે દાઝ્યા અને અવસાન પામ્યા એમ માનવામાં આવે છે. આજે પણ આ ઘટના વણઉકલ્યું રહસ્ય છે.


આઝાદ હિંદ ફોજ

## સ્વાતંત્ર્યપ્રાપ્તિ તરફ પ્રયાણ

મુંબઈમાં ભારતીય નૌસેનાના સૈનિકોએ વિદ્રોહ (ઈ.સ. 1946) કર્યો. આથી સરકારને લાગ્યું કે, ક્રમશઃ સેના પણ તેના હાથમાંથી સરકી રહી છે. પરિણામે ઇંગ્લૅન્ડના વડાપ્રધાન ભારતને પૂર્ણ સ્વરાજ આપવાની વાટાઘાટો કરવા કૅબિનેટ કક્ષાના ત્રણ પ્રધાનો ભારત મોકલવાની જાહેરાત કરી. કૅબિનેટ મિશનના સભ્યોએ ભારત આવી રાજકીય પક્ષોના આગેવાનો સાથે મુલાકાત કરી. કૅબિનેટ મિશન યોજનામાં બે બાબતોનો સમાવેશ થતો હતો : એક લાંબા ગાળાની યોજના અને બીજી વચગાળાની યોજના. લાંબા ગાળાની યોજનામાં ભારતને હિંદુ બહુમતીવાળા વિસ્તારો, મુસ્લિમ બહુમતીવાળા વિસ્તારો અને મિશ્ર વસ્તી એમ ત્રણ જૂથોમાં વહેંચવામાં આવે. વચગાળાની યોજના અંતર્ગત વચગાળાની સરકાર રચવાની થાય. મુસ્લિમ લીગે મુસ્લિમો માટેની બેઠકો મુસ્લિમ લીગ દ્વારા ભરાય તેવો આગ્રહ કર્યો પણ બ્રિટિશ સરકારે તે ન સ્વીકારતા મુસ્લિમ લીગે આ યોજના સ્વીકારવાની ના પાડી. દેશમાં પાકિસ્તાનની માંગણી સાથે સીધાં પગલાં ભરવાની અપીલ કરી. કોલકાતા અને દેશના અન્ય ભાગોમાં ભયંકર કોમી તોફાનો થયાં. જુલાઈ, 1946માં બંધારણસભાની રચના માટે

ચૂંટણી થઈ. નવી વચગાળાની સરકારમાં મુસ્લિમ લીગે વિદ્રોહી વલણ અપનાવ્યું. તેનાથી કોમી એખલાસનું વાતાવરણ જોખમાયું. કટોકટીના સમયે બ્રિટિશ વડાપ્રધાન એટલીએ ફેબ્રુઆરી, 1947માં જાહેરાત કરી કે બ્રિટિશ સરકાર જૂન, 1948 સુધીમાં ભારતમાંથી વિદાય લેશે. ભારતનાં વાઈસરૉય તરીકે વેવેલના સ્થાને માઉન્ટ બેટનની નિમણૂક કરવામાં આવી. માઉન્ટ બેટને હોદ્દો સંભાળ્યો ત્યારે દેશના કેટલાક ભાગોમાં હિંસક તોફાન ચાલુ હતાં. લીગના સભ્યોના અસહકારભર્યા વલણને કારણે વચગાળાની સરકાર કામ કરી શકતી ન હતી. કૉંગ્રેસ અને લીગ વચ્ચે સમાધાન શક્ય ન બનતા માઉન્ટ બેટને હિંદના ભાગલા કરવાનો નિર્ણય લીધો. 'અનેક સ્વાયત્ત અને વિરોધી એકમોવાળી નિર્બળ કેન્દ્ર સરકાર કરતા, કેન્દ્રને આધીન એવા વહીવટી એકમો સાથેની સુદૃઢ કેન્દ્ર સરકાર ધરાવતું હિંદ વધારે શાંતિ ભોગવી શકશે.' તેવી માઉન્ટ બેટનની દલીલ જવાહરલાલ, સરદાર પટેલ અને કૉંગ્રેસના અન્ય નેતાઓને યોગ્ય લાગી. માઉન્ટ બેટન યોજના પ્રમાણે જુલાઈ, 1947માં હિંદ સ્વાતંત્ર્યધારો પસાર થયો અને તે મુજબ હિંદના બે ભાગલા ભારત અને પાકિસ્તાન થયા. 14 ઑગસ્ટ, 1947ની મધરાત પછી (15 ઑગસ્ટ) દિલ્લીના લાલ કિલ્લા પરથી બ્રિટનનો યુનિયન જેક ઉતારી તેને સ્થાને ત્રિરંગો ધ્વજ ફરકાવી ભારતને એક સ્વતંત્ર રાષ્ટ્રનો દરજ્જો આપવામાં આવ્યો.

## સ્વાધ્યાય

**1. ખાલી જગ્યા પૂરો :**

(1) બારડોલી સત્યાગ્રહ બાદ વલ્લભભાઈ પટેલ .......... તરીકે ઓળખાયા.

(2) ગાંધીજીએ 'ડુંગળી ચોર'નું બિરુદ .......... ને આપ્યું.

(3) 'ચલો દિલ્લી' સૂત્ર .......... એ આપ્યું.

**2. નીચેના પ્રશ્નોના જવાબ એક-બે વાક્યમાં લખો :**

(1) મવાળવાદી નેતાઓમાં કયા-કયા નેતાઓનો સમાવેશ થતો હતો ?

(2) ગાંધીજીએ રોલેટ ઍક્ટને 'કાળો કાયદો' શા માટે કહ્યો ?

(3) ભારતના લોકોએ શા માટે 'સાયમન કમિશન'નો બહિષ્કાર કર્યો ?

(4) ગાંધીજીએ 'અસહકાર આંદોલન' શા માટે મોકૂફ રાખ્યું ?

**3. નીચેના પ્રશ્નોના ઉત્તર મુદ્દાસર લખો :**

(1) ભારતમાં રાષ્ટ્રવાદના ઉદ્‌ભવ અને વિકાસ માટે કયાં-કયાં પરિબળો જવાબદાર હતાં ?

(2) ભારતમાં થયેલ ક્રાંતિકારી પ્રવૃત્તિઓનો ટૂંકમાં પરિચય આપો.

(3) દાંડીકૂચ વિશે ટૂંક નોંધ લખો.

(4) 'હિંદ છોડો' આંદોલન વિશે માહિતી આપો.

### પ્રવૃત્તિ

- તમારા જિલ્લા, શહેરના સ્વાતંત્ર્યસેનાનીઓ વિશે માહિતી એકત્ર કરો.
- ગાંધીજીના સત્યાગ્રહો પર એક હસ્તલિખિત અંક તૈયાર કરો.
- ગાંધીજી, સરદાર નેહરુ, આંબેડકર, ભગતસિંહ, સાવરકર, સુભાષચંદ્ર બોઝ વગેરે મહાપુરુષોનાં જીવનચરિત્ર આધારિત ફિલ્મ નિહાળો.
- ભારતના ક્રાંતિકારીઓનાં જીવનચરિત્ર આધારિત હસ્તલિખિત અંક તૈયાર કરો.

•

# 7 આધુનિક ભારતમાં કલા

L1K2P1

પ્રાચીનકાળથી ભારતીય કલા અને સંસ્કૃતિ વિશ્વભરમાં આગવું સ્થાન ધરાવે છે. કલા એ માનવની અભિવ્યક્તિનું માધ્યમ છે. તેના દ્વારા માનવચિત્ત અને સમાજનું દર્શન થાય છે. કલાશાસ્ત્રીઓ કલાને બે ભાગમાં વહેંચે છે : (1) દશ્યકલા (2) પ્રદર્શિત કલા. દશ્યકલામાં ચિત્ર, શિલ્પ અને હસ્તકલાનો સમાવેશ થાય છે. જ્યારે પ્રદર્શિત કલામાં સંગીત, નૃત્ય, વાદ્ય અને નાટ્યકલાનો સમાવેશ થાય છે. કલા સંસ્કૃતિને ઉજાગર કરતું માધ્યમ છે. ભારતીય કલા વૈશ્વિકતા, વિવિધતામાં એકતા, ધર્મ-નિરપેક્ષતાનાં તત્ત્વો સાથે સુયોજિત છે. આધુનિક કાળમાં લલિતકલાના એક પ્રકાર ચિત્રકલા વિશે આપણે વિસ્તારપૂર્વક ચર્ચા કરીશું.


## ચિત્રકલા

પ્રારંભથી જ પ્રકૃતિ અને ધર્મ ચિત્રકલાના કેન્દ્ર તરીકે રહ્યાં છે. શરૂઆતમાં ધર્મગ્રંથોમાં આવતા પ્રસંગો, દેવી-દેવતાઓ અને પશુ-પક્ષીઓ મુખ્ય વિષય તરીકે રહ્યા, પરંતુ ત્યાર બાદ વ્યક્તિ અને સામાજિક રીતરિવાજોને પણ ચિત્રોમાં સ્થાન મળ્યું. તક્ષશિલા અને નાલંદા જેવા વિશ્વવિદ્યાલયોમાં કલાશિક્ષણ આપવામાં આવતું હતું.

અંગ્રેજી શાસનમાં ભારતીય કલા તથા સંસ્કૃતિ વિસરાઈ ગઈ હતી. ગુજરાતમાં કલાશિક્ષણ માટે કોઈ ખાસ સંસ્થા ન હતી. કચ્છના મહારાવ પ્રાગમલજીએ ભૂજમાં ઈ.સ. 1877-78માં એક કલાશાળા શરૂ કરી હતી. વડોદરામાં મહારાજા સયાજીરાવે સ્થાપેલું ‘કલાભવન’ કલાનું શિક્ષણ આપતું હતું, પરંતુ તેનો અભિગમ કલા ઉદ્યોગના શિક્ષણ પરત્વે વધુ હતો.

અમદાવાદમાં શેઠ ચીમનલાલ નગીનદાસ વિદ્યાલય (શેઠ સી. એન. વિદ્યાલય)માં ઈ.સ. 1951માં શિક્ષકોની તાલીમ માટેનો અભ્યાસક્રમ શરૂ કરવા ‘કલાશાળા’ની સ્થાપના થઈ. આ શાળાના પ્રથમ આચાર્ય બનવાનું બહુમાન રસિકલાલ પરીખને ફાળે જાય છે. આ કલાશાળામાં DTC (Drawing Teacher Certificate)નો અભ્યાસક્રમ શરૂ થયો. ઈ.સ. 1960માં તેનું ‘મહાકલા વિદ્યાલય’માં રૂપાંતર થયું.

## ચિત્રકલાનો ઈતિહાસ



પદ્મપાણિ ગુફા નં. 1 (અજંતા)

ભારતમાં ચિત્રકલાનો ઈતિહાસ પાષાણ યુગ જેટલો જૂનો છે. ઈ.સ. પૂર્વે 7000ના કાળના મધ્યપ્રદેશની ભીમબેટકાની ગુફાઓમાંથી ચિત્રો મળી આવ્યાં છે. તે ભારતીય ચિત્રકલાનો પ્રથમ પુરાવો ગણાય છે. આ ચિત્રો ગુફાની દીવાલો પર કુદરતી રંગોથી તૈયાર થયાં હતાં. ઈ.સ. પૂર્વે 2000ની આસપાસના સમયનાં ચિત્રો મહારાષ્ટ્રના નરસિંહગઢની ગુફાઓમાં પણ મળી આવ્યા છે. મોટા ભાગે ચિત્રના નમૂનાઓ ગુફાઓમાં, ભોજપત્રો, શિલાઓ, મંદિરો, મઠો પર જોવા મળે છે. બૌદ્ધ ગ્રંથોમાં પણ આવાં ચિત્રો મળી આવ્યાં છે.

ભારતીય ચિત્રકલાનો સર્વશ્રેષ્ઠ સમય ગુપ્તકાળને ગણાવી શકાય. અજંતા અને ઈલોરાની ગુફાઓનાં વિશ્વવિખ્યાત ચિત્રો ગુપ્તકાળ દરમિયાન નિર્માણ પામ્યાં હતાં. તેના કેન્દ્રમાં બૌદ્ધ જાતક કથાઓ વણાયેલી છે. બધાં ચિત્રોમાંથી ગુફા નં. 9 અને 10નાં ચિત્રો ખૂબ જ વિખ્યાત થયાં છે. પદ્મપાણિ બુદ્ધનું ચિત્ર તેમાંનું એક છે. ભારતીય ચિત્રકલા ઉત્તર ભારતથી દક્ષિણ સુધી ફેલાયેલી હતી. કર્ણાટકમાં આવેલ બાદામીની ગુફા કાંચીપુરમ્ તથા તમિલનાડુમાં આવેલ સિત્તાનાવસલની ગુફાઓમાં આવા ઉત્કૃષ્ટ ચિત્રકલાના નમૂના પ્રાપ્ત થયા છે. બૃહદેશ્વરના મંદિરની દીવાલો પર ભારતનાં મહાકાવ્યોને ચિત્રો દ્વારા સુશોભિત કરવામાં આવ્યાં છે.

પૂર્વ મધ્યકાલીન રાજપૂત કાળમાં અને મુઘલકાળમાં તેનો વિકાસ થયો. બાબર, હુમાયુ, અકબર અને જહાંગીર જેવા મુઘલ રાજવીઓએ ચિત્રકલાને ખૂબ પ્રોત્સાહન આપ્યું હતું. જહાંગીરે ચિત્રશાળાની સ્થાપના કરી હતી. ભક્તિ-આંદોલનને કારણે પણ ચિત્રકલાનો ખાસ્સો વિકાસ થયો હતો.



દેવી સરસ્વતી

ઈ.સ. 1750 પછીના ભારતમાં અંગ્રેજો અને ભારતીયોએ એક અર્ધ પાશ્ચાત્ય શૈલીની ચિત્રકલા વિકસાવી હતી. શેખ ઝીયાઉદ્દીને 'લેડી ઈમ્પે' માટે કરેલ પક્ષી-અધ્યયનનાં ચિત્રો અને ગુલામઅલી ખાંએ 'વિલિયમ ફ્રેઝર' અને 'કર્નલ સ્કીનર' માટે કરેલ વ્યક્તિગત ચિત્રોથી આ શૈલીનો વિકાસ થયો. ચિત્રકલા ક્ષેત્રે ટોચનું નામ ત્રાવણકોરના મહાન ચિત્રકાર રાજા રવિવર્માનું ગણાવી શકાય. તેમણે ભારતીય પૌરાણિક અને સામાજિક વિષયનાં ઉત્કૃષ્ટ તૈલચિત્રો બનાવ્યાં છે. જેમાં દેવી સરસ્વતીનું ચિત્ર વિખ્યાત થયું છે.

ભારતમાં 19મી સદીમાં પુનઃજાગૃતિના સમયે કલાક્ષેત્રે ખૂબ વિકાસ થયો. મુંબઈમાં ઈ.સ. 1858માં 'સર જે. જે. સ્કૂલ ઑફ આર્ટ' તો ઈ.સ. 1890માં વડોદરામાં 'કલાભવન'ની સ્થાપના થઈ. ઈ.સ. 1901માં સ્થપાયેલ 'શાંતિનિકેતન'માં કલાના ઉત્તમ નમૂનાઓનું સર્જન થયું. ઈ.સ. 1948માં ફ્રાન્સિસ ન્યૂટન સૂઝાના નેતૃત્વમાં એસ. એચ. રઝા, એસ. કે. બાકરે એક પ્રગતિશીલ કલાકાર સંઘની સ્થાપના કરી. ભારતમાં મજબૂત આધુનિક ચિત્રકલાની પ્રસ્તુતિ કરી. ઈ.સ. 1950માં કોલકાતા અને મુંબઈમાં ચિત્રશાળાઓની સ્થાપના કરવામાં આવી. ચેન્નઈમાં પણ કે. સી. એસ. પાણિકર અને દેવીપ્રસાદ રૉય ચૌધરીએ 'મદ્રાસ સ્કૂલ ઑફ આર્ટ'ની રચના કરી. કલાના વિકાસ માટે સ્વતંત્ર ભારતમાં 'નેશનલ ગેલેરી ઑફ મોડર્ન આર્ટ' અગત્યનું સ્થાન ધરાવે છે. જેમાં આધુનિક ભારતીય ચિત્રોનો વિશાળ સંગ્રહ છે.

## પદ્ધતિ

ભારતીય ચિત્રશૈલીમાં મુખ્યત્વે ગુફા ચિત્રશૈલી જેમાં આદિમાનવે દોરેલા ચિત્રનો તથા ઈ.સ.ની 9મી સદી સુધીના અજંતા-ઈલોરા જેવી ગુફાઓનાં ચિત્રોનો સમાવેશ થાય છે. બીજી શૈલીમાં શીલાચિત્ર (રૉક પેઈન્ટિંગ)નો સમાવેશ થાય છે. જેમાં શીલાઓ પર ચિત્રોની પરંપરાઓ જોવા મળે છે. કેટલીક પ્રાચીન ચિત્રશૈલીઓમાં હિંદુ, બૌદ્ધ અને જૈન ચિત્રશૈલીઓનો સમાવેશ થાય છે. જેમાં જે-તે ધર્મ ચિત્રશૈલીના કેન્દ્રસ્થાને હોય છે અને તે ચિત્રો ધર્મસ્થાનોની દીવાલો પર સુશોભિત કરવામાં આવ્યાં હોય છે. ચિત્રોના કેન્દ્રમાં જે-તે ધર્મના ધર્મગ્રંથો રહેલા હોય છે.

ભારતના કેટલાક વિશિષ્ટ પ્રદેશોમાં ભીંત પર દોરાતાં ચિત્રોની ભીંત ચિત્રશૈલી તેમજ તહેવારોના સમયે આંગણામાં કે ભોંયતળિયે કરવામાં આવતી રંગોળી અથવા સુશોભન કલા પણ અગત્યની ચિત્રશૈલીઓ ગણાય છે. હિંદુ ધર્મ, બૌદ્ધ ધર્મ અને જૈન ધર્મની હસ્તપ્રત સામગ્રીને પૂરક બનતાં ચિત્રોની એક લઘુ ચિત્રકલા શૈલી પણ વિકસિત થઈ હતી. તે હસ્તપ્રતોમાં અને ગ્રંથોમાં જોવા મળે છે. આ સિવાય કાપડ પર પણ ચિત્રોની છાપ ઉપસાવી કાપડ ચિત્રશૈલીનો પણ વિકાસ થયો છે.

આધુનિક સમયમાં ઑઈલ પેઈન્ટિંગ, સ્પ્રે પેઈન્ટિંગ તેમજ કૅનવાસ પેઈન્ટિંગ જેવી શૈલીઓ પણ વિકસી છે, જેમાં બહુરંગી પરિમાણીય (મલ્ટિકલર ડાયમેન્શન) જોવા મળે છે.

## વિભિન્ન ચિત્રશૈલીઓ (ચિત્રકલાઓ)

ભારતની ચિત્રશૈલી સમયની સાથે બદલાતી રહી છે. મોટે ભાગે જુદા-જુદા રાજવંશો એ શૈલીઓ સાથે જોડાયેલા છે. ભારતીય ચિત્રશૈલીને જે-તે સમય અને તેના પ્રાદેશિક સ્થાન પરથી ઓળખવામાં આવે છે. આ ચિત્રશૈલીઓમાંથી કેટલીક અગત્યની ચિત્રશૈલીઓની આપણે ચર્ચા કરીશું :

**(1) પાલ શૈલી :** પાલ રાજાઓના આશ્રય તળે બંગાળ, બિહાર, નેપાળ અને તિબેટ સુધી વિસ્તરેલ ચિત્રશૈલીને પાલ શૈલીના નામે ઓળખવામાં આવે છે. આ ચિત્રશૈલીનો મુખ્ય વિષય મહાયાન બૌદ્ધ સંપ્રદાય રહ્યો છે. તેમાં જાતક કથાઓ અને બોધિસત્ત્વનાં ચિત્રો છે. આ શૈલીનાં ચિત્રોવાળી કેટલીક હિન્દુ હસ્તપ્રતો પણ મળી આવી છે. આ ચિત્ર-પોથીની અંદર રચાયેલાં હોઈ લઘુચિત્રો પ્રકારનાં છે.



પાલ શૈલીનાં ચિત્રો

**(2) જૈન શૈલી :** ગુજરાત, રાજસ્થાન અને માળવાના પ્રદેશોમાં 12મી સદીથી આ શૈલીનો વિકાસ થયો હતો. તે તાડપત્રો અને હસ્તપ્રતો પર આલેખાયેલાં લઘુચિત્રો છે. આ ચિત્રોમાં મુખ્યત્વે જૈન ધર્મ કેન્દ્રસ્થાને રહ્યો છે. જૈન ધર્મના કલ્પસૂત્ર, કાલકાચાર્ય કથા, કથાસરિતસાગર વગેરે ગ્રંથોમાં આ શૈલીનાં લઘુચિત્રો મૂકવામાં આવ્યાં છે. ગુજરાતમાં જૈન શૈલીનાં ચિત્રો વિશેષ મળ્યાં હોઈ તેને 'ગુજરાત શૈલી' પણ કહેવામાં આવે છે.




જૈન શૈલીનાં ચિત્રો

**(3) રાજપૂત શૈલી :** રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં રાજપૂત રાજાઓના આશ્રય નીચે 10મી થી 16મી સદી દરમિયાન આ શૈલી પ્રચલિત થઈ હતી. તેમાં લઘુચિત્રો અને ભીંતચિત્રોનો સમાવેશ થાય છે. રાજાઓ પરંપરાગત ચિત્રકારોને આશ્રય આપતા હોવાથી રાજપૂત રાજાઓનું જીવન તેમના રીતરિવાજો અને પહેરવેશ, ઉત્સવો એ રાજપૂત ચિત્રશૈલીના કેન્દ્રમાં રહ્યાં છે. રાધાકૃષ્ણ, કૃષ્ણભક્તિ, રાસલીલા અને રાજસ્થાની લોકજીવન તેના કેન્દ્રમાં રહ્યાં છે. રાજસ્થાનનાં બુંદી, કિશનગઢ, બિકાનેર અને જોધપુરમાં પણ આ શૈલીનો વિકાસ થયો હોવાથી તે રાજસ્થાન શૈલી તરીકે પણ ઓળખાય છે.




રાજપૂત શૈલીનું ચિત્ર

**(4) મુઘલ શૈલી :** ભારતમાં આવેલા મુઘલ સમ્રાટો ચિત્રકલાના ખૂબ પ્રેમી હતા. બાબરથી લઈને શાહજહાં સુધીના સમ્રાટોએ ચિત્રકલાને ખાસ્સું પ્રોત્સાહન પૂરું પાડ્યું. મુઘલ ચિત્રશૈલી એ ભારતીય અને ઈરાની શૈલીના સમન્વયથી અસ્તિત્વમાં આવેલી નાવીન્યસભર શૈલી હતી. અકબરના સમયમાં ગ્રંથચિત્રો અને વ્યક્તિચિત્રોની શરૂઆત થઈ. બાબરનામાનાં ચિત્રો તેના સમયમાં બન્યાં. જોકે જહાંગીરના સમયમાં મુઘલ શૈલી તેના સર્વોચ્ચ શિખરે પહોંચી હતી. તેના દરબારમાં મન્સૂર અને બિશનદાસ જેવા વિખ્યાત ચિત્રકારો હતા. આ સમયગાળા દરમિયાન પશુ-પંખીનાં ચિત્રો, કુદરતી દૃશ્યો, રાજદરબારનાં, યુદ્ધનાં, શિકાર તેમજ પ્રાણીઓની સાઠમારીનાં ચિત્રો તૈયાર થયાં હતાં. મુઘલ ચિત્રકલા એ દરબારી કલા હતી. તેથી તેના કેન્દ્રમાં શાહી ઠાઠ જોવા મળે છે.



મુઘલ શૈલીનું ચિત્ર



કાંગડા શૈલીનું ચિત્ર

**(5) કાંગડા શૈલી :** કાંગડા શૈલી પણ ભારતીય ચિત્રશૈલીનું એક આગવું પાસું છે. હિમાલયના પહાડી પ્રદેશોમાં રાજસ્થાન અને મુઘલ ચિત્રકારોએ મળીને આ શૈલી વિકસાવી હતી. કાંગડા, કુલુ, ગઢવાલ, ચંબા અને મંડી તેનાં મુખ્ય કેન્દ્રો હતાં. મોલારામ આ શૈલીનો મહાન ચિત્રકાર હતાં. આ શૈલીના મુખ્ય વિષયમાં ભગવાન શ્રીકૃષ્ણ અને કૃષ્ણભક્તિ ઉપરાંત હિમાલયનું સૌંદર્ય પણ જોવા મળે છે.

**(6) અન્ય ચિત્રશૈલીઓ :** ઉપર્યુક્ત શૈલીઓ ઉપરાંત ભારતમાં બિહારની મિથિલા ચિત્રશૈલી (મધુબની ચિત્રકલા), આંધ્રપ્રદેશની કલમકારી ચિત્રકલા, ઓરિસાની પટ્ટ ચિત્રશૈલી, રાજસ્થાનની ફાડ ચિત્રશૈલી, સંથાલ જનજાતિની ગોંડ ચિત્રકલા, મહારાષ્ટ્રની જનજાતિઓની વારલી ચિત્રકલા, ગુજરાતની પીઠોરા ચિત્રકલા અને બંગાળની કાલીઘાટ ચિત્રકલાનો સમાવેશ થાય છે.



પીઠોરા શૈલીનું ચિત્ર

## નોંધપાત્ર ચિત્રકારો

ભારતના નામાંકિત ચિત્રકારોમાં રાજા રવિવર્મા, રવીન્દ્રનાથ ટાગોર વગેરેનો સમાવેશ થાય છે.

ગુજરાતના નામાંકિત ચિત્રકારોમાં કલાગુરુશ્રી રવિશંકર મ. રાવળ, રમેશભાઈ પંડ્યાનું નામ મુખ્ય ગણાવી શકાય. આ બધા ચિત્રકારો ઉપરાંત અન્ય ઘણાં નામી-અનામી ચિત્રકારોએ ચિત્રકલાક્ષેત્રે પોતાના પ્રદાન દ્વારા ભારતની ખ્યાતિમાં વધારો કર્યો છે.

**આટલું જાણો**


- ભારતના નામાંકિત ચિત્રકારોમાં નંદલાલ બોઝ, જૈમિની રોય, દેવીપ્રસાદ રોય ચૌધરી, કુ. અમૃતા શેરગીલ, એમ. એચ. બેન્દ્રે, જગન્નાથ અહિવાસી, અંજલી ઈલા મેનન વગેરેનો સમાવેશ થાય છે.
- ગુજરાતના નામાંકિત ચિત્રકારોમાં રમેશભાઈ પંડ્યા, હકુભાઈ શાહ, પીરાજી સગરા, સી. ડી. મિસ્ત્રી, વૃંદાવન સોલંકી, શ્યાવક્ષ ચાવડા, તૈયબ મહેતા, હિંમત શાહ, ભૂપેન ખખ્ખર, નટુ પરીખ, રસિકલાલ પરીખ, સોમાલાલ શાહ, ખોડિદાસ પરમાર, એચ. એલ. ખત્રી વગેરે ગણાવી શકાય.

## કલાગુરુ રવિશંકર રાવળ

રવિશંકર રાવળ મુંબઈમાં કલાશિક્ષણ મેળવી અમદાવાદને પોતાની કર્મભૂમિ બનાવી ગુજરાતને ચિત્રકલાની દિશા ચીંધી. બૉમ્બે આર્ટ સોસાયટીના વાર્ષિક કલા પ્રદર્શનમાં એમણે એમનું ચિત્ર 'બિલ્વમંગળ' રજૂ કર્યું. આ સોસાયટીના પ્રદર્શનમાં ચિત્ર રજૂ કરનાર તેઓ પ્રથમ ગુજરાતી કલાકાર હતા. તેમના ચિત્રને સુવર્ણપદક મળેલ. આ ચિત્ર રાજપૂત શૈલીની ઢબે સપાટ રંગોમાં કરેલ હતું.

ઈ.સ. 1924માં રવિશંકર રાવળે 'કુમાર' નામના માસિકનો પ્રારંભ કર્યો. કુમારથી લોકોને ચિત્રો અને કલાકારોનો પરિચય થયો. ગુજરાતમાં કલાસંસ્કાર રેડ્યા અને કલા પ્રત્યે રસવૃત્તિ અને જાગૃતિ કેળવી પોતાને ત્યાં ગુજરાત કલા સંઘની સ્થાપના કરી યુવાપેઢીને નિઃશુલ્ક ચિત્રતાલીમ આપી.

12મી માર્ચ, 1922ના રોજ અમદાવાદની કોર્ટ (હાલમાં શાહીબાગમાં આવેલું સર્કિટ હાઉસ)માં ગાંધીજી અને શંકરલાલ બેંકર ઉપર રાજદ્રોહના આરોપનો મુકદમો ચાલેલ. તે ઐતિહાસિક ઘટનાને નજરે જોઈ રવિશંકર રાવળે આ પ્રસંગનું ચિત્ર-આલેખન કરેલ.



**ચિત્રકાર : શ્રી રવિશંકર રાવળ**

**1922માં ગાંધીજી પર અંગ્રેજ સરકારે અમદાવાદના સર્કિટ હાઉસમાં કેસ ચલાવ્યો તે પ્રસંગે કોર્ટમાં હાજર રહી કરેલો સ્કેચ**

ઉપર્યુક્ત ચિત્રકારોમાંથી આપણે રાજા રવિવર્મા, રવીન્દ્રનાથ ટાગોર અને અવનીન્દ્રનાથ ટાગોર વિશે વિગતે જોઈશું.


**(1) રાજા રવિવર્મા (ઈ.સ. 1848-ઈ.સ. 1906) :** કેરલ રાજ્યના કિલિમન્નુર ગામમાં જન્મેલ રવિવર્મા રાજવી કુટુંબના સભ્ય હોવાથી રાજા રવિવર્મા તરીકે ઓળખાયા. તેમના સમયમાં કલાના ક્ષેત્રમાં પાશ્ચાત્યકલાની વ્યાપક અસર જોવા મળતી. રવિવર્માએ શ્રી રામાસ્વામી નાયડુ, થિયોડોર જેન્સન અને રાજવી કુટુંબમાં આવતા યુરોપિયન મહેમાન ચિત્રકારો પાસેથી કલાનું શિક્ષણ અને માર્ગદર્શન મેળવી પોતાની આગવી શૈલી વિકસાવી હતી. તેમનાં ચિત્રો વાસ્તવદર્શી છે. વ્યક્તિચિત્રો તૈયાર કરવામાં તેમની સિદ્ધિ અનન્ય હતી. તેમનાં ચિત્રોમાં ભાવને બદલે ટૅક્નિકનું પ્રાધાન્ય વધુ હતું. તેમણે પૌરાણિક ધર્મગ્રંથો અને સંસ્કૃત સાહિત્યમાં આલેખિત પ્રસંગો અને પાત્રોને કેન્દ્રમાં રાખી તૈયાર કરેલ તૈલચિત્રો ખૂબ પ્રશંસા પામ્યાં. તેમનાં ચિત્રોમાં વિરાટનો દરબાર, ગંગા-અવતરણ, ઉર્વશી, શકુંતલા, પોટ્રેટ ઑફ લેડી વગેરે મુખ્ય હતાં.



રાજા રવિવર્મા

રવિવર્માએ ઈ.સ. 1894માં મુંબઈના ઘાટકોપરમાં એક લિથોગ્રાફી પ્રિન્ટિંગ પ્રેસ શરૂ કર્યું હતું. આ પ્રેસમાં છાપવામાં આવેલાં હિંદુ દેવી-દેવતાઓનાં ચિત્રો તેની ઓછી (સામાન્ય) કિંમતને કારણે સામાન્ય લોકો પણ ખરીદી શકતા. વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડ અને ભાવનગરના રાજવીએ રાજા રવિવર્માને નિમંત્રણ આપીને રાજકુટુંબનાં અને કેટલાંક પૌરાણિક ચિત્રો તૈયાર કરાવ્યાં હતાં. તેમનાં ચિત્રો ત્રિવેન્દ્રમના સંગ્રહાલયમાં, વડોદરાની ફતેસિંહરાવ આર્ટ ગેલેરી અને ભાવનગરના દરબારમાં સચવાયેલાં છે. બ્રિટિશ સરકારે તેમને 'કૈસરે હિંદ'નો ખિતાબ આપી સન્માન્યા હતા. તેઓ કલાના રાજા અને દેશની અમૂલ્ય ધરોહર હતા.

**(2) રવીન્દ્રનાથ ટાગોર (ઈ.સ. 1861-ઈ.સ.1941) :** ''ગીતાંજલિ'' મહાકાવ્ય માટે નોબેલ પારિતોષિકથી સન્માનિત કવિવર રવીન્દ્રનાથ ટાગોર પ્રતિભાવંત ચિત્રકાર પણ હતા. શાંતિનિકેતનને તેમણે સાહિત્ય, સંગીત, નૃત્ય, ચિત્ર વગેરે કલાઓનું સંગમતીર્થ બનાવ્યું હતું. તેમણે ભારતીય અને પાશ્ચાત્ય કલા જેવી પરંપરાગત કલાની અસરમાંથી મુક્ત રહી પોતાની આગવી ચિત્રશૈલી વિકસાવી, જેને કારણે જ તેમને આધુનિક ભારતીય ચિત્રકલાના ભીષ્મ પિતામહ તરીકે ઓળખવામાં આવે છે. તેમણે 2000 કરતાં પણ વધારે ચિત્રોનું સર્જન કર્યું છે. તેમનાં ચિત્રોમાં રેખાઓમાં ગતિ, રંગોમાં તાજગી અને નિરૂપણમાં ભાવાત્મકતા જોવા મળે છે. રવીન્દ્રનાથ ટાગોરનાં ચિત્રો શાંતિનિકેતનમાં, રવીન્દ્રભવનમાં અને દિલ્લીની નેશનલ ગેલેરી ઑફ મોડર્ન આર્ટમાં સંગૃહિત છે.



રવીન્દ્રનાથ ટાગોર



અવનીન્દ્રનાથ ટાગોર

કવિવરે ચિત્રકલાની પદ્ધતિસરની તાલીમ લીધી ન હોવા છતાં તેમની તીવ્ર સંવેદના અને અંતઃપ્રેરણાએ તેમની સર્જનાત્મક અભિવ્યક્તિને પ્રેરક બળ પૂરું પાડ્યું.

**(3) અવનીન્દ્રનાથ ટાગોર (ઈ.સ. 1871-ઈ.સ.1941) :** બંગાળમાં જન્મેલ અવનીન્દ્રનાથ ટાગોરે ભારતીય મુઘલ તાંજોર, ચાઈનીઝ અને જાપાનીઝ ચિત્રશૈલીનો ઝીણવટપૂર્વક અભ્યાસ કર્યો. તેમજ પાશ્ચાત્ય ચિત્રકારોનું માર્ગદર્શન મેળવી એક નવતર શૈલીનાં ચિત્રોનું નિર્માણ કરી ભારતીય ચિત્રકલાને એક નવી દિશા સૂચવી. તેમની શૈલીમાં ભારતીય વાતાવરણ અને ભાવુકતા જોવા મળતી હતી. જાપાનીઝ વોશ પદ્ધતિથી દોરેલાં તેમનાં ચિત્રોમાં વાતાવરણની ગહનતા અને પાત્રોની ભાવવાહિતા ધબકતી જોવા મળતી. તેમણે ચિત્રકળાના પ્રસાર માટે 'બંગાળ સ્કૂલ ઑફ આર્ટ'ની સ્થાપના કરી. એ સમયમાં અસ્તિત્વમાં આવેલી ચિત્રશૈલી 'બંગાળ સ્કૂલ ઑફ આર્ટ' શૈલી તરીકે નામના પામી.



અવનીન્દ્રનાથ ટાગોર દ્વારા નિર્મિત ભારતમાતાનું ચિત્ર

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં લખો :**

(1) વડોદરામાં 'કલાભવન'ની સ્થાપના કોના દ્વારા કરવામાં આવી હતી ?

(2) પાલ ચિત્રશૈલીનો વિસ્તાર ક્યાં-ક્યાં થયો હતો ?

(3) ચિત્રકલાને પ્રોત્સાહન આપનાર મુઘલ રાજવીઓમાં કોનો-કોનો સમાવેશ થાય છે ?

(4) ચિત્રકલાનો પ્રસાર કરવા અવનીન્દ્રનાથે કઈ સંસ્થા સ્થાપી ?

(5) ગુજરાતમાં કઈ શૈલીનાં ચિત્રો વિશેષ મળી આવ્યાં છે ?

**2. ટૂંક નોંધ લખો :**

(1) રાજા રવિવર્મા (2) રાજપૂત શૈલી (3) કાંગડા શૈલી

**3. નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી ઉત્તર લખો :**

(1) જલ્પ તેના તમિલનાડુના પ્રવાસ દરમિયાન નીચેનામાંથી કઈ ગુફાઓની મુલાકાતે જશે ?

(A) સિત્તાનાવસલની ગુફાઓ (B) બાદામીની ગુફાઓ

(C) અજંતાની ગુફાઓ (D) ભીમબેટકાની ગુફાઓ

(2) જૈન શૈલીનાં ચિત્રો જોવા માટે તમે નીચેનામાંથી કયો ગ્રંથ ઉપયોગમાં લેશો ?

(A) અભિધમ્મ પિટ્ટક (B) સુત્તપિટ્ટક

(C) અંગુત્તરનિકાય (D) કથાસરિતસાગર

(3) ચિત્ર-પ્રદર્શન દરમિયાન ગુજરાતના ચિત્રકારનું ચિત્ર જોઈ હેતાંશે તે ખરીદી લીધું. તેણે કયા ચિત્રકારનું ખરીધ્યું હશે ?

(A) અવનીન્દ્રનાથ ટાગોર (B) પીરાજી સાગરા

(C) જૈમિની રાય (D) અંજલી મેનન

(4) એક ચિત્ર જોઈને તમે મૂંઝવણમાં મુકાઈ જાવ છો. તે ચિત્ર જોઈ નક્કી નથી કરી શકતા કે તે રાજપૂત શૈલીનું છે કે કાંગડા શૈલી. તો ચિત્રનો વિષય કયો હશે ?

(A) રાજસ્થાની લોકનૃત્ય (B) હિમાલયનું કુદરતી સૌંદર્ય

(C) કૃષ્ણભક્તિ (D) યુદ્ધનાં દૃશ્યો

**4. જોડકાં જોડો :**

| અ | બ |
|---|---|
| (1) જહાંગીર | (A) બુંદી, કિશનગઢ, બિકાનેરમાં શૈલીનો વિકાસ |
| (2) પાલ શૈલી | (B) મદ્રાસ સ્કૂલ ઑફ આર્ટની સ્થાપના |
| (3) મુઘલ શૈલી | (C) ચિત્રકલાના ભીષ્મપિતામહ |
| (4) દેવીપ્રસાદ રોય ચૌધરી | (D) જાતક કથાઓ અને બોધિસત્ત્વનાં ચિત્રો |
| (5) રવીન્દ્રનાથ ટાગોર | (E) પશુપંખીઓ અને પ્રાણીઓની સાઠમારીનાં ચિત્રો |
| | (F) ચિત્રશાળાની સ્થાપના |

**વિશેષ પ્રશ્નો**

(1) કાંગડા શૈલી અને રાજપૂત શૈલી વચ્ચે રહેલી સામ્યતા અને ભિન્નતા જણાવો.

(2) મુઘલ શૈલીનાં ચિત્રોની મુખ્ય વિષયવસ્તુ કઈ હોઈ શકે ? કેમ ?

(3) ચિત્રકલાના ઇતિહાસની શરૂઆત ગુફાચિત્રોથી થઈ હશે એવું કેમ માની શકાય ?


# 8 સ્વતંત્રતા પછીનું ભારત

G8E6M2

બ્રિટિશ પાર્લમેન્ટે હિંદ સ્વાતંત્ર્યધારો (જુલાઈ, 1947માં) પસાર કર્યો. આ ધારાની જોગવાઈ અનુસાર હિંદનું ભારતીય સંઘ અને પાકિસ્તાન સંઘ એમ બે દેશોમાં વિભાજન કરવામાં આવ્યું.

## ભારતનું વિભાજન અને નિરાશ્રિતોનો પુનઃ વસવાટ

15 ઑગસ્ટ, 1947ના રોજ આપણો દેશ સ્વતંત્ર થયો. સમગ્ર દેશ માટે આનંદ-ઉલ્લાસનો માહોલ હતો. આનંદની પળો સાથે કેટલાક પડકારો પણ ઊભા થયા. અખંડ હિન્દુસ્તાનના ભાગલા થતા ભારત અને પાકિસ્તાન એમ બે રાષ્ટ્રો અસ્તિત્વમાં આવ્યાં. પાકિસ્તાનમાંથી બિનમુસ્લિમોને હાંકી કાઢવાની નીતિ અપનાવતાં લગભગ 80 લાખ શરણાર્થીઓ પાકિસ્તાનથી ભારત આવ્યા હતા. આ શરણાર્થીઓને સમાવવા અને તેમને રોજગારી આપવી એ વિકટ સમસ્યા હતી. ભારત સરકારે ખૂબ જ કુનેહથી આ જવાબદારી નિભાવી. દેશના લોકો અને સરકારે આ નિરાશ્રિતોને પૂરતી સગવડો આપી. વિશાળ શરણાર્થી શિબિર ખોલવામાં આવી. નિરાશ્રિતોના પુનર્વસન બાદ તેઓ બધા સાથે એકરૂપ થઈ ગયા અને નૂતન જીવનની શરૂઆત કરી.



ભારત-પાકિસ્તાનના ભાગલા વખતનું દૃશ્ય

તે સમયે ભારતમાં 562 જેટલાં નાનાં-મોટાં દેશી રાજ્યો હતાં. આ રાજ્યોને ભારત સંઘમાં જોડાવા માટે સહમત કરવા પણ એક અઘરો પડકાર હતો. આ સાથે લોકોની અપેક્ષાઓ અને આકાંક્ષાઓ સંતોષી શકે તેવું બંધારણ અને રાજકીય વ્યવસ્થાનું નિર્માણ કરવું પણ એક પડકાર હતો.

ઈ.સ. 1947માં ભારતની વસ્તી લગભગ 35 કરોડની આસપાસ હતી. આ વસ્તી ભાષા, પહેરવેશ, પ્રદેશ અને સાંસ્કૃતિક બાબતોમાં ભિન્નતાઓ ધરાવતી હતી. આટલી બધી ભિન્નતાઓ હોવા છતાં રાષ્ટ્રીય એકતા સાધી રાષ્ટ્રવિકાસ કરવો પણ આવશ્યક હતો. સ્વતંત્રતા સમયે વસ્તીનો મોટો સમુદાય ગામડાંમાં રહેતો, ખેતી કરતો. આ ઉપરાંત ગંદાં શહેરો, ગીચ વસવાટ, ગરીબી, શિક્ષણ અને આરોગ્યલક્ષી સવલતોનો અભાવ તથા ગ્રામીણ વિસ્તારોમાં ખેતી અને ખેતી સંલગ્ન રોજગારીની સમસ્યાઓ પડકારરૂપ હતી. બધા જ પડકારોની સાથે રાષ્ટ્રીય એકતા સાથે રાષ્ટ્રીય વિકાસ કરવો પણ જરૂરી હતો.

## દેશી રાજ્યોનું એકીકરણ અને વિલીનીકરણ

562 જેટલા દેશી રાજ્યોનું ભારતીય સંઘમાં વિલીનીકરણ કરવું તે તત્કાલીન ભારતની સૌથી મોટી સમસ્યા હતી. કશ્મીર, હૈદરાબાદ અને મૈસૂર જેવાં મોટાં દેશી રાજ્યો હતાં. જ્યારે કેટલાંક દેશી રાજ્યો ખૂબ નાનાં હતાં. આ બધાં દેશી રાજ્યોને ભારત સંઘમાં જોડાવવા–સમજાવવા ખૂબ મોટું અને મુશ્કેલ કાર્ય હતું. આઝાદી પ્રાપ્ત થતા સૌપ્રથમ ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહે ભાવનગરમાં 'જવાબદાર સરકાર'નો શુભારંભ કર્યો. સરદાર પટેલના પ્રયત્નોથી સંયુક્ત સૌરાષ્ટ્ર રાજ્યની રચના થતા ભાવનગર રાજ્ય તેમાં વિલીન થયું. સૌરાષ્ટ્ર રાજ્યની આ ઘટનાને જવાહરલાલ નેહરુએ 'સમકાલીન ઈતિહાસનું સૌથી વિશેષ નોંધપાત્ર એકીકરણ ગણાવ્યું.'


સરદાર વલ્લભભાઈ પટેલ



મહારાજા કૃષ્ણકુમારસિંહજી

સ્વતંત્રતા મેળવ્યા બાદ તત્કાલીન નાયબ વડાપ્રધાન અને ગૃહપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલે દેશી રાજાઓને અપીલ કરી કે, તેમના શાસન હેઠળની પ્રજા અને ભારતીય સંઘના હિતમાં તેઓ પોતાનાં રાજ્યોને સ્વેચ્છાએ ભારતીય સંઘમાં જોડાવા સંમતિ આપે. તેમણે રાજાઓમાં દેશભક્તિ જાગ્રત કરી. વ્યવહારુ બુદ્ધિથી તેમણે લગભગ બધાં દેશી રાજ્યોનું ભારતમાં વિલીનીકરણ કરવાની પ્રક્રિયા આરંભી. સરદાર પટેલ અને તેમના સચિવ વી. પી. મેનનના પ્રયત્નોથી હૈદરાબાદ, જૂનાગઢ અને કશ્મીર સિવાય બધાં જ રાજ્યોનું ભારત સંઘમાં વિલીનીકરણ કરવામાં આવ્યું. હૈદરાબાદમાં પોલીસ પગલું ભરી નિઝામના હિતોના રક્ષણની બાંહેધરી આપી, હૈદરાબાદનું ભારતીય સંઘમાં વિલીનીકરણ થયું. હૈદરાબાદના વિલીનીકરણમાં કનૈયાલાલ મુનશીની ભૂમિકા મહત્ત્વની રહી. જૂનાગઢના નવાબે પોતાના રાજ્યને પાકિસ્તાન સાથે જોડવા જોડાણખત લખી આપ્યું. જેની સામે મુંબઈમાં જૂનાગઢના નાગરિકોએ ભારતીય સંઘમાં જોડાવા માટે 'આરઝી હકૂમત'ની સ્થાપના કરી. સૌરાષ્ટ્રનાં લગભગ તમામ રાજ્યોએ અને લોકોએ નવાબના પાકિસ્તાન સાથેના જોડાણનો વિરોધ કર્યો. જૂનાગઢના નવાબ પાકિસ્તાન ચાલ્યા ગયા અને ભારતે જૂનાગઢનો કબજો લીધો. ત્યાર બાદ લોકમત લેવાયો જેમાં પ્રચંડ બહુમતીથી જૂનાગઢની જનતાએ ભારતસંઘ સાથેના જોડાણને સમર્થન આપ્યું. આમ, જૂનાગઢનું ભારતસંઘમાં વિલીનીકરણ કરવામાં આવ્યું.

કશ્મીરના મહારાજા હરિસિંહ ડોગરાએ ભારત સાથેના જોડાણખત પર સહી કરી ન હતી. આ દરમિયાન કશ્મીર પોતાની સાથે જોડાઈ જાય તે માટે પાકિસ્તાને કશ્મીર પર આક્રમણ કર્યું. હરિસિંહે ભારતની લશ્કરી મદદ માંગી અને ભારત સાથેના જોડાણખત પર સહી કરી. ભારતીય લશ્કરે તાત્કાલિક કશ્મીર જઈ તેનું રક્ષણ કર્યું પણ તે દરમિયાન કશ્મીરના ત્રીજા ભાગ પર પાકિસ્તાને ગેરકાયદેસર કબજો જમાવ્યો હતો. ભારતે પાકિસ્તાન વિરુદ્ધ સંયુક્ત રાષ્ટ્રોની સલામતી સમિતિમાં ફરિયાદ કરી. સલામતી સમિતિએ યુદ્ધવિરામ કરવા જણાવ્યું. હજુ આજે પણ કશ્મીરના ત્રીજા ભાગના પ્રદેશ પર પાકિસ્તાનનો કબજો છે. જેને આજે પી.ઓ.કે. (Pakistan Occupied Kashmir) તરીકે ઓળખવામાં આવે છે જે વાસ્તવમાં ભારતનો ભાગ છે. કશ્મીર કાયદેસર રીતે ભારતનો ભાગ છે તે નિર્વિવાદ હકીકત છે. આમ, 1948ના અંત પહેલાં ભારતમાં રાજકીય એકતા સિદ્ધ થઈ.

## રાજ્યોની રચના અને પુનઃરચના

ભારત સ્વતંત્ર થયા બાદ દેશી રાજ્યોના એકીકરણની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી તેની સાથે જ આપણે સંઘીય રાજ્ય-વ્યવસ્થાનો સ્વીકાર કર્યો હોઈ સંઘનાં ઘટકો એવાં રાજ્યોની રચના કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થયો. અગાઉના બ્રિટિશ પ્રાંત અને દેશી રાજ્યોના એકીકરણ થકી ઊભા થયેલા એકમોનું શરૂઆતમાં ચાર વર્ગોમાં અ, બ, ક, ડ એમ વિભાજન કરવામાં આવેલ. આ ચારેય પ્રકારનાં રાજ્યોના દરજ્જા



ગુજરાત રાજ્યની સ્થાપના

સમાન ન હતા. આ એક કામચલાઉ વ્યવસ્થા હતી. કારણ કે ભારત પ્રજાસત્તાક બન્યા બાદ દેશમાં ભાષાના ધોરણે રાજ્યોની રચનાની માંગ ઊભી થઈ હતી. આ માટે કેટલાંક રાજ્યોમાં ઉગ્ર આંદોલન પણ ચાલુ થયાં જેમાં મદ્રાસ રાજ્યમાંથી તેલુગુ ભાષી લોકોએ આંધ્રપ્રદેશની માંગણી સાથે આંદોલન કરેલ. આ ઉગ્ર આંદોલનના કારણે કેન્દ્ર સરકારને તેમની માંગણી સ્વીકારવી પડી અને ઈ.સ. 1953માં અલગ રાજ્ય આંધ્રપ્રદેશની રચના થઈ. આંધ્રપ્રદેશ બાદ અન્ય ભાષા-સમુદાયો ભાષા આધારિત પોતાના અલગ રાજ્યની માંગ કરવા લાગ્યા હતા. જેના પરિણામે ભાષા આધારિત રાજ્યોની રચના કરવા રાજ્ય પુનઃરચના પંચની રચના કરવામાં આવી, જેના અધ્યક્ષ સર્વોચ્ચ અદાલતના પૂર્વ ન્યાયમૂર્તિ ડૉ. ફઝલઅલી હતા. આ પંચે ઈ.સ. 1956માં પોતાનો અહેવાલ સરકારને સુપ્રત કર્યો. 1 નવેમ્બર, 1956થી તેનો અમલ કરવામાં આવ્યો તે પ્રમાણે અગાઉના ચાર પ્રકારનાં રાજ્યોની વ્યવસ્થાને રદ કરી તેના સ્થાને 14 રાજ્યો અને 6 કેન્દ્રશાસિત પ્રદેશોની વ્યવસ્થાનો સ્વીકાર કરવામાં આવ્યો. આ 14 રાજ્યો પૈકી મોટા ભાગનાં રાજ્યોની રચના ભાષાના આધારે થઈ પણ પંજાબ અને મુંબઈ અપવાદ હતા. મુંબઈ રાજ્ય મરાઠી અને ગુજરાતી એમ દ્વિભાષી વિસ્તારોનો સમાવેશ થતો. આની સામે મરાઠી અને ગુજરાતી ભાષાના ધોરણે રાજ્યોની રચના કરવાની ઉગ્ર માંગ ઊઠી અને મહાગુજરાત આંદોલનની શરૂઆત થઈ. તેના નેતાઓમાં ઈન્દુલાલ યાજ્ઞિક (ઈન્દુચાચા), ભાઈલાલભાઈ (ભાઈકાકા), બ્રહ્મકુમાર ભટ્ટ વગેરે હતા. જેના પરિણામે મરાઠી અને ગુજરાતી ભાષી અલગ રાજ્યોની રચના કરવામાં આવી. નવા ગુજરાત રાજ્યનું ઉદ્‌ઘાટન 1 મે, 1960ના રોજ સાબરમતી આશ્રમ, અમદાવાદ ખાતે પૂ. રવિશંકર મહારાજના હસ્તે થયું. નવગુજરાતના પ્રથમ રાજ્યપાલ તરીકે મહેંદીનવાઝ જંગ અને પ્રથમ મુખ્યમંત્રી તરીકે ડૉ. જીવરાજ મહેતાએ શપથ લીધા. ઈ.સ. 1966માં પંજાબનું વિભાજન કરીને પંજાબ અને હરિયાણાને અલગ રાજ્ય તરીકે માન્યતા આપવામાં આવી.

સમય જતાં અસમ, નાગાલૅન્ડ, મેઘાલય, મણિપુર, ત્રિપુરા, અરુણાચલ પ્રદેશ, મિઝોરમ એમ પૂર્વોત્તર ભારતનાં સાત રાજ્યોની રચના થઈ. આ સાત રાજ્યો 'Seven Sisters State' તરીકે ઓળખાય છે. મોટાં રાજ્યોમાંથી અલગ નાના રાજ્ય રચવાની માંગણી સતત ચાલુ રહી. ઈ.સ. 2000માં બિહારમાંથી ઝારખંડ, મધ્યપ્રદેશમાંથી છત્તીસગઢ અને ઉત્તરપ્રદેશમાંથી ઉત્તરાખંડ રાજ્યની રચના કરવામાં આવી. ઈ.સ. 2014માં આંધ્રપ્રદેશમાંથી તેલંગાણા અલગ રાજ્ય બન્યું. છેલ્લે ઑક્ટોબર, 2019થી જમ્મુ અને કશ્મીર તેમજ લદ્દાખને કેન્દ્રશાસિત પ્રદેશ તરીકે દરજ્જો પ્રાપ્ત થયેલ છે. હાલમાં ભારતમાં 28 રાજ્યો, દિલ્લી રાજ્ય અને રાષ્ટ્રીય રાજધાની વિસ્તાર સહિત 8 કેન્દ્રશાસિત પ્રદેશોનો સમાવેશ થાય છે.

## ફ્રેન્ચ અને પોર્ટુગીઝ સંસ્થાનોનું ભારતસંઘમાં વિલીનીકરણ

26 જાન્યુઆરી, 1950ના રોજ ભારત પ્રજાસત્તાક બન્યું ત્યાં સુધીમાં ભારતના દેશી રાજ્યોનું ભારતસંઘ સાથે જોડાણ થઈ ચૂક્યું હતું. પરંતુ ફ્રાંસ અને પોર્ટુગલના તાબા હેઠળના પ્રદેશોનું ભારતસંઘ સાથે જોડાણ બાકી હતું. પુડુચેરી, માહે, યનામ, કરાઈકલ, ચંદ્રનગર પર ફ્રેન્ચોનો અંકુશ હતો. ત્યાંની સ્થાનિક પ્રજાએ ફ્રેન્ચ સરકાર સામે 'ભારત છોડો'નું એલાન આપ્યું. આ પ્રશ્નનું શાંતિમય સમાધાન કરવા ભારત સરકારે ફ્રેન્ચ સરકાર સાથે વાટાઘાટો શરૂ કરી. ફ્રાન્સે લોકોનો મિજાજ અને ભારત સંઘ સાથે જોડાવાની તીવ્ર ઇચ્છા પારખી લઈ પોતાનાં સંસ્થાનો ભારતને સુપરત કર્યાં. 13 ઑક્ટોબર, 1954માં ફ્રાન્સે વસાહતો ભારત સરકારને સુપ્રત કરી ભારતમાંથી વિદાય લીધી.

દીવ, દમણ, ગોવા, દાદરા અને નગરહવેલી પ્રદેશો પર પોર્ટુગીઝોનો કબજો હતો. ફ્રેન્ચો કરતા પોર્ટુગીઝો વધુ જક્કી પુરવાર થયા. સમજાવટ અને વાટાઘાટો દ્વારા આ પ્રદેશો સોંપી દેવા ભારત સરકારે ઘણા પ્રયત્નો કર્યા પણ પોર્ટુગીઝ સરકાર તૈયાર ન થઈ. ત્યારે ત્યાંના સ્થાનિક લોકોએ ભારતસંઘ સાથે જોડાણ માટે 'ગોવા મુક્તિ આંદોલન'ની શરૂઆત કરી. આ આંદોલન દરમિયાન હજારો લોકોએ ગોવા, દીવ, દમણમાં પ્રવેશવા પ્રયત્ન કર્યો. જેમાં ઘણા સત્યાગ્રહીઓ શહીદ થયા. સત્યાગ્રહો અને સમજાવટ જેવા ઉપાયો કારગત ન નીવડતા ભારત સરકારે ગોવાને મુક્ત કરાવવા



જનરલ ચૌધરીની આગેવાની નીચે 'ઑપરેશન વિજય' નામના લશ્કરી અભિયાનની શરૂઆત કરી. 18 ડિસેમ્બર, 1961ના રોજ ગોવાના પોર્ટુગીઝ શાસકોએ શરણાગતિ સ્વીકારી અને ગોવા, દીવ, દમણનો કબજો મેળવી તેનું ભારતમાં વિલીનીકરણ કરવામાં આવ્યું.

## પંચવર્ષીય યોજનાઓ અને ભારતનો આર્થિક વિકાસ

ઈ.સ. 1950માં ભારત સરકારે બંધારણનાં ધ્યેયો અને આદર્શોને પૂર્ણ કરે તેવા આયોજનપંચનો પ્રારંભ કર્યો. આજે આ આયોજનપંચ 'નીતિઆયોગ' તરીકે ઓળખાય છે. આ આયોજનપંચમાં નિષ્ણાત અર્થશાસ્ત્રીઓ, વહીવટી નિષ્ણાતો અને વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતોનો સમાવેશ થાય છે. તેના અધ્યક્ષ હોદ્દાની રૂએ વડાપ્રધાન હોય છે. ભારતનું આર્થિક આયોજન લાંબાગાળા અને ટૂંકાગાળા એમ બંને ઉદ્દેશ્ય ધરાવે છે. ભારતના આર્થિક આયોજનના મુખ્ય ઉદ્દેશ્યોમાં ઝડપી આર્થિક વૃદ્ધિ અને વિકાસ, આર્થિક અસમાનતામાં ઘટાડો, પૂર્ણ રોજગારી પ્રાપ્ત કરવી, સ્વાવલંબન, ભાવસ્થિરતા, શૈક્ષણિક વિકાસ વગેરે ઉદ્દેશ્યોને ધ્યાને લઈ પંચવર્ષીય યોજનાઓ શરૂ કરવામાં આવી છે. પ્રથમ પંચવર્ષીય યોજના ઈ.સ. 1951-56 દરમિયાન હાથ ધરવામાં આવી. પંચવર્ષીય યોજનાઓના આ સમયગાળા દરમિયાન આયોજનબદ્ધ આર્થિક વિકાસના પ્રયત્નો થયા. ઔદ્યોગિક વિકાસના હેતુથી ભારે અને પાયાના ઉદ્યોગોની સ્થાપના કરવામાં આવી. ઔદ્યોગિક ઉત્પાદનમાં આપણે મહદંશે સ્વાવલંબી બની શક્યા છીએ. કૃષિક્ષેત્રે હરિયાળી ક્રાંતિ સર્જી અનાજની આયાત કરતો દેશ આજે અનાજની નિકાસ કરતું રાષ્ટ્ર બનેલ છે. દૂધ-ઉત્પાદનમાં શ્વેત ક્રાંતિ, તેલીબિયાનું ઉત્પાદન વધારવા પીળી ક્રાંતિ વગેરે દ્વારા ઉત્પાદન વધારવાની દિશામાં વિકાસકીય પગલાઓ ભરવામાં આવેલ છે. સ્વતંત્રતા બાદ ગરીબી ઘટાડવા અને આર્થિક અસમાનતા ઘટાડવા ગરીબીનિવારણ કાર્યક્રમો અમલમાં મૂકેલ છે. પંચવર્ષીય યોજનાઓના પરિણામ સ્વરૂપે આજે રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવકમાં વધારો થયો છે. પરંતુ ગરીબોની સંખ્યામાં ઘટાડો થઈ શક્યો નથી. આ માટે વસ્તીવધારો એક કારણ તરીકે જવાબદાર છે. આમ છતાં ગરીબી ઘટાડવા માટે આર્થિક અસમાનતા ઘટાડવા, રોજગારીની તકો વધારવા, શિક્ષણનો પ્રચાર-પ્રસાર, આવશ્યક ચીજવસ્તુ ગરીબોને મળી રહે તે માટે સરકાર સતત પ્રયત્નશીલ રહી છે. આજે લોકોના આરોગ્યમાં સુધારો થયો છે. ભારતમાંથી શીતળાનો રોગ નાબૂદ કરી શક્યા છીએ. સરેરાશ આયુષ્યમાં સુધારો થયો છે, બાળ મૃત્યુદરમાં ઘટાડો નોંધાયો છે, શિક્ષણનું પ્રમાણ (સાક્ષરતાનો દર) વધ્યું છે.

## વર્તમાન ભારત - આશા અને વિકાસ

આઝાદીનાં આટલાં વર્ષો બાદ આપણા દેશની વિકાસયાત્રા કેવી રહી ? બંધારણમાં નક્કી કરેલા આદર્શોને આપણે કેટલા અંશે સિદ્ધ કર્યા ?

ભારતે આજે પણ લોકશાહી આદર્શોને જીવંત રાખેલ છે. આ એક ગૌરવ લઈ શકાય તેવી ઉપલબ્ધી ગણી શકાય. કારણ કે ઘણાબધા વિદેશી વિવેચકોનું માનવું હતું કે, ભારત એક રાષ્ટ્ર તરીકે વધુ લાંબો સમય ટકી નહિ શકે. આ બધી જ આશંકાઓ નિર્મૂળ સાબિત થઈ. આઝાદીથી લઈ અત્યાર સુધી લોકસભા તેમજ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની અને વિધાનસભાની ઘણી ચૂંટણીઓ સફળતાપૂર્વક પૂર્ણ થયેલ છે. ભારતમાં નાગરિકોને પુખ્તવય મતાધિકાર આપવામાં આવેલ છે. ભારતમાં પ્રેસ સ્વાતંત્ર્ય છે. નિષ્પક્ષ અને તટસ્થ ન્યાયતંત્ર છે. આ ઉપરાંત ભાષાકીય વિવિધતા અને ધાર્મિક વિવિધતા રાષ્ટ્રીય એકતા માટે બાધક બનતી નથી પણ પોષક બની વિવિધતામાં એકતા સર્જે છે.

વિશ્વના અન્ય વિકાસશીલ દેશોની સરખામણીમાં ભારતે આઝાદી પછીનાં વર્ષોમાં ટૅક્નોલૉજીના ક્ષેત્રમાં વિકાસ સાધ્યો છે અને વિકસિત દેશોની સાથે બરોબરી સાધી છે. મર્યાદિત અને અલ્પ સાધનો, સાક્ષરતાનું ઓછું પ્રમાણ આ બધી સમસ્યા હોવા છતાં ભારતનો વિજ્ઞાન અને ટૅક્નોલૉજી ક્ષેત્રનો વિકાસ નોંધપાત્ર કહી શકાય. પરમાણુ વિજ્ઞાન અને ટૅક્નોલૉજીનો શાંતિમય ઉપયોગ અને તેના દ્વારા વિકાસની પ્રક્રિયા થકી સક્રિયતા સાધેલી છે. ઉદ્યોગોની વાત કરીએ તો ઇલેક્ટ્રૉનિક્સ, ઊર્જા, ખનીજતેલ, ટૅલિકૉમ્યુનિકેશન, સ્ટીલ, ખાતર, સિમેન્ટ, પેટ્રોકેમિકલ્સ વગેરે ક્ષેત્રોમાં દેશે હરણફાળ ભરી છે. અવકાશ સંશોધનક્ષેત્રે ભારતે અવકાશમાં ઉપગ્રહો છોડવા માટે વિશિષ્ટ પ્રકારના GSLV (ઝીયોસિન્ક્રોનાસ

સેટેલાઈટ લોન્ચ વ્હિકલ) તૈયાર કર્યા છે. આ ઉપરાંત ભારતે છોડેલા ઉપગ્રહો અને મંગળ ગ્રહ પર પહોંચવા માટેનું મંગળ અભિયાન તેમજ ઉપગ્રહ છોડવામાં સંપૂર્ણ સ્વાવલંબન આ બધી જ આગવી ભારતની વિશિષ્ટ અને નોંધપાત્ર સિદ્ધિ રહી છે. વિશ્વના દેશોએ પણ ભારતની સિદ્ધિઓની નોંધ લીધી છે. ભારતીય પરંપરાઓ, સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો અને માનવસંસાધનોનું મહત્ત્વ વિશ્વના દેશોએ સ્વીકાર્યું છે. તેનું શ્રેષ્ઠ ઉદાહરણ યોગનું મહત્ત્વ વિશ્વના દેશોએ સ્વીકારેલ છે. 21 જૂનના દિવસને 'વિશ્વયોગ દિવસ' તરીકે UN (United Nations - સંયુક્ત રાષ્ટ્રસંઘ)એ જાહેર કરેલ છે. વિકાસમાં ભારત ઉજ્જવળ પંથે હરણફાળ ભરી રહેલ છે.

## સ્વાધ્યાય

**1. ખાલી જગ્યા પૂરો :**

(1) હિંદના વિભાજન માટે બ્રિટિશ પાર્લમેન્ટે ……… ધારો પસાર કર્યો હતો.

(2) ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી ……… હતા.

(3) હાલ આયોજનપંચ ……… તરીકે ઓળખાય છે.

**2. નીચેના પ્રશ્નોના ઉત્તર એક-બે વાક્યમાં લખો :**

(1) ભારત ક્યારે સ્વતંત્ર થયું ?

(2) રાજ્ય પુનઃરચના પંચના અધ્યક્ષ કોણ હતા ?

(3) ગુજરાત રાજ્યની સ્થાપના ક્યારે કરવામાં આવી ?

**3. નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં લખો :**

(1) સ્વતંત્ર ભારતની સામે કયા-કયા પડકારો હતા ?

(2) જૂનાગઢનું ભારતસંઘ સાથે જોડાણ ક્યારે કરવામાં આવ્યું ?

(3) અવકાશ વિજ્ઞાનક્ષેત્રે ભારતે સાધેલ પ્રગતિની નોંધ લખો.

**4. નીચેના પ્રશ્નોના ઉત્તર સવિસ્તર લખો :**

(1) દેશી રાજ્યોના એકીકરણ અને વિલીનીકરણ વિશે માહિતી આપો.

(2) પંચવર્ષીય યોજનાઓથી થયેલ આર્થિક વિકાસ વિશે માહિતી આપો.

(3) આઝાદી પછીનાં વર્ષોમાં ભારતે સાધેલી પ્રગતિ વિશે ટૂંકમાં માહિતી આપો.

### પ્રવૃત્તિ

- 'મહાગુજરાત ચળવળ' વિશે તમારા ઘરના વડીલ પાસેથી માહિતી મેળવો.
- આઝાદી પછી ભારતના વિકાસ પર સચિત્ર માહિતી સાથેનો હસ્તલિખિત અંક તૈયાર કરો.

•

# 9 સંસાધન

સંસાધન માનવસમાજની આર્થિક વૃદ્ધિ અને વિકાસનો મૂળાધાર હોય છે. તેના દ્વારા આપણી જરૂરિયાતોને સંતોષી શકાય છે. આજુબાજુ નિરીક્ષણ કરતાં કુદરતમાં પડેલાં અનેક તત્ત્વો નજરે પડે પણ તેને સંસાધન ન કહેવાય. આ તત્ત્વોને માનવી આવડત કે કૌશલ્યથી પોતાની જરૂરિયાતો સંતોષવા ઉપયોગમાં લે ત્યારે સંસાધન કહેવાય. સંસાધન એ કોઈ પણ આવશ્યકતા કે જરૂરિયાતને સંતોષનાર હોય છે. ઉપયોગિતા એ સંસાધનનો ગુણધર્મ છે.

R1Y2F7

અગાઉના સમયમાં માનવી પાસે ખનિજો ખોદવાની કે તેને શુદ્ધ કરવાની આવડત નહોતી ત્યારે લોખંડ અને બીજી ધાતુઓ કે ખનિજ તેલ સંસાધન નહોતાં પણ જ્યારથી માનવી તે ખનિજોને ખોદી પોતાની જરૂરિયાતો સંતોષતો થયો છે ત્યારથી સંસાધન બન્યાં એમ કહી શકાય. પવનચક્કી દ્વારા વીજળી-ઉત્પાદનની ટૅક્નોલૉજીના વિકાસ થવાથી આજના યુગમાં પવન એક અગત્યનું સંસાધન ગણાય છે. હજુ પણ ભવિષ્યમાં વિજ્ઞાન અને ટૅક્નોલૉજીના વિકાસ સાથે કુદરતી સંપત્તિમાં પડેલાં અનેક તત્ત્વો સંસાધન બનશે.

**પ્રવૃત્તિ**

- તમારી દિનચર્યામાં તમે ક્યાં-ક્યાં સંસાધનો વાપરો છો તે વિચારીને કહો.
- તમારા વર્ગખંડમાં ક્યાં-ક્યાં સંસાધનો વપરાયાં છે તે વિચારીને કહો.

## સંસાધનોના પ્રકાર


સંસાધનોના નિર્માણને આધારે મુખ્ય બે પ્રકાર પાડવામાં આવે છે :

(1) કુદરતી સંસાધનો (Natural Resources) (2) માનવસર્જિત સંસાધનો (Man Made Resources)

## કુદરતી સંસાધનો (Natural Resources)

કુદરતમાંથી મળતાં અને વધારે પ્રક્રિયા વિના ઉપયોગમાં લઈ શકાય તેને કુદરતી સંસાધન કહે છે. હવા, પાણી, જમીન, ખનિજો અને ઊર્જા-સ્રોતો એ તમામ કુદરતી સંસાધનો છે. આ બધાં સંસાધનો આપણને કુદરત દ્વારા મળેલ ભેટ છે. પર્યાવરણમાં આવેલાં તમામ ઘટકો જે માનવ દ્વારા ઉપયોગમાં લેવા યોગ્ય છે તે તમામ કુદરતી સંસાધનો છે.

કુદરતી સંસાધનોના પુનઃપ્રાપ્યતાના આધારે અને વિતરણ ક્ષેત્રોને આધારે વર્ગીકૃત કરવામાં આવે છે.




કુદરતી સંસાધનોના સ્રોત

### જાણવું ગમશે

- ખનિજ તેલ પૃથ્વીના પેટાળમાં અખૂટ નથી તે ક્યારેક ખૂટી પડવાનું છે.
- ખનિજ તેલના ભાવો સતત વધી રહ્યા છે. તેની અસરથી તમામ ચીજોના ભાવો વધે છે.
- ખનિજ કોલસો અને પેટ્રોલિયમ પેદાશોના વધુ વપરાશથી પૃથ્વીનું તાપમાન સતત વધી રહ્યું છે.
- જે વાહનો પેટ્રોલને બળતણ તરીકે વાપરે તેમાંથી આશરે 85 % કરતાં વધારે કાર્બન મોનોક્સાઇડ વાયુ અને ડીઝલથી ચાલતાં વાહનો આશરે 90 ટકાથી વધુ નાઇટ્રસ ઑક્સાઇડ પેદા કરે છે.
- Compressed Natural Gas (C.N.G.) વાયુના વપરાશથી ઓછું પ્રદૂષણ થાય છે.
- બૅટરી કાર/વાહનો
- સોલાર વાહનો

દુનિયામાં સંસાધનોની ઉપલબ્ધતા અને વિવિધતાની દૃષ્ટિએ અસમાન રીતે મળી આવે છે. આમ, વિતરણ ક્ષેત્રો કે પ્રાપ્તિ-સ્થાનોના આધારે વિદ્વાનો સંસાધનોના પ્રકાર આ મુજબ પાડે છે :

**(1) સર્વ સુલભ સંસાધન (Obliqities) :** આ પ્રકારનાં સંસાધન આપણને સર્વત્ર ઉપલબ્ધ હોય છે. ઉદાહરણ : વાતાવરણમાં વ્યાપ્ત જીવસૃષ્ટિ માટે ઉપયોગી વાયુઓ. ઑક્સિજન અને નાઇટ્રોજન


**(2) સામાન્ય સુલભ સંસાધનો (Commonalities) :** સામાન્ય રીતે આવાં સંસાધનો આપણને સરળતાથી ઉપલબ્ધ હોય છે. ઉદાહરણ : જળ, ગોચર ભૂમિ.

**(3) વિરલ સંસાધન (Rareties) :** આ સંસાધનો આપણને મર્યાદિત સ્થાનો પરથી જ પ્રાપ્ત થતાં હોય છે. ઉદાહરણ : કોલસો, વિવિધ ધાતુઓ, ખનિજતેલ, કુદરતી વાયુ, યુરેનિયમ

**(4) એકલ સંસાધન (Uniquelities) :** સમગ્ર વિશ્વમાં જવલ્લેજ એક કે બે જગ્યાએથી મળી આવતાં ખનિજો એકલ કે દુર્લભ સંસાધન તરીકે ઓળખાય છે. ઉદાહરણ : યુરોપના ગ્રીનલૅન્ડમાંથી પ્રાપ્ત થતું ક્રાયોલાઇટ ખનિજ.

આ ઉપરાંત સંસાધનોના નવીનીકરણીય અને બિનનવીનીકરણીય એવા બે ભાગ પણ પાડવામાં આવે છે.

| નવીનીકરણીય (પુનઃપ્રાપ્ય) સંસાધન | બિનનવીનીકરણીય (પુનઃઅપ્રાપ્ય) સંસાધન |
|---|---|
| અર્થ - આપમેળે ચોક્કસ સમયગાળામાં વપરાયેલ જથ્થાની પૂર્તિ કરે કે અખૂટ હોય. | અર્થ - એકવાર વપરાયા બાદ નજીકના સમયમાં તેનું ફરી નિર્માણ અશક્ય હોય. |
| ઉદા. જંગલો, પ્રાણીઓ, પશુ-પક્ષીઓ, સૂર્યપ્રકાશ, પવન | ઉદા. ખનિજ કોલસો, ખનિજતેલ, કુદરતી વાયુ, પરમાણુ ખનિજો |




અક્ષયશીલ સંસાધન
(Inexhastible Resources)

ક્ષયશીલ સંસાધન
(Exhaustible Resources)

### માનવસર્જિત સંસાધનો (Man Made Resources)

કોઈ પણ કુદરતી તત્ત્વોને માનવપ્રયત્નો દ્વારા પ્રક્રિયા કરી તેના ગુણધર્મોમાં ફેરફાર કરી ઉપયોગમાં લેવા યોગ્ય બનાવાય તેને માનવસર્જિત કે માનવનિર્મિત સંસાધન કહેવામાં આવે છે.

કુદરતી રીતે મળી આવતા ચૂનો, ચિરોડી વગેરે જેવાં તત્ત્વો પર યોગ્ય પ્રક્રિયા કરી સિમેન્ટ બનાવાય ત્યારે તે માનવસર્જિત સંસાધન કહેવાય છે. આ સિવાય તેવાં અન્ય ઉદાહરણો જેવાં કે વિદ્યુત, મકાનો, સડક, પૂલો, બોગદાં, ટેક્નૉલૉજી વગેરે માનવસર્જિત (માનવનિર્મિત) સંસાધનનાં ઉદાહરણો છે.

પોતાની જરૂરિયાતોને સંતોષવા માનવી પૃથ્વીસપાટીને પણ આવશ્યકતા મુજબ બદલી ઉપયોગમાં લે છે. ખેતીના વિકાસ માટે પર્વતીય ઢોળાવ ઉપર પગથિયાં આકારનાં ખેતરો અને નદીઓના ખીણ વિસ્તારોમાં બહુહેતુક યોજનાઓ બનાવે છે. આમ, માનવસર્જિત સંસાધનોની યાદી ઘણી લાંબી છે.

### માનવ-સંસાધન (Human-Resources)

જગતમાં સંસ્કૃતિનું નિર્માણ કરનાર માનવ પોતે જ એક સશક્ત સંસાધન છે. જે કુદરતનાં વિવિધ તત્ત્વોને પોતાના જ્ઞાન અને આવડત થકી સંસાધનના સ્વરૂપે વાપરે છે. તે સંસાધનોને બનાવનાર અને વપરાશ કરનાર બંને છે. આ પ્રક્રિયામાં માનવ પોતાની બૌદ્ધિક ક્ષમતા મુજબ કુદરત દ્વારા પ્રાપ્ત તત્ત્વોમાંથી ઉત્તમ તત્ત્વો પોતે પસંદ કરે છે. આપણે કુદરતી સંપત્તિનો મહત્તમ ઉપયોગ ત્યારે જ કરી શકીએ કે જ્યારે આપણી પાસે તે માટેનાં કૌશલ્યો, આવડત, જાણકારી કે ટેક્નૉલૉજી હોય. શિક્ષણ અને આરોગ્યની સેવાઓ દ્વારા માનવને એક વિશિષ્ટ પ્રકારનું સંસાધન બનાવે છે. માનવીની સંસાધન બનવાની આ પ્રક્રિયાને માનવ-સંસાધન વિકાસ કહેવાય છે.

### ભૂમિ (Land)

ભૂમિ તમામ સંસાધનોમાં ઉપયોગિતાની દૃષ્ટિએ મોખરાના સ્થાને છે. પૃથ્વીસપાટીના કુલ ક્ષેત્રફળના લગભગ 29 % ભાગ ભૂમિ દ્વારા રોકાયેલો છે. સમગ્ર પૃથ્વીના ક્ષેત્રફળની તુલનામાં આ પ્રમાણ અલ્પ લાગે છે, પણ આ પૈકી કેટલોક ભાગ માનવ-વસવાટની દૃષ્ટિએ અનુકૂળ નથી. દુનિયામાં ભૂમિ અને આબોહવાના વૈવિધ્યને કારણે જ વસ્તીગીચતા પર અસર પડે છે. જે પ્રદેશો માનવ-વસવાટ માટે યોગ્ય છે ત્યાં વસ્તીગીચતા વધારે જોવા મળે છે. આથી ઊલટું રણપ્રદેશો, ગાઢ વનો અને પર્વતીય ભૂપૃષ્ઠ ધરાવતાં ક્ષેત્રોમાં વસ્તીની ગીચતા ઓછી હોય છે.

**વિચારીને કહો**

- ગંગાના મેદાની પ્રદેશમાં વસ્તીગીચતા વધારે છે જ્યારે આફ્રિકાખંડના સહરાના રણપ્રદેશમાં વસ્તીગીચતા ઓછી આવું શાથી ?

ખેતી, ખનિજો, જંગલો ઉપરાંત રસ્તા અને ઉદ્યોગોની સ્થાપના માટે ભૂમિ અનેક રીતે આપણને ઉપયોગી છે. વધતી જતી વસ્તીની સાથે-સાથે આપણી જરૂરિયાતો પણ સતત વધી રહી છે, તેની સામે ભૂમિ અત્યંત મર્યાદિત છે.

આજે ભૂમિની અછત એક વિકટ સમસ્યા બની ચૂકી છે. પરિણામે શહેરોમાં મકાનો બાંધવાં અને ગામડાઓમાં ખેતીયોગ્ય ભૂમિ વધારવાની પ્રવૃત્તિએ અનેક પર્યાવરણીય સવાલો સર્જ્યા છે. ભૂમિની જરૂરિયાત સંતોષવા માટે માનવીએ જંગલોનું નિકંદન કાઢ્યું છે.

**વિચારીને કહો**


- જંગલોનું નિકંદન થવાથી કેવી અસરો થાય તેની વર્ગમાં ચર્ચા કરો.
- વિશ્વનાં મહાનગરોમાં શાથી બહુમાળી મકાનો વધતાં જાય છે.

### જળ (Water)

જળ એ જીવન છે, એ ઉક્તિ જ સૂચવે છે કે સજીવ સૃષ્ટિનો આધાર જળ છે. અર્થાત્ જળ એ અગત્યનું કુદરતી સંસાધન છે. પૃથ્વીના ગોળાનું નિરીક્ષણ કરતાં જણાશે કે લગભગ $\frac{3}{4}$ ભાગ પર પાણી અને માત્ર લગભગ $\frac{1}{4}$ ભાગ પર ભૂમિ છે. એક રીતે જોઈએ તો જળજથ્થો ઘણો વધારે છે. પણ સમુદ્રો અને મહાસાગરોમાં રહેલું પાણી ખારું છે. જ્યારે ઉપયોગી એવા મીઠા પાણીનો જથ્થો માત્ર 2.7 % જેવો નજીવો છે. વળી, આ જથ્થામાંથી મોટો ભાગ ઊંચા પર્વતશિખરો, હિમનદીઓમાં ઍન્ટાર્કટિકા અને આર્કટિકમાં બરફ રૂપે છે. તેમાંથી આપણી પાસે માત્ર 1 % જેવો અલ્પ મીઠા પાણીનો જથ્થો ભૂમિગત જળ, નદી, સરોવરો કે ઝરણાંરૂપે ઉપલબ્ધ છે. આ જથ્થો આપણી જરૂરિયાતો જેવી કે ખેતી માટે સિંચાઈ, પીવા, વાપરવા અને ઉદ્યોગો માટે વપરાય છે. નદીઓ પર બંધ બાંધી જળવિદ્યુત પેદા કરી શકાય છે.

આજે દુનિયાના વિવિધ ભાગોમાં દક્ષિણ અમેરિકા, આફ્રિકાના મોટા ભાગના પ્રદેશો, મધ્યપૂર્વ એશિયા, ઑસ્ટ્રેલિયા સહિત વગેરે પ્રદેશોમાં પીવાના પાણીની ભારે તંગી વર્તાઈ રહી છે. ભારતમાં ગુજરાતના સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત તથા રાજસ્થાનના જેસલમેર અને બાડમેર જિલ્લા, દખ્ખણના ઉચ્ચપ્રદેશનો મધ્યભાગ વગેરે ક્ષેત્રો ઉનાળામાં પીવાના પાણીની તીવ્ર તંગી અનુભવે છે. આ વિસ્તારોમાં સમયાંતરે અછત કે દુષ્કાળની સ્થિતિ સર્જાય છે. જળતંગી માટે વસ્તીવિસ્ફોટ, રોકડિયા પાકોનું વધતું જતું વાવેતર, આધુનિક જીવનશૈલી, શહેરીકરણ, ઉદ્યોગો, નિર્વનીકરણ જેવાં પરિબળો મુખ્યત્વે જવાબદાર છે.

**પ્રવૃત્તિ**




'જળતંગી' પર ઉપરના ચાર્ટને ધ્યાનમાં રાખી નોંધ બનાવો.

**પ્રવૃત્તિ**

દુષ્કાળને કારણે પડતી અસરોની યાદી બનાવો.

### કુદરતી વનસ્પતિ અને વન્યજીવન (Natural Vegetation and Wildlife)

પોતાની જાતે ઊગનારી વનસ્પતિ જેમાં વેલા, છોડવા અને વૃક્ષોનો સમાવેશ થાય છે, તેને કુદરતી વનસ્પતિ કહે છે. તે વિવિધ ભૌગોલિક સંજોગોમાં જુદા-જુદા આકાર, સ્વરૂપ અને

ઊંચાઈમાં જોવા મળે છે. વૃક્ષો અને ઝાડીઓથી આચ્છાદિત વિશાળ ભૂ-ભાગને સામાન્ય રીતે જંગલ કહેવામાં આવે છે. જેમાં કુદરતી વનસ્પતિનું પ્રમાણ વિશેષ હોય છે. સમુદ્રસપાટીથી ઊંચાઈ અને આબોહવાની વિવિધતાને કારણે કુદરતી વનસ્પતિની સંરચના અને સ્વરૂપમાં વૈવિધ્ય જોવા મળે છે. તેને જ આધાર બનાવી તજજ્ઞો વનસ્પતિનું વર્ગીકરણ કરે છે.

જીવાવરણમાં એક સજીવ બીજા સજીવ સાથે પરસ્પર જોડાઈને પોતાનું અસ્તિત્વ ટકાવે છે. આપણે તેને પરિસરતંત્ર (Ecosystem) તરીકે ઓળખીએ છીએ. વનસ્પતિ આપણી અનેક જરૂરિયાતો પૂરી કરે છે. ઉપરાંત તે પ્રાણીસૃષ્ટિને આવાસ અને ખોરાક પૂરાં પાડે છે. વાતાવરણમાં ઑક્સિજન અને કાર્બન ડાયૉક્સાઇડનું સંતુલન, ઇમારતી અને બળતણનું લાકડું, જમીનધોવાણનો અટકાવ, ભૂગર્ભ જળની જાળવણી, વિવિધ ફળો, ઔષધિઓ, ગુંદર, ઉદ્યોગો માટે કાચો માલ જેવી અનેક આપણી વિવિધ જરૂરિયાતો જંગલો સંતોષે છે.

વિવિધ પશુ-પંખીઓ, કીટકોનો સમાવેશ વન્યજીવનમાં થાય છે. જેમાંથી આપણને માંસ, ચામડાં, રુવાંટીવાળી ખાલ, ઊન વગેરે પ્રાપ્ત થાય છે. મધમાખી જેવાં કીટકો આપણને મધ આપે છે અને ફૂલોના પરાગનયનમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. પક્ષીઓ વિવિધ કીટકોનો આહાર કરી તેની સંખ્યા નિયંત્રિત રાખે છે. પરિસરતંત્રમાં દરેક નાના-મોટા સજીવની અનન્ય ભૂમિકા હોય છે.

### વિચારીને કહો

- જો કીટકો ના હોય તો ખેત-ઉત્પાદન ઘટે છે.
- તમે ખેડાતું ખેતર જોયું છે ? જેમાં હળ કે ટ્રૅક્ટરની 'પાછળ-પાછળ' પક્ષીઓ શા માટે એકત્ર થાય છે ?
- જો પક્ષીઓની સંખ્યામાં ઘટાડો થાય તો તેની ખેતી પર કઈ અસરો થાય ?

છેલ્લાં બસો વર્ષોમાં માનવીએ જમીન મેળવવાની ભૂખે જંગલોનું નિકંદન કાઢ્યું છે. પરિણામે જંગલોનું આચ્છાદન સતત ઘટી રહ્યું છે. આથી મૂલ્યવાન વન-સંસાધન સામે નજીકના ભવિષ્યમાં ભારે ખતરો ઊભો થયો છે. જંગલોના નષ્ટ થવાની સાથે-સાથે વન્યજીવોના અસ્તિત્વ સામે સંકટની સ્થિતિ ઉપરાંત આબોહવામાં પરિવર્તન અનુભવાય છે.

### પ્રવૃત્તિ

- વડીલો કે શિક્ષકની મદદથી હાલ અનુભવાતા આબોહવાકીય પરિવર્તનોની યાદી બનાવો.

વૃક્ષો અને વન્યજીવોની અનેક પ્રજાતિઓ આજે લુપ્ત થઈ ગઈ કે લુપ્ત થવાને આરે છે. આ સ્થિતિ મોટે ભાગે કુદરતમાં માનવીય હસ્તક્ષેપનું પરિણામ છે. શિંગડાં, દાંત, ચામડું, રુવાંટીદાર ખાલ, હાડકાં વગેરે મેળવવાની માનવીની લાલસા અને બેફામ શિકારથી જંગલોમાં વન્યજીવોની સંખ્યામાં ભારે ઘટાડો થયો છે.

### જાણવું ગમશે

- ચિત્તો ભારતભરનાં જંગલોમાંથી લુપ્ત થયો છે.
- ગીધની સંખ્યામાં ભારે ઘટાડો નોંધાયો છે.
- કચ્છ જિલ્લામાં એક સમયે જોવા મળતું ઘોરાડ પક્ષી આજે માત્ર આંગળીના વેઢે ગણી શકાય એટલાં જૂજ બચ્યાં છે.

## સંસાધનોનું સંરક્ષણ (Conservation of Resources)

સંસાધનો માનવજીવન માટે અગત્યનાં છે. તેના વિના આપણું જીવન કલ્પી શકાતું નથી. વધતી જતી વસ્તી અને ટૅક્નોલૉજીના અસાધારણ વિકાસથી સંસાધનોનો વપરાશ દિન-પ્રતિદિન વધી રહ્યો છે. આ પરિસ્થિતિમાં કેટલાંક સંસાધનો આજે ખૂટી પડવાની અણીએ છે. માનવીની આજની પ્રગતિ અને આધુનિક જીવનશૈલી સંસાધનોના અભાવમાં ટકી શકવા અસમર્થ છે. આજે ભવિષ્યની સ્થિતિ અંગે વિચારવું જોઈએ. સંસાધનોનો આયોજનપૂર્વક અને કરકસરભર્યો ઉપયોગ કરવો જોઈએ.

### પ્રવૃત્તિ

- તમારા વિસ્તારમાં અગાઉ જોવા મળતાં પ્રાણીઓ, પક્ષીઓ તેમજ વૃક્ષો પૈકી હાલ કયાં પ્રાણી-પક્ષી કે વૃક્ષો જૂજ સંખ્યામાં છે અથવા જોવા મળતાં નથી, તેની યાદી વડીલોની સહાયથી બનાવો.

## સંસાધનોના સંરક્ષણના ઉપાયો

- જમીનધોવાણથી ફળદ્રુપતામાં ઘટાડો થતો હોવાથી તેને અટકાવવું.
- રાસાયણિક ખાતરોનો વપરાશ લાંબાગાળે જમીનની ગુણવત્તા નીચી લાવે છે. તેથી તેનો ઉપયોગ સમજદારીથી કરવો અને તેને બદલે કુદરતી છાણિયા ખાતરને વાપરવું.
- વધુપડતી (અતિશય) સિંચાઈથી જમીનની ઉત્પાદન-શક્તિ ઘટે છે. તેથી ટપક સિંચાઈનો વ્યાપ વધારવો.
- જંતુનાશકો જમીન અને જળસ્રોતો પ્રદૂષિત કરે છે. તેના વિકલ્પે જૈવજંતુનાશકોના વપરાશને ઉત્તેજન આપવું.
- વન્યજીવ પરિતંત્રની સમતુલા માટે અગત્યના છે, તેથી તેનો શિકાર રોકવા સખત કાયદા કરવા જોઈએ.
- જંગલ-વિસ્તારોમાં પશુચરાણ અને વૃક્ષછેદનને અટકાવવા ખાસ પગલાં લેવાં.
- ચોમાસામાં વહી જતા પાણીને રોકી જળસંચય કરી સૂકી ઋતુમાં પાણીની તંગી નિવારી શકાય.
- તળાવ કે સરોવરોમાં જમા થયેલ કાંપ દૂર કરી તેને ઊંડા કરવાથી પાણીનો સંગ્રહ વધશે.
- વરસાદી પાણી રોકવા માટે ચેકડેમ બનાવી ખેતી માટે પાણીની સમસ્યા હલ કરી શકાય છે.
- વપરાયેલ પાણીને પુનઃ ઉપયોગમાં લાવવું.
- ઘરમાંથી નીકળતા વપરાશી પાણીથી કીચનગાર્ડન કરી તાજાં શાકભાજી ઉગાડી ઘરખર્ચમાં બચત કરી શકાય.
- ઊર્જા આપતાં સંસાધનો ભવિષ્યમાં ખૂટી પડશે ત્યારે તેના વિકલ્પો સૂર્યઊર્જા, પવનઊર્જા, ભરતીશક્તિ વગેરે જેવા વિકલ્પો અત્યારથી વિચારવા પડશે.
- જે સંસાધનો ફરીથી ઉપયોગમાં લઈ શકાય તેમ હોય તેને પુનઃ ઉપયોગમાં લેવાં જોઈએ. જે સંસાધનો બિનનવીનીકરણીય છે તેને સ્થાને અન્ય વિકલ્પો શોધવા જોઈએ.

ભવિષ્યના સમયમાં આવનારી પેઢીઓની જરૂરિયાત માટે સંસાધનોનું સંરક્ષણ કરવું એ આપણા સૌની ફરજ છે.

### વિચારીને કહો

- સંસાધનો ખૂટી પડે તો શું થાય ?
- ગામ કે શહેર પાસે આવેલા એક તળાવમાં વરસાદનું પાણી એકત્ર થતાં તે ભરાતું હતું. આ તળાવમાં ગામ કે શહેરનો કચરો ઠાલવતાં કેટલાંક વર્ષોમાં તે પૂરાઈ ગયું. ત્યાર બાદ ત્યાં દર ચોમાસામાં કેવી પરિસ્થિતિ સર્જાતી હશે ?

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર એક-એક વાક્યમાં લખો :**

(1) કુદરતી વનસ્પતિ કોને કહેવાય ?

(2) વન્યજીવમાં કોનો સમાવેશ થાય છે ?

(3) વનસ્પતિનું વર્ગીકરણ કયા આધારે થાય છે ?

(4) તળાવ અને સરોવરની પાણી સંગ્રહણ-ક્ષમતા વધારવા શું કરવું જોઈએ ?

**2. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો :**

(1) પ્રાપ્તિસ્થાનોના આધારે સંસાધનોના પ્રકારો ટૂંકમાં વર્ણવો.

(2) તફાવત આપો : નવીનીકરણીય સંસાધનો અને બિનનવીનીકરણીય સંસાધનો

(3) માનવ-સંસાધન વિશે ટૂંક નોંધ લખો.

(4) જળતંગી માટે જવાબદાર મુખ્ય પરિબળો કયાં-કયાં છે ?

(5) પરિસરતંત્ર કોને કહેવાય ? સવિસ્તર સમજાવો.

(6) જંગલો આપણને ખૂબ ઉપયોગી છે. - વિધાન સમજાવો.

(7) સંસાધનોનાં સંરક્ષણના ઉપાયો જણાવો.

(8) સંસાધનોનું સંરક્ષણ કરવું એ આપણા સૌની ફરજ છે. - વિધાન સમજાવો.

**3. નીચે આપેલ વિકલ્પમાંથી સાચો વિકલ્પ શોધીને લખો :**

(1) રાસાયણિક ખાતરોનો વપરાશ લાંબાગાળે...

(A) જમીનની ગુણવત્તા ઘટાડે છે. (B) જમીનની ભેજ સંગ્રહણશક્તિ વધારે છે.

(C) જમીનની ગુણવત્તા વધારે છે. (D) જમીન પોચી બનાવે છે.

(2) નીચેનામાંથી કયું સંસાધન બિનનવીનીકરણીય છે.

(A) જંગલો (B) ખનિજ કોલસો

(C) પવન (D) સૂર્યપ્રકાશ

(3) નીચેના પૈકી કયું સંસાધન વિરલ સંસાધન છે.

(A) જળ (B) ખનિજ તેલ

(C) ઑક્સિજન (D) ક્રાયોલાઇટ

**વિચારીને ઉત્તર લખો**

(1) દરેક વર્ષે ઉનાળામાં ગરમી વધતી જતી હોય તેવી ફરિયાદ સંભળાય છે. આ સમસ્યાનાં કારણો તમારી દૃષ્ટિએ લખો.

(2) તમે સૌરઊર્જાના ઉપયોગથી કયાં-કયાં કામ કરી શકો તેમ છો તે જણાવો.

તમારા શિક્ષક કે કોઈ વડીલની મદદ અને માર્ગદર્શન મેળવી નીચેની વેબસાઇટ પરથી આ પાઠને લગતી વધારે જાણકારી મેળવો :

www.nationalgeographic.org

www.ongcindia.com

www.gmdcltd.com

# 10 ખનિજ અને ઊર્જા-સંસાધન

Z8A8L6


'જૈવિક અને અજૈવિક પદાર્થો ગરમી અને દબાણને લીધે પરિવર્તન પામીને ચોક્કસ રાસાયણિક બંધારણ ધારણ કરે છે તેને ખનિજ કહે છે.' પૃથ્વીનાં આંતરિક ક્ષેત્રોમાં ખનિજો અશુદ્ધ સ્વરૂપે હોય તેને 'અયસ્ક' કહે છે. અયસ્કનું શુદ્ધીકરણ કર્યા પછી જ વિવિધ ખનિજો શુદ્ધ સ્વરૂપે મળે છે. ખનિજ બધાં સ્થળોએ એકસરખાં મળી આવતાં નથી. તે કોઈ ચોક્કસ ક્ષેત્રોમાં અથવા પર્વતોમાંથી મળી આવે છે.

ખનિજો કુદરતની બક્ષિસ છે. ખનિજ વિવિધ પ્રકારના ભૌગોલિક વાતાવરણમાં અલગ-અલગ પરિસ્થિતિઓમાં નિર્માણ પામે છે. તે કુદરતી રીતે જ નિર્માણ પામે છે. આ ખજાનો પૃથ્વીના પેટાળમાં હજારો વર્ષની કુદરતી પ્રક્રિયા બાદ તૈયાર થાય છે. તેમના રાસાયણિક ગુણધર્મો જેવાં કે રંગ, ચમક, ઘનતા, નક્કરતા વગેરેને આધારે તેમને ઓળખી શકાય છે. ખનિજો ઉદ્યોગોને કાચો માલ પૂરો પાડે છે અને તેનાથી રાષ્ટ્ર સમૃદ્ધ બને છે. તેથી ખનિજો રાષ્ટ્રીય અર્થતંત્રની ધોરીનસ છે.

**વિચારો**

- ખનિજો દેશના લોકોની આર્થિક શક્તિ અને સમૃદ્ધિનો આધારસ્તંભ કેમ કહેવાય છે ?

**ખનિજોના પ્રકાર (Types of Minerals) :** પૃથ્વી પર ત્રણ હજારથી વધુ વિભિન્ન ખનિજો છે. સંરચનાના આધારે ખનિજોને મુખ્યત્વે ધાતુમય અને અધાતુમય ખનિજોમાં વર્ગીકૃત કરવામાં આવે છે.




## ખનિજોનું વર્ગીકરણ

**ધાતુમય (ધાત્વિક) ખનિજો (Metallic Minerals) :** ધાતુમય (ધાત્વિક) ખનિજોમાં ધાતુઓ કાચા સ્વરૂપમાં હોય છે. ધાતુઓ કઠોર પદાર્થ છે જે ઉષ્મા અને વિદ્યુતનાં વાહક હોય છે અને જેમાં ચમક અથવા તેજની વિશેષતા હોય છે. ધાતુમય ખનિજ આગ્નેય અને રૂપાંતરિત ખડકસમૂહોથી બનેલા વિશાળ સ્તરોમાંથી મળી આવે છે. આ ખનિજોથી પ્રાપ્ત ધાતુઓને ટીપીને કે ગાળીને વિભિન્ન આકારોમાં ઢાળી શકાય છે. પ્રહાર કરવાથી તે તૂટતા નથી. ધાતુમય ખનિજોને ઓગાળવાથી ધાતુઓ પ્રાપ્ત થાય છે. જેમકે સોનું, જસત, ચાંદી, તાંબુ, ઍલ્યુમિનિયમ, લોખંડ વગેરે મુખ્ય છે.

**અધાતુમય (અધાત્વિક) ખનિજો (Non-Metallic Minerals) :** આ ખનિજોમાં ધાતુઓ નથી હોતી. કેટલાંક અધાતુમય ખનિજોને કાપીને, ઉખાડીને કે તોડીને વિભિન્ન આકારોમાં ઢાળી શકાય છે. પ્રહાર કરવાથી તે ટુકડાઓમાં વહેંચાય છે. ચૂનાનો પથ્થર, અબરખ અને જિપ્સમ આ ખનિજોનું ઉદાહરણ છે. ઊર્જા-સંસાધન જેમકે, કોલસો અને પેટ્રોલિયમ પણ અધાતુમય ખનિજ છે. મેદાનો અને ગેડ પર્વતોના કાંપના (નિક્ષેપકૃત) ખડક સમૂહોનાં ક્ષેત્રોમાંથી અધાતુમય ખનિજો મળી આવે છે. ખનિજ બળતણ જેમકે કોલસો અને પેટ્રોલિયમ પણ કાંપના સ્તરમાંથી મળી આવે છે.

## જાણવું ગમશે

**ભારતમાં ખનિજોનાં પ્રાપ્તિસ્થાનો**

| ખનિજોનાં નામ | ખનિજો મળી આવતાં મુખ્ય રાજ્યો |
|---|---|
| કોલસો | ઓડિશા, છત્તીસગઢ, ઝારખંડ, મધ્યપ્રદેશ, તેલંગાણા, પશ્ચિમ બંગાળ, રાજસ્થાન, તમિલનાડુ, અસમ, ગુજરાત, આંધ્રપ્રદેશ, ગોવા, મહારાષ્ટ્ર, કર્ણાટક, બિહાર |
| લોખંડ | ઓડિશા, છત્તીસગઢ, કર્ણાટક, ઝારખંડ, ગોવા, મધ્યપ્રદેશ, આંધ્રપ્રદેશ, તમિલનાડુ, બિહાર, મહારાષ્ટ્ર |
| મેંગેનીઝ | મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઓડિશા, કર્ણાટક, આંધ્રપ્રદેશ, ગુજરાત, ગોવા, રાજસ્થાન, ઝારખંડ, તમિલનાડુ, પશ્ચિમ બંગાળ |
| તાંબું | મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઝારખંડ, કર્ણાટક, આંધ્રપ્રદેશ, મેઘાલય, પશ્ચિમ બંગાળ |
| બૉક્સાઇટ | ઓડિશા, ગુજરાત, ઝારખંડ, છત્તીસગઢ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, આંધ્રપ્રદેશ, તેલંગાણા |
| અબરખ | આંધ્રપ્રદેશ, રાજસ્થાન, ઝારખંડ, બિહાર, તેલંગાણા |
| સીસું | રાજસ્થાન, આંધ્રપ્રદેશ, તમિલનાડુ, તેલંગાણા |
| ચૂનાનો પથ્થર | રાજસ્થાન, મધ્યપ્રદેશ, આંધ્રપ્રદેશ, છત્તીસગઢ, કર્ણાટક, તેલંગાણા, ગુજરાત, હિમાચલ પ્રદેશ |
| સોનું | કર્ણાટક, આંધ્રપ્રદેશ, બિહાર, રાજસ્થાન, પશ્ચિમ બંગાળ |
| ખનિજ તેલ અને કુદરતી વાયુ | ગુજરાત, અસમ, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, અંદમાન-નિકોબાર |
| થોરિયમ, યુરેનિયમ | રાજસ્થાન, ઝારખંડ, કેરળ |
| ફ્લોરસ્પાર | રાજસ્થાન, તેલંગાણા, આંધ્રપ્રદેશ, ગુજરાત |
| | **Source :** Indian Minerals Yearbook-2018 |

**ઊર્જા-સંસાધન :** ઊર્જા આપણાં જીવનમાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આપણને ઉદ્યોગ, ખેતી, પરિવહન, સંદેશાવ્યવહાર અને સંરક્ષણ માટે પણ ઊર્જાની જરૂરિયાત હોય છે. જે સાધનો થકી આપણને યંત્રોને ચલાવવા અને વસ્તુઓનાં ઉત્પાદન માટે ઊર્જા પ્રાપ્ત થાય છે તેને ઊર્જા-સંસાધન કહે છે. ઊર્જા-સંસાધનોને વિસ્તૃત રૂપે પરંપરાગત અને બિનપરંપરાગત સંસાધનોમાં વર્ગીકૃત કરી શકાય છે.


**પરંપરાગત સ્રોત (Conventional Sources) :** જે લાંબા સમયથી સામાન્ય ઉપયોગમાં લેવાઈ રહ્યા છે તેને ઊર્જાના પરંપરાગત સ્રોત કહેવાય છે. લાકડું અને અશ્મિભૂત ઈંધણ (બળતણ) પરંપરાગત ઊર્જાના મુખ્ય બે સ્રોત છે.

## જાણવું ગમશે

લાખો વર્ષ પૂર્વે વનસ્પતિ દટાવાથી ખનિજ કોલસો અને વિવિધ પ્રાણીઓના જમીનમાં દટાઈ જવાથી ખનિજ તેલ ખૂબ લાંબી પ્રક્રિયાને અંતે બનેલા આ ઊર્જાસ્રોતો અશ્મિભૂત બળતણ તરીકે ઓળખાય છે.

**કોલસો (Coal) :** આ વિપુલ પ્રમાણમાં મળી આવતું અશ્મિભૂત બળતણ છે. તેનો ઘરેલું બળતણ, લોખંડ અને પોલાદ જેવા ઉદ્યોગો, વરાળ એન્જિન, વીજળી ઉત્પન્ન કરવામાં ઉપયોગ કરવામાં આવે છે. કોલસામાંથી મેળવેલી વીજળીને તાપવિદ્યુત કહેવામાં આવે છે. કોલસાની ઊર્જાથી ઔદ્યોગિક વિકાસ શક્ય બન્યો છે.

ચીન, સંયુક્ત રાજ્ય અમેરિકા, જર્મની, રશિયા, દક્ષિણ આફ્રિકા અને ફ્રાંસ વિશ્વના અગ્રણી કોલસા-ઉત્પાદક દેશો છે. રાણીગંજ (પશ્ચિમ બંગાળ)માં તથા ઝરિયા, ધનબાદ અને બોકારો (ઝારખંડ) ભારતનાં કોલસા-ઉત્પાદક ક્ષેત્રો છે. ગુજરાતમાં ખનિજ કોલસાનાં ક્ષેત્રો કચ્છ, ભરૂચ, મહેસાણા, ભાવનગર અને સુરત છે. અહીંથી લિગ્નાઈટ કોલસો મળે છે. કચ્છમાં પાનધ્રો, સુરતમાં તડકેશ્વર, ભરૂચમાં રાજપારડી, ભાવનગરમાં થોરડી, તગડી અને સામતપરમાં લિગ્નાઈટ કોલસાનો અનુમાનિત જથ્થો છે.




**ખનિજ તેલ અને કોલસાનાં ક્ષેત્રો**

**ખનિજ તેલ (Crude Oil) :** પૃથ્વીના પેટાળમાંથી ખનિજ તેલ મળે છે. તે પ્રસ્તર ખડક સ્તરોની વચ્ચેથી મેળવવામાં આવે છે. તે અર્ધપ્રવાહી સ્વરૂપે પ્રાપ્ત થાય છે અને તેમાં ઘણા પદાર્થો ભળેલા હોય છે. ત્યાર પછી શુદ્ધ કરવા તેને રિફાઈનરીમાં મોકલવામાં આવે છે. જ્યાં કાચા ખનિજ તેલ (ક્રૂડઑઇલ)માંથી પ્રક્રિયા કરી ડીઝલ, પેટ્રોલ, કેરોસીન, મીણ, પ્લાસ્ટિક અને ઊંજણતેલ (લુબ્રિકન્ટ) જેવાં વિવિધ ઉત્પાદનો બનાવવામાં આવે છે. ખનિજ તેલ ખૂબ જ મૂલ્યવાન છે, તેમાંથી ઉપયોગી પદાર્થો મેળવવામાં આવે છે, તેનો કોઈ પણ ભાગ બિનઉપયોગી હોતો નથી અને તેના બહોળા વ્યાપારિક મહત્ત્વના લીધે તેને 'કાળુ સોનું' કહેવામાં આવે છે.

ઈરાન, ઈરાક, સાઉદી અરબ અને કતાર એ પેટ્રોલિયમનાં મુખ્ય ઉત્પાદક દેશ છે અને અન્ય ઉત્પાદક સંયુક્ત રાજ્ય અમેરિકા, રશિયા, વેનેઝુએલા અને અલ્જીરિયા છે. ભારતમાં મુખ્ય ઉત્પાદક ક્ષેત્ર અસમમાં દિગ્બોઈ, મુંબઈમાં 'બૉમ્બે હાઈ' તથા કૃષ્ણા અને ગોદાવરી નદીઓના મુખત્રિકોણ પ્રદેશમાં છે. ગુજરાતના આણંદ જિલ્લાના લૂણેજ ખાતેથી સૌપ્રથમ

ખનિજ તેલ પ્રાપ્ત થયું હતું. ભરૂચ જિલ્લાનું અંકલેશ્વર ગુજરાતનું સૌથી મોટું તેલક્ષેત્ર ગણાય છે. ખનિજ તેલ અંકલેશ્વર, મહેસાણા, કલોલ, કડી, નવાગામ, કોસંબા, સાણંદ, અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, ભરૂચ, આણંદ, ખેડા અને ભાવનગર ક્ષેત્રોમાંથી મળી આવે છે.

**કુદરતી વાયુ (Natural Gas) :** કુદરતી વાયુ પેટ્રોલિયમ નિક્ષેપોની સાથે મળી આવે છે અને જ્યારે કાચા ખનિજ તેલ (ક્રૂડઑઇલ)ને બહાર લાવવામાં આવે છે ત્યારે તેની સાથે મુક્ત થાય છે. તેનો ઉપયોગ ઘરેલું અને ઉદ્યોગોમાં ઈંધણ તરીકે થાય છે. રશિયા, નોર્વે, યુ.કે. અને નેધરલૅન્ડ કુદરતી વાયુના મુખ્ય ઉત્પાદક દેશો છે.

ભારતમાં જેસલમેર, ખંભાતબેસીન, કૃષ્ણા-ગોદાવરી મુખત્રિકોણ, ત્રિપુરા અને બૉમ્બે હાઈ કુદરતી વાયુ ઉત્પાદક-ક્ષેત્રો છે. ગુજરાતનું અંકલેશ્વર અને ગાંધાર ખનિજ તેલ તથા કુદરતી વાયુનો વિપુલ ભંડાર ધરાવતું ક્ષેત્ર ગણાય છે. વિશ્વના બહુ ઓછા દેશોમાં કુદરતી વાયુનો પૂરતો જથ્થો છે.

અશ્મિભૂત ઈંધણના વપરાશમાં ઝડપી વધારાને લીધે ચિંતાજનક રીતે સમાપ્ત થઈ રહ્યા છે. આ ઈંધણોનાં સળગવાથી નીકળેલા ઝેરી પ્રદૂષકો પણ ચિંતાનો વિષય છે. આ પરિસ્થિતિમાં બિનપરંપરાગત ઊર્જાસ્રોતનો બહોળો ઉપયોગ કરી પરંપરાગત સ્રોત પરનું ભારણ ઘટાડી શકાય.

**વિચારો**

C.N.G. એક પ્રચલિત અને પર્યાવરણને અનુકૂળ ઈંધણ કેમ છે ?

**ઊર્જાના બિનપરંપરાગત સ્રોત (Non-Conventional Sources of Energy) :** કોલસો કે ખનિજ તેલ જેવાં શક્તિનાં સંસાધનો મર્યાદિત જથ્થામાં ઉપલબ્ધ છે. એવું અનુમાન કરવામાં આવે છે કે, જો વર્તમાન દરે તેનો વપરાશ સતત થતો રહે તો આ ઈંધણોના ભંડારો સમાપ્ત થઈ જશે. આ ઉપરાંત તેમના ઉપયોગથી પર્યાવરણીય પ્રદૂષણ પણ ઉત્પન્ન થાય છે એટલા માટે સૌરઊર્જા, પવન-ઊર્જા ભરતી-ઊર્જા જેવા બિનપરંપરાગત સ્રોતોનો ઉપયોગ જરૂરી છે. વિશ્વના ઘણા દેશોએ આ દિશામાં પગલાં લીધાં છે. ભારતમાં કમિશન ફૉર એડિશનલ સોર્સિસ ઑફ એનર્જી (CASE)ની રચના કરવામાં આવી છે. ગુજરાતમાં ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સી (GEDA) આ દિશામાં કામ કરી રહી છે.


સૌરઊર્જાની પૅનલ

**સૌરઊર્જા (Solar Energy) :** સૂર્ય ઊર્જાનો મુખ્ય સ્રોત છે. સૂર્યની ગરમી અને પ્રકાશઊર્જા આપણે દરરોજ અનુભવી શકીએ છીએ. સૂર્યમાંથી મેળવેલી સૌરઊર્જાનો ઉપયોગ સૌર-કોષોથી વીજળી ઉત્પન્ન કરવા માટે કરી શકાય છે. ગરમીની વધુ માત્રાવાળા ઉષ્ણકટિબંધીય દેશો માટે સૌરઊર્જાનો ઉપયોગ કરવાની તકનીક ખૂબ ફાયદાકારક છે. સૌરઊર્જાનો ઉપયોગ સૌર વૉટર-હીટર, સૉલર-કૂકર, સૉલર ડ્રાયર્સ તેમજ જાહેર સ્થળોએ રાત્રિપ્રકાશ માટે અને ટ્રાફિક સંકેતોને પ્રકાશિત કરવામાં પણ થાય છે. સૌરઊર્જા અખૂટ અને પ્રદૂષણમુક્ત છે.

મધ્યપ્રદેશના રેવામાં 'સૌરઊર્જા પરિયોજના' આવેલી છે, જે એશિયાની મોટી સૌરઊર્જા યોજનામાં ગણાય છે.


ગુજરાત દેશમાં સૌરઊર્જા મેળવતું અગ્રગણ્ય રાજ્ય છે. સૌરછત, કૅનાલ આધારિત સૌર પ્રોજેક્ટ્સ દ્વારા સૌરઊર્જા મેળવવાના પ્રયાસો થયા છે. 590 મેગાવૉટ ક્ષમતાનો સૉલાર પાર્ક ગુજરાતમાં પાટણ જિલ્લામાં ચારણકા ગામ ખાતે બિનવપરાશી જમીનમાં બનાવેલ છે. ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સી (GEDA)એ છાણી (વડોદરા) પાસે 10 ટનની ક્ષમતાવાળું સૌર

શીતાગાર સ્થાપ્યું છે. સૉલર રૂફ ટોપ સિસ્ટમ અપનાવવા માટે ગુજરાત રાજ્ય સરકાર સહાય આપે છે. વર્તમાન સમયમાં ગામોમાં દીવાબત્તી (સ્ટ્રીટલાઇટ), ખેતરોમાં સિંચાઈ માટે સૉલર પૅનલ બેસાડવામાં આવે છે. ગુજરાતના ભૂજ પાસેના (માંડવી નજીક મોઢવા ગામે આ પ્લાન્ટ બનાવવાનું નક્કી થયેલ છે.) દરિયાના ખારા પાણીનું ડિસેલિનેશન કરવા માટે (મીઠું પાણી બનાવવા) સૌરઊર્જા પ્લાન્ટ સ્થાપવામાં આવ્યો છે. આજે દેશમાં સૌરઊર્જાથી ચાલતાં ઉપકરણોનો વ્યાપ વધ્યો છે.

**પ્રવૃત્તિ**

આપના શિક્ષકની મદદથી ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સી (GEDA) વિશે જાણકારી મેળવો.

**આ પણ જાણો :** (1) રસોઈ બનાવવાની વિશ્વની સૌથી મોટી (15,000 લોકોના ભોજન રાંધણક્ષમતા) 'સૌર બાષ્પ પ્રણાલી' તિરુમાલા (આંધ્રપ્રદેશ)માં ઑક્ટોબર, 2002માં પ્રસ્થાપિત કરી છે.




પવનઊર્જા

**પવનઊર્જા (Wind Energy) :** પવનઊર્જા એક અખૂટ અને પ્રદૂષણમુક્ત સ્રોત છે. એકવાર સ્થાપિત કર્યા બાદ વિદ્યુત-ઉત્પાદનમાં ઓછો ખર્ચ થાય છે. પવનચક્કીનો ઉપયોગ અનાજ દળવાની ઘંટીમાં અને પાણી કાઢવા માટે પહેલાંના સમયથી થઈ રહ્યો છે. હાલના સમયમાં તેને જનરેટર સાથે જોડી વીજળી ઉત્પન્ન કરાય છે. પવનચક્કીના સમૂહને વિન્ડ(પવન)ફાર્મ કહે છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં અને પર્વત-ખીણ જ્યાં વેગીલો અને સતત પવન વહેતો હોય છે ત્યાં ઊભા કરાય છે. જર્મની, યુ.એસ.એ., ડેન્માર્ક, સ્પેન, ભારત પવનઊર્જા ઉત્પન્ન કરનારા અગ્રગણ્ય દેશ છે.

ગુજરાતમાં દેવભૂમિ દ્વારકાના લાંબા ગામે અને કચ્છના માંડવીના સમુદ્રકિનારે વિન્ડફાર્મ છે. દેવભૂમિ દ્વારકા, કચ્છ, રાજકોટ, પોરબંદર, સુરેન્દ્રનગર વગેરે જિલ્લાઓમાં પવનચક્કીઓ સ્થાપીને વિદ્યુત ઉત્પન્ન કરવામાં આવે છે.

**ભૂ-તાપીય ઊર્જા (Geothermal Energy) :** ભૂસંચલનીય પ્રક્રિયાને કારણે ભૂગર્ભમાંથી ઉત્પન્ન વરાળને નિયંત્રણમાં લઈ જે ઊર્જા મેળવવામાં આવે છે તેને ભૂ-તાપીય ઊર્જા કહે છે. પૃથ્વીની અંદર ઊંડાઈ વધવાની સાથે તાપમાનમાં સતત વધારો થતો જાય છે. ક્યારેક-ક્યારેક આ તાપમાન ઊર્જા જમીનની સપાટી પર ગરમ પાણીનાં ઝરણાં રૂપમાં દેખાઈ શકે છે. આ તાપઊર્જાનો ઉપયોગ વીજળી ઉત્પન્ન કરવામાં કરી શકાય છે. વર્ષોથી ગરમ પાણીના સ્રોતોનાં રૂપમાં ભૂ-તાપીય ઊર્જાનો ઉપયોગ રાંધવા, ગરમી મેળવવા અને નાહવા માટે થાય છે. ભૂ-તાપીય ઊર્જા પ્રદૂષણમુક્ત, પર્યાવરણને અનુકૂળ અને હંમેશાં ઉપલબ્ધ હોય છે.




ભૂ-તાપીય ઊર્જા

યુ.એસ.એ.માં વિશ્વનો સૌથી મોટો ભૂ-તાપીય ઊર્જા-પ્લાન્ટ છે. ત્યાર બાદ ન્યૂઝીલૅન્ડ, આઈસલૅન્ડ, ફિલિપાઈન્સ અને મધ્ય અમેરિકા આવે છે. હિમાચલપ્રદેશના મણિકરણ અને લદ્દાખમાં પૂગાઘાટી ખાતે ભારતના ભૂ-તાપીય ઊર્જાના પ્લાન્ટ આવેલાં છે.


ગુજરાતમાં લસુન્દ્રા, ઉનાઈ, ટુવા અને તુલસીશ્યામ ખાતે ગરમ પાણીના ઝરા આવેલા છે જ્યાં ભૂ-તાપીય ઊર્જા મળવાની સંભાવના છે.

**ભરતીઊર્જા (Tidal Energy) :** ભરતી દ્વારા ઉત્પન્ન થતી ઊર્જાને ભરતીઊર્જા કહેવામાં આવે છે. આ ઊર્જા સમુદ્રના સાંકડા માર્ગમાં બંધ બાંધીને મેળવાય છે. ઊંચી ભરતી સમયે ભરતીની ઊર્જાનો ઉપયોગ બંધમાં સ્થાપિત ટર્બાઇનને ફેરવવા માટે કરવામાં આવે છે. ભરતીઊર્જા અખૂટ અને પ્રદૂષણમુક્ત છે.



ભરતીઊર્જા પ્લાન્ટ

યુ.એસ., રશિયા, ફ્રાન્સ, ચીન અને ભારતે ભરતીઊર્જાની મદદથી વિદ્યુત મેળવવાની યોજના અમલમાં મૂકી છે. ગુજરાત રાજ્યમાં કચ્છ અને ખંભાતના અખાતમાં આ યોજનાનો આરંભ કરવામાં આવ્યો છે.



બાયૉગૅસ પ્લાન્ટ

**બાયોગૅસ (Biogas) :** જૈવિક કચરો જેવા કે મૃત છોડ અને જંતુઓના અવશેષ, પશુઓનાં છાણ, રસોડામાંથી નીકળતાં એંઠવાડ-કચરાને વાયુયુક્ત બળતણમાં ફેરવી શકાય છે. આ પદાર્થોનાં સડવાથી આવશ્યક રૂપમાં મિથેન અને કાર્બન ડાયૉક્સાઇડ વાયુ છૂટા પડે છે. મિથેન વાયુ દહનશીલ છે. બાયોગૅસ રસોઈ બનાવવા તથા વીજળી ઉત્પન્ન કરવા માટેનું શ્રેષ્ઠ બળતણ (ઇંધણ) છે અને તેનાથી મોટા પ્રમાણમાં નિંદણમુક્ત જૈવિક ખાતર પ્રાપ્ત થાય છે. આમ, ઊર્જા અને ખાતર બંને મેળવી શકાય છે. બાયોગૅસ સસ્તો અને ઉપયોગમાં સરળ છે.

ઉત્તરપ્રદેશ અને ગુજરાત બાયોગૅસનાં ઉત્પાદનમાં અનુક્રમે પ્રથમ અને દ્વિતીય સ્થાન ધરાવે છે. અમદાવાદમાં દસક્રોઈ તાલુકાના રુદાતલ તેમજ બનાસકાંઠાના દાંતીવાડા ખાતે મોટા બાયોગૅસ પ્લાન્ટ કાર્યરત છે.

## ખનિજોની ઉપયોગિતા

- મૅંગેનીઝ રાસાયણિક ઉદ્યોગો, જંતુનાશક દવાઓ, કાચ, વાર્નિશ તથા છાપકામના ઉદ્યોગોમાં વપરાય છે. તેનો મુખ્ય ઉપયોગ લોખંડમાંથી પોલાદ બનાવવામાં થાય છે.
- તાંબાનો ઉપયોગ વીજળીના તાર, સ્ફોટક પદાર્થ, રંગીન કાચ, સિક્કા અને છાપકામમાં થાય છે. તાંબામાં કલાઈ ઉમેરવાથી કાંસું બને છે અને જસત ઉમેરવાથી પિત્તળ બને છે. ટેલિફોન, રેડિયો, ટેલિવિઝન (T.V.), રેફ્રિજરેટર અને ઍરકંડિશનર વગેરે બનાવવામાં વપરાય છે.

- બૉક્સાઇટમાંથી ઍલ્યુમિનિયમ મેળવવામાં આવે છે. બૉક્સાઇટનો ઉપયોગ વિદ્યુતનાં સાધનો, રંગો, હવાઈજહાજોનાં બાંધકામમાં, કેરોસીન શુદ્ધીકરણ અને સિમેન્ટની બનાવટમાં વપરાય છે.
- અબરખ અગ્નિરોધક અને વિદ્યુત અવાહક હોવાથી તેનો ઉપયોગ વિદ્યુતનાં સાધનો બનાવવામાં થાય છે. રેડિયો, ટેલિફોન, વિમાન, ડાઇનેમો, મોટરગાડી, વિદ્યુતમોટર વગેરેની બનાવટમાં વપરાય છે.
- ફ્લૉરસ્પાર ઉપયોગ ધાતુગાળણ ઉદ્યોગમાં, પ્લાસ્ટિક ઉદ્યોગમાં, હાઇડ્રોક્લોરિક ઍસિડમાં, ચિનાઈ માટીની વસ્તુની બનાવટમાં વપરાય છે.
- ચૂનાનો પથ્થર સિમેન્ટ, લોખંડ, પોલાદ, સોડાએશ, સાબુ, કાગળ, રંગ, ખાંડ-શુદ્ધીકરણ જેવા ઉદ્યોગોમાં વપરાય છે.
- સીસાનો ઉપયોગ સ્ટોરેજ બૅટરી અને ઝીંક ઑક્સાઇડની બનાવટમાં થાય છે.
- જસતનો ઉપયોગ ગૅલ્વેનાઇઝ પતરા ઉપર ઢોળ ચઢાવવા માટે અને વાસણો બનાવવામાં થાય છે.
- લોખંડ (લોહ - અયસ્ક)નો ઉપયોગ ટાંકણીથી માંડી મોટાં યંત્રો, મોટર-ગાડીઓ, જહાજો, રેલવે, પુલ, મકાનો અને શસ્ત્રો બનાવવામાં થાય છે.
- કોલસો તાપવિદ્યુતનાં ઉત્પાદનમાં બળતણ તરીકે વપરાય છે.
- કમ્પ્યૂટર ઉદ્યોગમાં વપરાતું સિલિકોન ક્વાર્ટ્ઝમાંથી લેવામાં આવે છે.

**પ્રવૃત્તિ**

- રોજબરોજનાં દૈનિક કાર્યોમાં તમે કયાં-કયાં ખનિજોનો ઉપયોગ કરો છો, તેની યાદી તૈયાર કરો.
- તમારા ઘરમાં અને શાળામાં કયાં-કયાં ખનિજોનો ઉપયોગ થયો છે, તેની યાદી તૈયાર કરો.

## ખનિજોનું સંરક્ષણ

- કોલસો અને પેટ્રોલિયમ બિનનવીનીકરણીય સંસાધન છે. ખનિજોનાં નિર્માણ અને સંચયનમાં હજારો વર્ષ લાગે છે. માનવીય વપરાશના દરની તુલનામાં બિનનવીનીકરણીય સંસાધનનાં નિર્માણનો દર ખૂબ જ ધીમો છે. ખાણકામની પ્રક્રિયા ઘટાડવી આવશ્યક છે.
- ધાતુઓનું રિસાઇક્લિંગ : લોખંડ, તાંબું, ઍલ્યુમિનિયમ અને કલાઈ વગેરેના ભંગારને ફરીથી ઉપયોગમાં લેવા જોઈએ.
- ઓછા પ્રમાણમાં પ્રાપ્ત થતાં ખનીજોના વિકલ્પો શોધવા જોઈએ. વિદ્યુતનાં સ્થાને સૌર-વિદ્યુતનો ઉપયોગ, પેટ્રોલને બદલે સી.એન.જી.નો વપરાશ વધારવો જોઈએ.
- જળ, સૌર, પવન, બાયોગૅસ જેવાં બિનપરંપરાગત સાધનોનો ઉપયોગ વધારવો જોઈએ.
- પર્યાવરણની ગુણવત્તા જાળવી રાખી ભવિષ્યની પેઢીને શુદ્ધ પર્યાવરણની ભેટ આપવા પ્રદૂષણમુક્ત પર્યાવરણના પ્રયત્નો કરવા જોઈએ.

**વિચારો**

તમારા ઘરે, ગામમાં, શેરીમાં ભંગાર લેવા આવતાં વ્યક્તિ ભંગારનું શું કરતા હશે ?

ઊર્જા-સંસાધનો ખૂબ જ કીમતી છે. વળી તે મર્યાદિત હોવાના કારણે કરકસરથી વાપરી તેનું જતન કરવું આપણી ફરજ છે. ઊર્જાનો વ્યય આગામી દિવસોમાં તેની મોટી કટોકટી નોતરે તે પહેલાં આપણે સજાગ બની ઊર્જા-સંરક્ષણ માટે પ્રતિબદ્ધ બનવું જોઈએ.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર એક-બે વાક્યમાં લખો :**

(1) તમારા દૈનિક ઉપયોગમાં આવતાં ત્રણ ખનિજોનાં નામ લખો.

(2) ધાત્વિક ખનિજોના અયસ્ક સામાન્ય રીતે ક્યાંથી મળી આવે છે ?

(3) ભારતમાં ભૂ-તાપીય ઊર્જાના પ્લાન્ટ ક્યાં આવેલાં છે ?

(4) પેટ્રોલિયમમાંથી પ્રક્રિયા દ્વારા કયા-કયા ઉત્પાદનો બનાવવામાં આવે છે ?

(5) ગુજરાતમાં ગરમ પાણીના ઝરા ક્યાં-ક્યાં આવેલાં છે ?

**2. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :**

(1) ખનિજ તેલને ‘કાળું સોનું’ કેમ કહેવામાં આવે છે ?

(2) જેનાથી આપણે ઊર્જા બચાવી શકીએ તેવા ઉપાયો જણાવો.

(3) ગુજરાતમાં કોલસો ક્યાં-ક્યાં મળી આવે છે ?

(4) ભવિષ્યમાં બિનપરંપરાગત ઊર્જાસ્રોતોનો ઉપયોગ વધારવો પડશે. - વિધાન સમજાવો.

(5) ભવિષ્યમાં અશ્મિભૂત બળતણોનો ઉપયોગ ઘટાડવામાં જ સમજદારી છે એમ શાથી કહી શકાય ?

**3. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો :**

(1) નીચેનામાંથી કયું ખનિજનું લક્ષણ નથી ?

(A) તેઓ કુદરતી પ્રક્રિયાઓ દ્વારા બનેલા હોય છે. (B) તેમનું એક ચોક્કસ રાસાયણિક બંધારણ હોય છે.

(C) તેઓ અપ્રાપ્ય હોય છે. (D) તેમનું વિતરણ અસમાન હોય છે.

(2) નીચેનામાંથી બંધબેસતી જોડી બનાવો :

| અ | બ |
|---|---|
| (a) સૌર શીતાગાર | (1) તુલશીશ્યામ |
| (b) વિન્ડફાર્મ | (2) ચારણકા |
| (c) સોલાર પાર્ક | (3) રુદાતલ |
| (d) ગરમ પાણીનાં ઝરા | (4) છાણી |
| (e) બાયોગૅસ પ્લાન્ટ | (5) માંડવી |

(3) વિશ્વનો સૌથી મોટો ભૂ-તાપીય ઊર્જા-પ્લાન્ટ કયા દેશમાં છે ?

(A) યુ.એસ.એ. (B) ન્યૂઝીલૅન્ડ (C) આઈસલૅન્ડ (D) ફિલિપાઈન્સ

**4. ખાલી જગ્યા પૂરો :**

(1) ધાતુગાળણ ઉદ્યોગમાં ………. ખનીજોનો ઉપયોગ થાય છે.

(2) દેશમાં સૌથી વધુ સૌરઊર્જા મેળવતું રાજ્ય .......... છે.

(3) ગુજરાતમાં .......... અને .......... કુદરતી ગૅસનો ભંડાર ધરાવતાં ક્ષેત્રો ગણાય છે.

(4) ગૅલ્વેનાઈઝ પતરામાં ઢોળ ચઢાવવા માટે .......... ખનિજનો ઉપયોગ થાય છે.

(5) કચ્છ જિલ્લાના ..........માંથી લિગ્નાઈટ કોલસો મળી આવે છે.

**5. સંકલ્પના સમજાવો :**

(1) ખનિજ (2) ભૂ-તાપીય ઊર્જા (3) ભરતીઊર્જા (4) બાયોગૅસ

**6. તફાવત આપો :**

(1) પરંપરાગત ઊર્જાના સ્રોત - બિનપરંપરાગત ઊર્જાના સ્રોત

(2) બાયોગૅસ - કુદરતી ગૅસ

(3) ધાત્વિક ખનિજ - અધાત્વિક ખનિજ

**7. ટૂંક નોંધ લખો :**

(1) ખનિજસંપત્તિનું મહત્ત્વ (2) ખનિજ સંરક્ષણના ઉપાયો

(3) સૌરઊર્જા (4) બાયોગૅસ

**પ્રવૃત્તિ**

- ઊર્જા-સંરક્ષણના ઉપાયો જેને આપ આપની શાળામાં અપનાવશો, તેની વિગતોનો એક ચાર્ટ બનાવો.
- આપના શિક્ષકના માર્ગદર્શન મુજબ વિશ્વના નકશાના આધારે નકશાપૂર્તિ કરો.

•

# 11 ખેતી


K2C7U1

વિશ્વના આશરે 50 % લોકો ખેતી-પ્રવૃત્તિઓમાં રોકાયેલા છે. આપણો દેશ કૃષિપ્રધાન દેશ છે. દેશની આશરે $\frac{2}{3}$ વસ્તી હજુ પણ ખેતી પર નિર્ભર છે. દેશની આબાદી અને સમૃદ્ધિનો આધાર આ વ્યવસાયના વિકાસ ઉપર છે. ભારતનાં ખેતરોમાં જુદા-જુદા પાક ઉગાડવામાં આવે છે. જેમાંના કોઈક ખોરાક માટે તો વળી કોઈક પાક ઉદ્યોગ-ધંધામાં કામ આવે છે. ભારતીય અર્થવ્યવસ્થા મુખ્યત્વે ખેતી પર આધારિત છે.

'ખેતી જેમાં અનાજ, તેલીબિયાં, કઠોળ, ફળ, શાકભાજી, ફૂલોને ઉગાડવાં અને પશુપાલનનો સમાવેશ થાય છે.' ખેતીને કૃષિ પણ કહેવામાં આવે છે.

**વિચારો**

- ખેતી ભારત દેશની અર્થવ્યવસ્થાની જીવનરેખા કેમ ગણાય છે ?




**વિશ્વ : કૃષિયોગ્ય જમીન**

ખેતી માટે અનુકૂળ જમીન, પાણી અને આબોહવા આવશ્યક છે. તમે નકશામાં જોઈ શકો છો કે, કૃષિ-પ્રવૃત્તિઓ વિશ્વમાં તે જ પ્રદેશોમાં કેન્દ્રિત છે જ્યાં પાકની ખેતી માટે યોગ્ય પરિબળો અસ્તિત્વમાં છે.

**કૃષિતંત્ર (Agricultural System) :** કૃષિ અથવા ખેતીને એક તંત્રના રૂપમાં જોઈ શકાય છે. તેનાં અગત્યનાં રોકાણો બીજ, ખાતરો, મશીનરી અને મજૂર છે.

ખેડવું, વાવણી, સિંચાઈ, નીંદણ, કાપણી અને લણણી તેની કેટલીક ક્રિયાઓ છે. આ તંત્રની ઊપજ અંતર્ગત પાક, ઊન, ડેરી અને મરઘાઉછેર વગેરે આવે છે.

### જમીનના પ્રકાર (Types of Soil)

(1) **કાંપની જમીન (Alluvia Soil) :** કાંપની જમીનનું નિર્માણ નદીઓ દ્વારા નિક્ષેપિત કાંપને લીધે થાય છે. તે ચીકણી અને ઘેરા રંગની હોય છે. કાંપની જમીન દેશના ઘણા મોટા વિસ્તારમાં જોવા મળે છે. ગુજરાતમાં લગભગ 50 % કરતાં વધુ વિસ્તારમાં કાંપની જમીનો જોવા મળે છે. આ જમીનની ફળદ્રુપતા જુદાં-જુદાં સ્થળોએ ભિન્ન-ભિન્ન જોવા મળે છે, પરંતુ સામાન્ય રીતે આ જમીન ઘણી જ ઉપજાઉ હોય છે. આ જમીનમાં ડાંગર, શેરડી, શણ, કપાસ, મકાઈ, તેલીબિયાં વગેરે પાકો લેવાય છે.

(2) **રાતી જમીન (Red Soil) :** આગ્નેય અને રૂપાંતરિત ખડકો ધરાવતાં ક્ષેત્રોમાં રાતી જમીન આવેલી છે. લોહતત્ત્વ અને અન્ય સેન્દ્રિય તત્ત્વોને લીધે આ જમીનનો રંગ રાતો દેખાય છે. ઊંડાઈએ જતાં તે પીળા રંગમાં ફેરવાઈ જાય છે. આ જમીન પ્રમાણમાં છિદ્રાળુ અને ઉપજાઉ હોય છે. આ પ્રકારની જમીનમાં બાજરી, કપાસ, ઘઉં, જુવાર, અળસી, મગફળી, બટાટા વગેરે પાક લેવામાં આવે છે.

(3) **કાળી જમીન (Black Soil) :** આ જમીન ચીકણી અને કસવાળી હોય છે. આ જમીનની ભેજ-સંગ્રહણ શક્તિ ઘણી વધારે હોય છે જ્યારે ભેજ સુકાય ત્યારે તેમાં ફાટો કે તિરાડો પડી જાય છે. આ જમીન કપાસના પાક માટે વધુ અનુકૂળ છે. તેથી જ તો તે 'કપાસની કાળી જમીન' તરીકે જાણીતી બની છે. આ જમીન 'રેગુર' નામે પણ ઓળખાય છે. આ પ્રકારની જમીનમાં કપાસ, અળસી, સરસવ, મગફળી, તમાકુ અને અડદ જેવા કઠોળ વર્ગના પાકો લેવામાં આવે છે.

(4) **પડખાઉ કે લેટેરાઈટ જમીન (Laterite Soil) :** વધુ વરસાદને કારણે તીવ્ર ધોવાણનાં ક્ષેત્રોમાં પડખાઉ જમીન તૈયાર થાય છે. વધુ વરસાદને કારણે જમીનના ઉપરના સ્તરમાંથી પોષક તત્ત્વો ધોવાઈને નીચેના સ્તરમાં ઊતરે છે. તેનો લાલ રંગ લોહ ઑક્સાઇડને કારણે હોય છે. કેટલીક જગ્યાએ તેની ઉપલી સપાટી સુકાઈ જવાથી એ સખત થઈ જાય ત્યારે આવી પરિસ્થિતિમાં એ જમીન ખેતીયોગ્ય રહેતી નથી. જૈવિક દ્રવ્યોનું પ્રમાણ ઓછું હોવાથી આ જમીન ઓછી ફળદ્રુપતા ધરાવે છે, પણ તેમાં ખાતર નાખીને કપાસ, ડાંગર, રાગી, શેરડી, ચા-કૉફી, કાજુ વગેરેના પાક લેવાય છે.

(5) **રણપ્રકારની જમીન (Desert Soil) :** આ જમીન સૂકી અને અર્ધસૂકી આબોહવાવાળી પરિસ્થિતિમાં જોવા મળે છે. આ જમીન રેતાળ અને ઓછી ફળદ્રુપ હોય છે. તેમાં દ્રાવ્ય ક્ષારોનું પ્રમાણ વધારે હોય છે. સિંચાઈની સુવિધાઓથી તેમાં બાજરી, જુવારનો પાક લેવાય છે. આ પ્રકારની જમીન રાજસ્થાન, ગુજરાત, હરિયાણા અને દક્ષિણ પંજાબમાં જોવા મળે છે. ગુજરાતમાં આ પ્રકારની જમીન સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં આવેલી છે.

(6) **પર્વતીય જમીન (Mountain Soil) :** આ જમીન મુખ્યત્વે હિમાલયના વિસ્તારમાં જોવા મળે છે. તેનું સ્તર પાતળું અને અપરિપક્વ હોય છે. હિમાલયના સામાન્ય ઊંચાઈના ભાગોમાં દેવદાર, ચીડ, પાઈન વગેરે વૃક્ષોના વિસ્તારમાં આ પ્રકારની જમીન જોવા મળે છે.

(7) **જંગલ પ્રકારની જમીન (Forest Soil) :** વૃક્ષોનાં ખરેલાં પાંદડાંથી ભૂસપાટી ઢંકાયેલી હોય છે અને તે પાંદડાં સડવાંથી સેન્દ્રીય દ્રવ્યોનું પ્રમાણ વધવાથી જમીનનો ઉપરનો ભાગ કાળો બનેલો હોય છે. જે જમીન તળમાં નીચેની તરફ જતાં ભૂરા કે લાલ રંગમાં ફેરવાય છે. આ જમીનમાં ચા-કૉફી, તેજાના ઉપરાંત ઘઉં, મકાઈ, જવ, ડાંગર વગેરે પાકો લેવાય છે. આ જમીન અમુક જ ક્ષેત્રોમાં જોવા મળે છે.

(8) **દલદલ કે પીટ પ્રકારની જમીન (Marshy and Peaty Soil) :** આ પ્રકારની જમીન ભેજવાળા વિસ્તારોમાં જૈવિક પદાર્થોના સંગ્રહથી બને છે. આ જમીન વર્ષાઋતુ દરમિયાન પાણીમાં ડૂબેલી હોય છે અને પાણી ઓસરી જતાં તે જમીનમાં ડાંગરની ખેતી કરવામાં આવે છે. તેમાં ક્ષારીય અને જૈવિક પદાર્થોની અધિકતા હોય છે. આ જમીન જે-તે ક્ષેત્રોમાં અત્યંત મર્યાદિત વિસ્તારમાં જોવા મળે છે.

**પ્રવૃત્તિ**

આપનાં ગામ કે વિસ્તારમાં કયા-કયા પ્રકારની જમીન જોવા મળે છે તેની નોંધ કરો.

## ખેતીના પ્રકાર (Types of Agriculture)

વિશ્વમાં ખેતી વિવિધ રીતે કરવામાં આવે છે. ભૌગોલિક પરિસ્થિતિઓ, ઉત્પાદનની માંગ, સિંચાઈ પદ્ધતિ, ખેતપેદાશો, આર્થિક વળતર, મજૂર અને તક્નીકના સ્તર આધારે ખેતીના પ્રકારો પાડવામાં આવે છે :

(1) **જીવનનિર્વાહ ખેતી (Subsistence Farming) :** ખેડૂતની આર્થિક સ્થિતિ પ્રમાણમાં નબળી હોય છે. નાના

કદનાં ખેતરોમાં મોંઘાં બિયારણો, ખાતર અને જંતુનાશકોનો ઉપયોગ કરવો પોષાય તેમ નથી. ખેતરમાં થતું અનાજનું ઉત્પાદન પોતાનાં પરિવારનાં ઉપયોગ જેટલું જ થાય છે, જે તેનાં કુટુંબનાં ભરણપોષણમાં જ વપરાઈ જાય છે. તેને જીવનનિર્વાહ ખેતી કહે છે. આ પ્રકારની ખેતી ખેડૂત પરિવારની જરૂરિયાતોને પૂરી કરવા માટે કરવામાં આવે છે. આ પ્રકારની ખેતીમાં મુખ્યત્વે ધાન્ય પાકો વાવવામાં આવે છે. જોકે ધીમે-ધીમે આ પ્રકારની ખેતીનો વિસ્તાર હવે ઘટતો જાય છે.

**સ્થાળાંતરિત (ઝૂમ) ખેતી :** આ પ્રકારની ખેતી જંગલોમાં વસતી જનજાતિઓ દ્વારા વૃક્ષો કાપીને તેને સળગાવીને જમીન સાફ કરી રાખને જમીનમાં ભેળવી ત્યાં ખેતી કરાય છે. અહીં બે-ત્રણ વર્ષ ખેતી કરાય છે. જમીનની ફળદ્રુપતા ઘટતા આ વિસ્તાર છોડી દઈને બીજી જગ્યાએ આ જ રીતે ખેતી શરૂ કરવામાં આવે છે. તેને ઝૂમ ખેતી પણ કહે છે. આ ખેતીમાં ધાન્ય પાક કે શાકભાજી ઉગાડાય છે. આ ખેતીમાં ઉત્પાદન ખૂબ ઓછું થાય છે. આ ખેતી એમેઝોન બેસીનનાં ગહન વનક્ષેત્ર, ઉષ્ણકટિબંધીય આફ્રિકા, દક્ષિણ-પૂર્વ એશિયા અને ભારતનાં પૂર્વોત્તર રાજ્યોમાં હાલ અલ્પ પ્રમાણમાં જોવા મળે છે.

**(2) સઘન ખેતી (Intensive Farming) :** આ આધુનિક ખેત પદ્ધતિ છે. તેમાં સિંચાઈની સુવિધાઓ, ઉત્તમ બિયારણ, ખેતીની નવી ટૅક્નોલૉજી, રાસાયણિક ખાતરો, કીટનાશકો અને વિવિધ પ્રક્રિયામાં યંત્રોનો વ્યાપક ઉપયોગ કરવામાં આવે છે. આ પ્રકારે થતી ખેતીને સઘન ખેતી કહે છે. આ ખેતીમાં રોકડિયા પાકનું વાવેતર વધારે કરાય છે. અહીં હેક્ટર દીઠ ઉત્પાદનમાં ખૂબ જ વધારો થયેલ છે અને આ પ્રકારની ખેતી હેઠળનો વાવેતર વિસ્તાર સતત વધતો જાય છે. આ ખેતીમાં આર્થિક વળતરને મહત્ત્વ આપવામાં આવે છે તેથી તેને 'વ્યાપારી ખેતી' પણ કહે છે. ગુજરાતમાં સુરત, વલસાડ, આણંદ વગેરે જિલ્લામાં આ પ્રકારે ખેતી થાય છે.

**(3) સૂકી ખેતી (Dry Farming) :** જ્યાં વરસાદનું પ્રમાણ ઓછું છે, સિંચાઈની અપૂરતી સગવડ અને ચોમાસામાં જ્યાં પાણીનો સંગ્રહ થતો હોય તેવી નીચાણવાળી જમીનમાં પાણી સુકાઈ ગયા બાદ ખેતી થાય છે, તેને 'સૂકી ખેતી' કહે છે. અહીં જુવાર, બાજરી અને કઠોળ જેવાં પાણીની ઓછી જરૂરિયાતવાળા પાકોની ખેતી થાય છે. ગુજરાતના ભાલપ્રદેશમાં ચોમાસું પૂરું થયા બાદ ભેજવાળી જમીનમાં ઘઉં અને ચણાનો પાક આ પ્રકારે લેવામાં આવે છે.

**(4) આર્દ્ર ખેતી (Wet Farming) :** જ્યાં વરસાદનું પ્રમાણ અધિક છે અને સિંચાઈની સગવડ પણ વધુ છે તેવા વિસ્તારોમાં આર્દ્ર (ભીની) ખેતી કરવામાં આવે છે. વરસાદ ન પડે કે ઓછો પડે ત્યારે સિંચાઈ દ્વારા વર્ષમાં એક કરતાં વધુ પાક લઈ શકાય છે. જેમાં ડાંગર, શેરડી, કપાસ, ઘઉં અને શાકભાજીની ખેતી કરાય છે.

**(5) બાગાયતી ખેતી (Plantation Farming) :** બગીચાની પદ્ધતિએ સારસંભાળ લઈને થતી ખેતી બાગાયતી ખેતી કહેવામાં આવે છે. એકવાર વાવણી કર્યા બાદ વર્ષો સુધી તે ચોક્કસ ઋતુમાં કે બારેમાસ ઉત્પાદન આપે એવા પાકો બાગાયતી પાકો કહેવાય છે. એમાં રબર, ચા, કૉફી, કોકો, નાળિયેર ઉપરાંત સફરજન, કેરી, સંતરાં, દ્રાક્ષ, આંબળાં, લીંબુ, જામફળ, બોર, ખારેક (ખલેલા) વગેરે ફળોની ખૂબ જ માવજત સાથે ખેતી કરાય છે.

### પ્રવૃત્તિ

અહીં આપવામાં આવેલ કોષ્ટકમાં તમારા ગામમાં થતાં ખેતીના પાકનાં નામ લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |
| | | | | | | | |

## મુખ્ય પાક (Major Crops)

ભૌગોલિક પરિસ્થિતિ, આબોહવા, જમીનની વિવિધતા અને વરસાદનાં પ્રમાણમાં રહેલી ભિન્નતાને કારણે જુદા-જુદા ભાગોમાં વિવિધ પ્રકારના પાકનું વાવેતર કરવામાં આવે છે.



ડાંગરની રોપણી

**ડાંગર (Paddy) :** ડાંગર વિશ્વનો અને ભારતનો મહત્ત્વનો અને મુખ્ય ખાદ્ય પાક છે. વિશ્વમાં અને ભારતમાં મોટા ભાગે લોકો ખોરાકમાં ચોખા **(Rice)**નો ઉપયોગ કરે છે. ડાંગરને ગરમ અને ભેજવાળી આબોહવા તથા વધુ વરસાદની જરૂર પડે છે. ડાંગરનો પાક મુખ્યત્વે પાણીથી ભરાયેલાં ખેતરોમાં થાય છે. ડાંગરની ખેતીમાં કામ કરવા માટે વધુ માણસોની જરૂર પડે છે. ડાંગરનાં ઉત્પાદનમાં ચીન અગ્રેસર છે. તે ઉપરાંત ભારત, જાપાન, શ્રીલંકા મુખ્ય દેશો ગણી શકાય. પશ્ચિમ બંગાળ, તમિલનાડુ, આંધ્રપ્રદેશ, તેલંગાણા, બિહાર, ઓડિશા તેનાં મુખ્ય ઉત્પાદક રાજ્યો છે. ગુજરાતમાં ડાંગરનું ઉત્પાદન ખેડા, વડોદરા, અમદાવાદ, સુરત વગેરે જિલ્લામાં થાય છે.

**ઘઉં (Wheat) :** ડાંગર પછી ઘઉં એ આપણા દેશનો બીજો મહત્ત્વનો ધાન્ય પાક છે. ઘઉં ભેજ સંગ્રહી શકે તેવી કાળી ચીકણી જમીનમાં વધુ થાય છે. ઘઉંના પાકના વિકાસ માટે મધ્યમ તાપમાન, વરસાદ અને લણણી સમયે તડકાની જરૂર હોય છે. ઘઉં સંયુક્ત રાજ્ય અમેરિકા, કૅનેડા, આર્જેન્ટિના, રશિયા, યૂક્રેન, ઑસ્ટ્રેલિયા અને ભારતમાં મોટા પ્રમાણમાં ઉગાડવામાં આવે છે. ઘઉંની ખેતી ભારતમાં મુખ્યત્વે પંજાબ, હરિયાણા તથા પશ્ચિમી ઉત્તરપ્રદેશમાં થાય છે. પંજાબમાં ઘઉંનું મોટા પ્રમાણમાં ઉત્પાદન થતું હોઈ તેને 'ઘઉંનો કોઠાર' કહેવામાં આવે છે. ગુજરાતમાં અમદાવાદ, ભાવનગર અને સુરેન્દ્રનગરમાં ઘઉંની વધુ ખેતી થાય છે. અમદાવાદનો ભાલપ્રદેશ ભાલિયા ઘઉં માટે પ્રખ્યાત છે. ભારતમાં તે શિયાળામાં પકવવામાં આવે છે.



ઘઉંનો પાક

**પ્રવૃત્તિ**

ઘઉંમાંથી બનતી વાનગીઓનાં નામ લખો.

**જાણવું ગમશે**

જુવાર, બાજરી, મકાઈ અને જવ એ ભારતમાં ઉગાડવામાં આવતાં મુખ્ય ધાન્ય છે.

**બાજરી (Millet) :** બાજરી માટે રેતાળ અને ગોરાડુ જમીન અનુકૂળ છે. બાજરી માટે ઓછો વરસાદ, મધ્યમ તાપમાન અને પૂરતો સૂર્યપ્રકાશ જરૂરી છે. તે જાડાં અનાજ તરીકે પણ ઓળખાય છે. ભારત સિવાય તેના અન્ય ઉત્પાદક દેશો નાઈજીરિયા, ચીન અને નાઈઝર છે. રાજસ્થાન, ગુજરાત, ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્ર વગેરે તેનાં મુખ્ય ઉત્પાદક રાજ્યો છે. બાજરીનું સૌથી વધુ ઉત્પાદન રાજસ્થાનમાં થાય છે અને ત્યાર બાદ બીજા નંબરે ગુજરાત આવે છે. ગુજરાતમાં બાજરીનું સૌથી વધુ ઉત્પાદન બનાસકાંઠા જિલ્લામાં થાય છે.

**જાણવું ગમશે**

ગુજરાત તેમજ સમગ્ર ભારતમાં થતાં વિવિધ ધાન્ય પાકોમાં નાગલી (રાગી) મોખરાનું સ્થાન ધરાવે છે. ગુજરાતમાં મોટાભાગે ડાંગ અને વલસાડ જિલ્લામાં તેની ખેતી કરવામાં આવે છે. નાગલી પોષક તત્ત્વોથી ભરપૂર તૃણ ધાન્ય પાક છે. તેના દાણામાં પ્રોટીન, ખનિજતત્ત્વ અને વિટામિનનું પ્રમાણ વિશેષ જોવા મળે છે. નાગલીમાં કૅલ્શિયમ અને આયર્નનું પ્રમાણ અન્ય ધાન્ય પાકો કરતાં સવિશેષ હોવાથી તેનો ઉપયોગ કુપોષણ દૂર કરવામાં અને બેબીફૂડ બનાવવામાં થાય છે. નાગલીમાં રેસાની માત્રા વધારે હોવાથી ડાયાબીટિસ અને હૃદયરોગના દર્દીઓ માટે ખૂબ લાભદાયક છે.

**મગફળી (Groundnut) :** મગફળી એ તેલીબિયાં પાકમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. મગફળીના પાકને કાળી, કસવાળી, ગોરાડું અને લાવાની રેતીમિશ્રિત, પાણી ના ભરાય તેવી જમીન અનુકૂળ આવે છે. મગફળીનાં ઉત્પાદનમાં વિશ્વમાં ભારતનો ચીન પછી બીજો ક્રમ છે. દેશમાં કુલ મગફળી-ઉત્પાદનમાં ગુજરાત રાજ્ય પ્રથમ ક્રમે છે. ગુજરાતમાં મગફળીનું સૌથી વધુ ઉત્પાદન જૂનાગઢ જિલ્લામાં થાય છે. દેશમાં મગફળીમાંથી ખાદ્યતેલ પ્રાપ્ત કરવામાં આવે છે.



મગફળી

**પ્રવૃત્તિ**

મગફળીમાંથી બનતી વાનગીઓની યાદી તૈયાર કરો.



દિવેલા

**દિવેલા (Castor) :** દિવેલા એ તેલીબિયાં પાક છે. દિવેલાને મધ્યમ કાળી, સારી નિતારવાળી અને રેતાળ જમીન વધુ માફક આવે છે. દિવેલા (એરંડા)નાં ઉત્પાદનમાં ભારત વિશ્વમાં પ્રથમ ક્રમે છે. ત્યાર બાદ અનુક્રમે ચીન અને બ્રાઝિલનો ક્રમ આવે છે. ભારતમાં દિવેલા સૌથી વધુ ગુજરાતમાં થાય છે. ગુજરાતમાં મોટા ભાગના જિલ્લામાં દિવેલાનો પાક લેવામાં આવે છે. જૂનાગઢ, અમરેલી, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, રાજકોટ, સુરેન્દ્રનગર વગેરે જિલ્લાઓમાં તેનો પાક લેવામાં આવે છે.

**કપાસ (Cotton) :** કપાસ ઉગાડવા માટે ઓછું તાપમાન, હળવો વરસાદ અનુકૂળ આવે છે. કપાસ માટે કાળી જમીન સૌથી વધુ ઉપયોગી છે. કપાસના પાકને તૈયાર થતાં 6થી 8 મહિનાનો સમય લાગે છે. કપાસનો પાક તૈયાર થાય ત્યારે આકાશ ચોખ્ખું હોવું જોઈએ. કપાસ કાપડઉદ્યોગ માટે એક મહત્ત્વપૂર્ણ કાચો માલ છે. ચીન, યુનાઈટેડ સ્ટેટ્સ, ભારત, પાકિસ્તાન, બ્રાઝિલ અને ઈજિપ્ત કપાસના અગ્રણી ઉત્પાદક છે. ભારતમાં ગુજરાત, મહારાષ્ટ્ર, તેલંગણા, કર્ણાટક, આંધ્રપ્રદેશ, હરિયાણા, રાજસ્થાન, પંજાબ, તમિલનાડુ



કપાસ

**પ્રવૃત્તિ**

ચા અને કૉફી પણ ભારતના મહત્ત્વના પાકો ગણાય છે. તેનું ઉત્પાદન થતું હોય તેવા વિસ્તારોનાં નામોની યાદી બનાવો.

અને ઓડિશા વગેરે મુખ્ય ઉત્પાદક રાજ્યો છે. ગુજરાત કપાસનાં ઉત્પાદનમાં ભારતમાં પ્રથમ સ્થાન ધરાવે છે. ગુજરાતનો ભરૂચ પાસે આવેલ કાનમપ્રદેશ લાંબા તારના કપાસનાં ઉત્પાદન માટે જાણીતો છે. ગુજરાતમાં સુરેન્દ્રનગર, રાજકોટ, વડોદરા, અમદાવાદ, સાબરકાંઠા, મહેસાણા, બોટાદ, ભરૂચ, ખેડા, સુરત, પંચમહાલ, અમરેલી, ભાવનગર, પાટણ, જૂનાગઢ, જામનગર વગેરે જિલ્લાઓમાં કપાસનું વધુ ઉત્પાદન થાય છે.

**જાણવું ગમશે**

ગુજરાતમાં આવેલ ચરોત્તર પ્રદેશ તમાકુના ઉત્પાદન માટે જાણીતો છે જેને 'સોનેરી પર્ણ'નાં મૂલક તરીકે ઓળખવામાં આવે છે.

## ખેતીનો વિકાસ

વિશ્વના વિવિધ ભાગોમાં વિવિધ ગતિએ કૃષિનો વિકાસ થયો છે. મોટા પ્રમાણમાં વધુ વસ્તી ધરાવતા વિકાસશીલ દેશો મોટા ભાગે સઘન કૃષિ કરે છે.

ખેતીવિકાસ વધતી વસ્તીની વધુ માંગને પહોંચી વળવા ખેતી-ઉત્પાદનમાં વધારો કરવાના પ્રયત્નોથી સંબંધિત છે. આ ઘણી રીતે પ્રાપ્ત કરી શકાય છે. જેમકે વાવેતર ક્ષેત્રનો વિસ્તાર કરીને, વાવેતર પાકની સંખ્યામાં વધારો કરીને, સિંચાઈની સુવિધામાં સુધારો કરીને, ખાતરોનો ઉપયોગ કરીને અને ઉચ્ચ ઊપજ આપતા બીજના પ્રયોગ દ્વારા ખેતીનું યાંત્રિકીકરણ પણ ખેતીના વિકાસનું એક અન્ય પાસું છે. ખેતીવિકાસનું અંતિમ લક્ષ્ય એ ખોરાકની સુરક્ષામાં વધારો કરવાનો છે.

ખેતીક્ષેત્રે સહકારી પ્રવૃત્તિનો વિકાસ પણ ખૂબ સારો થયો છે. કિસાન ક્રેડિટ કાર્ડ દ્વારા અને રાષ્ટ્રીયકૃત તેમજ સહકારી બૅંકો દ્વારા ખેડૂતોને આર્થિક મદદ માટે કૃષિધિરાણ આપવામાં આવે છે. ખેતપેદાશો સંઘરવા જુદા-જુદા ભાગોમાં ગોદામોની સગવડ કરવામાં આવી છે.

હાલમાં સરકાર દ્વારા ખેડૂતોને રેડિયો, ટેલિવિઝન, વર્તમાનપત્રો, કિસાન ચેનલ, મોબાઈલ પર કિસાન SMS, ટોલ ફ્રી નંબર 1800 180 1551 (કિસાન કોલ સેન્ટર), સરકારના i-khedut ખેડૂત વૅબપોર્ટલ, દ્વારા સતત માહિતી, નવી તક્નીકો અને માર્ગદર્શન પૂરું પડાય છે. ગુજરાતમાં કૃષિમેળાઓ દ્વારા ખેડૂતોને અદ્યતન માહિતી અને માર્ગદર્શન અપાય છે.

## સુધારેલાં બિયારણો

ખેત-ઉત્પાદન માટે બિયારણ એક મહત્ત્વનો ભાગ ભજવે છે. ખેતીમાંથી વધુ ઉત્પાદન મેળવવા આજે સુધારેલાં બિયારણો અને પૃથક્કરણ કરેલાં બિયારણોનો ઉપયોગ થવા લાગ્યો છે. સરકાર દ્વારા બિયારણ વૃદ્ધિકેન્દ્રો સ્થાપવામાં આવ્યાં છે. બાયોટેક્નિક પદ્ધતિથી બાગાયતી પાકો માટે ખાસ કરીને રોપા તૈયાર કરવામાં આવે છે. જેના દ્વારા વહેલી પાકતી અને વધુ ઉત્પાદન આપતી જાતો વિકસાવાઈ છે. સુધારેલાં બિયારણોને લીધે ભારત ધાન્ય પાકોની બાબતમાં વધુ ઉત્પાદન મેળવી અન્નક્ષેત્રે સ્વાવલંબી બન્યું છે.

## જંતુનાશકો

ભારતમાં ખેતીમાં પાકોને થતું નુકસાન અટકાવવા માટે જંતુનાશક રસાયણો મહત્ત્વનો ભાગ ભજવે છે. ખેતીમાં વધુ પડતાં રાસાયણિક જંતુનાશકોના અવિવેકી અને આડેધડ ઉપયોગનાં કારણે જમીન અને પાણીનું પ્રદૂષણ વધ્યું છે. ખેતપેદાશોમાં ઝેરી તત્ત્વો મનુષ્યનાં આરોગ્ય પર પણ તે લાંબે ગાળે ખરાબ અસરો પાડે છે.

ખેતીપાકોમાં નુકસાન કરતી જીવાતોનાં નિયંત્રણ માટે જીવાણુઓ (બૅક્ટેરિયા), વિષાણુ, ફૂગ, કૃમિ અને વનસ્પતિજન્ય જૈવિક કીટનાશકોનો ઉપયોગ થાય છે. તેમાં જીવાણુઓ લગભગ 90 % હિસ્સો ધરાવે છે. જીવાતો પર લગભગ સો જેટલા જુદા-જુદા જીવાણુઓ રોગ પેદા કરતાં નોંધાયેલા છે. ખેતીપાકોમાં જીવાત નિયંત્રણ માટે બિજાણુ ઉત્પન્ન કરતાં જીવાણુઓનો ઉપયોગ

થાય છે. આ પ્રકારના જીવાણુઓમાં બેસીલસ જાતિના જીવાણુઓ મોખરે છે. જૈવિક કીટનાશકો બજારમાં વ્યાપારી ધોરણે મળે છે. જૈવિક કીટનાશકો ઉપદ્રવી જીવાતોમાં જુદા-જુદા રોગ લાગુ પાડે છે અને પરિણામે તે નાશ પામે છે.

જીવાણુ આધારિત જૈવિક કીટનાશક એ એક જાતનું જઠરવિષ છે. તેથી તે જે કીટકને મારવાનું છે તે કીટકના જઠરમાં જવું જરૂરી છે. પાક પર જ્યારે જૈવિક કીટનાશકનું પ્રવાહી મિશ્રણ છાંટવામાં આવે છે ત્યારે સુષુપ્તાવસ્થામાં રહેલાં જીવંત જીવાણુઓ ઈયળના ખોરાક સાથે તેના આંતરડામાં પહોંચે છે અને ઝેરી પ્રોટીન ઈયળના આંતરડામાં અને ખાસ કરીને મોઢાના ભાગે લકવો પેદા કરે છે. છેવટે ઈયળ મૃત્યુ પામે છે.

રાસાયણિક કીટનાશકોથી થતી આડઅસરોથી બચવા માટે તેની જગ્યાએ વનસ્પતિજન્ય કીટનાશકોનો ઉપયોગ કરવો જોઈએ. તેમાં ખાસ કરીને લીમડો, કરંજ, મહૂડો, તુલસી, રતનજ્યોત, ફૂદીનો, કારેલાં, તમાકુ, સેવંતી વગેરેનો ઉપયોગ જીવાત-નિયંત્રણ માટે થાય છે.

## સિંચાઈની ઉન્નત સગવડો

ખેતી માટે પૂરતું પાણી જરૂરી છે. આપણા દેશમાં વરસાદ અનિયમિત અને અચોક્કસ હોવાથી પૂરતું પાણી મળી રહેતું નથી, તેથી સિંચાઈની જુદી-જુદી વ્યવસ્થા કરવામાં આવે છે. સામાન્ય રીતે આપણે ત્યાં કૂવાઓ, બોર, નાના-મોટા બંધો દ્વારા કૃત્રિમ વ્યવસ્થાથી પાણીનું સિંચન કરવામાં આવે છે જેને સિંચાઈ કહે છે.

**નહેર :** ગુજરાતમાં સરદાર સરોવર, ધરોઈ યોજના જેવી અન્ય મહત્ત્વની સિંચાઈ યોજનાઓ છે, જેમાં બંધો દ્વારા જળસંગ્રહ કરવામાં આવે છે. નહેરોની મદદથી ખેતરો સુધી પાણી પહોંચાડવામાં આવે છે. નહેરોનાં પાણીનો સિંચાઈ માટે સતત વધુ પડતો ઉપયોગ કરવામાં આવે તો જમીનની ફળદ્રુપતામાં ઘટાડો થાય છે.

**ખેત-તલાવડી :** ખેત-તલાવડી ખેતરમાં ઢોળાવવાળી જમીનના શેઢા પર બનાવવામાં આવે છે. જેમાં વરસાદનાં પાણીનો સંગ્રહ કરવામાં આવે છે. વરસાદ બંધ થયા પછી પાકને પાણીની જરૂરિયાત હોય ત્યારે તે સિંચાઈ માટે ઉપયોગી બને છે.

**ચેકડેમ :** નદી, ઝરણાં કે વહેણનું પાણી વહી જતું અટકાવવા તેની આગળ પાકો બંધ બાંધવામાં આવે છે તેને ચેકડેમ કહે છે. ચેકડેમ બાંધવાથી કૂવા અને બોરનાં તળ ઊંચાં આવે છે.

**ટપક સિંચાઈ પદ્ધતિ :** ટપક સિંચાઈ એ સૂક્ષ્મ પિયત પદ્ધતિનો એક પ્રકાર છે કે જેના દ્વારા પાણીની બચત થાય અને પોષક દ્રવ્યો (તત્ત્વો) ધીમે-ધીમે છોડનાં મૂળ સુધી પહોંચે છે અને આ પ્રક્રિયા જમીનની ઊપલી સપાટીથી અંદરની સપાટી (મૂળ) સુધી અસર કરે છે. આનો મુખ્ય ધ્યેય બાષ્પીભવન ઓછું કરી છેક મૂળ સુધી સીધું જ પાણી પહોંચાડવાનો છે. ટપક સિંચાઈ પદ્ધતિમાં વાલ્વ, પાઈપ, નળીઓ અને ઉત્સર્જકોનો સહિયારો ઉપયોગ કરી પાણી સિંચવામાં આવે છે. પાણી અને પોષક તત્ત્વોને 'ડ્રિપરલાઇન્સ' તરીકે ઓળખાતા પાઈપોમાં આ ક્ષેત્રમાં વિતરણ કરવામાં આવે છે, જેમાં 'ડ્રિપર' તરીકે ઓળખાતા નાના એકમો હોય છે. દરેક ડ્રિપર પાણી અને ખાતરો ધરાવતાં ટીપાંને બહાર કાઢે છે. પરિણામે પાણી અને પોષક તત્ત્વોની એકસરખા પ્રમાણમાં દરેક છોડનાં મૂળમાં જાય છે. આ પદ્ધતિની સફળતાનો આધાર કેવી રીતે તેની બનાવટ, જાળવણી અને કાર્યરત કરાઈ છે તેના પર પણ રહે છે. જો યોગ્ય રીતે આ બધું ગોઠવાયેલું હોય તો સિંચાઈની અન્ય પદ્ધતિઓ અને જળ છંટકાવની બીજી પદ્ધતિઓ કરતાં વધુ અસરકારક રહે છે. ટપક સિંચાઈને કેટલીક વખત ટ્રિકલ સિંચાઈ કહેવામાં આવે છે.

બે હરોળ વચ્ચે જગ્યા ધરાવતા પાકોમાં ટપક સિંચાઈ (પિયત) પદ્ધતિ વધુ ઉપયોગી છે. કપાસ, એરંડા, શેરડી, ટામેટાં, રીંગણ, કોબીજ, ફ્લાવર, બટાટા, ભીંડા, મરચી, આંબા, ચીકુ, લીંબુ, નાળિયેર, દાડમ, પપૈયા, જામફળ, બોર, તમાકુ, સાગ વગેરે પિયત પદ્ધતિને અનુકૂળ પાકો છે.

ટપક પદ્ધતિ દ્વારા પાણીની 40 ટકાથી 60 % સુધીની બચત કરી શકાય છે. ખાતરની 25 ટકાથી 30 % બચત થાય છે. ક્યારા, પાળા, ખામણા, ધોરિયા, જમીન પોચી રાખવા ગોડ કરવાની તેમજ પિયત આપવા માટેની મજૂરી પણ બચે છે. ટપક પદ્ધતિની મદદથી અસમતોલ જમીનમાં પણ સારી રીતે પિયત આપી શકાય છે. નિંદણ ઓછું થાય છે તેથી નિંદામણનાશક દવાઓ તેમજ મજૂરીખર્ચમાં પણ ઘટાડો થાય છે. જમીનમાં પાણીનો ભરાવો થતો ન હોવાને કારણે રોગ-જીવાત ઓછી આવે છે. વીજળીની આશરે 30 ટકાથી 35 % બચત થાય છે. જમીનમાં પિયત ઓછું હોય ત્યારે તેમાં માત્ર ભેજ હોવાથી ખેતી-કાર્યોમાં સુગમતા રહે છે. આ પદ્ધતિનો ઉપયોગ કરવા પ્રેરાઈ તે માટે સરકાર દ્વારા આર્થિક સહાય આપવામાં આવે છે.

**ફુવારા પિયત પદ્ધતિ :** સિંચાઈમાં ફુવારા પિયત પદ્ધતિ એ કૃષિક પાક, લૉન, કુદરતી ઢોળાવો (લૅન્ડસ્લોપ), ગોલ્ફકૉર્સ અને એવા અન્ય વિસ્તારોમાં ઉપયોગી છે. આ સાધનનો ઉપયોગ ઠંડક અને ધૂળની ડમરીને ડામવા (બેસાડવા) માટે પણ થાય છે. આ સિંચાઈની પદ્ધતિથી પાણી પહોંચાડવું એ વરસાદથી પાણી પડવાની રીતને સમાન છે. આ પદ્ધતિમાં પંપ, વાલ્વ, પાઈપ અને ફુવારાનો સહિયારો ઉપયોગ કરી પાણી આપવામાં આવે છે. કાટખૂણે ગોઠવેલ પાઈપ, તેની ઉપર ફરતી નોઝલ જે મુખ્ય પાઈપ સાથે ચોક્કસ અંતરે જોડાયેલ હોય છે, આ નોઝલ દ્વારા હવામાં ફુવારા વડે જમીનની શોષણ-ક્ષમતાથી ઓછા પ્રમાણમાં જમીન પર વરસાદરૂપે પાડવામાં આવે છે.


ફુવારા પિયત

ફુવારા સિંચાઈનો ઉપયોગ ઘણુંખરું રહેણાંક વિસ્તાર, ઔદ્યોગિક એકમો અને કૃષિક્ષેત્રે થાય છે. વળી, જ્યાં ઊબડખાબડ જમીન છે, રેતાળ જમીન છે ત્યાં અને ટૂંકાગાળે વવાતા પાકો માટે વધુ ઉપયોગી છે. ઘઉં, બાજરી, જુવાર, મકાઈ, મગફળી, ચણા, ડુંગળી, રજકો અને ઘાસચારાના પાકો, મેથી, ચોળી, ફ્લાવર, કોબીજ, ભીંડા, બટાટા, શેરડી વગેરે ફુવારા પિયત પદ્ધતિને અનુકૂળ પાકો છે. આમ, ખેતીમાં વિવિધ આધુનિક સિંચાઈ પદ્ધતિના ઉપયોગથી પાણીનો બચાવ અને જમીનની ગુણવત્તા જાળવવાથી વધુ ઉત્પાદન મેળવી શકાય છે.

## સ્વાધ્યાય

### 1. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :

(1) કૃષિને અસર કરતાં પરિબળો જણાવો.

(2) સરકાર ખેડૂતોમાં ખેતીનો વિકાસ કરવા માટે શું મદદ કરે છે ?

(3) ગુજરાતમાં મુખ્ય કયા-કયા પાક થાય છે ?

(4) કૃષિના પ્રકારો કયા-કયા છે ?

(5) વનસ્પતિજન્ય કીટનાશકોમાં કઈ-કઈ વનસ્પતિનો ઉપયોગ થાય છે ?

(6) તફાવત આપો : બાગાયતી ખેતી અને સઘન ખેતી

(7) જૈવિક કીટનાશકોમાં શેનો-શેનો ઉપયોગ થાય છે ?

(8) ગુજરાતનો ભરૂચ પાસે આવેલ કયો પ્રદેશ લાંબા તારના કપાસનાં ઉત્પાદન માટે જાણીતો છે ?

**2. નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો :**

(1) નીચેનામાંથી કયા ખેતીના પ્રકારમાં ઉત્પાદન ઓછું હોય છે ?

(A) બાગાયતી ખેતી (B) ઝૂમ ખેતી (C) સઘન ખેતી (D) આર્દ્ર ખેતી

(2) વનસ્પતિજન્ય કીટનાશકોમાં કઈ વનસ્પતિનો ઉપયોગ થતો નથી ?

(A) લીમડો (B) કારેલાં (C) તમાકુ (D) બિલાડીના ટોપ

(3) દિવેલા (એરંડા)નાં ઉત્પાદનમાં વિશ્વમાં કયો દેશ પ્રથમ ક્રમે છે ?

(A) બ્રાઝિલ (B) ભારત (C) ચીન (D) શ્રીલંકા

(4) 'ઘઉંનો કોઠાર' કયા રાજ્યને કહેવામાં આવે છે ?

(A) પંજાબ (B) ગુજરાત (C) હરિયાણા (D) ઉત્તરપ્રદેશ

**3. કારણો આપો :**

(1) રાસાયણિક ખાતર અને રાસાયણિક કીટનાશકોનો વધુપડતો વપરાશ નુકસાનકારક છે.

(2) જુદા-જુદા પ્રદેશોમાં વિવિધ પાક ઉગાડવામાં આવે છે.

(3) જૈવિક કીટનાશકો તરફનું વલણ વધી રહ્યું છે.

(4) ખેતીમાં ટપક પિયત પદ્ધતિ શ્રેષ્ઠ પિયત પદ્ધતિ છે.

**4. સંકલ્પના સમજાવો :**

(1) ખેતી (2) બાગાયતી ખેતી (3) સૂકી ખેતી (4) આર્દ્ર ખેતી

**5. ખાલી જગ્યા પૂરો :**

(1) ગુજરાત કપાસનાં ઉત્પાદનમાં ભારતમાં .......... સ્થાન ધરાવે છે.

(2) સઘન ખેતીને .......... ખેતી પણ કહે છે.

(3) ગુજરાતમાં મગફળીનું સૌથી વધુ ઉત્પાદન .......... જિલ્લામાં થાય છે.

(4) વિશ્વના આશરે .......... % લોકો ખેતી-પ્રવૃત્તિઓમાં રોકાયેલા છે.


(5) કપાસની કાળી જમીન ..........ના નામે પણ ઓળખાય છે.

**6. ટૂંક નોંધ લખો :**

(1) સઘન ખેતી (2) ખેતીનો વિકાસ (3) ડાંગર (4) કાળી જમીન (5) ટપક સિંચાઈ પદ્ધતિ

## પ્રવૃત્તિ

● ગુજરાતના નકશાના આધારે નીચે આપેલ પાકનાં નામ સામે તેના જિલ્લાનાં નામ લખો :




(1) ઘઉં : (1) ______ (2) ______ (3) ______ (4) ______

(2) ડાંગર : (1) ______ (2) ______ (3) ______ (4) ______

(3) બાજરી : (1) ______ (2) ______ (3) ______ (4) ______


(4) કપાસ : (1) ______ (2) ______ (3) ______ (4) ______

(5) મગફળી : (1) ______ (2) ______ (3) ______ (4) ______

(6) દિવેલા : (1) ______ (2) ______ (3) ______ (4) ______

## પ્રવૃત્તિ

● ભારતના નકશાના આધારે નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર આપો :




(1) ઘઉં પકવતાં રાજ્યો : (1) __________ (2) __________

(2) ડાંગર પકવતાં રાજ્યો : (1) __________ (2) __________

(3) બાજરી પકવતાં રાજ્યો : (1) __________ (2) __________

(4) કપાસ પકવતાં રાજ્યો : (1) __________ (2) __________

(5) મગફળી પકવતાં રાજ્યો : (1) __________ (2) __________

# 12 ઉદ્યોગ

L8S6D8

ઉદ્યોગનો સંબંધ સામાજિક આર્થિક પ્રવૃત્તિ સાથે છે. જોકે વસ્તુઓનાં ઉત્પાદન ખનિજો તેમજ સેવાઓની વ્યવસ્થા સાથે સંકળાયેલ હોય છે. આમ ખનિજો ઔદ્યોગિક વસ્તુઓનાં ઉત્પાદન સાથે સંકળાયેલ છે. ખાણઉદ્યોગ એટલે પૃથ્વીના પેટાળમાંથી ખનિજોને બહાર કાઢવાની પ્રવૃત્તિ છે તથા પ્રવાસન સેવાઓ સાથે સંકળાયેલ ઉદ્યોગ છે.

## અર્થ અને સંકલ્પના

ઉદ્યોગ શબ્દનો સામાન્ય અર્થ કંઈ પણ કાર્ય, શ્રમ કે પ્રવૃત્તિ બાદ મળતું ફળ કે પરિણામ છે. જેનો ઉપયોગ માનવ કરે છે અને માનવીની જરૂરિયાતો પૂરી થાય છે. પ્રાચીન સમયમાં માનવ પોતાની જરૂરિયાતની વસ્તુઓ મેળવવા જે કંઈ પ્રવૃત્તિ કરતો અને પોતાના હાથ વડે બનાવેલ વસ્તુઓ મેળવતો તેને તે સમયનો ઉદ્યોગ કહેતા હતાં પરંતુ જેમ માનવીની જરૂરિયાતો વધવા લાગી તેમ જરૂરિયાતોને પહોંચી વળવા વિવિધ યંત્રનો ઉપયોગ થવા માંડ્યો, ત્યારથી ઉદ્યોગનો અર્થ ધીમે-ધીમે વિશાળ બન્યો. આમ વર્તમાન સમયમાં ઉદ્યોગ શબ્દ સાંભળતા આપણને યંત્રોનો અનુબંધ થાય છે. ઉદ્યોગ શબ્દ ત્રણ પ્રકારની પ્રવૃત્તિઓને સમાવી લે છે : (1) કાચો માલ એકઠો કરવો. (2) ઉત્પાદનનું સ્વરૂપ બદલી ઉપયોગમાં વધારો કરવો. (3) તૈયાર થયેલાં ઉત્પાદનને બજાર કે ગ્રાહક સુધી પહોંચાડવો.

આમ, ઉદ્યોગની વ્યાખ્યા આ પ્રમાણે આપી શકાય તેમ છે. કોઈ પણ કાચા માલનું યાંત્રિક સહાય દ્વારા સ્વરૂપ બદલીને તેની ઉપયોગિતામાં વધારો કરનાર પ્રવૃત્તિને ઔદ્યોગિક ઉત્પાદન અથવા ઉદ્યોગ કહેવામાં આવે છે.

## ઉદ્યોગોનું વર્ગીકરણ

**કુદરતી સંસાધન આધારિત ઉદ્યોગ :** પશુપાલન, ડેરીઉદ્યોગ, માંસઉદ્યોગ, ઊનઉદ્યોગ, મત્સ્યઉદ્યોગ, જંગલઉદ્યોગ, સંવર્ધન ઉદ્યોગ, મરઘાં-બતક સંવર્ધન, રેશમના કીડા સંવર્ધન, મધમાખી સંવર્ધન. યાંત્રિકીકરણ આધારિત ઉદ્યોગ વગેરેનો સમાવેશ થાય છે.

**કાચા માલના આધારે (Raw materials based) :** કાચા માલના સ્રોત પર આધારિત ઉદ્યોગોનું વર્ગીકરણ

(1) **કૃષિ આધારિત ઉદ્યોગ :** જેમાં કાચો માલ કૃષિમાંથી પ્રાપ્ત થાય છે. ખાદ્ય ઉદ્યોગ, સુતરાઉ અને શણના કાપડ ઉદ્યોગ, વનસ્પતિ તેલ ઉદ્યોગ એવા ઉદાહરણ છે જે ખેતપેદાશો પર આધારિત છે.

(2) **પશુ આધારિત ઉદ્યોગ :** જેમાં દૂધ અને તેની બનાવટોનું ઉત્પાદન, માંસઉદ્યોગ તેમજ ચર્મઉદ્યોગ

(3) **સમુદ્ર આધારિત ઉદ્યોગ :** મત્સ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગ તેમજ મહાસાગરમાંથી પ્રાપ્ત ખનિજોનો ઉપયોગ થાય છે.

(4) **વન આધારિત ઉદ્યોગ :** કાગળ ઉદ્યોગ, લુગદી ઔષધ, ફર્નિચર અને મકાનનિર્માણ

(5) **ખનીજ આધારિત ઉદ્યોગ :** લોખંડ અને પોલાદઉદ્યોગ, સિમેન્ટ ઉદ્યોગ તથા રસાયણ ઉદ્યોગ

**માલિકીના આધારે (Ownership based) :**

માલિકીના આધાર પર ઉદ્યોગોને આ પ્રમાણે વિભાજિત કરી શકાય છે :

(1) **સાર્વજનિક ક્ષેત્ર :** એવા ઉદ્યોગ કે જેની માલિકી સરકારની હોય છે જેનું સંચાલન સરકાર કરે છે જેમકે હિન્દુસ્તાન ઍરોનોટિકલ લિમિટેડ અને સ્ટીલ ઑથોરિટી ઑફ ઇન્ડિયા.

(2) **ખાનગી ક્ષેત્ર :** આ ઉદ્યોગ વ્યક્તિ અથવા વ્યક્તિના સમૂહ દ્વારા ચલાવાય છે. જેમ કે ટિસ્કો અને રિલાયન્સ.

(3) **સહકારી ક્ષેત્ર :** આવા ઉદ્યોગ કાચા માલના ઉત્પાદકો, કામદારો અથવા બંનેના અધિકારમાં હોય છે અને તેના દ્વારા જ ચલાવવામાં આવે છે. અમૂલ (આણંદ મિલ્ક યુનિયન લિમિટેડ) અને મધર ડેરી સહકારી પ્રવૃત્તિઓનાં ઉત્તમ ઉદાહરણ છે.

**(4) સંયુક્ત ક્ષેત્ર :** તેની માલિકી સરકાર અને વ્યક્તિ અથવા વ્યક્તિઓનો સમૂહ હોય છે. મારુતિ લિમિટેડ સંયુક્ત ક્ષેત્રના ઉદ્યોગનું એક ઉદાહરણ છે.

**પ્રવૃત્તિ**


વિવિધ ક્ષેત્રોનાં સ્થાનિક ઉદાહરણો મેળવી તેની નોંધ કરો.

### ઉદ્યોગોનાં સ્થાનીકરણ પર અસર કરનાર પરિબળો

એવાં પરિબળો જે ઉદ્યોગોના સ્થાનને અસર કરે છે, કાચા માલની ઉપલબ્ધતા ભૂમિ, જળ, શ્રમ, ઊર્જા, મૂડી, પરિવહન અને બજાર છે. ઉદ્યોગ એવાં સ્થળો પર કેન્દ્રિત થાય છે જ્યાં ઉપર્યુક્ત પરિબળો સરળતાથી ઉપલબ્ધ બને છે. ક્યારેક-ક્યારેક સરકાર સસ્તા ભાવની વીજળીની ઉપલબ્ધતા, ઓછો પરિવહન-ખર્ચ તથા અન્ય માળખાગત સુવિધાઓ પૂરી પાડી ઉદ્યોગોને પ્રોત્સાહન આપે છે. જોકે ગુજરાતના કચ્છ જિલ્લામાં સરકાર દ્વારા મળતાં પ્રોત્સાહનોથી ઉદ્યોગો વિકસ્યા છે. આર્થિક રીતે પછાત વિસ્તારોમાં પણ ઉદ્યોગની સ્થાપના થાય છે. ઔદ્યોગિકીકરણથી શહેરો અને નગરોનો વિકાસ અને વૃદ્ધિ થાય છે.

### ઔદ્યોગિક પ્રદેશ (Industrial Region)

પ્રદેશનો વિકાસ ત્યારે થાય છે જ્યારે અનેક પ્રકારના ઉદ્યોગો એકબીજાની નીકટ આવેલ હોય છે અને તે પોતાની નિકટતાનો લાભ એકબીજા સાથે વહેંચી શકે છે. વિશ્વના મુખ્ય ઔદ્યોગિક પ્રદેશો તરીકે પૂર્વોત્તર અમેરિકા, પશ્ચિમ અને મધ્ય યુરોપ અને પૂર્વ એશિયા છે. આ ઔદ્યોગિક પ્રદેશો મોટે ભાગે સમશીતોષ્ણ કટિબંધ ક્ષેત્રો, દરિયાઈ બંદરોની નજીક અને ખાસ કરીને કોલસા ક્ષેત્રોની નજીક આવેલ હોય છે. ભારતમાં અનેક ઔદ્યોગિક પ્રદેશો છે, જેમકે મુંબઈ - પૂણે સમૂહ, બેંગલૂરુ, તમિલનાડુ પ્રદેશ, હુગલી પ્રદેશ, અમદાવાદ-વડોદરા પ્રદેશ, છોટા નાગપુર ઔદ્યોગિક પ્રદેશ, વિશાખાપટ્ટનમ્ - ગુંટુર ઔદ્યોગિક પ્રદેશ, ગુડગાંવ - દિલ્લી - મેરઠ ઔદ્યોગિક પ્રદેશ અને કોલ્લમ-થિરુવનંતપુરમ્ ઔદ્યોગિક પ્રદેશ વગેરે મુખ્ય ગણાવી શકાય.




**વિશ્વનાં ઔદ્યોગિક ક્ષેત્રો**

## મુખ્ય ઉદ્યોગોનું વિતરણ


વિશ્વના મુખ્ય ઉદ્યોગોમાં લોખંડ-પોલાદ ઉદ્યોગ, સુતરાઉ કાપડ ઉદ્યોગ, ઈલેક્ટ્રૉનિક્સ ઉદ્યોગ અને ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજી (IT) છે. લોખંડ-પોલાદ ઉદ્યોગ અને સુતરાઉ કાપડ ઉદ્યોગ ખૂબ જૂના ઉદ્યોગ છે, જ્યારે માહિતી તકનિકી ઉદ્યોગ (IT) એક નવા પ્રકારનો વિકસતો ઉદ્યોગ છે.

લોખંડ-પોલાદ ઉદ્યોગ જર્મની, સંયુક્ત રાજ્ય અમેરિકા, ચીન, જાપાન અને રશિયામાં આવેલ છે. કાપડ ઉદ્યોગ ભારત, હોંગકોંગ, દક્ષિણ કોરિયા, જાપાન અને તાઈવાનમાં કેન્દ્રિત છે. ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજી ઉદ્યોગના મુખ્ય કેન્દ્ર મધ્યવર્તી કેલિફોર્નિયાના સિલિકોન વેલીમાં અને ભારતના બૅંગલૂરુ પ્રદેશમાં સ્થપાયેલા છે.

### લોખંડ-પોલાદ ઉદ્યોગ (Iron and Steel Industry)

લોખંડ-પોલાદ ઉદ્યોગમાં ખૂબ મોટા પાયે મૂડીરોકાણ જરૂરી છે. આ એક પોષક ઉદ્યોગ છે જેના ઉત્પાદન અન્ય ઉદ્યોગો માટે કાચા માલ તરીકે ઉપયોગમાં લેવાય છે. ઉદ્યોગો માટે રોકાણ તરીકે શ્રમ, મૂડી, સ્થાન અને અન્ય માળખાગત સુવિધાઓની સાથે-સાથે લોહઅયસ્ક, કોલસા અને ચૂનાના પથ્થરનો કાચા માલ તરીકે સમાવેશ થાય છે. લોહઅયસ્કથી પોલાદ-નિર્માણની પ્રક્રિયામાં અનેક તબક્કાઓનો સમાવેશ થાય છે. આ કાચા માલને ભઠ્ઠીમાં રાખી ઓગાળવામાં આવે છે.

ત્યાર બાદ તે શુદ્ધ થાય છે. પ્રાપ્ત ઉત્પાદન પોલાદ બને છે જે અન્ય ઉદ્યોગોમાં કાચા માલ સ્વરૂપે ઉપયોગમાં લઈ શકાય છે. પોલાદ નક્કર હોય છે અને તેને આસાનીથી કાપી અને આકાર આપી શકાય છે અથવા તેમાંથી તાર બનાવી શકાય છે. ઍલ્યુમિનિયમ, નિકલ, તાંબું જેવી અન્ય ધાતુઓને થોડા-થોડા પ્રમાણમાં પોલાદમાં ભેળવી તેની મિશ્ર ધાતુઓ બનાવી શકાય છે. મિશ્રધાતુ પોલાદને ખૂબ સખત, મજબૂત અને પ્રતિરોધક ક્ષમતા પૂરી પાડે છે.




વિશ્વના લોખંડ-પોલાદ ઉદ્યોગનાં કેન્દ્રો

પોલાદ મોટે ભાગે આધુનિક ઉદ્યોગોની કરોડરજ્જુ કહેવાય છે. લગભગ તમામ વસ્તુઓ કે જેનો આપણે ઉપયોગ કરીએ છીએ તે લોખંડ કે પોલાદમાંથી બને છે. વાહનો, રેલગાડી, ટ્રક અને બંદરનિર્માણમાં મોટે ભાગે પોલાદનો ઉપયોગ થાય છે. આમ વિશાળકાય યંત્રોથી માંડી સોય સુધી તેનો ઉપયોગ આપણે કરીએ છીએ. તેલના કૂવાઓનું પોલાદથી બનેલ મશીનો દ્વારા શારકામ કરવામાં આવે છે. પોલાદની પાઇપલાઇનથી તેલનું પરિવહન કરવામાં આવે છે. ખનિજોનું ખોદકામ સ્ટીલનાં ઉપકરણોથી થાય છે. ખેતીનાં ઓજારો મોટા ભાગે સ્ટીલમાંથી બને છે. વિશાળ મકાનોનું માળખું સ્ટીલનું બનાવવામાં આવે છે.

ભારતમાં લોખંડ-પોલાદ ઉદ્યોગ કાચો માલ, સસ્તા મજૂર, પરિવહન અને બજારનો લાભ મેળવી ખૂબ વિકસિત થયો છે. તમામ મહત્ત્વનાં સ્ટીલ ઉત્પાદક કેન્દ્રો જેવા કે ભિલાઈ, દુર્ગાપુર, બર્નપુર, જમશેદપુર, રૂરકેલા, બોકારો એક જ પ્રદેશમાં આવેલ છે, જે ચાર રાજ્યોમાં ફેલાયેલ છે. આ ચાર રાજ્યો પશ્ચિમ બંગાળ, ઝારખંડ, ઓડિશા અને છત્તીસગઢ છે. ભદ્રાવતી અને વિજયનગર (કર્ણાટક), વિશાખાપટ્ટનમ (આંધ્રપ્રદેશ), સાલેમ (તમિલનાડુ) અન્ય મહત્ત્વનાં પોલાદનાં કેન્દ્રો છે જે સ્થાનિક સંસાધનોનો ઉપયોગ કરે છે.

**ટાટા આયર્ન ઍન્ડ સ્ટીલ કંપની (ટિસ્કો), જમશેદપુર :** ઈ.સ. 1947 પહેલાં ભારતમાં ફક્ત એક સ્ટીલનું કારખાનું હતું. ટાટા આયર્ન ઍન્ડ સ્ટીલ કંપની લિમિટેડ આ ખાનગી માલિકીનું હતું. સ્વતંત્રતા પછી સરકારે આ કાર્ય પોતાના હાથમાં લીધું અને ઘણા લોખંડ-પોલાદનાં કારખાનાં સ્થપાયાં. ઝારખંડમાં સુવર્ણરેખા અને ખરકઈ નદીઓના સંગમ નજીક સાકચીમાં (હાલનું જમશેદપુર) ઈ.સ. 1907માં ટિસ્કોની શરૂઆત કરવામાં આવી હતી. ઈ.સ. 1912થી સ્ટીલનું ઉત્પાદન શરૂ થયું.

સાકચીને અનેક કારણોથી સ્ટીલ કારખાનું સ્થાપવા માટે પસંદ કરાયેલું આ સ્થળ બંગાળ - નાગપુર રેલમાર્ગ પર કાળી માટી સ્ટેશનથી માત્ર 32 કિમી દૂર હતું. લોહ અયસ્ક કોલસા અને મેંગેનીઝ ખાણો ઉપરાંત કોલકાતાની નજીક પણ હતું. જ્યાં વિશાળ બજાર ઉપલબ્ધ હતું. ટિસ્કોને ઝરિયા ક્ષેત્રમાંથી કોલસો અને ઓડિશા તથા છત્તીસગઢમાંથી લોહ અયસ્ક, જૂના પથ્થર ડોલોમાઇટ અને મેંગેનીઝ પ્રાપ્ત થાય છે. ખરકઈ અને સુવર્ણરેખા નદીઓથી પર્યાપ્ત જળજથ્થો મળે છે. સરકારી પ્રોત્સાહનોથી એને પર્યાપ્ત મૂડી પ્રાપ્ત થઈ.

ભારતમાં લોખંડ-પોલાદ ઉદ્યોગના વિકાસથી ઝડપી ઔદ્યોગિક વિકાસ શરૂ થયો. ભારતીય ઉદ્યોગોનાં લગભગ તમામ ક્ષેત્રો મોટે ભાગે પોતાના આધારભૂત માળખાગત સુવિધાઓ માટે લોખંડ-પોલાદ ઉદ્યોગ પર નિર્ભર છે. ભારતીય લોખંડ-પોલાદ ઉદ્યોગ બૃહદ સંકલિત પોલાદ કારખાનાં સાથે લઘુ પોલાદ કારખાનાનો પણ સમાવેશ થાય છે, તેમાં દ્વિતીય ઉત્પાદન રોલિંગ કારખાનાં અને સહાયક ઉદ્યોગનો પણ સમાવેશ થાય છે.

**પિટ્સબર્ગ :** આ સંયુક્ત રાજ્ય અમેરિકાનું એક મહત્ત્વનું લોખંડ-પોલાદ ઉદ્યોગનું નગર છે. આ ઉદ્યોગને સ્થાનિક સુવિધાઓ ઉપલબ્ધ છે. કાચો માલ જેમકે કોલસા પિટ્સબર્ગમાં જ ઉપલબ્ધ છે, જ્યારે લોહ અયસ્ક મિનિસોટાની લોખંડની ખાણોમાંથી મળે છે. આ ખાણો અને પિટ્સબર્ગની વચ્ચે જળ-પરિવહનના શ્રેષ્ઠ માર્ગ, ગ્રેટ લૅક્સ જળમાર્ગ આવે છે. આ અયસ્કના નૌકા-પરિવહન માટે સસ્તો જળમાર્ગ છે. ઓહિયો, મોનોગહેલા અને એલ્ધની નદીઓ દ્વારા પૂરતા પ્રમાણમાં જળ-જથ્થો પ્રાપ્ત થાય છે.

આજ પિટ્સબર્ગમાં ખૂબ મોટાં લોખંડ-પોલાદનાં કારખાનાં છે. આ કારખાનાં પિટ્સબર્ગની ઉપર મોનોગહેલા અને હેલ્ધની નદીની ખીણોમાં તથા પિટ્સબર્ગની ઉપર નીચે ઓહિયો નદીના કિનારે આવેલા છે. શુદ્ધ પોલાદ સ્થળ અને જળ બંને માર્ગો દ્વારા બજારમાં મોકલવામાં આવે છે.

## સુતરાઉ કાપડ ઉદ્યોગ (Cotton Industry)

સુતરમાંથી કાપડ વણવાની એક પ્રાચીન કળા છે. કપાસ, ઊન, રેશમ, શણ વગેરેનો ઉપયોગ કાપડ-નિર્માણમાં થાય છે. ઉપયોગમાં લાવવામાં આવેલ કાચા માલના આધારે કાપડઉદ્યોગનું વર્ગીકરણ કરવામાં આવે છે. રેસા એ કાપડઉદ્યોગનો કાચો માલ છે. રેસા કુદરતી અથવા માનવનિર્મિત પણ હોઈ શકે છે. કુદરતી રેસા, ઊન, રેશમ, કપાસ, લિલેન અને શણમાંથી મેળવવામાં આવે છે. માનવનિર્મિત રેસામાં નાઈલૉન, પોલિએસ્ટર, એક્રેલિક અને રેયૉનનો સમાવેશ થાય છે.

સુતરાઉ કાપડઉદ્યોગ વિશ્વના પ્રાચીન ઉદ્યોગમાંનો એક છે. 18મી સદીની ઔદ્યોગિક ક્રાંતિ સુધી સુતરાઉ કાપડ હાથની ટેક્નિક અને હૅન્ડલૂમથી બનાવવામાં આવતું હતું. 18મી સદીમાં પાવરલૂમને પહેલા બ્રિટેનમાં અને ત્યાર બાદ વિશ્વના અન્ય બીજા દેશોમાં સુતરાઉ કાપડઉદ્યોગના વિકાસને આગળ ધપાવ્યો. આજે ભારત, ચીન, જાપાન અને સંયુક્ત રાજ્ય અમેરિકા સુતરાઉ કાપડના મહત્ત્વના ઉત્પાદકો છે.

ભારતમાં ઉત્તમ ગુણવત્તાના સુતરાઉ કાપડ-ઉત્પાદન કરવાની ગૌરવપૂર્ણ પરંપરા છે. બ્રિટિશ શાસનપૂર્વે હાથ વડે વણાટ અને કાંતેલા કાપડનું એક વિશાળ ભારતીય બજાર હતું. ઢાકાની મલમલ, મછલીપટ્ટમની છિંટ, કાલિકટના સુતરાઉ કાપડ તથા બુરહાનપુર, સુરત અને વડોદરાના સોનેરી જરીના કામવાળા સુતરાઉ કાપડ ગુણવત્તા અને ડિઝાઈન માટે જગપ્રખ્યાત હતા. પરંતુ હાથેથી બનાવેલા હોવાથી સુતરાઉ કાપડનું ઉત્પાદન મોંઘું અને તેનાં ઉત્પાદનમાં ખૂબ સમય લાગતો હતો. આથી પરંપરાગત સુતરાઉ કાપડઉદ્યોગ પશ્ચિમનાં યંત્રો નિર્મિત કાપડની પ્રતિસ્પર્ધા કરી શકે તેમ નહોતો.

પહેલી સફળ યાંત્રિક કાપડ-મિલ મુંબઈમાં ઈ.સ. 1854માં સ્થપાયેલી હતી. ગરમ અને ભેજવાળી આબોહવા, આયાત માટે બંદર, કાચા માલની ઉપલબ્ધતા અને કુશળ મજૂર આ પ્રદેશમાં આ ઉદ્યોગના વિકાસ માટે કારણભૂત છે. શરૂઆતનાં વર્ષોમાં આ ઉદ્યોગ મહારાષ્ટ્ર અને ગુજરાતમાં સ્થપાયો. ત્યાર બાદ ભારતના વિભિન્ન ભાગોમાં ફેલાયેલો છે. કોઈમ્બતુર, કાનપુર, ચેન્નઈ, અમદાવાદ, મુંબઈ, કોલકાતા, લુધિયાણા, પુડુચેરી અને પાણીપત મહત્ત્વનાં કેન્દ્રો છે.

**અમદાવાદ :** ગુજરાતમાં સાબરમતી નદીના કિનારા પર અમદાવાદ આવેલ છે. ઈ.સ. 1861માં પહેલી સુતરાઉ કાપડની મિલ સ્થપાઈ હતી. મુંબઈ પછી ભારતમાં બીજું સૌથી મોટું સુતરાઉ કાપડ નિર્માતા નગર બની ગયું. અમદાવાદને 'ભારતનું માન્ચેસ્ટર' તરીકે ઓળખ મળી હતી. સાનુકૂળ સ્થાનનું પરિબળ અમદાવાદમાં સુતરાઉ કાપડ ઉદ્યોગના વિકાસમાં મદદરૂપ હતું. અમદાવાદ કપાસ-ઉત્પાદન કરનાર પ્રદેશની ખૂબ જ નજીક આવેલ છે. અહીં કાચો માલ સરળતાથી ઉપલબ્ધ બને છે. સપાટ મેદાનો અને ભૂમિની સરળતાની ઉપલબ્ધતા મિલોની સ્થાપનામાં ઉપયોગી બની છે. ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યની વધુ વસ્તીગિચતા આ ઉદ્યોગને કુશળ અને અર્ધકુશળ મજૂરો ઉપલબ્ધ કરાવે છે. સુવિકસિત સડક માર્ગો અને રેલ માર્ગોની જાળ સુતરાઉ કાપડને દેશના વિવિધ ભાગોમાં સરળતાથી પહોંચાડવામાં મદદ કરે છે. મુંબઈ બંદર આ ઉદ્યોગ માટે જરૂરી મશીનરીની આયાત કરવા અને સુતરાઉ કાપડ ઉદ્યોગની નિકાસની સુવિધા પૂરી પાડે છે. પરંતુ છેલ્લાં કેટલાંક વર્ષોમાં અમદાવાદની સુતરાઉ કાપડ ઉદ્યોગની કેટલીક સમસ્યાઓ નિર્માણ થતાં ઘણીબધી કાપડમિલો બંધ પડી છે.

**પ્રવૃત્તિ**


શાળાપ્રવાસ દરમિયાન કોઈ ઔદ્યોગિક એકમની મુલાકાત ગોઠવો.

**ઓસાકા :** જાપાનનું એક મહત્ત્વપૂર્ણ કાપડ-ઉત્પાદન કેન્દ્ર છે. જે 'જાપાન માન્ચેસ્ટર'ના નામે પણ ઓળખાય છે. ઓસાકામાં સુતરાઉ કાપડઉદ્યોગનો વિકાસ અનેક ભૌગોલિક કારણોથી થયો છે.

ઓસાકાની ચારે બાજુનાં વિશાળ મેદાનો સુતરાઉ કાપડમિલોના વિકાસ માટે આસાનીથી જમીનની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરે છે. ગરમ ભેજવાળી આબોહવા વણાટ અને કાંતણ માટે બહુ ઉપયોગી છે. યોડો નદી મિલો માટે પૂરતા પ્રમાણમાં જળ ઉપલબ્ધ કરાવે છે. મજૂરો સરળતાથી ઉપલબ્ધ છે. બંદરની ભૌગોલિક સ્થિતિ કપાસને આયાત કરવા અને કાપડની નિકાસની સુવિધા ઉપલબ્ધ કરાવે છે. ઓસાકાના કાપડ ઉદ્યોગ સંપૂર્ણપણે આયાતી કાચા માલ પર આધારિત છે. જે ઈજિપ્ત, ભારત, ચીન અને યુ.એસ.એ.થી આયાત કરવામાં આવે છે. ત્યાંનું ઉત્પાદન મોટે ભાગે નિકાસ કરવામાં આવે છે. ઊંચી ગુણવત્તા અને ઓછા મૂલ્યના કારણે એક સારું બજાર પ્રાપ્ત થયું છે. તે જાપાનનું એક મહત્ત્વપૂર્ણ ઉદ્યોગ-કેન્દ્ર ગણાય છે. પરંતુ તાજેતરમાં ઓસાકાના સુતરાઉ કાપડ ઉદ્યોગનું સ્થાન અન્ય ઉદ્યોગ જેવા કે લોખંડ-પોલાદ, મશીનરી, જહાજ ઉદ્યોગ, ઑટોમોબાઈલ, વિદ્યુત ઉપકરણ અને સિમેન્ટ ઉદ્યોગે લઈ લીધું છે.

## માહિતી તકનિકી (Information Technology Industry)

કલ્પના કરો કે જો કંપની કાર્યદિવસમાં 24 કલાક સંચાલિત રહે તો કેટલું કામ સંપાદિત કરી શકાય છે. સંયુક્ત રાજ્ય અમેરિકા અને બેંગલૂરુમાં ભારતની કેટલીક સૉફ્ટવેર કંપનીઓ આવું કરવા માટે કરાર કર્યા છે. વિશ્વમાં આ રીતે શિફ્ટમાં કામ કરનારાના અનેક રસ્તાઓ હોય છે. ઉદાહરણ તરીકે જોઈએ તો બે સૉફ્ટવેર વ્યવસાયી કેલિફોર્નિયાની સિલિકોન વેલીમાં ડેની અને બેંગલૂરુમાં સ્મિતા એક જ યોજનાનું કાર્ય કરે છે. જ્યારે સ્મિતા બેંગલૂરુમાં સૂઈ જાય છે ત્યારે ડેની કેલિફોર્નિયામાં કામ કરે છે. પોતાના કાર્યદિવસની સમાપ્તિ પર એ કાર્યની પ્રગતિનો અદ્યતન સંદેશ સ્મિતાને મોકલે છે.



માહિતી-તકનિકી ઉદ્યોગ

કેટલાક કલાક પછી જ્યારે બેંગલૂરુમાં સ્મિતા કાર્યાલય પર પહોંચે છે, તો તે જાણે છે કે એક સંદેશો તેની રાહ જુએ છે અને તે તરત જ યોજનાના કાર્ય સાથે જોડાઈ જાય છે. પોતાના કાર્યદિવસની સમાપ્તિ બાદ તે પોતાના કાર્યના પરિણામ પુનઃ કેલિફોર્નિયા મોકલે છે. આ પ્રકારે સંવાદ અને કાર્ય સાથે-સાથે થાય છે. માનો કે બંને કાર્યાલયમાં એકસાથે બેઠા છે.

માહિતી તકનિકી ઉદ્યોગ માહિતીના સંગ્રહ, પ્રક્રિયા અને વિતરણને વ્યવહારમાં લાવે છે. વર્તમાનમાં આ ઉદ્યોગ વૈશ્વિક બની ગયો છે. ટેક્નોલૉજી, રાજનીતિ, સામાજિક-આર્થિક પરિવર્તનને કારણ આવું બની શક્યું છે. મુખ્ય પરિબળો જે આ ઉદ્યોગના ભૌગોલિક સ્થાનને નક્કી કરે છે તે સંશોધનની ઉપલબ્ધતા, ખર્ચ અને માળખું છે. માહિતી ટૅક્નોલૉજી ઉદ્યોગની મુખ્ય ધરી કેલિફોર્નિયાની સિલિકોન વેલી અને ભારતના બેંગલૂરુ છે.

**વિચારીને કહો**

- ઉદ્યોગો અમુક ક્ષેત્રોમાં શાથી વધુ વિકસે છે ?
- વાહનવ્યવહારની સુગમતા–ઉદ્યોગોના વિકાસમાં કેવી રીતે સહાયક નીવડે છે ?

બેંગલૂરુ દખ્ખણના ઉચ્ચપ્રદેશ પર છે. જ્યાંથી એનું નામ 'સિલિકોન ઉચ્ચપ્રદેશ' પડ્યું. આ શહેર વર્ષભર સમઘાત આબોહવા માટે જગપ્રસિદ્ધ છે. સિલિકોન વેલી સાન્તાક્લોઝ ખીણનો એક ભાગ છે. જે ઉત્તર અમેરિકામાં રોકીઝ પર્વતમાળાની નજીક આવેલી છે. આ ક્ષેત્રની આબોહવા સમશીતોષ્ણ છે. જ્યાં ક્યારેક જ તાપમાન $0^0$ સેન્ટિગ્રેડથી નીચે જાય છે. સિલિકોન ઉચ્ચપ્રદેશ, બેંગલૂરુ અને સિલિકોન વેલી કેલિફોર્નિયાના ભૌગોલિક સ્થાનનો લાભ અહીં દર્શાવ્યો છે. આમ આપણે આ બંને શહેરોની વચ્ચે સમાનતા જોઈ શકીએ છીએ.

ભારતના મહાનગરીય કેન્દ્રમાં અન્ય ઉભરતા માહિતી ટૅક્નોલૉજીનાં નાભિ કેન્દ્ર છે જેમકે મુંબઈ, નવી દિલ્લી, હૈદરાબાદ અને ચેન્નઈ. અન્ય સ્થાન જેવા કે ગુડગાંવ, પૂણે, થિરુવનંતપુરમ્, કોચીન અને ચંદીગઢ માહિતી ટૅક્નોલૉજી ઉદ્યોગ માટે મહત્ત્વનાં કેન્દ્રો છે.

## સ્વાધ્યાય

**1. નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર આપો :**

(1) ઉદ્યોગ શબ્દનો અર્થ શું છે ?

(2) કયાં મુખ્ય પરિબળો છે જે ઉદ્યોગના સ્થાનીકરણ પર અસર કરે છે.

(3) કયો ઉદ્યોગ મુખ્યત્વે આધુનિક ઉદ્યોગના કરોડરજ્જૂ તરીકે ઓળખાય છે ? શા માટે ?

(4) કપાસઉદ્યોગ મુંબઈમાં ઝડપથી શા માટે વિકાસ પામ્યો છે ?

(5) બેંગલૂરુ અને કેલિફોર્નિયામાં માહિતી ટેક્નોલૉજી ઉદ્યોગની વચ્ચે શું સમાનતા છે.

**2. સાચા ઉત્તરો સામે '✔'ની નિશાની કરો :**

(1) સિલિકોન વેલી ક્યાં આવેલી છે ?

(A) બેંગલૂરુ (B) કેલિફોર્નિયા (C) અમદાવાદ (D) જાપાન

(2) કયો ઉદ્યોગ સનરાઇઝ ઉદ્યોગના નામે ઓળખાય છે ?

(A) લોખંડ-પોલાદ ઉદ્યોગ (B) સુતરાઉ કાપડ ઉદ્યોગ

(C) માહિતી ટેક્નોલૉજી (D) શણ ઉદ્યોગ

(3) નીચનામાંથી કયાં પ્રાકૃતિક રેસા છે ?

(A) નાઈલોન (B) શણ (C) એક્રેલિક (D) પોલિએસ્ટર

**3. તફાવત સ્પષ્ટ કરો :**

(1) ખેતી આધારિત અને ખનીજ આધારિત ઉદ્યોગ

(2) સાર્વજનિક ક્ષેત્ર અને સંયુક્ત ક્ષેત્રના ઉદ્યોગ

**4. નીચે આપેલી ખાલી જગ્યાઓમાં બે-બે ઉદાહરણ આપો :**

(1) કાચો માલ : .......... , ..........

(2) કૃષિ આધારિત ઉદ્યોગ : .......... , ..........

(3) સહકારી ઉદ્યોગ : .......... , ..........

•

# 13 માનવ-સંસાધન

Q9I6U1

વસ્તી જ રાષ્ટ્રનું સૌથી મોટું સંસાધન ગણાય છે. પ્રકૃતિની ભેટ ફક્ત એ સમયે જ મહત્ત્વની હોય છે જ્યારે તે લોકો માટે ઉપયોગી હોય છે. લોકો પોતાની જરૂરિયાતો અને યોગ્યતાઓને સંસાધનોમાં પરિવર્તિત કરે છે. આ પ્રકારે માનવ-સંસાધન જ અંતિમ સાધન છે. સ્વસ્થ, શિક્ષિત અને પ્રેરણાદાયી લોકો પોતાની જરૂરિયાતો પ્રમાણે સંસાધનોનો વિકાસ કરે છે.

અન્ય સાધનોની જેમ માનવ-સંસાધન વિશ્વમાં સમાન રીતે વિતરણ પામેલ નથી. પોતાના શૈક્ષણિક સ્તર, ઉંમર અને લિંગમાં તે એકબીજાથી અલગ હોય છે, એની સંખ્યા અને લક્ષણ પણ બદલાતાં રહે છે.

## વસ્તીનું વિતરણ (Distribution of Population)

પૃથ્વીસપાટી પર જે પ્રકારે વસ્તી ફેલાયેલ છે, તેને વસ્તી-વિતરણની તરાહ કે વસ્તી-વિભાજન કહે છે. ઈ.સ. 1999માં વિશ્વની વસ્તી આશરે 6 અબજ હતી. જેમાંથી વિશ્વની 90 ટકાથી વધારે વસ્તી પૃથ્વીના લગભગ 10 % વિસ્તારમાં વસવાટ કરે છે. વિશ્વમાં વસ્તીનું વિતરણ ખૂબ અસમાન છે. કેટલાક વિસ્તાર ગીચ વસ્તી ધરાવે છે અને કેટલાક વિસ્તાર ખૂબ ઓછી વસ્તી-ગીચતા ધરાવે છે. દક્ષિણ-પૂર્વ એશિયા, યુરોપ અને ઉત્તર પૂર્વ ઉત્તર અમેરિકા ગીચ વસ્તી-વિસ્તારો ધરાવે છે. ઉચ્ચ અક્ષાંશીય ક્ષેત્રો, ઉષ્ણકટિબંધીય રણ-વિસ્તારો, પર્વતો અને વિષુવવૃત્તીય જંગલોના વિસ્તારોમાં ખૂબ ઓછી વસ્તી વસવાટ કરે છે. દક્ષિણ ગોળાર્ધ કરતા ઉત્તર ગોળાર્ધમાં ખૂબ વધારે વસ્તી વસવાટ કરે છે. વિશ્વની કુલ વસ્તીના લગભગ $\frac{3}{4}$ લોકો એશિયા અને આફ્રિકા ખંડમાં વસવાટ કરે છે. વિશ્વની 60 % વસ્તી ફક્ત 10 દેશોમાં વસવાટ કરે છે. આ તમામ દેશોમાં 10 કરોડથી વધારે લોકો વસવાટ કરે છે.

## વસ્તી-ગીચતા (Population Density)

પૃથ્વીનીસપાટીના એકમ ક્ષેત્રમાં વસવાટ કરનારા લોકોની સંખ્યાને વસ્તી-ગીચતા કહે છે. જેને સામાન્ય રીતે દર ચોરસ કિલોમીટરમાં રજૂ કરી શકાય છે. વસ્તી-ગીચતાને આ સૂત્ર પ્રમાણે પણ દર્શાવી શકાય છે :

$$\text{વસ્તી-ગીચતા} = \frac{\text{દેશની કુલ વસ્તી}}{\text{દેશનું કુલ ક્ષેત્રફળ}}$$

ભારતની સરેરાશ વસ્તી-ગીચતા 2011ના વર્ષ પ્રમાણે 382 છે જ્યારે વિશ્વની સરેરાશ વસ્તી-ગીચતા 54 (2011) વ્યક્તિની છે. સૌથી વધારે વસ્તી-ગીચતા દક્ષિણ મધ્ય એશિયામાં છે. આ સિવાય ક્રમશઃ પૂર્વ એશિયા અને દક્ષિણ પૂર્વ એશિયામાં છે.

### જાણવું ગમશે

**ભારતનાં વિવિધ રાજ્યોમાં વસ્તી-ગીચતા (દર ચોરસ કિમી) વર્ષ 2011**

| ક્રમ | ભારત/રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ | વસ્તી-ગીચતા | સ્ત્રી-પુરુષનું પ્રમાણ | સાક્ષરતા-દર |
|---|---|---|---|---|
| | ભારત | 382 | 943 | 74.04 |
| (1) | જમ્મુ અને કશ્મીર | 124 | 889 | 68.74 |
| (2) | હિમાચલ પ્રદેશ | 123 | 972 | 83.78 |
| (3) | પંજાબ | 551 | 895 | 76.68 |

| | | | | |
|---|---|---|---|---|
| (4) | ચંડીગઢ | 9258 | 818 | 86.43 |
| (5) | ઉત્તરાખંડ | 189 | 963 | 79.63 |
| (6) | હરિયાણા | 573 | 879 | 76.64 |
| (7) | રા. રા. ક્ષે. દિલ્લી | 11320 | 868 | 84.94 |
| (8) | રાજસ્થાન | 200 | 928 | 67.06 |
| (9) | ઉત્તરપ્રદેશ | 829 | 912 | 69.72 |
| (10) | બિહાર | 1106 | 918 | 63.82 |
| (11) | સિક્કિમ | 86 | 890 | 82.20 |
| (12) | અરુણાચલ પ્રદેશ | 17 | 938 | 66.95 |
| (13) | નાગાલૅન્ડ | 119 | 931 | 80.11 |
| (14) | મણિપુર | 115 | 985 | 79.85 |
| (15) | મિઝોરમ | 52 | 976 | 91.58 |
| (16) | ત્રિપુરા | 350 | 960 | 87.75 |
| (17) | મેઘાલય | 132 | 989 | 75.48 |
| (18) | અસમ | 398 | 958 | 73.18 |
| (19) | પશ્ચિમ બંગાળ | 1028 | 950 | 77.08 |
| (20) | ઝારખંડ | 414 | 948 | 67.63 |
| (21) | ઓડિશા | 270 | 979 | 73.45 |
| (22) | છત્તીસગઢ | 189 | 991 | 71.04 |
| (23) | મધ્યપ્રદેશ | 236 | 931 | 70.63 |
| (24) | ગુજરાત | 308 | 919 | 79.31 |
| (25) | દમણ અને દીવ | 2191 | 618 | 87.07 |

| | | | | |
|---|---|---|---|---|
| (26) | દાદરા અને નગરહવેલી | 700 | 774 | 77.65 |
| (27) | મહારાષ્ટ્ર | 365 | 929 | 82.91 |
| (28) | આંધ્રપ્રદેશ | 308 | 993 | 67.66 |
| (29) | કર્ણાટક | 319 | 973 | 75.60 |
| (30) | ગોવા | 394 | 973 | 87.40 |
| (31) | લક્ષદ્વીપ | 2149 | 946 | 92.28 |
| (32) | કેરલ | 860 | 1084 | 93.91 |
| (33) | તમિલનાડુ | 555 | 996 | 80.33 |
| (34) | પુડુચેરી | 2547 | 1037 | 86.55 |
| (35) | અંદમાન અને નિકોબાર | 46 | 876 | 86.27 |

(સ્રોત : ભારત જનગણના મંત્રાલય વર્ષ : 2011)

## વસ્તી-વિતરણને અસર કરનારાં પરિબળો

### ભૌગોલિક પરિબળો (Geographical Factors) :

**પ્રાકૃતિક રચના :**

માનવી હંમેશાં પર્વતો અને ઉચ્ચ પ્રદેશોની સરખામણીએ મેદાની વિસ્તારોમાં રહેવાનું વધારે પસંદ કરે છે. કારણ કે આ વિસ્તાર ખેતી, ઉદ્યોગ અને સેવાપ્રવૃત્તિઓ માટે ઉપયોગી હોય છે. ગંગાના મેદાન વિશ્વના સૌથી વધારે ગીચ વસ્તી ધરાવતા વિસ્તાર છે જ્યારે એન્ડ્રિઝ, આલ્પ્સ અને હિમાલય પર્વત વિસ્તારમાં નહિવત્ વસ્તી વસવાટ કરે છે.

### આબોહવા (Climate)

વસ્તી સામાન્ય વિષમ તીવ્ર આબોહવા એટલે કે ખૂબ ગરમ અથવા ખૂબ ઠંડા વિસ્તારો જેમકે સહરાનું રણ, રશિયાનો ધ્રુવપ્રદેશ, કેનેડા અને ઍન્ટાર્કટિકમાં વસવાટ કરવાનું પસંદ કરતી નથી.

### જમીન (Soil)

ફળદ્રુપ જમીન ખેતી માટે ઉપયોગી હોય છે. ભારતમાં ગંગા અને બ્રહ્મપુત્ર, ચીનમાં હવાંગ-હો અને ચાંગ જિયાંગ તથા ઈજિપ્તમાં નાઈલ નદીના ફળદ્રુપ મેદાન ગીચ વસ્તી ધરાવતા વિસ્તારો છે.

### જળ (Water)

વસ્તી આવા ક્ષેત્રમાં વસવાટ કરવા પ્રાથમિકતા આપે છે. જ્યાં બિનક્ષારીય જળ સરળતાથી ઉપલબ્ધ હોય છે. વિશ્વની નદી ખીણો ગીચ વસવાટક્ષેત્ર ધરાવે છે. જ્યારે રણવિસ્તારો ખૂબ ઓછી વસ્તી ધરાવે છે.

### ખનિજ (Mineral)

ખનિજ સંસાધનવાળા વિસ્તારો વધુ વસ્તી ધરાવે છે. દક્ષિણ આફ્રિકાની હીરાની ખાણો અને મધ્યપૂર્વ એશિયામાં ખનિજતેલનાં ક્ષેત્રો લોકોને વસવાટ માટે પ્રેરિત કરે છે.

## સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક પરિબળો

**સામાજિક પરિબળ :** સારાં રહેઠાણ, શિક્ષણ અને સ્વાસ્થ્યની સગવડોના વિસ્તારો વધુ ગીચતાવાળા છે. દા.ત., પૂણે

**સાંસ્કૃતિક પરિબળ :** પરિવાર, ધર્મ અને સાંસ્કૃતિક મહત્ત્વ ધરાવતા સ્થાન વસ્તીને આકર્ષિત કરે છે. વારાણસી, જેરુસલેમ અને વેટિકન સિટી એનાં ઉદાહરણો છે.

**આર્થિક પરિબળો :** ઔદ્યોગિક વિસ્તાર રોજગારીની તક ઊભી કરે છે. વસ્તી મોટી સંખ્યામાં આ વિસ્તારો તરફ આકર્ષિત થાય છે. જાપાનમાં ઓસાકા અને ભારતમાં મુંબઈ બંને ગીચ વસવાટનાં ક્ષેત્રો છે.

## વસ્તીનું સ્થાનિક વિતરણ

ભારતની વસ્તીનું વિતરણ અસમાન છે. પર્વતો, રણપ્રદેશો તથા જંગલક્ષેત્રની સરખામણીએ મેદાનોમાં વસ્તી વધુ વસવાટ કરે છે. સામાન્ય રીતે મોટા વિસ્તારોના રાજ્યમાં વધુ વસ્તી હોય છે, પરંતુ આ નિયમ ત્યારે જ લાગુ પડે છે જ્યારે તેના પ્રાકૃતિક સંસાધનોનો આધાર વિશેષતઃ જમીન સમતળ હોય. આથી નદી તથા કિનારાનાં મેદાનોમાં આવેલ રાજ્યો તથા જિલ્લા અને શહેરી ક્ષેત્રોમાં પણ વસ્તી વધુ હોય છે. જો ભારતમાં રાજ્યવાર વસ્તીના વિતરણ પર નજર કરીએ તો અનેક વિષમતાઓ જોવા મળે છે. એવું ખાસ કરીને એટલા માટે છે કે, રાજ્યના ક્ષેત્રમાં તથા તેના સંસાધન આધારમાં પણ અનેક વિવિધતા છે. જેમકે હિમાલયી લઘુ રાજ્ય સિક્કિમની વસ્તી માત્ર 6.10 લાખ છે. જ્યારે તેનાથી વિરુદ્ધ ઉત્તરપ્રદેશની વસ્તી 19.98 કરોડ છે. દસ રાજ્ય એવા છે જેમાં પ્રત્યેકની વસ્તી પાંચ કરોડથી વધુ છે. ફક્ત પાંચ રાજ્યો ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, બિહાર, પશ્ચિમ બંગાળ અને આંધ્રપ્રદેશમાં દેશની અડધાથી વધુ વસ્તી વસવાટ કરે છે. એનો એવો અર્થ નથી કે વિશાળ ક્ષેત્રફળવાળા રાજ્યની વસ્તી પણ વિશાળ જ હોય. ક્ષેત્રફળની દૃષ્ટિએ રાજસ્થાન ભારતનું સૌથી મોટું રાજ્ય છે પરંતુ દેશની માત્ર આશરે 5.66 % વસ્તી ત્યાં વસવાટ કરે છે. આવી જ રીતે ક્ષેત્રફળની દૃષ્ટિએ મધ્યપ્રદેશ દેશનું બીજું સૌથી મોટું રાજ્ય છે જ્યાં દેશની વસ્તીના ફક્ત આશરે 6 % વસ્તી વસવાટ કરે છે. એનાથી વિરુદ્ધ ઉત્તરપ્રદેશ 7.26 % ક્ષેત્રફળ ધરાવે છે, જ્યાં આશરે 16.51 % વસ્તી વસે છે અને દેશના 2.6 % ક્ષેત્રફળવાળા બિહાર રાજ્યમાં આશરે 8.60 % વસ્તી વસવાટ કરે છે.

## વિશ્વ કૃષિ અને ઔદ્યોગિક ક્ષેત્ર

ભારતની વ્યાવસાયિક સંરચનામાં ખૂબ અસંતુલન છે. આજે પણ આપણી વસ્તીનો આશરે $\frac{2}{3}$ ભાગ કૃષિ પર આધારિત છે. જેમાં મત્સ્ય, જંગલ-પ્રવૃત્તિ અને પશુપાલનનો પણ સમાવેશ થાય છે. સંયુક્ત રાજ્ય અમેરિકા જેવા દેશોમાં કુલ વસ્તીના 5 % વસ્તી જ આવાં પ્રાથમિક કાર્યોમાં જોડાયેલાં છે. જાપાનમાં આ આંકડો થોડો વધુ છે, છતાં પણ તે 10 ટકાથી ઓછો જ છે. વિકસિત દેશોમાં તેના લગભગ $\frac{1}{4}$ શ્રમિકો ઉદ્યોગમાં જોડાયેલા છે. આ ભાગ (સેક્ટર) ખૂબ જ મહત્ત્વનો છે કારણ કે આ એક જ ભાગ મૂલ્યવૃદ્ધિ માટે પ્રત્યક્ષ રૂપે સંબંધ રાખે છે. તેના દ્વારા રાષ્ટ્રીય સંપત્તિ અને આવકમાં વૃદ્ધિ થાય છે. ભારતમાં આ મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોમાં ફક્ત 10 % વસ્તી જ છે. મૂડી અને આધુનિક ટૅક્નોલૉજીની અછત ખૂબ અવરોધક છે. આપણા કુલ શ્રમના $\frac{1}{4}$ લોકો તૃતીય પ્રકારની સામાજિક સુવિધાઓ જેવી કે, સ્વાસ્થ્ય, શિક્ષણ, પરિવહન, સંચાર, બૅન્ક, વીમા, મનોરંજન, કળા વગેરેમાં જોડાયેલ છે.

આમ, એ સ્પષ્ટ થાય છે કે આપણે કૃષિક્ષેત્રના એક ખૂબ જ મોટા ભાગ (સેક્ટર)માં અલ્પ રોજગારમાં જોડાયેલ છીએ. તેમને બીજા સેક્ટરમાં જોડવા પડશે, ત્યારે આપણા કુલ રાષ્ટ્રીય ઉત્પાદનમાં સમાજ દ્વારા નિર્મિત કુલ રાષ્ટ્રીય આવકમાં વૃદ્ધિ થશે. આપણા દેશના લોકોનાં જીવનધોરણના સ્તરને સારું બનાવવાની આ એકમાત્ર પદ્ધતિ છે.

આપણા દેશમાં કૃષિ પર આશ્રિત વસ્તીનું પ્રમાણ આશરે $\frac{2}{3}$ છે. દ્વિતીય તથા તૃતીય વ્યવસાયમાં જોડાયેલા લોકોનું પ્રમાણ ક્રમશઃ લગભગ 13 % તથા 20 % છે. ભારતમાં બીજા દેશોની સરખામણીએ યુવા વસ્તી વધુ છે. પરિણામે ભારતમાં 20 વર્ષમાં 32 % સુધી વૃદ્ધિ થવાની સંભાવના છે. વિકાસના ઉચ્ચ સ્તરે ગુણવત્તાયુક્ત સ્વાસ્થ્ય, શિક્ષણ અને તાલીમ કૌશલ્ય પ્રાપ્ત થાય તો વસ્તીવિષયક લાભથી વિકાસ-ક્ષમતામાં વૃદ્ધિ થઈ શકે છે. બીજું એક એવું અનુકૂળ પર્યાવરણ બનાવવું જોઈએ કે જેમાં અર્થવ્યવસ્થામાં ફક્ત ઝડપી વૃદ્ધિ જ નહિ પરંતુ યુવાનોની આકાંક્ષાઓને પૂરી કરવા માટે ઉત્તમ કક્ષાના રોજગારની તકમાં પણ વધારો થાય. આમ, આપણે કહી શકીએ કે વસ્તીવિષયક લાભમાં યુવા વસ્તીને માનવ-સંસાધન પરિવર્તન થવાનો અવસર મળશે. ભારતમાં 19.4 % વસ્તી યુવા વસતી છે. જ્યારે ગુજરાતમાં તે 19.45 % વસ્તી છે.

### સ્ત્રી-પુરુષનું પ્રમાણ (Sex Ratio)

પ્રતિ 1000 પુરુષોની વસ્તીમાં સ્ત્રીઓની વસતીને સ્ત્રી-પુરુષનું પ્રમાણ કહે છે, જેને સૂત્ર દ્વારા આમ દર્શાવી શકાય :

$$\text{સ્ત્રી-પુરુષનું પ્રમાણ} = \frac{\text{મહિલાની વસ્તી}}{\text{પુરુષની વસ્તી}} \times 1000$$

આપણા દેશમાં પુરુષોનું પ્રમાણ વધારે છે. વીસમી સદીની શરૂઆતમાં ભારતમાં સ્ત્રી-પુરુષનું પ્રમાણ દર 1000 પુરુષે 972 સ્ત્રીઓનું પ્રમાણ (1901) હતું. પછીના દસકાઓમાં તે દર ઘટતો ગયો. છેલ્લા દસકામાં તેમાં થોડો સુધારો થયો. ઈ.સ. 2011 માં વધીને 943 થઈ ગયો. કેરલ રાજ્યમાં 1084 અને પુડુચેરીમાં 1037 સ્ત્રી-પુરુષનું પ્રમાણ છે. અહીં સ્ત્રી-પુરુષનું પ્રમાણ મહિલાઓના પક્ષમાં છે.

(**સ્રોત :** ભારત જનગણના મંત્રાલય વર્ષ : 2011)

### સાક્ષરતા (Literacy Rate)

7 વર્ષ કે તેનાથી વધુ વયજૂથની કોઈ પણ વ્યક્તિ કોઈ પણ એક ભાષા વાંચી-લખીને સમજી શકતી હોય તો તે સાક્ષર કે અક્ષરજ્ઞાન ધરાવતી વ્યક્તિ ગણાય છે.

$$\text{સાક્ષરતા-દર} = \frac{\text{7 વર્ષ કે તેનાથી વધુ ઉંમરના સાક્ષર વ્યક્તિઓની વસ્તી}}{\text{7 વર્ષ કે તેનાથી વધુ ઉંમરની વસ્તી}} \times 100$$

સાક્ષરતાનો સંબંધ સામાન્ય રીતે સ્કૂલ જવા સાથે હોય છે. ભલે તે ઔપચારિક હોય કે અનૌપચારિક. ભારતમાં સાક્ષરતાનો દર 5 % (1901)થી વધીને 74.04 % (2011) થઈ ગયું છે. આપણા દેશનાં લગભગ 82.1 % પુરુષ તથા 65.4 % મહિલાઓ આજે સાક્ષર છે. બીજા શબ્દોમાં આપણા દેશનાં આશરે $\frac{3}{4}$ પુરુષ અને અડધાથી વધુ મહિલાઓ સાક્ષર છે. કેરલમાં સાક્ષરતા 94 % છે જે બધાં રાજ્યોથી વધુ છે અને તેના પછી 92.3 % સાથે લક્ષદ્વીપ બીજા સ્થાને છે તથા 91.6 % સાક્ષરતા સાથે મિઝોરમ ત્રીજા સ્થાને છે. આપણા દેશમાં બિહાર 63.8 % રાજ્યનો સાક્ષરતા-દર સૌથી ઓછો છે. જનગણના ઈ.સ. 2011 વસ્તીવૃદ્ધિ અને નિરક્ષરતાની વચ્ચે એક ધનાત્મક સંબંધ છે. અરુણાચલ પ્રદેશ, રાજસ્થાન, ઝારખંડ, આંધ્રપ્રદેશ એવાં રાજ્ય છે જ્યાં સાક્ષરતાની ટકાવારી ખૂબ જ ઓછી છે અને આ રાજ્યોમાં વસ્તીવૃદ્ધિનો દર વધુ છે. આ સંબંધમાં મહિલા-સાક્ષરતાનું મહત્ત્વ વધુ છે.

## સ્વાધ્યાય

### 1. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :

(1) વસ્તીને એક સંસાધન તરીકે કેમ સમજવામાં આવે છે ?

(2) વિશ્વમાં વસ્તીના અસમાન વિતરણનાં કારણો કયાં છે ?

(3) વસ્તી-ગીચતાનો અર્થ શું છે ?

(4) વસ્તી-વિતરણને અસર કરનાર કોઈ બે પરિબળોની ભૂમિકાનું વર્ણન કરો.

## 2. સાચા ઉત્તર સામે ખરા (✓)ની નિશાની કરો :

(1) વસ્તી-વિતરણ શબ્દનો અર્થ છે.

(A) કોઈ વિશિષ્ટ ક્ષેત્રમાં સમયની સાથે વસ્તીમાં કયા પ્રકારનું પરિવર્તન થાય છે.

(B) કોઈ વિશિષ્ટ ક્ષેત્રમાં જન્મ લેનાર લોકોની સંખ્યાના સંદર્ભમાં મૃત્યુ પ્રાપ્ત કરનારા લોકોની સંખ્યા કેવી છે.

(C) કોઈ આપેલા ક્ષેત્રમાં લોકો કયા સ્વરૂપે ફેલાયેલા છે.

(2) એ ત્રણ મુખ્ય પરિબળો કયાં છે જેમાં વસ્તીમાં પરિવર્તન થાય છે ?

(A) જન્મ, મૃત્યુ અને લગ્ન (B) જન્મ, મૃત્યુ અને સ્થળાંતર (C) જન્મ, મૃત્યુ અને જીવન-દર

(3) ઈ.સ. 1999માં વિશ્વની વસ્તી કેટલી હતી ?

(A) એક અબજ (B) 3 અબજ (C) 6 અબજ

## 3. સંકલ્પના સમજાવો :

(1) જાતિ-પ્રમાણ (2) સાક્ષરતા (3) વસ્તી-ગીચતા

## 4. ખાલી જગ્યા પૂરો :

(1) વિશ્વમાં વસ્તીની દૃષ્ટિએ ભારત ………. ક્રમે છે.

(2) ભારતમાં સ્ત્રી-પુરુષનું પ્રમાણ ………. છે.


(3) ભારતમાં ………. રાજ્યમાં સાક્ષરતાનો દર સૌથી વધુ છે.

(4) ગુજરાતમાં વસ્તી-ગીચતાનું પ્રમાણ ………. છે.

# 14 આપત્તિ-વ્યવસ્થાપન

આપત્તિ શબ્દ સાંભળતાં વિનાશ, જાનમાલનું નુકસાન કે હાડમારી નજર સામે આવી જાય છે. તે કુદરતી કે માનવસર્જિત, વાતાવરણથી નીપજેલી હોય કે પૃથ્વીના પેટાળમાંથી ઉદ્ભવેલી, મંદગતિએ કે ત્વરિત ગતિએ પણ તે જાનમાલનું નુકસાન પહોંચાડે છે.

આપત્તિ તેના ઉદ્ભવ અને તેને માટે જવાબદાર કારણોથી તેને બે પ્રકારોમાં વહેંચવામાં આવે છે :




આપત્તિના પ્રકારોને સમજવાથી આપણે તેની સામે બચાવ કામગીરી સારી રીતે કરી શકીએ તે માટે આપત્તિનાં કારણો અને પ્રકારોને જાણવા જોઈએ.

### કુદરતી આપત્તિ (Natural Disaster)

જે આપત્તિ માટે કુદરતી બળો કે સંજોગો કારણભૂત હોય તેને કુદરતી આપત્તિ કહે છે. આ પ્રકારની આપત્તિ વ્યાપક ક્ષેત્રમાં જાનમાલની ભારે ક્ષતિ પહોંચાડે છે. પૂર્વ આગાહી શક્ય ના હોય તેવી ભૂકંપ, જ્વાળામુખી, દાવાનળ અને ભૂસ્ખલન જેવી આપત્તિઓ ભારે વિનાશ વેરે છે. જ્યારે જેની પૂર્વ કે આગોતરી આગાહી કરી શકાય તેવી પૂર, વાવાઝોડું, ત્સુનામી, તીડ-પ્રકોપ અને મહામારી જેવી આપત્તિઓમાં અગમચેતી વાપરી બચાવ માટે પગલાં ભરવાથી જાનહાનિ થતી નિવારી શકાય છે.

### દાવાનળ (Forest Fire)

જંગલો કે ઘાસભૂમિના વિસ્તારોમાં ફેલાતી આગને દાવાનળ કહે છે. આ આગ શરૂ થયા પછી પવનની દિશામાં આગળ વધવા લાગે છે. વળી જંગલનાં સૂકાં ઘાસ-પાંદડાં તેને વધુ વિસ્તારમાં પસરાવે છે. કેટલાંક વૃક્ષોમાંથી કુદરતી રીતે ઝરતા ગુંદર

આ દાવાનળ માટે કેટલીક વાર માનવપ્રવૃત્તિ જવાબદાર છે. જેમકે સળગતી બીડી કે સિગારેટનું બુઝાવ્યા વિના ફેંકવું, પશુ ચરાવનારાઓએ કામચલાઉ બનાવેલ ચૂલા બેદરકારીથી ઓલવ્યા વિના જતા રહેવું. જંગલમાંથી પસાર થતી વીજળી કે ગૅસની લાઈનમાં અકસ્માત થતાં, જંગલના વિસ્તારોમાં પર્યટકો કે યાત્રિકોની બેદરકારી વગેરે જેવા સંજોગો આ દાવાનળ માટે કારણભૂત હોય છે. કુદરતી રીતે આકાશી વીજળી પડવાથી પણ દાવાનળ ફેલાઈ શકે છે.



દાવાનળ

દાવાનળ જે ક્ષેત્રમાં ફાટી નીકળે છે તે વિસ્તારમાં વનસ્પતિ અને વન્યજીવ સૃષ્ટિને ભારે ક્ષતિ પહોંચાડે છે. તેના કારણે નાશ પામેલા જંગલને કુદરતી રીતે પુનઃ પૂર્વવત થતાં દાયકાઓ વીતી જાય છે. તે વિસ્તારની પર્યાવરણીય સમતુલા જોખમાય છે. આસપાસ આવેલાં ગામોને પણ જોખમ ઊભું થાય છે. તેને અટકાવવા માટે ત્યાં આસપાસ રહેતા લોકોમાં જાગૃત્તિ ફેલાવી અને વનવિભાગની કામગીરી વધારે વ્યાપક અને સઘન બનાવી દાવાનળ રોકી શકાય છે.

આપણા દેશમાં હિમાલયના ઢોળાવો પરનાં જંગલો, દક્ષિણ ભારતનાં જંગલોમાં આગના બનાવો નોંધાયા છે. ગુજરાતનાં જંગલોમાં પણ અગાઉ આગ લાગવાની ઘટનાઓ બની ચૂકી છે.

**જાણવું ગમશે**

- નીચેની આકૃતિની મદદથી સમજો કે એકવાર દાવાનળથી નષ્ટ થયેલા જંગલને પૂર્વવત થતાં કેટલો સમય લાગે છે :





## ભૂસ્ખલન (Landslide)

ભૂસ્ખલન એટલે ભૂમિનું ધસી પડવું. આ ઘટના પર્વતીય ક્ષેત્રોમાં વિશેષ જોવા મળે છે. ધસી પડેલી શિલાઓ - માટી અને કાટમાળ નીચે દટાઈ જતાં અનેક લોકો પળવારમાં મૃત્યુ પામે છે. આમ, તેનાથી મોટાપાયે જાનમાલની તબાહી થાય છે.

ભૂસ્ખલન માટે જવાબદાર બાબતોમાં જોઈએ તો ભૂકંપ, વાદળ ફાટવાની ઘટના કે પૂર જેવી કુદરતી આપત્તિની અસરરૂપે, પર્વતીય વિસ્તારમાં દારૂગોળો ફોડી કરાતી ખનિજ ખનન પ્રવૃત્તિ, નિર્વનીકરણ, પર્વતો કાપી બનાવાતા માર્ગો, કુદરતી વહેતા વરસાદી પાણીના માર્ગમાં અવરોધ કે બાંધકામ વગેરે જવાબદાર બાબતોને મુખ્ય ગણવામાં આવે છે.

તેના કારણે વાહનવ્યવહાર માટેના માર્ગોને ભારે નુકસાન થાય છે. વળી, તળેટીમાં કે ઢોળાવો પરની માનવવસાહતોમાં ભારે તારાજી સર્જાય છે. અનેક માણસો અને પાલતું જાનવરો પોતાનો જીવ ગુમાવે છે. જે લોકો ઈજાગ્રસ્ત કે કાયમી વિકલાંગતાનો ભોગ બન્યા હોય તેના પુનર્વસન માટેનું કામ પડકારજનક હોય છે. ખેતીલાયક જમીનો નકામી બની જાય છે. પર્વતીય ઢોળાવ પર આવેલાં જંગલો નાશ પામે છે, એ વિસ્તારનું ભૂદૃશ્ય બદલાઈ જાય છે. રસ્તા-પુલ જેવા વાહનવ્યવહાર માટેનાં બાંધકામ ફરી ઊભાં કરવા સેંકડો રૂપિયાનો ખર્ચ થાય છે. આમ, ભૂસ્ખલન મોટા પાયે આર્થિક નુકસાની લાવે છે.



ભૂસ્ખલન-પ્રક્રિયા

ભૂસ્ખલનથી પ્રભાવિત વિસ્તારોમાં ઉત્તરાખંડ રાજ્યમાં કુમાઉ અને ગઢવાલ, પશ્ચિમ બંગાળમાં દાર્જિલિંગ મુખ્ય છે. ગુજરાતમાં સાપુતારા (ડાંગ), ઈડર (સાબરકાંઠા) અને અંબાજી-દાંતા (બનાસકાંઠા)માં આવી ઘટનાઓ જવલ્લે જ બને છે અને તેનો વ્યાપ અત્યંત મર્યાદિત હોવાથી તેની વિનાશકતા હિમાલયના વિસ્તારોની તુલનામાં ઘણી અલ્પ છે.

### જાણવું ગમશે



- તમે પર્વતીય વિસ્તારમાં મુસાફરી કરતાં આવું સંકેત પાટિયું જોયું છે તે શું સૂચવે છે ?
- જે વિસ્તારમાં ભૂસ્ખલનની સંભાવના હોય ત્યાં લોકોને સાવધ કરવા આ નિશાની પ્રદર્શિત કરાય છે.

### પ્રવૃત્તિ

- શાળામાં માટી કે પ્લાસ્ટર ઑફ પેરિસનું ભૂસ્ખલનનું મૉડેલ બનાવી વિદ્યાર્થીઓ સમક્ષ વિગતોનું નિદર્શન કરી સમજાવો.
- ભૂસ્ખલનને અટકાવવાનાં ઉપાયો કે પગલાં વિશે વર્ગમાં ચર્ચા કરી યાદી બનાવો.
- ભારતના નકશામાં ભૂસ્ખલનની શક્યતાવાળા પ્રદેશો અંગે શિક્ષકની મદદથી જાણો.




ભૂસ્ખલન

## તીડ-પ્રકોપ (Locust Hazard)

તીડ એક પ્રકારના કીટક છે. એક અંદાજ મુજબ વિશ્વમાં અંદાજિત તેની લગભગ 11,000 જેટલી પ્રજાતિ જોવા મળે છે. તે ઝૂંડમાં રહેવાનું પસંદ કરે છે. તેના એક ઝૂંડમાં તે લાખોની સંખ્યામાં હોય છે. સામાન્ય રીતે તે રણ-વિસ્તારમાં જોવા મળે છે. તે દોઢથી બે ઇંચ લંબાઈ ધરાવે છે. ઊડવા માટે પીઠ ઉપર મજબૂત પાંખો હોય છે. તેના આગળના બે પગ પાછળના પગની તુલનામાં લાંબા હોય છે. માથા પર ઍન્ટેના જેવા બે વાળ હોય છે. તે બેથી અઢી ફૂટનો કૂદકો મારી શકે છે. તે પવનની દિશામાં આગળ વધતાં જતાં હોય છે. ગુજરાતમાં જે તીડનું આક્રમણ થાય છે તે તીડ (ડિઝર્ટ લોક્ટ્સ) છે. આ પ્રજાતિ ભારત, પાકિસ્તાન અને આફ્રિકા ખંડના કેટલાક શુષ્ક દેશોમાં જોવા મળે છે. તે પોતાના વજનની બરાબર ખાવાની ટેવને કારણે તે **ખાઉધરાં તીડ** તરીકે પણ ઓળખાય છે. તે પુખ્ત થતાં રેતીમાં પોતાનાં ઈંડાં મૂકે છે. તે દિવસ દરમિયાન ઊડવાનું પસંદ કરે છે અને રાત્રિ દરમિયાન તે કોઈ જગ્યાએ રાતવાસો કરે છે. તે લીમડા સિવાય લગભગ તમામ પ્રકારની વનસ્પતિ ખાય છે. તેથી જે વિસ્તારમાં તીડ રાતવાસો કરે ત્યાં ખેતીપાકો અને અન્ય વનસ્પતિનો સફાયો કરે છે. જો બાગાયતી ખેતીના વિસ્તારોમાં તીડ ત્રાટકે તો કેરી, લીંબું, ખારેક, દાડમ, જામફળ, આંબળા જેવા પાકના બગીચા જે વર્ષોની મહેનતથી તૈયાર કર્યા હોય તેને ભારે ક્ષતિ પહોંચાડે છે. ત્યારે ખેડૂતોને ભારે આર્થિક નુકસાની વેઠવી પડે છે. ઘણાં વર્ષો પહેલાં જ્યારે તીડના ઉપદ્રવથી ખેતીપાક સંપૂર્ણ નષ્ટ થતાં દુકાળની પરિસ્થિતિ સર્જાતી. જોકે હાલ આવું બને તો અન્ય પ્રદેશોમાંથી અનાજ પહોંચાડી ભૂખમરો અટકાવી શકાય છે.

**જાણવું ગમશે**




ભારતના રાજસ્થાન અને ગુજરાતમાં તીડ આફ્રિકા ખંડની દક્ષિણ-પશ્ચિમ ભૂશિરથી નીકળી મધ્ય-પૂર્વના દેશો થઈ ભારત પહેલાં તે પાકિસ્તાન થઈને આવે છે. તે પવનની દિશામાં 200 કિમી સુધી તેના વેગને આધારે પ્રવાસ ખેડે છે.

તીડને ભગાડવા લોકો ઢોલ-નગારાં કે મોટા અવાજો કરી તેને ખેતરમાં ઊતરતાં અટકાવવા પ્રયાસો કરે છે. જોકે આવા પ્રયાસો પૂરતા નથી. હાલમાં તીડનાં ટોળાંની પ્રવાસની દિશા અને તેના સંભવિત પ્રભાવી વિસ્તારોને સાવચેત કરવા સરકાર દ્વારા ખાસ પગલાં ભરવામાં આવે છે. જ્યાં તીડનાં ઉપદ્રવવાળા કે તેની વકી હોય તેવા વિસ્તારોમાં ખેતીવાડી વિભાગની સૂચના મુજબ તીડ-નિયંત્રક દવાઓનો છંટકાવ કરી તેનાથી થનારા નુકસાનને ઘટાડી શકાય છે.

ગુજરાત અને રાજસ્થાન ભારતમાં તીડથી અસર પામનારાં મુખ્ય રાજ્યો છે. ગુજરાતના કચ્છ, પાટણ, બનાસકાંઠા, સુરેન્દ્રનગર, મહેસાણા જિલ્લામાં છેલ્લાં થોડાં વર્ષોમાં તીડ-આક્રમણની ઘટનાઓ નોંધાઈ છે.

**પ્રવૃત્તિ**

- શાળામાં ખેતીવાડી અધિકારી કે ગ્રામસેવકને બોલાવી તીડ-પ્રકોપ વિશે વધુ વિગતો જાણો.

## મહામારી (Pandemic)

ઘણા વ્યાપક વિસ્તારમાં અનેક લોકો રોગનો ભોગ બને ત્યારની સ્થિતિને મહામારીની પરિસ્થિતિ કહે છે. સામાન્ય રોગો કરતાં વિષાણુજન્ય રોગોના સંક્રમિતોની સંખ્યા ખૂબ જ ઝડપથી વધે છે. એમાં સેંકડો લોકો પોતાનો જીવ ગુમાવે છે. ઈબોલા, સ્વાઈન ફ્લૂ, ડેન્ગ્યુ, કોરોના જેવા રોગો વિશ્વમાં લાખો લોકોને પોતાના શિકાર બનાવી ચૂક્યા છે. પ્રાચીન સમયમાં આધુનિક ઉપચાર અને અદ્યતન દવાઓ–રોગપ્રતિકારક રસીઓના અભાવમાં લોકો પ્લેગ-શીતળા જેવી ઘાતક બીમારીથી જીવ ગુમાવતા હતા પણ આજે તેનો સફળ ઉપચાર કરી લોકોને બચાવી શકાય છે.



મહામારીની સ્થિતિ

નવા-નવા વિષાણુઓના સંક્રમણથી થતા રોગોની સારવારમાં ઉપલબ્ધ દવાઓ કારગત નથી નીવડતી ત્યારે તે ટૂંક સમયમાં વિશ્વભરમાં ફેલાઈને અનેક લોકોને ભરડામાં લઈ લે છે. તેનાથી મૃત્યુ પામનારા લોકોની સંખ્યા ઘણી મોટી હોય છે. તેની ખાસ રોગપ્રતિકારક રસી સારવાર માટેની દવાઓ શોધાય ત્યાં લગી તે નિરંકુશ રીતે તે રોગો લોકોને પોતાના શિકાર બનાવે છે.

આવા અજ્ઞાત વિષાણુજન્ય રોગોનાં ભયનું જોખમ માનવજાતિ સામે સતત તોળાતું રહે છે. તે વાસ્તવિકતા ભૂલવી ના જોઈએ. આવા રોગોનો પ્રકોપ થાય અને તેનો ઉપચાર ઉપલબ્ધ ના હોય ત્યારે તેનો ચેપ અન્યત્ર ના ફેલાય તે માટે લૉકડાઉન, જેને ચેપ લાગ્યો હોય તેને ક્વૉરેન્ટિન (Quarantine) કરવા જેવાં પગલાંનો ચુસ્ત અમલ કરાવવો પડે છે. તેનાથી દેશની આર્થિક પ્રગતિ, શૈક્ષણિક કામગીરી પર ભારે નકારાત્મક અસરો પડે છે. તેની અસરોમાંથી પૂર્વવત થતાં વર્ષો લાગી જાય છે. ઈ.સ. 2019-20ની સાલમાં કોરોનાના પ્રકોપની અસરોથી સમગ્ર વિશ્વએ મુશ્કેલી અનુભવી છે.

**પ્રવૃત્તિ**

નજીકના સરકારી દવાખાનામાંથી ડૉક્ટરને બોલાવી વિષાણુજન્ય રોગો વિશે વાર્તાલાપ ગોઠવો.

મહામારીમાં વ્યાપેલા રોગની રોગપ્રતિકારક રસીઓ શોધાઈ ના હોય તેને ફેલાતો અટકાવવા લૉકડાઉન, પ્રવાસ પર પ્રતિબંધ, બહારથી આવતા નાગરિકોને ક્વૉરેન્ટિન જેવાં સખત પગલાં લેવાં પડે છે. લોકોની રોજબરોજની જિંદગી ખોરવાઈ જાય છે. શિક્ષણ, વેપાર, ઉત્પાદન જેવી પ્રક્રિયા ઠપ થતાં ભારે અરાજકતાનો માહોલ બને છે. રોજેરોજનું કમાઈને ખાનાર લાખો લોકોની મુશ્કેલીઓનો પાર નથી રહેતો. તંત્ર દ્વારા લાદવામાં આવેલા પ્રતિબંધાત્મક આદેશો હોવા છતાં લોકો જાગૃત્તિના અભાવે રોગનો ભોગ બને છે. દવાખાનાં ઊભરાય છે. દુનિયાના સંપન્ન દેશો પણ લાચાર બની જાય છે. કરોડોની સંખ્યામાં લોકો સંક્રમિત થાય છે અને હજારોની સંખ્યામાં લોકો મોતને ભેટે છે. સદીઓ પૂર્વે કૉલેરા, પ્લેગ અને મલેરિયાની રોગપ્રતિકારક રસીઓ દવાઓ નહોતી શોધાઈ ત્યારે દુનિયાભરમાં આ રોગોથી કરોડો લોકો માર્યા ગયા હતા. એક તબક્કે આવી મહામારીથી દુનિયાની વસ્તીમાં ઘટાડો જોવા મળ્યો હતો.

મહામારીની પરિસ્થિતિમાં લોકોને બચાવવાના ઉપાયો અને રાખવાની સાવચેતીથી પ્રચાર-પ્રસાર કરી માહિતગાર કરવા જોઈએ. સંક્રમિત લોકો માટે અલાયદા વૉર્ડ કે હૉસ્પિટલોની વ્યવસ્થા કરવાથી રોગ ફેલાતો અટકે છે. વિશ્વ આરોગ્ય સંસ્થા આવા સંજોગોમાં ખાસ માર્ગદર્શન પૂરું પાડે છે. તે અનુસાર અમલીકરણ અનિવાર્યપણે કરવું જોઈએ. બહારથી આવતા લોકોને પૂરતી દાક્તરી તપાસ કરીને પ્રવેશવા દેવા કે જરૂરી જણાય તો ક્વૉરેન્ટિન કરવા જોઈએ.

માનવની પ્રગતિની સાથે-સાથે નવા વાઈરસ જન્યરોગો પણ આવતા રહ્યા છે અને જ્યાં લગી તેની રોગપ્રતિકારક રસી ના શોધાય ત્યાં લગી સમગ્ર વિશ્વ તેની સામે લાચાર બની રહે છે.

**જાણવું ગમશે**

કોવિડ-19 નામ કેવી રીતે અપાયું ? કોવિડ-19 એ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) દ્વારા 11 ફેબ્રુઆરી, 2020ના રોજ નોવેલ કોરોના વાઈરસ સાર્સ - કોવી-2 દ્વારા થતા રોગ માટે આપવામાં આવેલું નામ છે. તે ઈ.સ. 2019ના અંતમાં ચીનના વુહાનમાં શરૂ થયો હતો અને ત્યાર બાદ તે વિશ્વભરમાં ફેલાયેલ છે. કોવિડ-19 (COVID-19)એ corona virus disease of 2019 નું એક ટૂંકું નામ છે, જે ઈ.સ. 2019ના કોરોના વાઈરસના રોગ માટે વપરાય છે.

## ઔદ્યોગિક અકસ્માત (Industrial Accident)

આપણી જરૂરિયાતોની પૂર્તિ માટે અનેક ચીજવસ્તુઓ જોઈએ છે. તેના ઉત્પાદન સારુ અનેક ઉદ્યોગો સ્થપાયા છે. આ ઉદ્યોગોના કાચા માલના સ્થળાંતર - સંગ્રહણ, ઔદ્યોગિક પ્રક્રિયા દરમિયાન કે તૈયાર માલના સંગ્રહણ કે હેરફેર સમયે અકસ્માત થવાની સંભાવના રહે છે. ઔદ્યોગિક એકમોમાં અકસ્માત ન થાય તે માટે સાવચેતી અને નિયમો બનાવાયા છે. તેમ છતાં ક્યારેક માનવીય ભૂલ કે યંત્રોની સારસંભાળના અભાવે યાંત્રિક ખરાબીથી અકસ્માતો થાય છે.


રિફાઈનરી

જંતુનાશકો બનાવતાં કારખાનાંમાંથી ઝેરીવાયુનું ગળતર, ફટાકડાના કારખાનામાં વિસ્ફોટ, પ્લાસ્ટિક જેવી સળગી ઊઠે એવી સામગ્રી બનાવતાં કારખાનાંમાં આગ, રિફાઈનરીઓમાં વિસ્ફોટ કે આગ, રસાયણો બનાવતાં કારખાનાંમાં પ્રક્રિયા દરમિયાન આગ કે વિસ્ફોટક, પરમાણુ ઊર્જા વગેરે ઉદ્યોગોમાં થતાં અકસ્માતોથી કામ કરતા કામદારો ઉપરાંત આજુબાજુ રહેતા નાગરિકો પણ પોતાનો જાન ગુમાવે કે કાયમી વિકલાંગતાનો ભોગ બને છે. જો ઝેરી ગૅસ-ગળતર થાય તો મોટી સંખ્યામાં લોકોના આરોગ્ય પર ખરાબ અસરો પડી શકે. વળી વાતાવરણ અને જળાશયો પ્રદૂષિત થાય છે.

ઔદ્યોગિક અકસ્માતમાં ગૅસ-ગળતર થાય તો પવનથી વિરુદ્ધ દિશામાં દોડી જવું. આમ કરવાથી તેની અસર ઓછી થશે. જો આગ લાગી હોય તો તે સ્થાનથી સલામત સ્થળે ખસી જવું. કુતૂહલવશ ટોળાં ન કરી રાહત અને બચાવ કામગીરીને મદદરૂપ થવું. બચાવ કામગીરી માટેની ખાસ તાલીમ કે તે અંગેના ખાસ પોશાક કે સાધનો વિના ન જોડાશો. પોલીસ, અગ્નિશામકનાં વાહનો અને ઍમ્બ્યુલન્સનાં વાહનો માટે રસ્તો ખુલ્લો કરવામાં મદદરૂપ બનવું.

આપત્તિઓ કુદરતી હોય કે માનવસર્જિત પણ તે માનવજીવન પર ઘણી માઠી અસરો છોડી જાય છે. થયેલ નુકસાનને ઠીકઠાક કરવામાં કરોડો રૂપિયાનું ખર્ચ સરકારે ઉઠાવવું પડે છે. વળી જે લોકોના પરિવારમાંથી કમાનાર વ્યક્તિ મરણ પામે તો તે પરિવારો કફોડી સ્થિતિમાં મુકાઈ જાય છે. કાયમી વિકલાંગતાનો શિકાર બનનારા લોકોને માનસિક હતાશામાંથી બહાર લાવી તેના પુનર્વસનનું કામ પડકારજનક છે. જોકે સરકાર દ્વારા તબક્કા વાર પગલાં લઈને તે કામગીરી હાથ ધરી લોકોને રાહત અને મદદ આપવામાં આવે છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં આપો :**

(1) કુદરતી આપત્તિ કોને કહેવાય ?

(2) આગાહી કરી શકાય એવી કુદરતી આપત્તિઓ કઈ-કઈ છે ?

(3) આગાહી ન કરી શકાય એવી કુદરતી આપત્તિઓ કઈ-કઈ છે ?

(4) માનવસર્જિત આપત્તિ કઈ-કઈ છે ?

(5) દાવાનળ કોને કહેવાય ?

(6) ભૂસ્ખનલની ઘટનાઓ કયાં ક્ષેત્રોમાં વિશેષ જોવા મળે છે.

(7) મહામારીની પરિસ્થિતિ એટલે શું ?

**2. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :**

(1) દાવાનળ કયા-કયા સંજોગોમાં ફાટી નીકળે છે ?

(2) તીડ-પ્રકોપ વિશે ટૂંક નોંધ લખો.

(3) મહામારીથી ઊભી થતી પરિસ્થિતિ વર્ણવો.

(4) ઔદ્યોગિક અકસ્માતમાં થનાર અકસ્માતોની વિગતો આપો.

(5) આપત્તિની અસરો ટૂંકમાં વર્ણવો.

**3. નીચે આપેલા વિકલ્પમાંથી સાચો વિકલ્પ શોધીને લખો :**

(1) નીચેના પૈકી કઈ આપત્તિનો સમાવેશ માનવસર્જિત આપત્તિમાં થતો નથી ?

(A) આગ (B) ઔદ્યોગિક અકસ્માત (C) હુલ્લડ (D) મહામારી

(2) નીચેના પૈકી કઈ આપત્તિનો સમાવેશ માનવસર્જિત આપત્તિ છે ?

(A) ભૂકંપ (B) દાવાનળ (C) ઔદ્યોગિક અકસ્માત (D) ત્સુનામી

(3) ગુજરાતમાં સાપુતારા (ડાંગ)માં આવી જવલ્લે જ ઘટનાઓ બને છે ?

(A) ઔદ્યોગિક અકસ્માત (B) ભૂસ્ખનલ

(C) તીડ-પ્રકોપ (D) ત્સુનામી

તમારા શિક્ષક કે કોઈ વડીલની મદદ અને માર્ગદર્શનમાં નીચેની વેબસાઈટ પરથી આ પાઠને લગતી વધારે જાણકારી મેળવો :

www.who.int/

http://ndma.gov.in


http:/www.gsdma.org

•

# 15 ભારતીય બંધારણ

P8Q1P5

આપણો દેશ લોકશાહી દેશ છે. આપણા દેશમાં વિવિધ ધર્મ, જાતિ અને ભાષા ધરાવતા લોકો વસે છે. વિશ્વમાં ભૌગોલિક, સામાજિક અને સ્થાનીય વિવિધતામાં આપણો દેશ સૌથી અલગ તરી આવે છે. અનેક વિવિધતા છતાં દરેકને સમાન તક મળી રહે તે માટે આપણા દેશનું બંધારણ ઘડવામાં આવ્યું છે. દરેક સ્વતંત્ર રાષ્ટ્રને તેનું પોતાનું બંધારણ હોય છે. બંધારણ દરેક દેશનો મૂળભૂત દસ્તાવેજ છે, જેને અનુસરીને સરકાર દેશનો વહીવટ કરે છે. બંધારણમાં જણાવ્યા પ્રમાણે જ દેશનો વહીવટ થવો જોઈએ. આપણા દેશનું બંધારણ વિશ્વમાં સૌથી મોટું લેખિત બંધારણ છે. વિસ્તાર અને ભૌગોલિક રીતે ભિન્નતા તથા પડકારો વચ્ચે દેશના સુચારું સંચાલન માટે બંધારણની રચના કરવામાં આવી છે.




બંધારણનું મુખપૃષ્ઠ

## બંધારણનો અર્થ

'કોઈ પણ દેશનું શાસન ચલાવવા માટે ઘડવામાં આવેલા નિયમોના વ્યવસ્થિત સંગ્રહને દેશનું બંધારણ કહેવામાં આવે છે.'

## બંધારણના ઘડવૈયા

આપણો દેશ આઝાદ થયા પછી દેશનું સંચાલન કરવા માટે ચોક્કસ માર્ગદર્શિકાની જરૂર હતી. આ માટે બંધારણની રચના કરવાનું જરૂરી જણાયું. બંધારણ ઘડવા માટે રચવામાં આવેલી સભાને 'બંધારણસભા' કહેવામાં આવે છે.

બંધારણસભામાં કુલ 389 સભ્યો હતા. બંધારણ-ઘડતરની પ્રક્રિયા માટે વિવિધ વિષયોને સાંકળતી 23 સમિતિઓની રચના કરવામાં આવી હતી. જેમાં જુદી-જુદી કોમ, ધર્મ, લિંગ, ભિન્ન-ભિન્ન ભૌગોલિક પ્રદેશોની વ્યક્તિઓ, રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ તેમજ વિવિધ ક્ષેત્રોની તજ્જ્ઞ વ્યક્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સભ્યોમાં ડૉ. રાજેન્દ્રપ્રસાદ, જવાહરલાલ નેહરુ, ડૉ. ભીમરાવ આંબેડકર, સરદાર વલ્લભભાઈ પટેલ, સરદાર બલદેવસિંઘ, ફ્રૅંક એન્થોની, એચ. પી. મોદી, એ. કે. એસ. ઐયર, મૌલાના અબુલ કલામ આઝાદ, શ્યામાપ્રસાદ મુખરજી, કનૈયાલાલ મુનશી, કે. ટી. શાહ તથા મહિલા પ્રતિનિધિઓમાં સરોજિની નાયડુ, વિજયાલક્ષ્મી પંડિત વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો હતો.




ડૉ. બાબાસાહેબ આંબેડકર

બંધારણસભાના અધ્યક્ષ તરીકે ડૉ. રાજેન્દ્રપ્રસાદ હતા. જ્યારે બંધારણની ખરડા (મુસદ્દા) સમિતિના અધ્યક્ષ તરીકે ડૉ. ભીમરાવ આંબેડકર હતા. બંધારણ-નિર્માણની પ્રક્રિયામાં તેમના વિશેષ યોગદાનને કારણે તેઓને બંધારણના ઘડવૈયા તરીકે ઓળખવામાં આવે છે.

**પ્રવૃત્તિ**

- નીચે બંધારણસભાના કેટલાક સભ્યોના ફોટા આપ્યા છે. તેમનાં નામ જણાવો.




....................



....................




....................



....................



....................



....................




....................



....................

બંધારણસભાની પ્રથમ બેઠક 9 ડિસેમ્બર, 1946ના રોજ મળી હતી. બંધારણસભાએ 2 વર્ષ 11 માસ અને 18 દિવસ મળેલી કુલ 166 બેઠકોમાં બંધારણના ઘડતરની કામગીરી પૂર્ણ કરી હતી. આ પ્રક્રિયામાં તેઓએ દુનિયાના જુદા-જુદા દેશોના બંધારણની મહત્ત્વની બાબતોનો અભ્યાસ કરીને બંધારણને આખરી સ્વરૂપ આપ્યું હતું. ભારતની આઝાદી બાદ 26 નવેમ્બર, 1949ના રોજ તૈયાર થયેલા બંધારણને બંધારણસભાએ સ્વીકાર્યું. ત્યાર બાદ તેને 26 જાન્યુઆરી, 1950ના રોજ અમલમાં મૂકવામાં આવ્યું.



બંધારણ-રચનાની બેઠક

દર વર્ષે 26 નવેમ્બરે બંધારણ દિવસની ઉજવણી કરવામાં આવે છે. બંધારણ દિવસની પૂર્વ સંધ્યાએ દિલ્લીમાં સંસદભવન અને રાષ્ટ્રપતિ ભવનને રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવે છે. બંધારણમાં મહત્ત્વનું યોગદાન આપનાર ડૉ. ભીમરાવ આંબેડકરને આ દિવસે ખાસ યાદ કરવામાં આવે છે.

## બંધારણની વિશેષતા

આપણું બંધારણ અનેક રીતે વિશેષ અને ખાસ કહી શકાય તેવું છે. આપણા દેશનું બંધારણ વિશ્વમાં સૌથી મોટું લેખિત બંધારણ છે. બંધારણની શરૂઆત આમુખથી થાય છે. આમુખ એટલે પ્રસ્તાવના. એમાં શાસનના પાયારૂપ સિદ્ધાંતો અને ધ્યેયોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ બંધારણની કેટલીક વિશેષતાઓ વિશે આપણે જાણીશું.



મતદાન

**લોકશાહી :** ભારતે લોકશાહી શાસન પદ્ધતિ અપનાવી છે. લોકશાહીની બહુ જ પ્રચલિત અને સરળ ભાષામાં અપાયેલી વ્યાખ્યા મુજબ 'લોકોનું, લોકો દ્વારા અને લોકો માટે ચાલતું શાસન' એટલે લોકશાહી. પ્રજાની સત્તા કે ચલણવાળું, પ્રજાના વહીવટવાળું શાસન. ભારતમાં સામાન્ય રીતે દર પાંચ વર્ષે ચૂંટણીઓ યોજાય છે. જેમાં લોકો પોતાના પ્રતિનિધિઓ પસંદ કરે છે. ચૂંટાયેલા સભ્યો પાંચ વર્ષ લોકોનું પ્રતિનિધિત્વ કરે છે. દેશનો નાગરિક જાતિ, જ્ઞાતિ કે ધર્મના ભેદભાવ વગર ચૂંટણીમાં ઉમેદવારી કરી શકે છે. સ્વતંત્રતા એ લોકશાહીનું મહત્ત્વનું પાસું છે.

**જાણવા ગમશે**

- બંધારણના નિર્માણ વખતે મતાધિકાર માટે 21 વર્ષની ઉંમર નક્કી કરવામાં આવી હતી.
- બંધારણ અમલી બન્યાનાં 39 વર્ષ પછી ઈ.સ. 1989 માં બંધારણમાં 61મો સુધારો કરવામાં આવ્યો ત્યાર પછી મતાધિકાર માટેની ઉંમર 18 વર્ષ નક્કી કરવામાં આવી.

**બિનસાંપ્રદાયિક :** ભારત બિનસાંપ્રદાયિક દેશ છે. બિનસાંપ્રદાયિક એટલે દેશનું શાસન કોઈ સંપ્રદાયની કે ધર્મની માન્યતાને આધારે ન ચાલે. સંપ્રદાયને આધારે એક કે બીજા નાગરિક વચ્ચે ભેદભાવ કે પક્ષપાત રાખતું ન હોય. દરેક નાગરિકને ધર્મ કે સંપ્રદાય સંબંધી કેટલીક સ્વતંત્રતાઓની ખાતરી આપણા બંધારણમાં આપવામાં આવી છે. તેના આધારે નાગરિકને પોતપોતાના ધર્મ પાળવાની, માન્યતા ધરાવવાની અને તેનો પ્રચાર-પ્રસાર કરવાની સ્વતંત્રતા આપવામાં આવી છે.



સાંપ્રદાયિક પ્રતીકો

**જાણવું ગમશે**

- ઈ.સ. 1976ના 42 મા બંધારણીય સુધારાથી આમુખમાં 'બિનસાંપ્રદાયિક' શબ્દ ઉમેરવામાં આવ્યો.

**પ્રજાસત્તાક :** ભારત પ્રજાસત્તાક રાષ્ટ્ર છે. પ્રજાસત્તાક એટલે જેમાં લોકોના હાથમાં સત્તા હોય તેવું રાષ્ટ્ર, જેમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે લોકો દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓ વહીવટ સંભાળતા હોય છે. રાષ્ટ્રના વડાનું સ્થાન રાજાશાહીની જેમ વંશપરંપરાગત

હોતું નથી પણ તેઓ પરોક્ષ મતદાનથી ચૂંટાય છે. આ વ્યવસ્થામાં પંચાયતથી સંસદ સુધીના તમામ હોદ્દાઓ જાતિ, જ્ઞાતિ કે ધર્મ જેવા કોઈ ભેદભાવ વગર તમામ નાગરિકો માટે ખુલ્લા હોય છે.

### સંઘ રાજ્ય

ભારત એક સંઘ રાજ્ય છે એટલે કે જુદાં-જુદાં રાજ્યનો બનેલો એક 'સંઘ' છે. આપણા જેવા વિશાળ અને વિવિધતા ધરાવતા દેશમાં એક જ કેન્દ્રમાંથી શાસન કરવું કઠિન છે એટલે આપણા બંધારણમાં સંઘીય શાસન-વ્યવસ્થાની જોગવાઈ કરેલી છે.

સંઘીય શાસન-વ્યવસ્થામાં બે પ્રકારની રચના કરવામાં આવે છે : (1) સંઘ સરકાર અને (2) રાજ્ય સરકાર. આ બંને પ્રકારની સરકારો વચ્ચે કાર્યો અને સત્તાઓની સ્પષ્ટ વહેંચણી કરવામાં આવી છે. દેશનાં મહત્ત્વનાં કાર્યો અને સત્તાઓ સંઘ સરકારને સોંપવામાં આવ્યાં છે. સંઘ સરકારને કેન્દ્ર સરકાર તરીકે પણ ઓળખવામાં આવે છે.

### મૂળભૂત હકો અને ફરજો

દેશનું બંધારણ નાગરિકોને લોકશાહીના મૂળભૂત હકો અને ફરજોની પ્રતીતિ કરાવે છે. નાગરિક તરીકે આપણે કેટલાક હકો ભોગવીએ છીએ. પરંતુ આપણા હકથી બીજા વ્યક્તિના હકને નુકસાન ન થાય તે માટે તેમજ રાષ્ટ્રના વિકાસમાં દરેક નાગરિકને સહયોગી બનાવવા માટે મૂળભૂત ફરજો પણ આપવામાં આવી છે. હકો અને ફરજો એક સિક્કાની બે બાજુઓ જેવા છે જે બાબતે આપણે અભ્યાસ કરીએ :

**મૂળભૂત હકો :** રાષ્ટ્રની સ્થિરતા અને વ્યક્તિ સ્વતંત્રતાના રક્ષણ અર્થે મૂળભૂત હકો જરૂરી છે.

**(1) સમાનતાનો હક :** કાયદાની દૃષ્ટિએ બધા નાગરિકો સમાન છે. ધર્મ, જાતિ, લિંગ અને રંગને આધારે કોઈ સાથે પક્ષપાત અને ભેદભાવ કરવામાં ન આવે તેમજ બધા નાગરિકોને યોગ્યતા પ્રમાણે સમાન તક મળે.

**(2) સ્વતંત્રતાનો હક :** દેશના દરેક નાગરિકને પોતાના વિચારો અભિવ્યક્ત કરવાની સ્વતંત્રતા આપવામાં આવી છે. દરેક નાગરિકને સમગ્ર દેશમાં હરવા-ફરવા, વસવાટ કરવાની તેમજ વ્યવસાય કરવાની સ્વતંત્રતા આપવામાં આવી છે.

**(3) શોષણ સામે વિરોધનો હક :** કોઈ પણ વ્યક્તિનું બીજા વ્યક્તિ દ્વારા કોઈ પણ પ્રકારે શોષણ ન થાય એવા શોષણ-વિહીન સમાજની સ્થાપનાનો મુખ્ય ઉદ્દેશ બંધારણનો છે. ચૌદ વર્ષથી નીચેની ઉંમરનાં બાળકોને બાળમજૂરી કરાવવી એ તેનું શોષણ જ કહેવાય તેથી એ ગુનો છે. પોતાનું શોષણ થતું અટકાવવા તેનો વિરોધ કરવા આ હક આપવામાં આવ્યો છે.

**(4) ધાર્મિક સ્વતંત્રતાનો હક :** દેશના દરેક નાગરિકને નૈતિકતા અને સ્વાસ્થ્યની વિરુદ્ધ ન હોય એવો કોઈ પણ ધર્મ પાળવાની તથા તેનો પ્રચાર-પ્રસાર કરવાની સ્વતંત્રતા આપવામાં આવી છે.

**(5) સાંસ્કૃતિક અને શૈક્ષણિક હક :** કોઈ પણ નાગરિકને પોતાની ભાષા, બોલી, પ્રણાલિકાઓ, આદર્શો, મૂલ્યો વગેરે ધરાવવાની, જાળવી રાખવાની અને વિકાસ કરવાની સ્વતંત્રતા આપવામાં આવી છે.

**(6) બંધારણીય ઈલાજોનો હક :** ગમે એટલા કાયદા ઘડવામાં આવે, મૂળભૂત હકોની જોગવાઈ કરવામાં આવે પરંતુ જો તેનો અમલ યોગ્ય રીતે ન થાય તો આવી સ્વતંત્રતાનો કોઈ અર્થ રહેતો નથી. તેથી આ હકોના અમલ માટે જોગવાઈ કરવામાં આવી છે. જો નાગરિકોને મૂળભૂત અધિકારોથી વંચિત રાખવામાં આવે, તો ન્યાયાલયનો આશરો લઈ શકે છે. આથી જ ડૉ. બાબાસાહેબ આંબેડકરે આ હકને બંધારણના 'આત્મા' સમાન કહ્યો છે.

આ પ્રમાણે આપવામાં આવેલા મૂળભૂત હકો વિશિષ્ટ સંજોગોમાં મર્યાદિત સમય માટે સ્થગિત કરી શકાય છે. કોઈ પણ વ્યક્તિ પોતાના હકોનો ઉપયોગ કોઈ વ્યક્તિ, સમૂહ કે રાષ્ટ્રના હિતને નુકસાન કરે એ રીતે ભોગવી શકતી નથી.

**જાણવું ગમશે**

- સંયુક્ત રાષ્ટ્રોની મહાસભાએ તારીખ 10 ડિસેમ્બર, 1948ના રોજ માનવ-અધિકારો જાહેર કર્યા છે. તેથી 10 ડિસેમ્બરને 'માનવહક દિન' તરીકે ઊજવવામાં આવે છે.

## મૂળભૂત ફરજો

જેમ નાગરિકોને કેટલાક મૂળભૂત હકો આપવામાં આવ્યા છે તેમ નાગરિકો માટે કેટલીક મૂળભૂત ફરજોનો સમાવેશ બંધારણમાં કરવામાં આવ્યો છે જે નીચે મુજબ છે :

(ક) બંધારણને વફાદાર રહેવાની અને તેના આદર્શો તથા સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતના સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની તથા તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની.

(ડ) માતા-પિતાએ અથવા વાલીએ 6 વર્ષથી 14 વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવાની.

### જાણવું ગમશે

- મૂળભૂત ફરજોનો સમાવેશ ઈ.સ. 1976 માં બંધારણમાં સુધારો કરીને કરવામાં આવ્યો છે.
- ભારતમાં 6 જાન્યુઆરીને 'મૂળભૂત ફરજદિન' તરીકે ઊજવવામાં આવે છે.

ભારતના બંધારણને એક પવિત્ર ગ્રંથ ગણવામાં આવે છે. જો લેખિત બંધારણ ન હોય તો કોઈ પણ વ્યક્તિ પોતાની રીતે દેશના વહીવટમાં અરાજકતા ફેલાવી શકે. બંધારણ આપણી ન્યાય-પ્રણાલીને જાળવે છે. તેમજ લોકોને એક મર્યાદામાં રહીને એકત્વના ભાવથી કામ કરવા પ્રેરિત કરે છે.

### પ્રવૃત્તિ

શાળામાં બંધારણના મૂળભૂત હકો, મૂળભૂત ફરજો પર આધારિત ક્વિઝ યોજો.

## સ્વાધ્યાય

**1. ખાલી જગ્યા પૂરો :**

(1) બંધારણની શરૂઆત ·········થી થાય છે.

(2) બંધારણસભાના અધ્યક્ષ ········· હતા.

(3) બંધારણસભામાં કુલ ········· સભ્યો હતા.

(4) બંધારણમાં ········· શાસન-વ્યવસ્થાની જોગવાઈ કરવામાં આવી છે.

**2. નીચેના પ્રશ્નોના ઉત્તર એક-બે વાક્યોમાં લખો :**

(1) બંધારણનો અર્થ જણાવો.

(2) બંધારણના ઘડવૈયા તરીકે કોને ઓળખવામાં આવે છે ?

(3) લોકશાહી એટલે શું ?

(4) બંધારણ ક્યારે અમલમાં આવ્યું ?

**3. નીચેના પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર લખો :**

(1) બંધારણની મુખ્ય વિશેષતાઓ જણાવો.

(2) કોઈ પણ બે મૂળભૂત હકો વિશે વિસ્તારથી લખો.

(3) કોઈ પણ ચાર મૂળભૂત ફરજો જણાવો.

**4. વિચારો અને લખો :**

(1) જો નાગરિકોને મૂળભૂત હકો આપવામાં ન આવે તો કેવી સ્થિતિ સર્જાય ?

(2) તમામ મૂળભૂત ફરજો - વિદ્યાર્થીનાં જીવનમાં કેવી રીતે બજાવી શકાય ?

(3) 26 નવેમ્બરને બંધારણ-દિવસ તરીકે શા માટે ઊજવવામાં આવે છે ?

•

# 16 સંસદ અને કાયદો

S7V8V4




સંસદભવન

આપણી શાળાનું સંચાલન આચાર્ય, શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા થાય છે. તમારી શાળામાં શાળા-પંચાયત કે શાળા-સમિતિ હશે. જેમાં શાળાના વિદ્યાર્થીઓ વિવિધ જવાબદારી સાથે કાર્યો કરે છે. આ જ રીતે દેશનું સંચાલન કરવા માટે બંધારણમાં ચોક્કસ વ્યવસ્થા કરવામાં આવી છે. આ વ્યવસ્થાને સંસદ કહેવામાં આવે છે. ગામના સંચાલન અને કાર્યો માટે ગ્રામ-પંચાયત હોય છે. નાનાં શહેરો માટે નગરપાલિકા અને મોટાં શહેરોના સંચાલન માટે મહાનગરપાલિકા અંગે આપણે જાણીએ છીએ. આ જ રીતે દેશના સંચાલન માટે સંસદ કાર્ય કરે છે. આપણા દેશની સંસદ અને તેની અન્ય બાબતો અંગે આપણે અભ્યાસ કરીશું.

## સંસદની રચના

આપણા દેશનું સંસદભવન દિલ્લીમાં આવેલું છે. ભારતે સંસદીય લોકશાહીનું સ્વરૂપ સ્વીકાર્યું છે. ભારતમાં સંસદ એ સર્વોચ્ચ સંસ્થા છે. આપણા દેશની સંસદ રાષ્ટ્રપતિ અને બે ગૃહોની બનેલી છે. જેમાં ઉપલા ગૃહને રાજ્યસભા અને નીચલા ગૃહને લોકસભા કહેવાય છે. આ બંને ગૃહના સભ્યને સામાન્ય રીતે સંસદસભ્ય અથવા એમ.પી. (Member of Parliament) તરીકે ઓળખવામાં આવે છે. લોકસભાના સભ્યોને પ્રત્યક્ષ મતદાન દ્વારા ચૂંટવામાં આવે છે. જ્યારે રાજ્યસભાના સભ્યો રાજ્યની વિધાનસભાઓના સભ્યો દ્વારા ચૂંટાય છે. દેશના મતદારો સીધા મતદાન કરી શકતા નથી. આથી રાજ્યસભાના સભ્યોની ચૂંટણી અપ્રત્યક્ષ રીતે થાય છે. આપણા દેશની સંસદ અને તેના બંને ગૃહો અંગે વિગતે માહિતી મેળવીએ.





લોકસભા



રાજ્યસભા

## લોકસભા (નીચલું ગૃહ)

આપણા દેશની લોકસભામાં કુલ 545 સભ્યો છે. આ સભ્યો વિવિધ રાજ્યોનું અને કેન્દ્રશાસિત પ્રદેશોનું પ્રતિનિધિત્વ કરે છે. સંસદની બેઠકો રાજ્યોની વસ્તીના આધારે નક્કી કરવામાં આવે છે. દરેક રાજ્યને સમાન પ્રતિનિધિત્વ મળી રહે તેવા પ્રયત્નો કરવામાં આવે છે. લોકસભાના સભ્યો લોકોના સીધા મતદાનથી ચૂંટાય છે. આ કારણે લોકસભાને 'હાઉસ ઑફ પીપલ્સ' તરીકે ઓળખવામાં આવે છે. કેટલીક બેઠકો અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના પ્રતિનિધિઓ માટે આરક્ષિત રાખવામાં આવે છે. તેમાં લોકસભામાં ગુજરાતની 26 બેઠકો ફાળવવામાં આવી છે.

### લોકસભાના સભ્યપદ માટેની લાયકાતો :

- ભારતનો નાગરિક હોવો જોઈએ.
- તેની ઉંમર 25 વર્ષ કે તેથી વધુ હોવી જોઈએ.
- તે અસ્થિર મગજનો, નાદાર કે ગુનેગાર હોવો જોઈએ નહિ.
- તે સરકારનો પગારદાર કર્મચારી હોવો જોઈએ નહિ.

### મુદત :

લોકસભાની મુદત સામાન્ય રીતે પાંચ વર્ષની હોય છે છતાં રાષ્ટ્રપતિ ખાસ સંજોગોમાં લોકસભાને પાંચ વર્ષની મુદત પહેલાં પણ બરખાસ્ત કરી શકે અથવા એની મુદતમાં વધારો પણ કરી શકે. મુદત પૂરી થયે લોકસભાનું વિસર્જન કરવામાં આવે છે. ફરી નવેસરથી ચૂંટણી કરીને તેની રચના કરવામાં આવે છે.

### લોકસભાનાં કાર્યો :

- લોકસભા સંઘયાદીના વિષયો પર કાયદા ઘડવાનું કાર્ય કરે છે.
- તે દેશના લોકોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી નવા કાયદા ઘડવાનું, જૂના કાયદામાં ફેરફાર કરવાનું તેમજ તેને રદ કરવાનું કામ કરે છે.
- લોકસભા મંત્રીમંડળના સભ્યોની કામગીરી પર અંકુશ અને નિયમન રાખે છે.
- તે દેશના બજેટને મંજૂરી આપે છે. બજેટ સૌપ્રથમ લોકસભામાં રજૂ કરવામાં આવે છે. ત્યાર બાદ તેને રાજ્યસભામાં રજૂ કરવામાં આવે છે.

- મંત્રીમંડળની કામગીરીથી લોકસભાના સભ્યોને સંતોષ ન હોય, તો તેમની સામે અવિશ્વાસની દરખાસ્ત પસાર કરી તેમને સત્તા છોડવાની ફરજ પાડી શકે છે.
- તે દેશના વિવિધ પ્રશ્નો વિશે ચર્ચા કરે છે અને તે તરફ સરકારનું ધ્યાન ખેંચે છે.
- કેન્દ્ર સરકારે કોઈ પણ નાણાકીય બાબત માટે લોકસભાની મંજૂરી લેવી પડે છે.

## રાજ્યસભા (ઉપલું ગૃહ)

આપણા દેશની રાજ્યસભાના કુલ 250 સભ્યો છે. આ સભ્યોમાંથી 12 સભ્યોની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે. રાષ્ટ્રપતિ દ્વારા પસંદ થયેલા સભ્યો સાહિત્ય, વિજ્ઞાન, રમત-ગમત, કલા અને સામાજિક સેવા જેવા વિવિધ ક્ષેત્રો સાથે સંકળાયેલા અને પોતાનાં ક્ષેત્રોમાં વિશિષ્ટ પ્રદાન કરનાર વ્યક્તિઓ હોય છે. રાજ્યસભાના 238 સભ્યો વિવિધ રાજ્યોના પ્રતિનિધિઓ હોય છે. જેઓ અપ્રત્યક્ષ મતદાનથી ચૂંટવામાં આવે છે. રાજ્યસભાને 'કાઉન્સિલ ઑફ સ્ટેટ્સ' તરીકે પણ ઓળખવામાં આવે છે. રાજ્યસભામાં ગુજરાતને 11 બેઠકો ફાળવવામાં આવી છે.

### રાજ્યસભાના સભ્ય થવા માટેની લાયકાતો :

- તે ભારતનો નાગરિક હોવો જોઈએ.
- તેની ઉંમર 30 વર્ષ કે તેથી વધુ હોવી જોઈએ.
- તે અસ્થિર મગજનો, નાદાર કે ગુનેગાર હોવો જોઈએ નહિ.
- તે સરકારનો પગારદાર કર્મચારી હોવો જોઈએ નહિ.

### મુદ્દત :

રાજ્યસભાના સભ્યની મુદ્દત 6 વર્ષની હોય છે. રાજ્યસભા એ કાયમી ગૃહ છે. રાજ્યસભાનું સંપૂર્ણ વિસર્જન થતું નથી. દર બે વર્ષે એક તૃત્તીયાંશ એટલે કે ત્રીજા ભાગના સભ્યો નિવૃત્ત થાય છે અને તેટલા જ સભ્યોની ચૂંટણી કરવામાં આવે છે.

### રાજ્યસભાનાં કાર્યો :

- લોકસભાની જેમ રાજ્યસભા કાયદા ઘડવાનું, સુધારવાનું અને રદ કરવાનું કાર્ય કરે છે.
- તે સરકારની કામગીરી વિશે ચર્ચા કરે છે.
- વહીવટીતંત્રની કોઈ પણ બાબતો વિશે મંત્રીઓને પ્રશ્નો અને પૂરક પ્રશ્નો પૂછે છે.
- નાણાકીય બાબતો અંગે તથા વહીવટીતંત્ર પર અંકુશ અંગે રાજ્યસભાને લોકસભા કરતાં ઓછા અધિકારો છે.

**જાણવું ગમશે**

ભારતનો કોઈ પણ નાગરિક એકસાથે બે ગૃહનો સભ્ય થઈ શકે નહિ. જો તે બંને ગૃહમાં ચૂંટાય તો કોઈ એક ગૃહમાંથી રાજીનામું આપવું પડે છે.

- તમારા વિસ્તારના સંસદસભ્ય વિશે નોંધ કરો.

| સંસદસભ્યનું નામ | સંસદીય મત-વિસ્તાર (જિલ્લા, તાલુકા) |
|---|---|
| | |

## સંસદની જરૂરિયાત

આપણો દેશ વિવિધતા ધરાવતો દેશ છે. જેમાં વિવિધ ધર્મ અને જાતિના લોકો રહે છે. આવી વિવિધતા વચ્ચે દેશનું સંચાલન અને વ્યવસ્થાપન જાળવવા માટે સંસદ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. દેશના બંધારણમાં સંસદને દેશની સૌથી મોટી લોકશાહી સંસ્થા કહેવામાં આવે છે.

આપણે જોયું કે સંસદ બે ગૃહોની બનેલી છે. કાયદા ઘડવાની પ્રક્રિયા તેમજ તેમાં ફેરફાર કરવા માટે લોકસભા અને રાજ્યસભા સમાન રીતે ભાગીદાર છે. આ માટે બંધારણમાં વિશેષ માર્ગદર્શન આપવામાં આવેલ છે. સંસદ સ્વતંત્ર રીતે કાર્ય કરે છે.

| સંસદ અંગે વર્તમાનપત્રોમાં છપાયેલ સમાચાર વાંચી નોંધ કરો : |
|---|
| |
| |
| |
| |

## સંસદની ભૂમિકા

આપણે જોયું કે સંસદ બંધારણમાં દર્શાવેલ માર્ગદર્શન મુજબ કાર્યો કરે છે. આ કાર્યો માટે વિવિધ સમિતિઓની રચના કરવામાં આવે છે. સંસદ વર્તમાન કાયદામાં સુધારા કરવાનું, નવા કાયદા ઘડવાનું અને જૂના કાયદાઓને રદ કરવાનું મહત્ત્વનું કાર્ય કરે છે. સંસદ અંદાજપત્રના માધ્યમથી કારોબારી તંત્ર દ્વારા કરવામાં આવતા ખર્ચ પર નિયંત્રણ રાખે છે. સંસદમાં સરકારની નીતિઓની થતી ચર્ચા પરથી સરકાર પોતાની ભૂલો તથા ખામીઓ પ્રત્યે સભાન રહે છે અને સમગ્ર રાષ્ટ્ર સરકારી નીતિઓથી માહિતગાર રહી શકે છે.

| ગુજરાતના સંસદસભ્યોમાંથી કોઈ પણ છ સંસદસભ્યોનાં નામ કોઈ વડીલ કે શિક્ષકની મદદ લઈ લખો : | | |
|---|---|---|
| (1) | (3) | (5) |
| (2) | (4) | (6) |

## રાષ્ટ્રપતિ

રાષ્ટ્રપતિ દેશના પ્રથમ નાગરિક છે. તેઓ દેશના બંધારણીય વડા છે. આપણા દેશનો સમગ્ર વહીવટ રાષ્ટ્રપતિને નામે ચાલે છે.

### લાયકાતો :

- તેઓ ભારતના નાગરિક હોવા જોઈએ.
- તેમની ઉંમર 35 વર્ષ કે તેથી વધુ હોવી જોઈએ.
- સરકારના પગારદાર કર્મચારી હોવા જોઈએ નહિ.
- લોકસભા કે રાજ્યસભાના સભ્ય બની શકે તેટલી લાયકાત ધરાવતા હોવા જોઈએ.

### રાષ્ટ્રપતિની સત્તા અને કાર્યો :

- રાષ્ટ્રપતિ પ્રધાનમંત્રીની સલાહ મુજબ મંત્રીમંડળની નિમણૂક કરે છે અને તેમને શપથ લેવડાવે છે.
- રાષ્ટ્રપતિ સંરક્ષણ દળોના સર્વોચ્ચ વડા છે. તેઓ અન્ય રાષ્ટ્રો સામે યુદ્ધ જાહેર કરવાની, યુદ્ધ બંધ કરવાની કે સંધિ કરવાની સત્તા ધરાવે છે.
- રાજ્યના રાજ્યપાલ, સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિઓ, મુખ્ય ચૂંટણી અધિકારીઓ, વિવિધ દેશોમાં ભારતના રાજદૂતોની નિમણૂક રાષ્ટ્રપતિ કરે છે.
- તેઓ સંસદનાં બંને ગૃહોની બેઠકો બોલાવવાની અને મુલતવી રાખવાની સત્તા ધરાવે છે.

- દેશના કોઈ ભાગની સલામતી સામે ભય ઊભો થાય તો કટોકટીની સ્થિતિ જાહેર કરી શકે છે.
- રાજ્યના મંત્રીમંડળને બરતરફ કરીને 'રાષ્ટ્રપતિ શાસન' સ્થાપી શકે છે. રાજ્યનો વહીવટ પોતાના હસ્તક લઈ શકે છે.
- રાષ્ટ્રપતિની સહીથી ખરડો કાયદો બને છે.

**મુદત :**

- રાષ્ટ્રપતિની મુદત 5 વર્ષની હોય છે.
- રાષ્ટ્રપતિ હોદ્દા પર હોય ત્યાં સુધી તેમની સામે કોઈ ફોજદારી મુકદમો ચલાવી શકાતો નથી કે તેમની ધરપકડ કે કેદનો હુકમ થઈ શકતો નથી. રાષ્ટ્રપતિની ગેરહાજરીમાં ઉપરાષ્ટ્રપતિ ફરજ બજાવે છે. રાષ્ટ્રપતિ પોતાનું રાજીનામું ઉપરાષ્ટ્રપતિને સોંપે છે.

**જાણવું ગમશે**

- આપણા દેશના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદ હતા.
- ભારતનાં પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ શ્રીમતી પ્રતિભાસિંહ પાટિલ હતાં.

**પ્રવૃત્તિ**

ભારતના અત્યાર સુધીના રાષ્ટ્રપતિઓ અંગે સચિત્ર હસ્તલિખિત અંક તૈયાર કરો.

## પ્રધાનમંત્રી (વડાપ્રધાન)

પ્રધાનમંત્રી મંત્રીમંડળના વડા છે. તેઓ લોકસભા કે રાજ્યસભામાંથી ચૂંટાયેલ હોય છે. રાષ્ટ્રપતિ લોકસભામાં બહુમતી ધરાવતા પક્ષ કે સમૂહના વડાને પ્રધાનમંત્રી તરીકે સરકાર રચવાનું નિમંત્રણ આપે છે. રાષ્ટ્રપતિ તેમને તથા મંત્રીમંડળને શપથ ગ્રહણ કરાવે છે. મંત્રીમંડળને સંસદની કારોબારી પણ કહેવામાં આવે છે. જો પ્રધાનમંત્રી રાજીનામું આપે તો સમગ્ર મંત્રીમંડળ વિખેરાઈ જાય છે. બંધારણીય રીતે પ્રધાનમંત્રી સંસદને આધીન રહી કાર્ય કરે છે.

## પ્રધાનમંત્રીનાં કાર્યો

- પ્રધાનમંત્રી જુદાં-જુદાં ખાતાઓની ફાળવણી, તેની કામગીરીનું સંકલન અને દેખરેખ રાખે છે તેમજ નીતિવિષયક નિર્ણયો લે છે.
- મંત્રીમંડળના સભ્યોની નિમણૂક પ્રધાનમંત્રીની સલાહ અનુસાર ઔપચારિક રીતે રાષ્ટ્રપતિ કરે છે.
- કોઈ પણ મંત્રીને મંત્રીમંડળમાં લેવો કે ચાલુ રાખવો તે નિર્ણય પ્રધાનમંત્રી કરે છે.
- મંત્રીમંડળની બેઠકોનું અધ્યક્ષ પદ પ્રધાનમંત્રી સંભાળે છે.
- દેશના ચૂંટાયેલા સભ્યો સંસદમાં સરકારને વિવિધ પ્રશ્નો કરે છે. આ પ્રશ્નોના જવાબ આપવા માટે પ્રધાનમંત્રી અને કારોબારી બંધારણીય રીતે જવાબદાર છે

**જાણવું ગમશે**

આપણા દેશના પ્રથમ પ્રધાનમંત્રી જવાહરલાલ નેહરુ હતા, તે સમયે સરદાર વલ્લભભાઈ પટેલ નાયબ પ્રધાનમંત્રી હતા.

**પ્રવૃત્તિ**

ભારતના અત્યાર સુધીના પ્રધાનમંત્રી અને તેમના કાર્યકાળ અંગે સચિત્ર હસ્તલિખિત અંક તૈયાર કરો.

## સ્પીકર (અધ્યક્ષ)-સભાપતિ

લોકસભામાં ચૂંટાયેલ સભ્ય પૈકી એક સભ્ય લોકસભાના સ્પીકર તરીકે ચૂંટાય છે. મોટે ભાગે લોકસભામાં સ્પીકર શાસક કે બહુમતી ધરાવતા જૂથમાંથી જ પસંદ કરવામાં આવે છે. જ્યારે બંધારણની જોગવાઈ મુજબ ઉપરાષ્ટ્રપતિ હોદ્દાની રૂએ

રાજ્યસભાના સભાપતિ તરીકે જવાબદારી નિભાવે છે. કોઈ સભ્ય ગૃહમાં અયોગ્ય વર્તન કરે તો સ્પીકર કે સભાપતિ તેમને એક દિવસ અથવા આખા સત્ર માટે બરખાસ્ત કરી શકે છે. આ બંને ગૃહોમાં જે-તે ગૃહના સભ્યો તેમના પ્રશ્નો સ્પીકર કે સભાપતિને ઉદ્દેશીને પૂછે છે. તેઓ સીધા મંત્રી કે પ્રધાનમંત્રીને પ્રશ્ન કરી શકતા નથી.

**જાણવું ગમશે**

- આપણા દેશમાં લોકસભાના પ્રથમ સ્પીકર ગણેશ વાસુદેવ માવલંકર હતા.
- રાજ્યસભાના પ્રથમ સભાપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન હતા.

### સંસદસભ્યની ભૂમિકા

સંસદસભ્ય લોકસભાના હોય કે રાજ્યસભાના તેમના અધિકારો સમાન છે. તેઓ જે વિસ્તારનું પ્રતિનિધિત્વ કરે છે તે વિસ્તારની સમસ્યાઓ સંસદમાં રજૂ કરે છે.

સંસદનાં બંને ગૃહની કાર્યવાહી દેશના લોકો જોઈ શકે તે માટે તેનું જીવંત પ્રસારણ કરવામાં આવે છે. સંસદના કોઈ પણ ગૃહના સભ્યો તેમના વિચાર સ્વતંત્ર રીતે રજૂ કરી શકે છે. સંસદમાં પૂછાયેલા પ્રશ્નો અને તેના જવાબોની રૅકર્ડમાં નોંધ કરવામાં આવે છે.

### કાયદાની સમજ

ભારતમાં કાયદો ઘડવાની પદ્ધતિઓ બ્રિટનની સંસદના મૉડેલ આધારે વિકસેલી છે. સંસદમાં કાયદા ઘડવામાં અને જરૂર જણાય ત્યાં સુધારા કરવામાં આવે છે. સમાજમાં સામૂહિક તેમજ વ્યક્તિગત સ્વતંત્રતા જળવાઈ રહે તે ઉદ્દેશ્યથી કાયદા ઘડવામાં આવે છે. કાયદાઓનો યોગ્ય અમલ થાય તે માટે કારોબારી કાર્યરત હોય છે. આપણા દેશના કાયદા દરેક નાગરિકને સમાન અધિકાર આપે છે. જો કાયદા મુજબ કામ ના થાય કે કોઈને અન્યાય થાય ત્યારે દેશનો નાગરિક ન્યાયતંત્ર પાસે જાય છે. કાયદાનું અર્થઘટન કરી ન્યાયતંત્ર યોગ્ય ન્યાય આપે છે. બંધારણ મુજબ દેશનું ન્યાયતંત્ર સ્વતંત્ર રીતે કાર્ય કરે છે.

**જાણવું ગમશે**

- ખરડો કાયદો ક્યારે બને ?
  (1) પ્રથમ વાચનમાં ખરડાના સિદ્ધાંતો અંગે ચર્ચા થાય છે.
  (2) બીજા વાચન વખતે ખરડા અંગેની ઝીણવટથી અને ગંભીરતાથી ચર્ચા થાય છે.
  (3) ત્રીજા વાચન વખતે કલમવાર ચર્ચા થાય છે પછી બીજા ગૃહમાં ખરડાને મોકલવામાં આવે ત્યારે પણ ત્રણ વાચનની વિધિમાંથી પસાર થાય ત્યાર બાદ બંને ગૃહોની સંમતિ મળી છે તેમ માની રાષ્ટ્રપતિની મંજૂરી માટે મોકલવામાં આવે છે. તેમની સહી બાદ ખરડો કાયદો બને છે.

### કાયદો શા માટે ?

આપણા દેશનો કાયદો 'સૌ સમાન સૌને સન્માન'ની નીતિને આધારે કાર્ય કરે છે. દેશમાં શાંતિ, સલામતી અને એકતાનો આધાર કાયદા પર રહેલો છે. લોકવ્યવસ્થા તેમજ સુચારું તંત્ર માટે કાયદો જરૂરી છે. કાયદા ઘડતી વખતે ભારતીય બંધારણનાં મૂલ્યોને નજર સામે રાખવામાં આવે છે. ભારતીય બંધારણથી વિપરીત કાયદો ઘડવામાં આવે, તો ભારતીય ન્યાયપાલિકા તે કાયદાને રદબાતલ ઠરાવી શકે છે.

## સ્વાધ્યાય

**1. ખાલી જગ્યા પૂરો :**

(1) આપણા દેશની સંસદમાં ......... ગૃહ છે.

(2) આપણા દેશનો સમગ્ર વહીવટ .........ના નામે ચાલે છે.

(3) આપણા દેશની લોકસભામાં કુલ ……… સભ્યો છે.

(4) ભારતની સંસદના ઉપલા ગૃહને ……… કહેવાય છે.

(5) આપણા દેશના બંધારણીય વડા ……… છે.

**2. એક-બે વાક્યમાં ઉત્તર આપો :**

(1) આપણા દેશની સંસદ ક્યાં આવેલી છે ?

(2) સંસદસભ્ય બનવા માટે કેટલાં વર્ષની ઉંમર નક્કી કરવામાં આવી છે ?

(3 ) રાજ્યસભાના સભ્યની મુદ્દત જણાવો.

**3. ટૂંક નોંધ લખો :**

(1) પ્રધાનમંત્રીનાં કાર્યો (2) સંસદ (3) કાયદો અને તેનું મહત્ત્વ

**4. વિચારો અને લખો :**

(1) તમારા વિસ્તારના કયા-કયા પ્રશ્નો અંગે તમે જાણો છો ?

(2) જો તમે પ્રધાનમંત્રી બનો તો દેશને ગૌરવ અપાવવા કેવાં કાર્યો કરશો ?

•

# 17 ન્યાયતંત્ર


ભારત લોકશાહી દેશ છે. દેશનો વહીવટ યોગ્ય રીતે ચાલે તે માટે ચોક્કસ સિદ્ધાંતો અને આદર્શોના આધારે કાયદાઓ બનાવેલ છે. જ્યારે કોઈ વ્યક્તિ કાયદાનો ભંગ કરે છે ત્યારે ગુનો બને છે. કોઈ વ્યક્તિ ગુનો કરે છે ત્યારે અન્યનો હક છીનવાય છે. આવા સમયે ન્યાયની જરૂર પડે છે અને આ ન્યાય આપવાનું કાર્ય ન્યાયતંત્ર કરે છે. આમ ન્યાયતંત્ર આગવું સ્થાન ધરાવે છે.

V9W6K7

## ન્યાયતંત્રનું માળખું

આપણા દેશમાં દીવાની અને ફોજદારી એમ બે પ્રકારના દાવા (Complaint) અંગે ન્યાય આપવામાં આવે છે. મકાન-જમીન કે અન્ય સંપત્તિના હક અંગેના દાવાઓ દીવાની દાવા (Civil Matter) કહેવાય છે. જ્યારે ચોરી, લૂંટફાટ, ખૂન, મારામારી વગેરેના દાવાઓ ફોજદારી દાવા (Criminal Matter) કહેવાય છે.

દેશના નાગરિકોને ન્યાય આપવા માટે તાલુકા અદાલતો, જિલ્લા અદાલતો, વડી અદાલતો અને સર્વોચ્ચ અદાલતની સ્થાપના કરવામાં આવી છે. ભારતના સંઘ રાજ્યમાં સમગ્ર દેશ માટે સળંગ અને એકસૂત્રી ન્યાય પદ્ધતિ છે. ભારતના ન્યાયતંત્રની ટોચ પર સર્વોચ્ચ અદાલત છે. હવે આપણે અદાલતો વિશે જાણીએ.




ભારતનું ન્યાયતંત્ર

### તાબાની અદાલતો :

સર્વોચ્ચ અદાલતના તાબામાં જેમ વડી અદાલત હોય છે, તેમ રાજ્યની વડી અદાલતના તાબામાં જિલ્લા અને તાલુકાની અદાલતો હોય છે.

### તાલુકા અદાલત :

તાલુકા મથકમાં આવેલી અદાલતોને તાલુકા અદાલત પણ કહે છે. દીવાની (સિવિલ) મામલા માટે સૌથી નીચલી કોર્ટ સિવિલ જજની કોર્ટ હોય છે. સિવિલ જજની કોર્ટ 25 લાખ સુધીના નાણાકીય હિસ્સાના નાગરિક કેસોની સુનાવણી હાથ ધરે છે. ફોજદારી મામલાની સૌથી નીચલી અદાલત ન્યાયિક (જ્યુડિશિયલ) મૅજિસ્ટ્રેટની છે. ન્યાયિક મૅજિસ્ટ્રેટ ફોજદારી કેસો પર સુનાવણી કરે છે. તેમને ત્રણ વર્ષ સુધીની કેદની અને ₹ 10,000 સુધીના દંડની સજા કરવાની સત્તા છે. તેમના દ્વારા આપેલ ચુકાદા પર જિલ્લા અદાલતમાં અપીલ કરી શકાય છે.

### જિલ્લા અદાલત :

દરેક જિલ્લામાં દીવાની અને ફોજદારી અદાલત હોય છે. સમગ્ર દેશમાં તાબાની અથવા નીચલી અદાલતોનું સંસ્થાકીય માળખું તેમજ કાર્યો નજીવા તફાવતથી એકસરખાં છે. તાબાની અદાલતો સંબંધિત વડી અદાલતના નિરીક્ષણ હેઠળ કામગીરી કરે છે. દરેક જિલ્લામાં ઉચ્ચતમ અદાલત જિલ્લા અને સેશન્સ જજની (જિલ્લાની વરિષ્ઠ ફોજદારી) અદાલત છે. જે સિવિલ (નાગરિક) અધિકારક્ષેત્રની મુખ્ય અદાલત છે. તેને સેશન્સનો દરજ્જો પણ છે. જિલ્લા ન્યાયાધીશની નિમણૂક વડી અદાલત સાથે ચર્ચા-વિચારણા કરીને રાજ્યપાલ કરે છે.

### સત્તા અને કાર્યો :

તાલુકા અને જિલ્લા અદાલતોમાં આરોપી અને ફરિયાદીને હાજર રાખવામાં આવે છે. તેઓ પોતાના વકીલ દ્વારા પોતાનો પક્ષ ન્યાયાધીશ સમક્ષ રાખે છે. ફરિયાદી અને આરોપીનો વિવાદ સાંભળ્યા પછી ન્યાયાધીશ ચુકાદો આપે છે.

જિલ્લા અદાલતમાં ન્યાયાધીશ દીવાની દાવા ચલાવે ત્યારે જિલ્લા ન્યાયાધીશ અને ફોજદારી મુકદમા ચલાવે ત્યારે સેશન્સ ન્યાયાધીશ કહેવાય છે. તે ફાંસીની, જન્મટીપની કે 10 વર્ષથી વધુ કેદની સજા ફરમાવી શકે છે. મેટ્રો શહેરો (મહાનગરો)માં સિટી સિવિલ અને સેશન્સ કોર્ટો તેમજ મજૂરોના વિવાદ માટે મજૂર અદાલતો પણ હોય છે. ચીફ જ્યુડિશિયલ મૅજિસ્ટ્રેટ, એડિશનલ ચીફ જ્યુડિશિયલ મૅજિસ્ટ્રેટ અને મેટ્રો પોલિટિયન મૅજિસ્ટ્રેટ સાત વર્ષ કે તેથી વધુ વર્ષની સજા અને અમર્યાદિત રકમનો દંડ કરવાની સત્તા ધરાવે છે. તાબાની અદાલતના ચુકાદા સામે વડી અદાલતમાં અપીલ કરી શકાય છે.

**જાણવું ગમશે**

- કોર્ટમાં એક શબ્દ વપરાય છે બાર અને બેચ - જેમાં 'બાર' ઍડવોકેટને અને 'બેચ' જજને સંબંધિત છે. ઍડવોકેટનું જે કાઉન્સિલ હોય તેને બાર કહેવામાં આવે છે અને આ બાર કાઉન્સિલ ઍડવોકેટ પર નજર રાખે છે, ઍડવોકેટને કોર્ટની કાર્યવાહીમાં રજૂ થવા માટે સનદ (વકીલાત કરવા માટે પ્રમાણપત્ર) આપે છે અને જો કોઈ ઍડવોકેટ ખોટું કામ કરે તો તેની ફરિયાદ બાર કાઉન્સિલમાં કરવામાં આવે છે. કાઉન્સિલ તે ઍડવોકેટ પર કાર્યવાહી કરે છે. મોટી ભૂલ કરવા પર આ ઍડવોકેટની 'સનદ' પણ રદ થઈ શકે છે. એકસાથે કામ કરવાવાળા જજોને બેચ કહેવામાં આવે છે.

### વડી અદાલત (High Court)

ગુજરાત રાજ્યની વડી અદાલત અમદાવાદમાં છે. દેશની બધી જ વડી અદાલતના ક્ષેત્રાધિકાર નિશ્ચિત કરવામાં આવ્યા છે. બધી જ વડી અદાલતોનું મહત્ત્વ ન્યાયતંત્રમાં સમાન છે. વડી અદાલતો તેની તાબાની અદાલતો અને સર્વોચ્ચ અદાલતને જોડતી કડી છે. કેન્દ્ર કક્ષાએ સર્વોચ્ચ અદાલત જે સ્થાન તેમજ મોભો ધરાવે છે તેવો જ મોભો અને સ્થાન રાજ્યકક્ષાએ વડી અદાલત ધરાવે છે. વડી અદાલત જે-તે રાજ્યના વિસ્તારમાં સર્વોપરી છે અને કાયદાનું અર્થઘટન કરીને ન્યાય આપવાનું કાર્ય કરે છે. સામાન્ય રીતે દરેક રાજ્યમાં વડી અદાલત હોય છે પરંતુ બે કે તેથી વધુ રાજ્ય માટે એક જ વડી અદાલત પણ હોઈ શકે છે. ઉદાહરણ તરીકે પૂર્વનાં કેટલાંક રાજ્યો માટે એક જ વડી અદાલત છે.

વડી અદાલતની રચના અને બંધારણ અનુસાર એક મુખ્ય ન્યાયાધીશ અને રાષ્ટ્રપતિ વખતોવખત જેટલા ન્યાયાધીશોની નિમણૂક કરે તેટલા ન્યાયાધીશોની વડી અદાલત બનશે. વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશની નિમણૂક રાષ્ટ્રપતિ સર્વોચ્ચ અદાલતના વરિષ્ઠ ન્યાયાધીશ તેમજ સંબંધિત રાજ્યના રાજ્યપાલ સાથે મંત્રણા કરીને કરે છે. અન્ય ન્યાયાધીશોની નિમણૂક સંબંધિત રાજ્યની વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશ સાથે મંત્રણા કરીને રાષ્ટ્રપતિ કરે છે. બધી વડી અદાલતોમાં ન્યાયાધીશોની સંખ્યા એકસરખી હોતી નથી.



ગુજરાતની વડી અદાલત

વડી અદાલતના ન્યાયાધીશ તરીકે નિમાયેલ વ્યક્તિ પોતાનો હોદ્દો ધારણ કરે તે અગાઉ રાજ્યના રાજ્યપાલ અથવા તેમણે આ સંબંધમાં નીમેલ વ્યક્તિ સમક્ષ હોદ્દો અને ગુપ્તતાના શપથ કે પ્રતિજ્ઞા લઈને તેના પર સહી કરે છે. વડી અદાલતમાં વ્યવહાર અંગ્રેજી ભાષામાં જ ચાલે છે. વડી અદાલતમાં આરોપી અને ફરિયાદીને હાજર રહેવાની જરૂર હોતી નથી. બંને પક્ષના

વકીલો જ દલીલ કરે છે. જરૂર જણાય ત્યારે આરોપી કે ફરિયાદીને ખાસ હાજર રાખવામાં આવે છે. વડી અદાલતના અધિકાર ક્ષેત્રમાં મૂળ અધિકાર ક્ષેત્ર, વિવાદી અધિકાર ક્ષેત્ર અને વહીવટી અધિકાર ક્ષેત્રનો સમાવેશ થાય છે.

**સત્તા અને કાર્યો :**

- દીવાની, ફોજદારી અને મહેસૂલી પ્રકારના દાવાઓ સાંભળી ન્યાય આપે છે.
- બંધારણની કલમ-226 અનુસાર રાજ્યના સંદર્ભમાં મૂળભૂત હકોના રક્ષણની બાબતમાં આદેશો-હુકમો જારી કરવાની સત્તા છે.
- તેના અંકુશ હેઠળની અદાલતોના ચુકાદાઓ વિરુદ્ધની અપીલ સાંભળે છે.
- તેના તાબા હેઠળની રાજ્યની તમામ અદાલતો પાસેથી રિપોર્ટ મંગાવી શકે છે.
- તેના અંકુશ હેઠળની અદાલતો માટે સામાન્ય નિયમ બનાવી અથવા સુધારી શકે છે. વડી અદાલતના ચુકાદા સામે સર્વોચ્ચ અદાલતમાં અપીલ કરી શકાય છે.

## સર્વોચ્ચ અદાલત (Supreme Court)

આપણા દેશની સર્વોચ્ચ અદાલત દિલ્લીમાં છે. દેશની બધી જ અદાલતોમાં સર્વોચ્ચ અદાલતનું સ્થાન સૌથી ઊંચું છે. ભારતમાં 28 જાન્યુઆરી, 1950ના રોજ સર્વોચ્ચ અદાલતનો પ્રારંભ થયો. ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની અને અન્ય ન્યાયમૂર્તિની નિમણૂક ભારતના રાષ્ટ્રપતિ દ્વારા થાય છે. સર્વોચ્ચ અદાલતના વરિષ્ઠ ન્યાયમૂર્તિની નિમણૂક સામાન્ય રીતે વરિષ્ઠતા (Seniority)ના ધોરણે થાય છે. ન્યાયમૂર્તિઓની નિયુક્તિ ખાસ કરીને નોકરીના સમયગાળાને આધારે થાય છે. સર્વોચ્ચ અદાલતના દરેક ન્યાયાધીશને હોદ્દો સ્વીકારતાં પહેલાં રાષ્ટ્રપતિ સમક્ષ ભારતના બંધારણ પ્રત્યે વફાદાર રહેવાના અને તેનું રક્ષણ કરવાના સોગંદ લેવા પડે છે.

મૂળભૂત હકોના પાલન માટેનો અધિકાર સર્વોચ્ચ અદાલત પાસે છે. કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા સર્વોચ્ચ અદાલતમાં ન્યાય મેળવવા અરજી કરી શકે છે.



સર્વોચ્ચ અદાલત - દિલ્લી

**હોદ્દા પરથી બરતરફ :**

સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશોને દૂર કરવા ખાસ પ્રક્રિયા છે. સાબિત થયેલ ગેરવર્તણૂક અથવા બિનકાર્યક્ષમતા માટે આ પ્રક્રિયા કરવામાં આવે છે. સંસદના બંને ગૃહોમાં બે-તૃતીયાંશ બહુમતીએ આ દરખાસ્ત પસાર કરવી પડે છે. જેના આધારે રાષ્ટ્રપતિ તેઓને હોદ્દા ઉપરથી દૂર કરે છે. આ પ્રક્રિયાને મહાભિયોગ (Impeachment) કહેવામાં આવે છે.

### સત્તા અને કાર્યો :

- વડી અદાલતમાં આવે તેવા તમામ પ્રકારના દાવાઓ સર્વોચ્ચ અદાલત સાંભળે છે.
- સર્વોચ્ચ અદાલત એના અંકુશ હેઠળની અદાલતો વિરુદ્ધની અપીલો સાંભળે છે.
- બંધારણના અર્થઘટન માટે થયેલા ચુકાદા પર અપીલો સાંભળે છે.
- સર્વોચ્ચ અદાલતને પોતાના સહિત ભારતભરની કોઈ પણ કોર્ટના આદેશનો અનાદર કે કાયદાના તિરસ્કાર કરવા બદલ કોઈને પણ શિક્ષા કરવાની સત્તા આપવામાં આવી છે.
- સર્વોચ્ચ અદાલતને પોતે અગાઉ આપેલા ચુકાદાઓની પુનઃ સમીક્ષા કરવાની સત્તા છે.
- રાષ્ટ્રપતિ કે ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી વિશે વિવાદ ઉકેલવાની સત્તા છે.
- નાગરિકના હકોનું જતન કરવા માટે બંધારણ સાથે સુસંગત ન હોય તેવા કારોબારીનાં કોઈ પગલાં / આદેશ / નિર્ણયને ગેરબંધારણીય અને રદબાતલ કરાવાની સત્તા સર્વોચ્ચ અદાલતને છે. અપવાદ તરીકે માર્શલ લૉ હેઠળ લશ્કરી અદાલતના નિર્ણય કે ચુકાદા વિરુદ્ધ સર્વોચ્ચ અદાલતમાં અપીલ થઈ શકતી નથી.

સર્વોચ્ચ અદાલતમાં મુખ્ય ન્યાયાધીશ હોય છે. તેમને મદદરૂપ થવા અન્ય ન્યાયાધીશોની જોગવાઈ છે. બંને પક્ષના વકીલો અહીં દલીલ કરે છે. જરૂર જણાય તો જ ફરિયાદી કે અરજદારને હાજર રાખવામાં આવે છે. સર્વોચ્ચ અદાલતમાં બધા વિવાદ મુખ્ય ન્યાયાધીશ કે તેમની સાથેના અન્ય ન્યાયાધીશો સાંભળે છે. વિવાદ સાંભળ્યા પછી સર્વોચ્ચ અદાલત ચુકાદો આપે છે. સર્વોચ્ચ અદાલતના ચુકાદા ઉપર ન્યાય મેળવવા અરજી કરી શકાતી નથી. સર્વોચ્ચ અદાલતનો ચુકાદો અન્ય તમામ અદાલતો માટે બંધનકર્તા છે.

### નઝીરી અદાલત (Court of Records)

જેમ રાજ્ય માટે હાઈકોર્ટ નઝીરી અદાલત છે તેમ સમગ્ર રાષ્ટ્ર માટે સર્વોચ્ચ અદાલત નઝીરી અદાલત (કોર્ટ ઑફ રેકર્ડ્ઝ) ગણાય છે. તાબાની અદાલતો માટે તેણે આપેલા ચુકાદા અથવા નિર્ણય કાયમી દસ્તાવેજ ગણાય છે અને તે ચુકાદાઓ નીચલી અદાલતો માટે શિરોમાન્ય ગણાય છે. તેના ચુકાદાઓનો ઉપયોગ વડી અદાલતો અને તાબાની અદાલતોના ચુકાદાઓમાં સંદર્ભ તરીકે લેવાય છે અને તેનાં ધારાધોરણો તાબાની અદાલતો માટે બંધનકર્તા છે.

### ન્યાયતંત્રની સ્વતંત્રતા

અહીં બાજુમાં ન્યાયની દેવીનું ચિત્ર આપેલું છે. જેની 'આંખે પાટા અને હાથમાં ત્રાજવું' છે. આ પ્રતીક સૂચવે છે કે ગમો-અણગમો રાખ્યા વિના તથા પક્ષપાત વગર ન્યાયની દેવી ન્યાય તોલે છે. ન્યાયની દેવીના હાથમાં 'તલવાર' એ સૂચવે છે કે, ગુનો સાબિત થાય તેને ચોક્કસ સજા કરવામાં આવશે. ન્યાયતંત્ર માટે આ પ્રતીક સૂચક છે. ન્યાયાધીશો નિષ્પક્ષ, તટસ્થ અને નિર્ભય રહીને ન્યાય આપી શકે તે માટે બંધારણમાં ખાસ જોગવાઈ કરવામાં આવી છે. વડી અદાલત કે સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ સામે અયોગ્ય વ્યવહાર કે બિનકાર્યક્ષમતા પુરવાર થાય તો સંસદના બંને ગૃહમાં બે તૃતીયાંશ સભ્યોની બહુમતીથી મહાભિયોગ દ્વારા તેમને હોદ્દા પરથી દૂર કરી શકાય છે. જોકે આ પ્રક્રિયા ખૂબ કઠિન છે. પરંતુ આ રીતે બંધારણે ન્યાયતંત્રની સ્વતંત્રતાને રક્ષણ આપ્યું છે. આપણું ન્યાયતંત્ર સંપૂર્ણપણે સંસ્થા આધારિત છે. ન્યાયતંત્રમાં વ્યક્તિ ગમે તેટલો મહાન હોય કે સર્વોચ્ચ પદ પર બિરાજમાન હોય તો પણ તેવા વ્યક્તિની મરજી કે આપખુદી ઉપર તંત્ર ચાલતું નથી પણ કાયદા મુજબ ચાલે છે.



ન્યાયની દેવી

### ન્યાયતંત્રની જરૂરિયાત

કોઈ પણ વ્યક્તિ ઉપર ગુનો કર્યાનો આરોપ મૂકવામાં આવ્યો હોય ત્યારે જ્યાં સુધી ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે ગુનેગાર ગણાતો નથી. તેવો સિદ્ધાંત ભારતીય ન્યાયપ્રણાલીમાં સ્વીકારવામાં આવ્યો છે. કોઈ પણ નિર્દોષ વ્યક્તિને સજા ન

થાય તે માટે ભારતની ન્યાય-વ્યવસ્થામાં પૂરતી સાવચેતી રાખવામાં આવી છે. તે સાથે-સાથે કોઈ દોષિત કાયદાની પકડમાંથી છટકી ન જાય તે પણ જોવાની એટલી જ મહત્ત્વની જવાબદારી છે. દોષિત છટકી જાય તે સમગ્ર સમાજ માટે ખતરારૂપ છે. તેનાથી પ્રજાનો ન્યાયની પ્રક્રિયામાંથી વિશ્વાસ ઊઠી જાય છે. કોઈ દોષિત પણ સજામાંથી છટકી ન જાય અને કાયદા દંડમુક્ત છે તેવું માની તેનો ભંગ કરી વધુ ને વધુ ગુના કરવા ના પ્રેરાય તે માટે ન્યાયતંત્રની જરૂરિયાત છે.

- આપણું ન્યાયતંત્ર બંધારણના સંરક્ષક અને વાલી તરીકે કામ કરે છે.
- ન્યાયતંત્ર કેન્દ્ર અને રાજ્ય સરકારની સત્તાની મર્યાદા નક્કી કરે છે.
- નાગરિકોના મૂળભૂત અધિકારોનું રક્ષણ કરવાનું કામ અદાલતોનું છે.
- ન્યાયતંત્રને સરકાર કે વહીવટી તંત્રની અસરમાંથી મુક્ત અને સ્વતંત્ર રાખવામાં આવેલ છે.
- કોઈની પણ શેહશરમ રાખ્યા વિના નિષ્પક્ષ અને સચોટ ન્યાય આપે છે.

આમ, ન્યાયતંત્ર માટે બધા સમાન છે, કોઈની પણ સાથે કોઈ પણ પ્રકારનો ભેદભાવ રાખવામાં આવતો નથી.

## જાહેર હિતની અરજી (Public Interest Litigation - PIL)

ન્યાયતંત્રનું કામ સમાજના તમામ વર્ગને ન્યાય મળે તેવી વ્યવસ્થા ગોઠવવાનું અને તેના દ્વારા ન્યાય મળે તે જોવાનું છે. જાહેર હિતની વાત હોય તેના માટે કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા પહેલ કરીને અદાલતમાં અરજી કરી શકે છે. જેમાં, વ્યક્તિનું અંગત હિત નહિ પણ સમાજનાં હિતની વાત હોય છે. ન્યાયતંત્રને વધારે લોકાભિમુખ બનાવવામાં જાહેર હિતની અરજીનો ફાળો મોટો છે. જોકે જાહેર હિતની બિનજરૂરી કે અયોગ્ય અરજી હોય તો આ અરજી કરનારને વડી અદાલત સજા કે દંડ કરી શકે છે. જાહેર હિતની અરજીનો દુરુપયોગ રોકવા વડી અદાલતને આ સત્તા આપવામાં આવી છે. ક્યારેક અદાલત પોતે જાહેર હિતની બાબતે કેસ દાખલ કરે છે. જેને સુઓ મોટો (SUO MOTO) કહેવામાં આવે છે.

## લોકઅદાલત

અદાલતમાં રોજ જેટલા કેસ દાખલ થાય છે, તેની સામે રોજ નિકાલ થતાં કેસની સંખ્યા ઓછી હોય છે. જેના કારણે અદાલતમાં કેસોનો ભરાવો દિન-પ્રતિદિન વધતો જાય છે. આ કેસોના ભારણ ઘટાડવા માટે લોકઅદાલતનું આયોજન કાયદા વિભાગ દ્વારા કરવામાં આવે છે. ગુજરાત કાનૂની સેવા સત્તા મંડળ, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ દ્વારા ગુજરાત રાજ્યના કેટલાક જિલ્લામાં કાયમી લોકઅદાલતોની સ્થાપના કરવામાં આવેલ છે. આ કાયમી લોકઅદાલતમાં કેસ દાખલ કરવા માટે અથવા કોઈ કાર્યવાહી કરવા માટે કોર્ટ ફી ભરવાની રહેતી નથી.

### ઉદ્દેશ :

ન્યાયતંત્રને ઝડપી અને બિનખર્ચાળ બનાવવા લોકઅદાલતો કાર્યરત છે. આ લોકઅદાલતનો મુખ્ય ઉદ્દેશ કોર્ટમાં કેસ લડી રહેલા બે પક્ષો વચ્ચે ન્યાયનો વિલંબ નિવારી સુખદ સમાધાન લાવવાનો હોય છે.

### લોકઅદાલતના ફાયદાઓ :

- લોકઅદાલતના માધ્યમથી અનેક કેસોના ઝડપી અને સુખદ સમાધાન આવ્યા છે.
- નાગરિક અને કોર્ટના સમય અને નાણાં બચે છે.
- લોકોને કાયદાકીય આંટીઘૂંટીમાંથી બચાવી શકાય છે.

**જાણવા જેવું**

- લોકઅદાલતનો સૌપ્રથમ પ્રયોગ ગુજરાતથી શરૂ થયો હતો.

## પ્રથમ દર્શિય નોંધ (First Information Report - F. I. R.)

જ્યારે કોઈ સ્થળે ગુનો બને છે ત્યારે તેનો ભોગ બનનાર વ્યક્તિ સૌપ્રથમ ત્યાંના પોલીસ-સ્ટેશનમાં તેની ફરિયાદ કરે છે. કેટલીક વાર પોલીસ સામેથી પણ તેની નોંધ કરે છે. આ માહિતી પ્રથમવાર મળતી હોવાથી તે પ્રથમ દર્શિય અથવા પ્રથમ માહિતી નોંધ કહેવામાં આવે છે, જેને F. I. R. કહેવામાં આવે છે.

આની નોંધ તૈયાર થયા બાદ તેની તપાસ થાય, આરોપીઓની શોધ થાય અને તેમના વિરુદ્ધના પુરાવા ભેગા કરી આરોપનામું તૈયાર થાય છે. પણ આ બધામાં F. I. R. ખૂબ જ મહત્ત્વનો પુરાવો બની શકે છે.

F. I. R. નોંધવા માટે પોલીસ-સ્ટેશનમાં મૌખિક રીતે પણ ફરિયાદ કરી શકાય છે. સામાન્ય રીતે પોલીસ F. I. R. નોંધવાની ના પાડી શકતી નથી.

**ન્યાયિક ચુકાદા અને ભારતીય વ્યવસ્થા**

ભારતના બંધારણમાં ન્યાયતંત્રની સ્વાયતતાનું રક્ષણ કરવામાં આવ્યું છે. જેના પરિણામે ભારતની સર્વોચ્ચ અદાલત અને વિવિધ રાજ્યોની વડી અદાલતોએ શકવર્તી ચુકાદા આપી નાગરિકોના અધિકારોનું રક્ષણ કર્યું છે તેમજ ન્યાયિક સમાજ વ્યવસ્થાના નિર્માણમાં યોગદાન આપ્યું છે.

ભારતમાં બહુચર્ચિત તેવા કેશવાનંદ ભારતીના (કેશવાનંદ ભારતી વિરુદ્ધ કેરલ રાજ્ય) ચુકાદામાં સર્વોચ્ચ અદાલતની બંધારણીય બેંચે બહુમતીથી મહત્ત્વનો ચુકાદો આપ્યો હતો. જેમાં સંસદ કે ધારાસભાઓમાં બહુમતીના જોરે નાગરિકોના મૂળભૂત હકોના રક્ષણની વિગતોની ચર્ચા કરવામાં આવી હતી.

એ જ પ્રમાણે જસ્ટીસ પુટ્ટાસ્વામી વિરુદ્ધ ભારત સરકારના કેસમાં ચુકાદો આપતી વખતે સર્વોચ્ચ અદાલતે નાગરિકોના ગોપનીયતાના અધિકારોનું રક્ષણ કરવા જણાવ્યું હતું. આ ચુકાદામાં ભારતીય બંધારણ નાગરિકોને ગોપનીયતાનો અધિકાર આપે છે તેમ ઠરાવ્યું હતું.

હાલમાં આપણી શાળાઓમાં આપવામાં આવતા મધ્યાહ્ન ભોજનની વ્યવસ્થામાં પણ અદાલતના ચુકાદાનો આધાર લેવામાં આવ્યો છે.

**પ્રવૃત્તિ**

નજીકના સમયમાં અદાલતો દ્વારા અપાયેલ મહત્ત્વના ચુકાદાઓ બાબતે સમાચારપત્રોમાં આવેલ વિગતોનાં કટિંગ્સ ભેગાં કરો અને તેનો અંક બનાવો.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં આપો :**

(1) ફોજદારી દાવામાં કઈ બાબતોનો સમાવેશ કરી શકાય ?

(2) સેશન્સ ન્યાયાધીશ કોને કહેવાય ?

(3) આપણા દેશની બધી અદાલતોમાં કઈ અદાલતનું સ્થાન સૌથી ઊંચું છે ?

**2. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :**

(1) વડી અદાલતની સત્તા અને કાર્યો વિશે નોંધ લખો.

(2) લોકઅદાલતના ફાયદા જણાવો.

**3. ખાલી જગ્યા પૂરો :**

(1) ન્યાયની દેવીએ પોતાના હાથમાં .......... અને .......... ધારણ કરેલ છે.

(2) વડી અદાલતના ચુકાદા સામે .......... અદાલતમાં અપીલ કરી શકાય છે.

(3) ગુજરાત રાજ્યની વડી અદાલત .......... શહેરમાં છે.

(4) આપણા દેશની સર્વોચ્ચ અદાલત .......... શહેરમાં છે.

**પ્રવૃત્તિ**

- શાળામાં મોક અદાલતનો કાર્યક્રમ ગોઠવો.
- નજીકના પોલીસ-સ્ટેશનની મુલાકાત ગોઠવો.

•

# 18 સામાજિક ન્યાય અને સામાજિક વિસંગતતા

B5N8G2

ભારતીય સમાજ જ્યારે પરંપરાગત સમાજમાંથી આધુનિક સમાજ તરફ ઝડપથી ગતિ કરી રહ્યો છે ત્યારે સમાજમાં આર્થિક, સામાજિક, રાજકીય, સાંસ્કૃતિક બાબતોમાં પરિવર્તનો થઈ રહ્યાં છે. સમાજમાં ન્યાયી અને સુસંગત વ્યવસ્થા જળવાઈ રહે તે જરૂરી છે. તેથી સામાજિક ન્યાય માટે જ્ઞાતિ, લિંગ, જાતિ કે વંશનો કોઈ પણ પ્રકારનો ભેદભાવ રાખ્યા વિના સમાજના તમામ લોકોના વ્યક્તિત્વના વિકાસ માટે સમાન સામાજિક તકો મળવી જોઈએ.

'સામાજિક ન્યાય' એ શબ્દપ્રયોગમાં 'સામાજિક' શબ્દ સમાજમાં રહેનારા તમામ લોકોના સંદર્ભે છે, જ્યારે 'ન્યાય' શબ્દ સ્વતંત્રતા, સમાનતા અને અધિકારો સાથે સંબંધિત છે. સામાજિક ન્યાય એ સમાજની દરેક વ્યક્તિ માટે સ્વતંત્રતા સુનિશ્ચિત કરવા, સમાનતા પૂરી પાડવા અને વ્યક્તિગત હકોની જાળવણી કરવા માટે છે. આમ, સામાજિક ન્યાયનો હેતુ સમાજની નવરચના કરવાનો છે.

## સામાજિક અસમાનતા

સામાજિક અસમાનતા વ્યક્તિને મળતા અધિકારો અને તકોના સંદર્ભે સમાન ન હોવાની સ્થિતિ સાથે સંકળાયેલ છે. આપણા દેશમાં શિક્ષણ, રોજગારી, આવક, લિંગ, જાતિ વગેરે જેવી બાબતોમાં સામાજિક અસમાનતા જોવા મળે છે. અગાઉ લિંગના આધારે સ્ત્રી-પુરુષને તેનાં સમાન કામના આધારે ચૂકવવામાં આવતા વેતનમાં ભેદભાવ કરવામાં આવતો હતો. આ ઉપરાંત સમાજમાં મોટા ભાગે દીકરા-દીકરીઓના ઉછેર અને શિક્ષણ આપવામાં પણ ભેદભાવ રાખવામાં આવતો હતો. સામાન્ય રીતે સામાજિક અસમાનતા માટે નીચેની બાબતો જવાબદાર ગણી શકાય :

- લોકોમાં શિક્ષણના અભાવને લીધે તેઓ સમાજમાં મળતા લાભોથી ઘણી વાર વંચિત રહી જાય છે.
- ઘણી વાર કાયદાની જાણકારીના અભાવે પણ સામાજિક અસમાનતાની સ્થિતિ ઊભી થાય છે.
- સમાજમાં જોવા મળતા કુરિવાજોને લીધે અમુક વર્ગ કે જાતિના લોકોનો સામાજિક વિકાસ નીચો જોવા મળે છે.
- સમાજમાં રૂઢ થયેલી માન્યતાઓને કારણે વ્યક્તિ નવી બાબતો કે પરિવર્તનોને સ્વીકારવામાં દુર્લક્ષ સેવે છે જેથી સામાજિક વિકાસ રૂંધાય છે.

## સામાજિક ન્યાયના પ્રયાસો

ભારતના બંધારણમાં અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ, વિચરતી જાતિઓ, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગો તથા અલ્પસંખ્યક સમુદાયોનાં રક્ષણ, કલ્યાણ અને વિકાસ માટે કેટલીક બંધારણીય જોગવાઈઓ કરવામાં આવી છે :

- ભારતનું બંધારણ દેશના તમામ નાગરિકોને સમાન રીતે સામાજિક, આર્થિક અને રાજનૈતિક ન્યાય પ્રદાન કરે છે.
- દરેક વ્યક્તિને સમાન તક અને સમાન દરજ્જો પ્રાપ્ત થાય તેનો ઉલ્લેખ બંધારણમાં છે.
- પછાત વર્ગોને બંધારણીય હકો દ્વારા દેશમાં સમાન તક, ન્યાય અને દરજ્જો આપવામાં આવે છે.
- પંચવર્ષીય યોજનાઓમાં પણ આ વર્ગો માટે ખાસ જોગવાઈ કરવામાં આવી છે.

## સામાજિક અસમાનતા અને આર્થિક સ્થિતિ

માનવસ્વભાવ અનુસાર કોઈને ઊંચું અને નીચું સમજવાનો પ્રયત્ન થતો હોય છે. એ સ્થિતિ ધીમે-ધીમે દૃઢ થતી જાય ત્યારે સમાજમાં ભેદભાવ ઊભો થતો જોવા મળે છે. જેના પરિણામે કોઈ એક વર્ગમાં સમાવિષ્ટ લોકો જ એકબીજાને સહાયભૂત થતા હોય છે તેમજ અન્ય વર્ગ પ્રત્યે અણગમો પણ ધરાવે છે. આવી સ્થિતિ નિર્માણ થાય ત્યારે વર્ગવિગ્રહ સુધીની સ્થિતિ પણ ઊભી થાય છે, જેની ગંભીર અસર સમાજ ઉપર થતી હોય છે. સમાજનો કોઈ એકાદ વર્ગ ઘણી વાર આર્થિક અને સામાજિક રીતે અપ્રગત અવસ્થામાં આવી જાય છે.

આવા અપ્રગત વર્ગ પાસે વિકાસ માટેની કોઈ સુવિધા હોતી નથી તેમજ અન્યાયની સામે અવાજ કરવાની ક્ષમતા પણ લુપ્ત થઈ જાય છે. આવો વર્ગ શોષિત અને વંચિત રહે છે અને મોટા ભાગે વંશપરંપરાગત ગરીબીનો પણ ભોગ બને છે.

વર્તમાન સમયમાં આવેલી જાગૃતિના કારણે આવા વર્ગોના ઉત્થાનની જવાબદારી સમગ્ર સમાજની ગણવામાં આવે છે અને તેના માટે સામાજિક પરિવર્તનના પ્રયત્નો કરવાની જરૂર પડે છે. સરકાર દ્વારા પણ અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે, જે આ વર્ગોને ન્યાય આપવામાં સહાયભૂત થાય છે.

**પ્રવૃત્તિ**

- સમાજના કયા વર્ગોના વિકાસ માટે કામગીરી કરવાની જરૂરિયાત જણાય છે ? તે અંગે તજ્જ્ઞો/લોકો પાસેથી માહિતી મેળવો.

## સામાજિક ન્યાય માટે સરકારી યોજનાઓ

ભારતે સ્વતંત્રતા બાદ તમામ નાગરિકોમાં સમાનતા અને સમાન તકોની સ્થિતિ ઊભી કરવા અનેક યોજનાઓ અમલમાં મૂકી છે. તે પૈકી બે-ત્રણ નમૂનારૂપ યોજનાઓ જોઈએ :

- સંસદ, રાજ્યનાં ધારાગૃહો તેમજ પંચાયતોમાં કેટલાક મતવિસ્તારો સામાજિક ન્યાયની જરૂરિયાત હોય તેવા વર્ગો માટે અનામત રાખવામાં આવે છે. પરિણામે તેમાં આ વર્ગોનું પ્રતિનિધિત્વ જળવાય છે અને તેમનો અવાજ રજૂ થઈ શકે છે.
- શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટે ખાસ વર્ગો માટે અનામત રાખવામાં આવે છે. જેથી વંચિત વર્ગોમાં શિક્ષણનું પ્રમાણ વધે છે અને તેનાથી સમાજની સ્થિતિમાં બદલાવ આવે છે.
- સામાજિક પછાતવર્ગોને આત્મનિર્ભર બનાવવા માટે કેટલાક નાના વ્યવસાયો, ગૃહઉદ્યોગો કે લઘુઉદ્યોગો માટે વ્યાજમુક્ત કે ઓછા વ્યાજથી લોન આપવામાં આવે છે. રિક્ષા જેવાં વાહનો ખરીદવા પણ લોનની સુવિધા આ વર્ગો માટે કરવામાં આવી છે. જેનાથી વંચિત વર્ગો આર્થિક બાબતે આત્મનિર્ભર બને છે.

ઉપર દર્શાવેલ યોજનાઓ સિવાય પણ આ વર્ગોને સામાજિક રક્ષણ મળી રહે તે માટે પણ ઘણી યોજનાઓ અમલમાં છે. આ યોજનાઓ સામાજિક ન્યાયના ક્ષેત્રમાં મહત્ત્વનું યોગદાન આપે છે.


**પ્રવૃત્તિ**

- અહીં દર્શાવ્યા સિવાયની સામાજિક ન્યાય અપાવવા કઈ-કઈ યોજનાઓ અમલમાં છે તે જણાવો.

## માનવ-અધિકાર

વ્યક્તિને ગૌરવપૂર્ણ જીવન જીવવા માટે ઉપયોગી મૂળભૂત અધિકારો માટે માનવ-અધિકાર જરૂરી છે, જે માનવોના જન્મજાત અધિકારો છે. દરેક માનવીને જાતિ, ધર્મ, ભાષા કે રાષ્ટ્રીયતાના કોઈ પણ ભેદભાવ વિના સન્માન સાથે જીવન જીવવા માટે માનવ અધિકારો હોય છે. સંયુક્ત રાષ્ટ્રો (U.N.) દ્વારા માનવ અધિકારોની ઘોષણા કરવામાં આવી હતી જે નીચે મુજબ છે :

- પર્યાપ્ત ખોરાક, રહેઠાણ, પાણી અને સ્વચ્છતાનો અધિકાર
- કામ કરવાનો અને વેતન મેળવવાનો અધિકાર
- શિક્ષણ મેળવવાનો અધિકાર
- અભિવ્યક્તિની સ્વતંત્રતાનો અધિકાર
- સંપત્તિનો અધિકાર
- ગોપનીયતાનો અધિકાર



માનવ-અધિકાર

### જાણવું ગમશે

દર વર્ષે 10 ડિસેમ્બરે 'માનવ અધિકાર દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

### પ્રવૃત્તિ

- માનવ-અધિકાર પંચ વિશે માહિતી મેળવો.
- માનવ-અધિકારો માટે માનવ અધિકાર પંચ દ્વારા કરવામાં આવેલ પ્રવૃત્તિઓ વિશે જાણો અને ચર્ચા કરો.

## બાળ અધિકાર

કોઈ પણ દેશના વિકાસનો આધાર તેનાં બાળકોના સર્વાંગી વિકાસ પર રહેલો છે. બાળકોની શારીરિક, માનસિક અને બૌદ્ધિક શક્તિઓનો વિકાસ કરી તેમને સ્વસ્થ અને જવાબદાર નાગરિક બનાવવા એ આપણી પ્રાથમિકતા હોવી જોઈએ. સંયુક્ત રાષ્ટ્રો (U.N.) દ્વારા બાળકોના જીવનવિકાસ અને કલ્યાણ-સંબંધી અધિકારોની ઘોષણા કરવામાં આવી છે, જે નીચે મુજબ છે :



બાળ અધિકાર

- જાતિ, રંગ, લિંગ, ભાષા, ધર્મ કે રાષ્ટ્રીયતાના ભેદભાવ વિના જીવન જીવવાનો જન્મસિદ્ધ અધિકાર
- માતાપિતા દ્વારા બાળકોનું યોગ્ય રીતે પાલનપોષણનો અધિકાર
- પોતાના વ્યક્તિત્વના વિકાસ માટે શિક્ષણ મેળવવાનો અધિકાર
- તંદુરસ્ત અને સ્વસ્થ જીવન જીવવાનો અધિકાર
- પોતાના ધર્મ સમુદાયમાં રહેવાનો અને સંસ્કૃતિ જાળવવાનો અધિકાર
- પોતાની અભિવ્યક્તિ કરવાનો અધિકાર
- શારીરિક કે માનસિક હિંસા, શોષણ, યાતના સામે રક્ષણ મેળવવાનો અધિકાર
- સામાજિક સુરક્ષા અને યોગ્ય જીવનસ્તર પ્રાપ્ત કરવાનો અધિકાર

### જાણવું ગમશે

દર વર્ષે 20 નવેમ્બરે 'બાળ અધિકાર દિવસ' ઊજવવામાં આવે છે.

### પ્રવૃત્તિ

- સમાજમાં બાળકોનું શોષણ થતું હોય તેવી તમારા ધ્યાનમાં આવેલ બાબતો વિશે નોંધ કરો.
- વિવિધ અધિકારોથી સામાજિક વિસંગતતા કઈ રીતે દૂર થશે એની વિગતો નોંધો.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :**

(1) સામાજિક ન્યાય એટલે શું ?

(2) સામાજિક અસમાનતાની પરિસ્થિતિ એટલે શું ?

(3) વ્યક્તિને માનવ-અધિકારો કઈ રીતે ઉપયોગી છે ?

**2. નીચેના પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર આપો :**

(1) સામાજિક અસમાનતાની આર્થિક સ્થિતિ પર કેવી અસરો થાય છે ?

(2) બાળ અધિકાર એટલે શું ? બાળકોને કયા-કયા બાળ અધિકારો મળે છે ?

**3. વિચારો અને લખો :**

(1) સામાજિક કુરિવાજોથી સમાજમાં કઈ રીતે અસમાનતા ઊભી થાય, કોઈ એક ઉદાહરણ આપી સમજાવો.

(2) ચૌદ વર્ષની ઉંમરના બાળકને રેસ્ટોરન્ટમાં કામ આપવું યોગ્ય ગણાય ? શા માટે ?

(3) શિક્ષણથી વંચિત રહેનાર વ્યક્તિને કેવી-કેવી સમસ્યાઓ નડતી હશે ?

•

# 19 સામાજિક-આર્થિક ક્ષેત્રે સરકારની ભૂમિકા

Y9U1W4

ભારતે ‘કલ્યાણ રાજ્ય’ બનવાનો સંકલ્પ કર્યો છે તે માટે પ્રાચીન ભારતની ‘સર્વજન હિતાય સર્વજન સુખાય’ સમાજ- વ્યવસ્થાનું નિર્માણ કરવું ખૂબ જરૂરી છે.

સ્વતંત્રતા અગાઉ બહુ લાંબા સમય સુધી ભારતીય પ્રજા રાજકીય રીતે પરતંત્ર રહી. અંગ્રેજો અને તે અગાઉના શાસકોએ ઘણા પ્રમાણમાં સમાજના માનસને પણ સંકુચિત કરવાનો પ્રયત્ન કર્યો. પરિણામ સ્વરૂપ સ્વતંત્રતા બાદ ભારતીય સમાજ ક્યાંક કુરૂઢિઓમાં સંકળાયેલો હતો અને ક્યાંક આર્થિક અને સામાજિક રીતે અત્યંત વિષમ સ્થિતિમાં હતો. સમાજના આર્થિક તેમજ માનસિક વિકાસ વગર રાજકીય સ્વતંત્રતા અર્થહીન બની રહે તેવી પૂર્ણ સંભાવના છે. જેના કારણે ભારતની સરકારને બહુ જ પરિશ્રમ કરવાની અને લાંબા ગાળાનાં પગલાં ભરવાની જરૂરિયાત ઊભી થઈ હતી.

## મૂળભૂત જરૂરિયાતો

એક સમયે ‘અન્ન, વસ્ત્ર અને ઓટલો’ દરેક માનવ માટે સુલભ બને તેવા પ્રયત્ન થયા. દરેક વ્યક્તિને પોષક આહાર મળે, તન ઢાંકવાં વસ્ત્રો મળે અને રહેઠાણ મળે, તે પાયાની જરૂરિયાત ગણાવા લાગી. જેમ-જેમ નાગરિકો મુક્તિના શ્વાસ લેવા લાગ્યા, તેમ-તેમ શિક્ષણ, આરોગ્ય, શુદ્ધ પાણી, શુદ્ધ હવા, પોષક આહાર તેમજ આનંદ પ્રમોદ જેવાં ક્ષેત્રો તેમાં ઉમેરાતાં ગયાં. આ બધી બાબતો પ્રાપ્ત કરવા માટે દરેક પરિવાર પાસે પૂરતી નાણાકીય વ્યવસ્થા પણ થવી જોઈએ. આ વ્યવસ્થા દરેકને રોજગારી વિના શક્ય બને તેમ ન હતી. જેથી રોજગારીનાં નવાં-નવાં ક્ષેત્રોની શોધ પણ અનિવાર્ય બની.



મૂળભૂત જરૂરિયાત

## જરૂરિયાતો પૂર્ણ કરવાના પ્રયત્નો

સ્વતંત્રતા બાદ આપણી સરકારે લોકોના વિકાસ માટે વિવિધ યોજનાઓ બનાવી, ઔદ્યોગિક અને કૃષિના ક્ષેત્રે પરિવર્તનની જરૂરિયાત હતી. ભારતમાં કૃષિ માટે પર્યાપ્ત જમીન હતી પણ પરંપરાગત સાધનોથી ખેતી થતી હોવાથી પૂરતું ઉત્પાદન થતું ન હતું. આ માટેના ભરપૂર પ્રયત્નોના પરિણામે ભારત અન્નના ઉત્પાદન ક્ષેત્રે સ્વાવલંબી બન્યું.

### પ્રવૃત્તિ

- ‘હરિયાળી ક્રાન્તિ’ માટે થયેલા પ્રયત્નોની વિગતો મેળવી વર્ગખંડમાં ચર્ચા કરો.
- ગામના વડીલો પાસેથી આજથી પચાસ વર્ષ પહેલાં ગામની ખેતી તેમજ ખેડૂતોની પરિસ્થિતિ વિશે જાણકારી મેળવો.
- હાલમાં ગુજરાતના વિવિધ ભાગોમાં ભૂગર્ભ પાણીની સમસ્યા થયેલી છે. આ સમસ્યાનાં નિવારણ માટે જળસંચય કઈ રીતે કરી શકાય તેની માહિતી મેળવો.

ખેતીની સ્થિતિ સુધરતાં ખેડૂતોનું આર્થિક અને સામાજિક સ્તર ઊંચું આવ્યું તેવું આપણે અનુભવીએ છીએ. ખેતીના સ્તરને સુધારવા માટે અને ખેડૂતોને માર્ગદર્શન આપવા માટે સહકારી પ્રવૃત્તિનો ફાળો પણ ઘણો મોટો જોવા મળે છે. ખેત-ઉત્પાદનોને વિશાળ બજાર મળી રહે તે માટે પણ ઘણા સારા પ્રયત્ન થઈ રહ્યા છે. ખેતીની સાથે સહકારી ક્ષેત્રે પશુપાલન અને દૂધ-ઉત્પાદનને પણ કેન્દ્રમાં રાખ્યું. જેણે ‘શ્વેતક્રાંતિ’નાં મંડાણ કર્યાં અને તેમાં સફળતા પણ મળી છે.

ઔદ્યોગિક ક્ષેત્રનો આધાર દેશના સમાન વિકાસ માટે પણ જરૂરી છે. આ માટે પરિવહન અને કાચા માલની પ્રાપ્તિ જ્યાં હોય ત્યાં તેને આધારિત ઉદ્યોગો વિકસતા હોય છે. પણ તમામ વિસ્તારોમાં સ્થાનિક પરિસ્થિતિને આધારિત ઉદ્યોગો વિકસે તો ત્યાંના લોકોને રોજગારીની તકો મળી રહે. જે તેમના આર્થિક ઉત્થાનમાં કારણભૂત બને. આ માટે સરકાર દ્વારા નોંધપાત્ર પ્રયત્નો થતા રહ્યા છે. કેટલાક વિસ્તારોમાં ‘સ્પેશિયલ ઇન્ડસ્ટ્રિયલ ઝોન’ બનાવવામાં આવ્યા છે. ત્યાં ઉદ્યોગ શરૂ કરનારને સરકાર દ્વારા ઉદ્યોગ માટેની સુવિધાઓ વાજબી ભાવમાં આપવામાં આવે છે. તેમજ કેટલાક સમય સુધી જુદા-જુદા કરવેરામાંથી

પણ મુક્તિ આપવામાં આવે છે. આવી વિવિધ યોજનાઓના પરિણામે રાષ્ટ્રનો ઔદ્યોગિક વિકાસ પણ સારો થયો છે. જેનાથી સમાજનો આર્થિક વિકાસ થયો. લોકોનું જીવનધોરણ ઊંચું આવ્યું હોય તેવું અનુભવાય છે.

**પ્રવૃત્તિ**

ગામના વડીલોનો સંપર્ક કરી ગામમાં પચાસ વર્ષ પહેલાં કેવાં મકાનો હતાં ? તે જાણો. તે સમયે ગામમાં પાકાં મકાનોની સુવિધા હતી ? લોકો કેવાં કપડાં પહેરતાં હતાં ? હવે, પહેરવેશ તેમજ મકાનોની સ્થિતિમાં બદલાવ આવ્યો છે ? બદલાવ આવ્યો હોય તો તેનાં કારણો જાણો.

## શિક્ષણ અને આરોગ્યનાં ક્ષેત્રો

સ્વતંત્રતા અગાઉ શિક્ષણ અને આરોગ્યની બાબતમાં લોકો ઓછા જાગૃત હતા તેમ કહેવું કેટલેક અંશે સાચું છે. અનેક ગામડાં ભારતના જનજીવનની તાસીર સમાં હતાં. તેમાં પ્રાથમિક શિક્ષણ તેમજ આરોગ્યની ખાસ સુવિધાઓ ન હતી. લોકશાહીને સફળ બનાવવા પણ શિક્ષણના પ્રસારની જરૂરિયાત હતી. સરકાર દ્વારા તેમજ કેટલાક અંશે જાહેર સંસ્થાઓ મંડળો દ્વારા તે ક્ષેત્રમાં ખૂબ જ સારા પ્રયત્નો થયા છે.

દરેક ગામમાં શાળાનું સ્વપ્ન મહદંશે સિદ્ધ થયું છે. તેની સામે આરોગ્યની સુવિધા ઉપલબ્ધ કરાવવી એટલી જ જરૂરી હતી. આ ક્ષેત્રમાં ખૂબ જ કામ કરવા છતાં હજુ સારવારના અભાવે બાળકો તેમજ પ્રસૂતાઓનાં મૃત્યુની ઘટનાઓ જોવા મળે છે. ગ્રામ્ય કક્ષા સુધી આરોગ્ય કાર્યકર્તાઓ હોવા છતાં કેટલીક ગેરમાન્યતાઓના કારણે લોકો સુવિધાનો લાભ ન લેતા હોય તેવા પ્રસંગો પણ બને છે. આમ છતાં આ ક્ષેત્રમાં ખૂબ જ સારા પ્રયત્નો થયા છે.



શિક્ષણ અને આરોગ્યનાં ક્ષેત્ર

**પ્રવૃત્તિ**

- અકસ્માત કે આકસ્મિક બીમારી સમયે 108 નંબર ઉપર ફોન કરી કેવી સુવિધા મેળવી શકાય છે તે જાણો.
- તમારા નગર/ગામને સ્વચ્છ રાખવામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા શું કરે છે ? તેમજ લોકોની ફરજ શું બને છે તેની ચર્ચા કરો.

## સામાજિક વિકાસ દ્વારા જીવન-પરિવર્તન

ભારતની સમાજ-વ્યવસ્થામાં કેટલાક વર્ગો માટે સુવિધાઓ જ ઉપલબ્ધ ન હતી. ક્યાંક તેઓને સામાજિક રીતે પણ પછાત ગણવામાં આવતા હતા, તો ક્યાંક આવા વંચિત વર્ગોને મૂળભૂત માનવ અધિકારો પણ આપવામાં આવતા ન હતા.

ભારતીય બંધારણના આવા વર્ગોની યાદી પરિશિષ્ટમાં આપવામાં આવી છે અને આ વર્ગો માટે શિક્ષણ તેમજ રોજગારીના ક્ષેત્રમાં કેટલીક સુવિધાઓ પણ આપવામાં આવી છે. જેના કારણે આ વર્ગના વ્યક્તિઓ સમાજના અન્ય વર્ગોની હરોળમાં ઊભા રહેવા સક્ષમ બને છે. આ સાથે શિક્ષણના વિકાસના કારણે લોકોની માનસિકતા પણ બદલાઈ છે અને તમામ માનવને સમાન દરજ્જાથી જોવાની દૃષ્ટિ નિર્મિત થયેલી છે. જોકે આ ક્ષેત્રમાં હજુ કેટલાક અવરોધો દૂર કરવાની જરૂર છે.

## અન્ય ક્ષેત્રો અને સરકાર

સરકારની ભૂમિકા માનવજીવનનાં અનેક ક્ષેત્રોને સ્પર્શે છે. દરેકને પોષક આહાર મળે, શુદ્ધ હવા, શુદ્ધ પાણી મળે તે માટે પણ કેટલાંક પગલાં ભરવામાં આવી રહ્યાં છે. કેટલીક વાર અસામાન્ય પરિસ્થિતિમાં સરકારની સાથે લોકો પણ જોડાતા હોય છે. પૂર, ભૂકંપ જેવી આપત્તિઓની સ્થિતિમાં હજારો લોકો માટે તાત્કાલિક પાણી અને ભોજનની વ્યવસ્થા પ્રજાના સહકાર વગર માત્ર સરકાર કરી શકે નહિ.

સામાન્ય પરિસ્થિતિમાં સમાજના તમામ વર્ગના લોકોને યોગ્ય પ્રમાણમાં પૂરતો પોષક આહાર મળે તેમજ પીવાનું પાણી મળી રહે તે માટે ઘણા સારા પ્રયત્નો થયા છે. તેમજ માણસોને એ અધિકારરૂપે આપવામાં આવ્યા છે.

**પ્રવૃત્તિ**

લોકોની સુવિધા માટેની વિવિધ સરકારી યોજનાઓની માહિતી મેળવો. જાહેર શૌચાલયો, દરેક ઘરે પાણી પહોંચાડવું, આવાસ યોજના, સ્વચ્છતા, આરોગ્ય સેવાઓ, શિક્ષણ સંસ્થાઓની વિગતો નોંધો.

## સરકારી યોજનાઓ અને અર્થતંત્ર

આપણે જોયું દરેક નાગરિકોનું જીવનધોરણ ઊંચું આવે અને તેમને પ્રાથમિક સુવિધાઓ મળે તે માટે સરકારને ઘણાં નાણાં ખર્ચવાં પડે છે. આ માટે સરકાર વિવિધ કર ઉઘરાવી આવક ઊભી કરે છે.

ક્યારેય વિચાર કર્યો છે કે, તમારા ગામમાં આવતી બસ તમને કેટલી સુવિધા આપે છે ? પણ નાનાં ગામડાં સુધી આ બસ મોકલવા માટે પ્રત્યેક દિવસે સરકારને કેટલો ખર્ચ થતો હશે ? નાના ગામ સુધી રોજેરોજ પરિવહન સેવા ચલાવવી એ ખોટનો ધંધો સરકાર શા માટે કરતી હશે ? અહીં રોજિંદી સેવા આપવા પાછળ સરકાર જે ખર્ચ કરે છે તેમાં નફો રાખવાનો આશય હોતો નથી પરંતુ લોકોને સુવિધા આપવાનો હેતુ હોય છે. ઓછી આવક ધરાવતાં પરિવારોને અનાજ, તેલ, ખાંડ જેવી સામગ્રી ઉત્પાદન ખર્ચ કરતાંય ઓછા ભાવે આપવામાં આવે છે. આ પણ નાગરિકોને પાયાની સુવિધા આપવાના હેતુથી જ કરવામાં આવતી વ્યવસ્થા છે. આ સુવિધા આપવા માટે કેટલાંક ક્ષેત્રોમાં વધારે ટૅક્સ નાખવાની ફરજ પડે છે. સરકાર આ આવકમાંથી જ લોકકલ્યાણનાં કાર્યો કરી શકે છે.

**પ્રવૃત્તિ**

- તમારા વિસ્તારની નજીકમાં એવી વસાહતની મુલાકાત લો અને ત્યાં મકાન માટે સરકારે આપેલ જગ્યા તેમજ બાંધકામ માટે આપેલ સહાયની માહિતી મેળવો.
- સામાન્ય રેસ્ટોરન્ટમાં જમવા જનાર પાસે જમવાના પૈસા ઉપરાંત ટૅક્સ લેવામાં આવતો નથી. પણ કોઈ મોટી હોટલમાં જમવા જઈએ તો જમવાના બિલમાં ટૅક્સ ઉમેરવામાં આવે છે. આને શા માટે ભેદભાવ ન ગણાય ? ચર્ચા કરો.
- કેવા લઘુઉદ્યોગોને સરકારે છૂટછાટ આપવી જોઈએ. તે કોઈ તજ્જ્ઞ પાસેથી જાણો.
- લોકોને રોજગારી મળી રહે તે માટે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી અધિનિયમ (મનરેગા), જવાહર રોજગાર યોજના, આત્મનિર્ભર ભારત જેવી યોજનાઓની માહિતી મેળવો.

## સ્વાધ્યાય

**1. ટૂંકમાં ઉત્તર આપો :**

(1) કેવા સંજોગોમાં રાજકીય સ્વતંત્રતાનો કોઈ અર્થ રહેતો નથી ?

(2) માનવની મૂળભૂત જરૂરિયાતો કઈ-કઈ છે ?

(3) દેશમાં ‘શ્વેતક્રાંતિ’થી કયો લાભ થયો છે ?

(4) સરકારની આવકના સ્રોત કયા છે ? કોઈ બે સ્રોત અંગે લખો.

**2. ટૂંક નોંધ લખો :**

(1) શિક્ષણ અને આરોગ્યના ક્ષેત્રે સરકારની ભૂમિકા

(2) કૃષિના ક્ષેત્રે આવેલ પરિવર્તન

**3. સમજાવો :**

(1) ખેતી અને પશુપાલનના ક્ષેત્રે થયેલ વિકાસ અને તેની ખેડૂતોનાં જીવનધોરણ ઉપર થયેલી અસર

(2) કેટલીક વસ્તુઓ ઉપર વધારાનો ટૅક્સ નાખવાની જરૂરિયાત

(3) સ્પેશિયલ ઈન્ડસ્ટ્રિયલ ઝોનમાં ઉદ્યોગ શરૂ કરવાથી મળતા લાભો

# • ચાલો, સમજ ચકાસીએ •

## 1 ભારતમાં યુરોપિયનો અને અંગ્રેજી શાસનની સ્થાપના

(1) 15મી સદીમાં યુરોપમાં આવેલાં સામાજિક અને ધાર્મિક પરિવર્તનો કયાં નામે ઓળખાય છે ?

(A) નવજાગૃતિ (B) ઔદ્યોગિક ક્રાંતિ

(C) ભૌગોલિક શોધખોળો (D) સામાજિક જાગૃતિ

(2) ભારતમાં આવેલ યુરોપિયન પ્રજાઓ માટે નીચેનામાંથી કયો ક્રમ યોગ્ય છે ?

(A) પોર્ટુગીઝો, ડચ, અંગ્રેજ, ફ્રેન્ચ (B) ડચ, પોર્ટુગીઝો, અંગ્રેજ, ફ્રેન્ચ

(C) ફ્રેન્ચ, ડચ, અંગ્રેજ, પોર્ટુગીઝો (D) અંગ્રેજ, પોર્ટુગીઝો, ડચ, ફ્રેન્ચ

(3) બકસરના યુદ્ધથી અંગ્રેજોને ભારતના કયા પ્રદેશોના દીવાની (મહેસૂલી) અધિકારો પ્રાપ્ત થયા હતા ?

(A) બિહાર, ઉત્તરપ્રદેશ, પંજાબ (B) મૈસૂર, પૂના, બંગાળ

(C) બંગાળ, બિહાર, ઓરિસ્સા (D) ઓરિસ્સા, ઉત્તરપ્રદેશ, મૈસૂર

(4) ભારતમાં કયા કાયદા અંતર્ગત સર્વોચ્ચ અદાલતની સ્થાપના થઈ હતી ?

(A) ઈ.સ. 1784 - પિટ્ટનો ધારો (B) ઈ.સ. 1773 - નિયામક ધારો

(C) ઈ.સ. 1793 - કોર્નવૉલિસ કાયદો (D) ઈ.સ. 1833 - ચાર્ટર ઍક્ટ

(5) ફોર્ટ વિલિયમ કૉલેજની સ્થાપના કયા સ્થળે થઈ હતી ?

(A) મુંબઈ (B) મદ્રાસ (C) દિલ્લી (D) કલકત્તા

## 2 ભારતમાં બ્રિટિશ શાસન (ઈ.સ. 1757 થી ઈ.સ. 1857)

(1) કાયમી જમાબંધી, રૈયતવારી અને મહાલવારી જમીન મહેસૂલ પદ્ધતિની શરૂઆત કરનાર હતા...

(A) વેલેસ્લી, થોમસ મૂનરો, એલ્ફિસ્ટન

(B) કોર્નવૉલિસ, થોમસ મૂનરો, હોલ્ટ મેકેન્ઝે

(C) થોમસ મૂનરો, વેલેસ્લી, ડેલહાઉસી

(D) કોર્નવૉલિસ, વેલેસ્લી, થોમસ મૂનરો

(2) નીચેના આદિવાસી વિદ્રોહને કાલાનુક્રમમાં ગોઠવો :

(A) સાંથાલ, કૌલ, બશીર, વારલી (B) બશીર, સાંથાલ, કૌલ, વારલી

(C) કૌલ, સાંથાલ, બશીર, વારલી (D) સાંથાલ, બશીર, કૌલ, વારલી

(3) ઉલગુલાનનો અર્થ...

(A) કૂચ (B) મહાન વિદ્રોહ (C) લડાઈ (D) છાપામાર યુદ્ધ

(4) ગળીનાં રમખાણો કયા વર્ષે થયાં હતાં ?

(A) ઈ.સ. 1859-60 (B) ઈ.સ. 1865-66 (C) ઈ.સ. 1882-83 (D) ઈ.સ. 1891-92

(5) આદિવાસીઓમાં થતી સ્થળાંતરિત ખેતી કયા નામે ઓળખાતી હતી ?

(A) સ્થાઈ ખેતી (B) ઝૂમખેતી

(C) કૉન્ટ્રાક્ટ ફાર્મિંગ (કરારખેતી) (D) ભાગબટાઈ

## 3 ભારતનો પ્રથમ સ્વાતંત્ર્યસંગ્રામ

(1) નીચેનાં પૈકી કયું જોડકું યોગ્ય છે ?

(A) કાનપુર-નાનાસાહેબ, લખનૌ-બેગમ હજરત, જગદીશપુર-કુંવરસિંહ

(B) કાનપુર-બેગમ હજરત, લખનૌ-કુંવરસિંહ, જગદીશપુર-નાનાસાહેબ

(C) લખનૌ-નાનાસાહેબ, જગદીશપુર-બેગમ હજરત, કાનપુર-કુંવરસિંહ

(D) જગદીશપુર-નાનાસાહેબ, કાનપુર-બેગમ હજરત, લખનૌ-કુંવરસિંહ

(2) ઈ.સ. 1857ના સ્વાતંત્ર્યસંગ્રામનું તાત્કાલિક કારણ નીચેના પૈકી કોને ગણી શકાય ?

(A) વહીવટી કારણ (B) ધાર્મિક કારણ

(C) ડેલહાઉસીની ખાલસાનીતિ (D) ચરબીવાળા કારતૂસો

(3) ઈ.સ. 1857ની ઘટનાને કયા લેખકે પ્રથમ સ્વાતંત્ર્યસંગ્રામ ગણાવ્યો છે ?

(A) જવાહરલાલ નેહરુ (B) આર. સી. મજમૂદાર

(C) ડિઝરાયેલી (D) વી. ડી. સાવરકર

(4) ઈ.સ. 1857ના સ્વાતંત્ર્યસંગ્રામમાં ક્રાંતિકારીઓએ કોને ભારતના શહેનશાહ તરીકે જાહેર કરવાનું નક્કી કર્યું હતું ?

(A) બહાદુરશાહ બીજો (B) બરેલીના બહાદુરખા

C) અવધના વાજીદઅલીશા (D) સિરાજ ઉદ્દૌલા

(5) ઈ.સ. 1857ના સ્વાતંત્ર્યસંગ્રામમાં અંગ્રેજોનો વિજય થયો કારણ કે...

(A) શક્તિશાળી અને આધુનિક સેના (B) તાર-ટપાલ અને રેલવેની આધુનિક સેવા

(C) ભારતમાં કેન્દ્રીય નેતાગીરીનો અભાવ (D) ઉપર્યુક્ત તમામ

## 4 અંગ્રેજ સમયનાં શહેર, ગૃહઉદ્યોગો અને ઉદ્યોગો

(1) ઈ.સ. 1573માં અકબરે ગુજરાતનું કયું સમૃદ્ધ બંદર જીતી લીધું હતું ?

(A) ખંભાત (B) ભરૂચ (C) સુરત (D) માંડવી

(2) આધુનિક નવી દિલ્લીની ડિઝાઈન કયા સ્થપતિઓએ તૈયાર કરી હતી ?

(A) લૉર્ડ ઍલિસ અને એડવર્ડ લુટિયન્સ (B) એડવર્ડ લુટિયન્સ અને હબર્ટ/બેકર

C) હબર્ટ/બેકર અને જ્યૉર્જ ચોનોક (D) જ્યૉર્જ ચોનોક અને લૉર્ડ ઍલિસ

(3) વર્તમાન રાષ્ટ્રપતિભવન પહેલા કયા નામે ઓળખાતું હતું ?

(A) પાર્લમેન્ટ હાઉસ (B) ગવર્નર હાઉસ

(C) સેક્રેટેરિયેટ (D) વાઈસરૉય હાઉસ

(4) ગુજરાતમાં સૌપ્રથમ સુતરાઉ કાપડની મિલ સ્થાપનાર કોણ હતા ?

(A) બેચરદાસ લશ્કરી (B) રણછોડલાલ રેંટિયાવાળા

(C) અંબાલાલ સારાભાઈ (D) શાંતિલાલ ઝવેરી

(5) ભારતમાં સૌપ્રથમ લોખંડનું કારખાનું ક્યાં સ્થપાયું હતું ?

(A) જમશેદપુર (સાકચી) (B) દિલ્લી

(C) મુંબઈ (D) કોલકાતા

## 5 અંગ્રેજ શાસન સમયની શિક્ષણ અને સમાજવ્યવસ્થા

(1) ઈ.સ. 1854માં અમલમાં આવેલો ચાર્લ્સ વુડનો ખરીતો શેની સાથે સંબંધ ધરાવતો હતો ?

(A) ભારતીય શિક્ષણ પ્રણાલીને બદલે યુરોપિયન શિક્ષણ પ્રણાલી અપનાવવી.

(B) માતૃભાષામાં શિક્ષણ આપવું.

(C) ભારતમાં યુનિવર્સિટીઓની સ્થાપના કરવી.

(D) (A) અને (C) બંને

(2) મહાત્મા ગાંધીની પ્રેરણાથી સ્થપાયેલી ઉચ્ચશિક્ષણની સંસ્થાઓ હતી....

(A) ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ (B) જામિયા-મિલિયા-ઈસ્લામિયા, દિલ્લી

(C) બનારસ હિંદુ વિશ્વવિદ્યાલય, વારાણસી (D) ઉપર્યુક્ત તમામ

(3) ભારતીય નવજાગૃતિના જનક તરીકે કયા મહાનુભાવને ઓળખવામાં આવે છે ?

(A) દયાનંદ સરસ્વતી (B) રવીન્દ્રનાથ ટાગોર

(C) રાજા રામમોહનરાય (D) સ્વામી વિવેકાનંદ

(4) રવીન્દ્રનાથ ટાગોરને તેમની કઈ કૃતિ માટે નોબેલ પારિતોષિક પ્રાપ્ત થયો હતો ?

(A) ગીતાંજલિ (B) ગોરા (C) ઘરે બાહિરે (D) ચોખેરબાલી

(5) કન્યાનાં લગ્નની વય નક્કી કરતાં કાયદાઓ કયા-કયા હતા ?

(A) બ્રહ્મવિવાહ નિયમ (B) વય-સંમતિ ધારો

(C) શારદા અધિનિયમ (D) ઉપર્યુક્ત તમામ

## 6 સ્વાતંત્ર્ય-ચળવળો

(1) ઈલ્બર્ટ બીલનો હેતુ શો હતો ?

(A) ભારતીય ન્યાયાધીશ પણ યુરોપિયન નાગરિકનો કેસ ચલાવી શકે તેવી જોગવાઈ કરવી.

(B) ભારતમાં અંદાજપત્ર રજૂ કરવાની શરૂઆત.

(C) રાજદ્રોહનો કેસ ચલાવવા માટેની જોગવાઈ.

(D) હથિયારબંધી કાયદો લાગુ કરવો.

(2) નીચેના પૈકી કયા નેતા મવાળવાદી ન હતા ?

(A) ગોપાલકૃષ્ણ ગોખલે (B) ફિરોજશાહ મહેતા

(C) દિનશા વાચ્છા (D) બિપીનચંદ્ર પાલ

(3) વિદેશમાં ક્રાંતિકારી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા ક્રાંતિકારીઓમાં કોનો સમાવેશ થાય છે ?

(A) શ્યામજીકૃષ્ણ વર્મા (B) મૅડમ ભીખાઈજી કામા

(C) વીર સાવરકર (D) ઉપર્યુક્ત તમામ

(4) માનગઢ હત્યાકાંડની ઘટના સમયે કયા સ્વાતંત્ર્યસેનાની આદિવાસી સમાજનું નેતૃત્વ કરતા હતા ?

(A) બિરસા મુંડા (B) ઠક્કરબાપા (C) ગોવિંદ ગુરુ (D) એક પણ નહિ

(5) અસહકાર આંદોલન સાથે નીચે પૈકી કઈ બાબતો સંકળાયેલી હતી ?

(A) શાળા-કૉલેજોનો બહિષ્કાર (B) ખાદીનો પ્રચાર-પ્રસાર

(C) દારૂબંધી (D) ઉપર્યુક્ત તમામ

## 7 આધુનિક ભારતમાં કલા

(1) ઈ.સ. પૂર્વે 7000ના પાષાણયુગીન કાળમાં કઈ ગુફામાંથી ચિત્રો મળી આવ્યાં હતાં ?

(A) નરસિંહ ગઢ (B) ભીમબેટકા (C) અજંતા (D) ઈલોરા

(2) દેવી સરસ્વતીનું જાણીતું ચિત્ર કયા ચિત્રકારે દોરેલ છે ?

(A) રવીન્દ્રનાથ ટાગોર (B) રવિશંકર રાવળ

C) રાજા રવિવર્મા (D) અવનીન્દ્રનાથ ટાગોર

(3) મન્સૂર અને બિશનદાસ જેવા વિખ્યાત ચિત્રકારો કઈ ચિત્રશૈલી સાથે સંકળાયેલ હતા ?

(A) કાંગડા શૈલી (B) રાજપૂત શૈલી (C) પાલ શૈલી (D) મોગલ શૈલી

(4) નીચેનામાંથી કઈ ચિત્રશૈલી ગુજરાત સાથે સંકળાયેલી છે ?

(A) ફાડ ચિત્રશૈલી (B) ગોંડ ચિત્રશૈલી

(C) પીઠોરા ચિત્રશૈલી (D) કલમકારી ચિત્રશૈલી

(5) નીચેના પૈકી પ્રદર્શન કલાનું કયું ઉદાહરણ સાચું છે ?

(A) ચિત્રકળા (B) હસ્તકળા (C) નૃત્યકળા (D) શિલ્પકળા

## 8 સ્વતંત્રતા પછીનું ભારત

(1) GSLV એટલે...

(A) જિયોગ્રાફિકલ સેટેલાઇટ લાઇટ વ્હિકલ

(B) ઝીયોસિન્ક્રોનાસ સેટેલાઇટ લોન્ચ વ્હિકલ

(C) જિઓસ્પેસિફિક સેટેલાઇટ લોન્ચ વ્હિકલ

(D) જિઓ સ્ટેટિક લાઇટ વ્હિકલ

(2) વિશ્વયોગ દિવસની ઉજવણીનો નિર્ણય કરનાર સંસ્થા છે....

(A) કૉમનવેલ્થ રાષ્ટ્રો (B) ભારતીય યોગવિદ્યા કેન્દ્ર

(C) યુનાઈટેડ નેશન્સ (UN) (D) ભારતીય સંસ્કૃતિ ભવન

(3) બંધારણસભાએ ભારતનું બંધારણ ક્યારે પસાર કર્યું હતું ?

(A) 26 જાન્યુઆરી, 1950 (B) 15 ઑગસ્ટ, 1947

(C) 26 જુલાઈ, 1948 (D) 26 નવેમ્બર, 1950

(4) ગોવા મુક્તિ આંદોલન સંબંધિત છે...

(A) ભારતમાં અંગ્રેજી શાસનને સમાપ્ત કરવા માટે.

(B) ભારતમાંથી પોર્ટુગલ સંસ્થાનો દૂર કરવા માટે.

(C) ભારતમાંથી ફ્રાન્સીસી સંસ્થાનો દૂર કરવા માટે.

(D) ભારતમાંથી ડચ સંસ્થાનો દૂર કરવા માટે.

(5) ગુજરાત રાજ્યના પ્રથમ મુખ્યમંત્રી કોણ હતા ?

(A) ડૉ. જીવરાજ મહેતા (B) બળવંતરાય મહેતા

(C) ઢેબરભાઈ (D) મોરારજી દેસાઈ

## 9 સંસાધન

(1) નીચેનામાંથી કયું સંસાધન માનવસર્જિત નથી.

(A) ચિરોડી (B) વિદ્યુત (C) ચૂનો (D) ખનિજતેલ

(2) જો તમે સૌરઊર્જા, જળઊર્જા, જૈવ ઇંધણ, પવનઊર્જા જેવાં ઊર્જાનો ઉપયોગ કરો છો, તો તે કેવા પ્રકારનાં સંસાધનો છે ?

(A) નવીનીકરણ

(B) બિનનવીનીકરણ

(C) નવીનીકરણ અને બિનનવીનીકરણ બંને

(D) ઉપર્યુક્તમાંથી એક પણ નહિ

(3) હું સર્વસુલભ સંસાધન છું ?

(A) ધાતુ (B) ઑક્સિજન (C) યુરેનિયમ (D) ખનિજતેલ

(4) પૃથ્વી પર મીઠા પાણીનો જથ્થો કેટલા પ્રમાણમાં છે ?

(A) 71 % (B) 29 % (C) 2.7 % (D) 4.8 %

(5) નીચેનામાંથી કઈ પ્રવૃત્તિ સંસાધનોનું સંરક્ષણ કરતી નથી ?

(A) છાણિયા ખાતરનો વપરાશ

(B) ટપકસિંચાઈ પદ્ધતિ અપનાવવી.

(C) રાસાયણિક ખાતરનો વધુ ઉપયોગ કરવો.

(D) ઘરમાં કિચનગાર્ડન બનાવવું.

## 10 ખનિજ અને ઊર્જા-સંસાધન

(1) લદ્દાખમાં કયા પ્રકારનો ઊર્જાનો પ્લાન્ટ આવેલ છે ?

(A) પવનઊર્જા (B) ભૂ-તાપીય ઊર્જા

(C) ભરતીઊર્જા (D) સૌર-ઊર્જા

(2) બાયોગૅસ વિશે કયું વિધાન સાચું છે ?

(A) તેમાંથી નિંદણમુક્ત જૈવિક ખાતર પ્રાપ્ત થાય છે.

(B) બાયોગૅસ સસ્તો અને ઉપયોગમાં સરળ છે.

(C) બાયોગૅસ રસોઈ બનાવવામાં ઉપયોગી છે.

(D) ઉપર્યુક્ત તમામ

(3) ‘કાળું સોનું’ કોને કહેવામાં આવે છે ?

(A) કોલસો (B) ખનીજતેલ (C) યુરેનિયમ (D) પ્લેટિનિયમ

(4) નીચેનામાંથી કયું એક ધાતુમય ખનીજ નથી ?

(A) સોનું (B) તાંબું (C) કોલસો (D) લોખંડ

(5) ગુજરાતમાં ગરમ પાણીનાં ઝરા ક્યાં આવેલાં છે ?

(A) લસુન્દ્રા (B) ઉનાઈ (C) તુલસીશ્યામ (D) તમામ

## 11 ખેતી

(1) બાજરીના પાક માટે કયા પ્રકારની જમીન વધારે અનુકૂળ હોય છે ?

(A) કાળી (B) રેતાળ (C) પર્વતીય (D) કાંપ

(2) ગુજરાતમાં ઘઉં-ઉત્પાદન કરતો કયો પ્રદેશ જાણીતો છે ?

(A) કાનમ પ્રદેશ (B) ભાલપ્રદેશ

(C) ચરોતર પ્રદેશ (D) પંજાબ પ્રદેશ

(3) કયા પ્રકારની ખેતીમાં વૃક્ષોને કાપીને તથા સળગાવીને કે જમીન સાફ કરીને ખેતી કરવામાં આવે છે ?

(A) સઘન ખેતી (B) સૂકી ખેતી (C) આર્દ્ર ખેતી (D) સ્થળાંતરિત ખેતી (ઝૂમ ખેતી)

(4) નીચેનામાંથી કયા પાક માટે ટપકસિંચાઈ પદ્ધતિ વધુ અનુકૂળ નથી ?

(A) ટામેટા (B) કપાસ (C) ઘઉં (D) પપૈયા

(5) નીચેનામાંથી કયું પરિબળ ખેતીના વિકાસને અસર કરતું નથી ?

(A) ફુવારા પિયત પદ્ધતિનો ઉપયોગ

(B) સુધારેલાં બિયારણોનો ઉપયોગ

(C) કૃષિમેળાઓ દ્વારા ખેડૂતોને માર્ગદર્શન

(D) સિંચાઈનો સતત અને વધુપડતો ઉપયોગ

## 12 ઉદ્યોગ

(1) કયો ઉદ્યોગ સમુદ્ર આધારિત ઉદ્યોગ છે ?

(A) કાગળ ઉદ્યોગ (B) શણ ઉદ્યોગ (C) મત્સ્ય ઉદ્યોગ (D) સિમેન્ટ ઉદ્યોગ

(2) નીચેનામાંથી કયું સહકારી ક્ષેત્રનું ઉદાહરણ છે ?

(A) રિલાયન્સ (B) સ્ટીલ ઑથોરિટી ઑફ ઇન્ડિયા

(C) મારુતિ લિમિટેડ (D) અમૂલ ડેરી

(3) નીચેનામાંથી કયાં પરિબળો ઉદ્યોગોના સ્થાનીકરણ પર અસર કરે છે ?

(A) શ્રમ (B) ઊર્જા (C) મૂડી (D) તમામ

(4) નીચેનામાંથી કયું સ્ટીલ ઉત્પાદક કેન્દ્ર નથી ?

(A) ભીલાઈ (B) જયપુર (C) જમશેદપુર (D) દુર્ગાપુર

(5) ઢાકાનું કયું કાપડ જગવિખ્યાત હતું ?

(A) મલમલ (B) સુતરાઉ કાપડ

(C) છિંટ (D) સોનેરી જરીવાળું કાપડ

## 13 માનવ-સંસાધન

(1) અમારા ગામમાં 7 થી વધુ ઉંમરની વસ્તી 700 છે તેમાંથી 630 વ્યક્તિ સાક્ષર છે, તો અમારા ગામનો સાક્ષરતા-દર શું હશે ?

(A) 80 % (B) 70 % (C) 90 % (D) 60 %

(2) ખૂબ જ ગરમ તથા ખૂબ જ ઠંડા વિસ્તારોની આબોહવા .......... આબોહવા કહેવાય છે ?

(A) સમ (B) વિષમ (C) સમાન (D) સમશીતોષ્ણ

(3) વસ્તીની દૃષ્ટિએ ભારતનું પ્રથમ ક્રમાંકનું રાજ્ય કયું છે ?

(A) હિમાચલ પ્રદેશ (B) રાજસ્થાન (C) ઉત્તરપ્રદેશ (D) મધ્યપ્રદેશ

(4) ભારતના કયા પ્રદેશમાં વધુ વસ્તી-ગીચતા જોવા મળે છે ?

(A) જમ્મુ-કશ્મીરનો પ્રદેશ (B) ગંગાનો મેદાનીપ્રદેશ

(C) રાજસ્થાનનું રણપ્રદેશ (D) દખ્ખણનો ઉચ્ચપ્રદેશ

(5) કયા રાજ્યનો સાક્ષરતા-દર સૌથી ઓછો છે ?

(A) અસમ (B) રાજસ્થાન (C) બિહાર (D) અરુણાચલ પ્રદેશ

## 14 આપત્તિ-વ્યવસ્થાપન

(1) કોરોના મહામારી દરમિયાન નીચેનામાંથી શું કરવું હિતાવહ નથી ?

(A) માસ્ક પહેરવું. (B) ક્વોરેન્ટિન

(C) સરકારના વખતોવખતના આદેશોનું પાલન (D) ભીડમાં એકઠા થવું.

(2) નીચેનામાંથી કયું દાવાનળ ઉદ્ભવવાનું કારણ નથી ?

(A) વીજળી પડવાથી આગ લાગવી.

(B) વૃક્ષોનાં ઘર્ષણથી આગ લાગવી.

(C) ભૂમિનો ઉપરનો ભાગ નીચે તરફ ધસી જવો.

(D) જંગલમાંથી પસાર થતી વીજળીની લાઈનમાં અકસ્માત થવો.

(3) તીડનો ખોરાક શું નથી ?

(A) ધાન્ય (B) પુષ્પ (C) પર્ણ (D) લીમડો

(4) કઈ આપત્તિ એવી છે જે કુદરતી અને માનવસર્જિત છે ?

(A) ભૂકંપ (B) દાવાનળ (C) ભૂસ્ખલન (D) તીડનો પ્રકોપ

(5) ભારતનાં કયાં રાજ્યોમાં તીડનો પ્રકોપ વધુ જોવા મળે છે ?

(A) આંધ્રપ્રદેશ, તેલંગણા (B) ગુજરાત, રાજસ્થાન

(C) તમિલનાડુ, કેરલ (D) અસમ, મિઝોરમ

## 15 ભારતીય બંધારણ

(1) સ્વતંત્રતા બાદ બંધારણ ઘડવાની જરૂરિયાત કેમ પડી ?

(2) બંધારણસભા માટે વિવિધ ક્ષેત્રના તજ્જ્ઞ વ્યક્તિઓનો સમાવેશ શા માટે કરવામાં આવ્યો ?

(3) ભારતમાં સામાન્ય રીતે દર પાંચ વર્ષે ચૂંટણી યોજાય છે, જે કેવા પ્રકારની શાસન પદ્ધતિ દર્શાવે છે ?

(4) સ્ત્રી કરતાં પુરુષ વધારે ચડિયાતો ગણવામાં આવે ત્યારે કયા હકનું હનન થયું કહેવાય ?

(5) ગુજરાતનો નાગરિક જમ્મુ-કશ્મીરમાં જઈને વસવાટ કરી શકે છે, જે કયો હક મળ્યો છે તે દર્શાવે છે ?

(6) બસ, શાળા, જાહેર શૌચાલય જેવાં જાહેર સ્થળોનું રક્ષણ કરવું એ નાગરિક માટે કેમ જરૂરી છે ?

(7) બંધારણ-ઘડતરની પ્રક્રિયા સાથે કઈ બાબત બંધબેસતી નથી ?

(A) બંધારણસભાની પ્રથમ બેઠક 9 ડિસેમ્બર, 1946ના રોજ મળી હતી.

(B) 26 જાન્યુઆરી, 1949માં બંધારણ તૈયાર થયું હતું.

(C) બંધારણસભાની 2 વર્ષ, 11 માસ, 18 દિવસમાં કામગીરી પૂર્ણ કરી હતી.

(D) બંધારણસભામાં કુલ 389 સભ્યો હતા.

(8) કાયદાની દૃષ્ટિએ બધા નાગરિકો સમાન : સમાનતાનો હક : નાગરિકોને અભિવ્યક્તિની છૂટછાટ : .........

(A) ધાર્મિક સ્વાતંત્ર્યતાનો હક (B) બંધારણીય ઇલાજોનો હક

(C) સ્વતંત્રતાનો હક (D) શોષણ સામે વિરોધનો હક

## 16 સંસદ અને કાયદો

(1) પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ ચૂંટણીનું ઉદાહરણ આપો.

(2) સંસદમાં દરેક રાજ્યની વિધાનસભાનું પ્રતિનિધિત્વ કયા ગૃહમાં જોવા મળે છે ?

(3) 1 જાન્યુઆરી, 2005માં જન્મેલ નાગરિકને કઈ તારીખે મતાધિકાર મળવાપાત્ર છે ?

(4) રાષ્ટ્રપતિ માટે યોગ્ય ઉમેદવારની લાયકાત ધરાવતો નાગરિક બીજાં કયાં-કયાં સભ્યપદ માટે યોગ્ય હોઈ શકે ?

(5) રાજ્યસભાના સભાપતિની ચૂંટણી કેમ કરવામાં નથી આવતી ?

(6) રાષ્ટ્રપતિ દ્વારા કાયદો ઘડવામાં આવે છે કે મંજૂર કરવામાં આવે છે ?

## 17 ન્યાયતંત્ર

(1) ચોરી, લૂંટફાટ, મારામારી વગેરે કયા દાવાઓ કહેવાય ?

(A) દીવાની દાવા (B) ફોજદારી દાવા

(C) પારિવારિક દાવા (D) સંપત્તિ દાવા

(2) દેશની સર્વોપરી અદાલત કઈ છે ?

(A) જિલ્લા અદાલત (B) તાલુકા અદાલત

(C) સર્વોચ્ચ અદાલત (D) વડી અદાલત

(3) કઈ અદાલતના માધ્યમથી કેસોના ઝડપી અને સુખદ સમાધાન થાય છે.

(A) લોકઅદાલત (B) સેસન્સ અદાલત

(C) તાલુકા અદાલત (D) વડી અદાલત

(4) સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશને કઈ ખાસ વિધિ દ્વારા હોદ્દા પરથી દૂર કરી શકાય છે ?

(A) રાજીનામાની વિધિ (B) મહાભિનિષ્ક્રમણની વિધિ

(C) મહાભિયોગની વિધિ (D) એક પણ નહિ.

(5) કઈ અદાલતમાં ન્યાયાધીશ 25 લાખ સુધીના કેસોની સુનાવણી હાથ ધરે છે ?

(A) તાલુકા અદાલત (B) લોકઅદાલત

(C) જિલ્લા અદાલત (D) સેસન્સ અદાલત

(6) અનિલભાઈ ગુનો કરે છે ત્યારે અશોકભાઈનો હક છીનવાઈ જાય છે. તે સમયે ન્યાયની જરૂર પડે ત્યારે ન્યાય મેળવવા ક્યાં જશે ?

(7) રોજબરોજના કેસોના ભારણ ઘટાડવામાં કઈ અદાલતની રચના કરવામાં આવી છે ?

(8) અસમ, અરુણાચલ પ્રદેશ, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલૅન્ડ અને ત્રિપુરા રાજ્યમાં શા માટે એક જ અદાલત આવેલી છે ?

(9) રહીમભાઈની આર્થિક પરિસ્થિતિ ખૂબ નબળી છે. નોકરીના સ્થળે અન્યાયી પ્રવૃત્તિનો ભોગ બન્યા છે. આવી પરિસ્થિતિમાં પોતે ન્યાય મેળવવા ક્યાં જશે ?

## 18 સામાજિક ન્યાય

(1) દીપકભાઈ અને સમીરભાઈ કૉલેજકાળથી મિત્રો છે. દીપકભાઈ એક ઉદ્યોગપતિ છે અને સમીરભાઈ એક ખાનગી કંપનીમાં સામાન્ય વેતનથી નોકરી કરે છે, તો આ બંને મિત્રો વચ્ચે પ્રથમ નજરે કયા પ્રકારની અસમાનતા તમને જોવા મળશે ?

(A) જ્ઞાતિ (B) જાતિ (C) શિક્ષણ (D) આવક

(2) સામાજિક અસમાનતા ઊભી થવા પાછળ નીચેનામાંથી ક્યું કારણ જવાબદાર છે ?

(A) શિક્ષણનો અભાવ (B) સામાજિક કુરિવાજો

(C) રૂઢિગત માન્યતાઓ (D) આપેલ ત્રણેય

(3) ભારતના બંધારણમાં નાગરિકો માટે ન્યાય આપવાની જોગવાઈઓમાં કયા પ્રકારના ન્યાયનો સમાવેશ થતો નથી ?

(A) સામાજિક (B) આર્થિક (C) અનૈતિક (D) રાજનૈતિક

(4) નીચેનામાંથી સંયુક્ત રાષ્ટ્રો દ્વારા આપવામાં આવેલ માનવ અધિકારોમાં કોનો સમાવેશ થાય છે ?

(A) શિક્ષણ મેળવવાનો અધિકાર (B) સંપત્તિનો અધિકાર

(C) અભિવ્યક્તિની સ્વતંત્રતાનો અધિકાર (D) આપેલ ત્રણેય

(5) માનવ અધિકારો વિશ્વના તમામ દેશોમાં સમાન રીતે લાગું પાડવાની ઘોષણા કોના દ્વારા કરવામાં આવી હતી ? શા માટે ?

(6) ગુજરાતમાં સરપંચની ચૂંટણીમાં સરપંચનું સ્થાન કેટલીક વાર કોઈ મહિલા માટે અનામત રાખવામાં આવે છે ? આ જોગવાઈ શા માટે કરવામાં આવી છે ?

## 19 સામાજિક-આર્થિક ક્ષેત્રે સરકારની ભૂમિકા

(1) સમાજે જેમ પ્રગતિ કરી તેમ જરૂરિયાતોમાં બદલાવ લાવવો, તે દર્શાવતું એક ઉદાહરણ આપો.

(2) નાનાં બાળકોનું સારવારના અભાવે મૃત્યુ ન થાય તે માટે સરકારે શું કરવું જોઈએ ?

(3) રાશનની દુકાનમાં મળતું અનાજ બજારભાવ કરતા ઓછા ભાવે કેમ આપવામાં આવે છે ?